# નવપલ્લવ પાર્શ્વનાથ

## ગુણભદ્રવિજયજી

વીર સંવત: ૨૪૯૩ શાકે ૧૮૮૯ ઈસ્વીસન ૧૯૬૭

*

: વિક્રમ સંવત :

૨૦૨૩ વૈશાક સુદ દશમી શુક્રવાર

( પ્રતિષ્ઠાદિન )

(૧) પ્રકાશક :

**શેઠ પ્રભુદાસ જાદવજી વીરજી દેસાઈ**

: સેક્રેટરી :

**શ્રી માંગરોળ જૈન સંઘ,—મુંબઈ.**

: સેક્રેટરી :

**શ્રી માંગરોળ જૈન જ્ઞાનોત્તેજક સભા,—મુંબઈ.**

ઠે. ૭૪-૭૬, કોટ બોરા બજાર,—મુંબઈ.

卐

(૨) પ્રકાશક :

**શેઠ માધવલાલ ત્રીભોવનદાસ રામજી**

: સેક્રેટરી :

**શ્રી માંગરોળ જૈન સંઘ,—માંગરોળ.**

: એજન્ટ :

**શ્રી માંગરોળ જૈન જ્ઞાનોત્તેજક સભા,—માંગરોળ.**

ઠે. શાપુર દરવાજા,—**માંગરોળ** (સૌરાષ્ટ્ર).

: ટેલીફોન નંબર :

**૨૮**—શાપુર દરવાજાનું ઘર.

**૫૩**—સોની ફળીયું ઘર (હરકીસન).

**૧૫**—દુકાન લોઢા બજાર.

卐

મુદ્રક :—**દોશી પ્રિન્ટીંગ પ્રેસ**

દિવાન ચોક,

જૂનાગઢ. *Phone* :—**389**

## સાક્ષાત્ ચમત્કારી
## શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથ
પ્રતિ વર્ષ લાખો માણસો પ્રભુના દર્શને જાય છે



મંત્ર

**ઓં હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ**

## શ્રી પદ્માવતી દેવી



" શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# નિવેદન

ઓગણીસમી સદીની (૧૮૦૧) શરૂઆતથી તે વીસમી સદીના મધ્ય ભાગ (૧૯૫૦) સુધી **શ્રી** માંગરોળ મૂર્તિપૂજક જૈન સંઘનો સંપૂર્ણ ભાગ્યોદય હતો. તે સમયે દેરાવાસીના લગભગ સાડાચારસો ઘર હતા. બે હજારથી બાવીસ સો માણસની વસ્તી હતી. તે સમયે સઘળો વેપાર ધંધો માંગરોળમાં જ બધા કરતા હતા અમુક અપવાદરૂપ થોડા જ ભાઈઓ ઓગણીસમી સદીની મધ્યમાં (૧૮૫૦) પરદેશ ગયા.

આવાં મોટા સમુદાય માટે જ વિશાળ ભવ્ય મોટા દેરાસરો હસ્તીમાં આવ્યા. ગિરનાર, પાલીતાણા, જામનગર સિવાય આખા સૌરાષ્ટ્રમાં સવાસો પાષાણની પ્રતિમાજી બિરાજમાન જેવા મંદિરો બીજા કોઈ સ્થળે ભાગ્યે જ હશે.

વીસમી સદીના મધ્ય કાળથી (૧૯૫૦) મોટા ભાગનો સ્થાનિક સમાજ વ્યાપાર ધંધાર્થે પરદેશ જવા માંડયો. આજે તે સમાજ ઘટીને ફક્ત પંચાવન થી સાઠ ઘરનો અઢીસો થી ત્રણસોની વસ્તીવાળો રહ્યો છે જેનું વસ્તી-પત્રક છેલા પાને છે.

મંદિરો બંધાણા, પ્રતિષ્ઠાઓ થઇ તે સવિસ્તર ઇતિહાસ પુસ્તક વાંચવાથી જણાશે. શેઠ **ધરમસી હેમચંદ** તથા **અમૃત શેઠાણી**નો સંસારીક તેમજ વ્યવહારીક

ઇતિહાસ ભાવનગરથી પ્રગટ થતા અઠવાડિક પત્ર **જૈન**ના તંત્રી તરફથી ભેટનું બહાર પડેલ પુસ્તક "**પ્રતાપી પૂર્વજો**" માંથી લઇને કેટલાએક સુધારા–વધારા સાથે પ્રકાશીત કરેલ છે. જ્યારે ધાર્મિક બાબતો જેવી કે, જીર્ણોદ્ધાર કરાવ્યા, પ્રતિષ્ઠાઓ કરી વિગેરે બધો ઇતિહાસ શ્રી સંઘના ચોપડા ઉપરથી મેળવી પ્રસિદ્ધ કરેલ છે.

શેઠ નાનજી ચીનોયનો ઇતિહાસ પણ "પ્રતાપી પૂર્વજો" માંથી "**મુંબઇનો બહાર**" નામના પુસ્તકમાંથી તેમજ મુંબઈના ગોડીજી પાર્શ્વનાથ ટ્રસ્ટ તરફથી સોલીસીટર મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ લખેલ "**મોતીશા શેઠ**" નામના પુસ્તકમાંથી લીધો છે. આ બધાનું સંકલન કરી ખાસ સુધારા–વધારા સાથે પ્રસિદ્ધ કરેલ છે. મંદિરો બાંધ્યા, પ્રતિષ્ઠાઓ કરી, અંજન શલાકા મહોત્સવ કર્યો, સંઘ કાઢયા વિગેરે શ્રી સંઘના ચોપડામાંથી તથા મંદિરોના અને પ્રતિમાજીઓમાંથી કોતરેલા લેખો ઉતારી પ્રસિદ્ધ કરેલા છે. મતિકલ્પના, કે દંતકથા જેવી હકીકતોને આમાં લેશ માત્ર પણ સ્થાન આપવામાં આવ્યું નથી.

મંદિરો હજુ તેવીને તેવી મુળ સ્થિતિમાં અલૌકીક ઇતિહાસનું પુરેપુરૂ પ્રતિબિંબ પાડે છે.

હવે સવાલ એ રહે છે કે સ્થાનીક સમુદાય અસાધારણ ઘટતો જાય છે. જે અલ્પ રહેલ છે તેમાં ધર્મની શ્રદ્ધાના દ્રશ્યો ઝાંખા અને સત્વહીન દેખાય છે. મારી દ્રષ્ટિએ જે

ધર્મ કે ક્રીયાકાંડો થાય છે તે મોટે ભાગે વ્યવહાર જાળવવા પૂરતા જ થાય છે.

વાંચકગણ અંતમાં ખૂબ ભારપૂર્વક સૂચન કરું છું કે માંગરોળના મંદિરોની દરેક પરિસ્થિતી સંબંધી તમારા આત્મા સાથે મનથી ખૂબ ઉંડા ઉતરી વિચારણા કરશો. તમોને જાગૃત કરવા માટે આ પુસ્તક ઘેરઘેર મોકલવામાં આવે છે.

અંતમાં આ પુસ્તક તૈયાર કરવા માટે, સેંકડો હસ્તલેખીત પ્રતો જોવી પડી છે. બસો જેટલા ચોપડા તપાસવા પડયા છે. શીલાલેખો વિગેરે ઉતાર્યા છે. આ બધું મારે એકલાએ જાતે કરવું પડયું છે. વૃદ્ધ છું, શારીરિક સ્થિતિ જોઇએ તેવી સારી નથી, તેથી આ પુસ્તકમાં જે કાંઈ ક્ષતિઓ રહી ગઈ હોય, ભૂલો થઈ ગઈ હોય, તે સઘળા મારા દોષો માટે વાંચકગણની ઉદારતાથી ક્ષમા માગી મિચ્છામી દુક્કડં માગું છું.

લી૦

મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

# —: પ્રસ્તાવના :—

મોક્ષ કે પરમપદના અદ્વિતીય કારણભૂત સમ્યગ્ દર્શન, સમ્યગ જ્ઞાન, સમ્યગ ચરિત્રને નિકટ લાવવા માટે જિન મંદિર, જિન મૂર્તિ, અને જિનાગમ આ ત્રણે ય પ્રાધાન્ય છે.

જિનેશ્વર દેવના ભક્તિયોગમાં દરેક ભવ્ય આત્માઓએ ઓતપ્રોત થઈ આત્મ કલ્યાણની સાધના કરી ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવાના પ્રયાસો કરવા જોઈએ.

માંગરોળનું ભવ્ય અલૌકીક દેવભુવન જેવું વિશાળ **શ્રી નવપલ્લવપાર્શ્વનાથ** પ્રભુનું મંદિર મુક્તિ સોપાનની શ્રેણીએ ચડવાનું ઉત્કૃષ્ટ શ્રેષ્ટ સાધન છે.

આ મંદિરમાં સંપ્રત્તી રાજાના સમયની ભરાવેલી મહાપ્રભાવીક ચમત્કારી, દેદીપ્યમાન, દીવ્યજ્યોતિ સ્વરૂપ, સૌંદર્યવાળી મનોરંજન કરનારી વીતરાગ દશાવાળી "**શ્રી નવપલ્લવપાર્શ્વનાથ**" પ્રભુની સૌમ્ય મૂર્તિ પ્રતિષ્ઠિત છે.

આ ભવ્ય મૂર્તિ તથા મંદિરની પાછળ રહસ્યમય ઐતિહાસિક ઘટનાઓથી ભરપુર સત્ય વિધાનવાળો ઇતિહાસ સર્જાયેલો છે. ઐતિહાસિક સાચા વિધાનો એ સત્યનું એક અંગ અવશ્ય છે. અને ઐતિહાસિક સત્યો પણ જીવનના એક

અંગ બની શકે છે. જીવનના આધ્યાત્મિક વિકાસના ઉદ્દેશ માટે ખરેખર સત્ય ઇતિહાસ બહાર લાવવો જોઇએ. જેટલાં જેટલા સાધનો પુરાવામાં લેવા યોગ્ય હોય તે સંપૂર્ણ સાધનો પુરાવામાં લઇને સંપૂર્ણ પદ્ધતિસરની ઐતિહાસિક શોધખોળો જૈન સમાજ પાસ રજુ કરવામાં આવે તો જ તેમાં અતૂટ શ્રદ્ધા બેસે.

આ મંદિરો ને મૂર્તિઓ આપણા પૂર્વજો તરફથી મળેલો અમૂલ્ય વારસો છે. એટલે તેનું રક્ષણ બરાબર કરવું જોઇએ. તેમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ ન થવી જોઇએ. મંદિરની અને મૂર્તિની મૌલિકતા નષ્ટ ન થવી જોઇએ. ત્રીલોકના નાથ તીર્થંકર દેવોની તથા મંદિરોની પવિત્રતાની જ્યોત અંતરમાં જગાવવી હોય તો આ મંદિરોને તથા મૂર્તિઓને આંખની કીકી કરતા પણ વધારે વહાલી ગણીને તે માટે ગમે તે ભોગ પૂરેપૂરો આપવાની સંપૂર્ણ ભાવના કેળવવી જોઇએ.

આપણું આ "**શ્રી નવપલ્લવપાર્શ્વનાથ**" પ્રભુનું મંદિર ક્યારે બંધાણું ? પ્રભુની પ્રતિષ્ઠા ક્યારે થઈ ? પ્રભુની મૂર્તિ ક્યારે ખંડિત થઇ ? તે માટે આજ દિવસ સુધી આપણે બધા સદંતર અંધકારમાં અટવાતા હતા. સૌ સૌની મરજી પડે તેમ ગપાષ્ટક વાતો પુરાવા વગરની બોલ્યે રાખતા હતા.

અંધકાર કાંઈ સદા રહેતો નથી. રાત્રી પછી દિવસની માફક અંધકાર પછી અજવાળું થાય જ છે. તે સિદ્ધાંત આંહીં મહદ્અંશે પ્રકાશીત થયો છે.

આજે આપણે આપણા કોઈ મહાન્ પુણ્યોદયે પૂજ્ય મુનિમહારાજ શ્રી ગુણભદ્રવિજયજીની અથાગ મહેનત ને સતત્ પરિશ્રમથી અંધકારને દૂર કરીને સત્ય ઐતિહાસિક ઘટનાઓને મુળ ખરા સ્વરૂપે પ્રકાશીત કરવા ભાગ્યશાળી થયા છે.

સંવત ૨૦૨૨ ના ફાગણ વદ ૧૧ ને ગુરૂવારના તે ભાગ્યશાળી દિવસે પ્રભુની મૂર્તિનું તથા મંદિરની પ્રતિષ્ઠા વિગેરે બાબતોના સુવર્ણઅંકિત ઇતિહાસનું સર્જન થયું.

ઉપરોક્ત દિવસે પૂજ્ય મુનિ મહારાજ શ્રી ગુણભદ્રવિજયજીની સાનિધ્યમાં શ્રી સકળ સંઘ (સ્રી પુરૂષો સહિત)ની હાજરીમાં શિલ્પી મીસ્રીઓએ પ્રભુના કંઠમાંથી સુવર્ણ પટ્ટો ખોલી કાઢી નાંખ્યો. પ્રભુના કંઠને શુધ્ધ પવિત્ર જળથી ધોઈ સ્વચ્છ કર્યો ત્યારે આખા શ્રી સંઘે પ્રભુના જમણા કાનના મણિબંધથી તે ડાબા કાનની મધ્ય સુધીના કંઠના આખા ભાગમાં તડ પડેલી જોઇ. જેનો ફોટો આ પુસ્તકમાં પ્રસિધ્ધ કરેલ છે.

પ્રભુના ચરણોની પલાંઠી આગળ શિલ્પની દૃષ્ટિએ તથા શાસ્રોક્ત રીતે એક આરસનો પથ્થર વરસો અગાઉ ખોટી રીતે બેસાડેલો હશે. તે આરસને પણ મિસ્રીઓએ

## શ્રી માંગરોળ તીર્થની અદ્દભૂત ચમત્કારી ભવ્ય મૂર્તિ
## મૂળ નાયક "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"



આદેયનામ કર્મના ઉદયવાળા અને જૈન મંત્રોમાં વિશિષ્ઠ સ્થાને પ્રાપ્ત થયેલા મારા આજીવન ઉપાદેય ત્રેવીસમાં તીર્થંકર શ્રી પુરિસાદાણી શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુના પવિત્ર ચરણોમાં આપનો કૃપાકાંક્ષી ગુણભદ્રના કોટિશઃ વંદના

સુવર્ણ પટો ખોલ્યા પછીનો ફોટો



પ્રભુના જમણા કાનના મણિબંધથી ડાબા કાનની મધ્ય સુધી આખી ગરદનના ભાગમાં સ્પષ્ટ તડ દેખાય છે.

ઉખેડી નાંખી બહાર લાવ્યા. આ પથ્થરને સાફસૂફ કરતાં પથ્થરની પાછવાડે પરિકરના ચિત્રો કોતરેલા દશ્યમાન થયા. આ પથ્થરની **જમણી બાજુ સંવત ૧૨૬૩** ને ડાબી બાજુ છેડે **પ્રતિષ્ઠાંકરિતાં** એમ અંદર કોતરેલ લેખ છે.

પ્રભુની પલાઠીના માપોમાપ આ પથ્થર છે. એટલે આહીં પુરવાર થાય છે કે પ્રભુને પરિકર હોવું જ જોઈએ.

સંપ્રતી મહારાજાના સમયની ભરાવેલી આટલા માપની મ્હોટી મૂર્તિ ગુજરાત સૌરાષ્ટ્રમાં કોઈ સ્થળે છે જ નહીં. એટલે આ પરિકરનો પથ્થર **શ્રી નવપલ્લવપાર્શ્વનાથ** પ્રભુનો જ છે તે નક્કી જ છે.

**શ્રી** નવપલ્લવપાર્શ્વનાથ પ્રભુને પરિકર હતું. તે શ્રી સંઘના ચોપડા ઉપરથી પુરવાર થાય છે.

**શ્રી** સંઘની સંવત ૧૮૪૯ થી ૧૮૭૯ સુધીની ખાતાવહીના છેલ્લા પાનાના નોંધમાં લખ્યું છે કે, "**મુળનાયક સુધ્ધાં પરતમાં (પાંચ)**" એટલે પરિકરના ચાર ભગવાન ને મુળનાયક પાંચમાં, આ નોંધમાં વિશેષ જણાવે છે કે, **૩૧** એકત્રીસ પ્રતિમા આરસની હતી તથા પ્રભુની આજુબાજુ સાતફણા પાર્શ્વનાથ હતા આ પ્રમાણે છે. આ નોંધનો ફોટો આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. તથા તેની નકલ કરી પ્રકાશીત કરેલ છે.

આ પરિકરનો પથ્થર પુરાવા તરીકે કાયમ જળવાય રહે તે માટે બૈરાઓ પૂજા ભણાતી વખતે જ્યાં બેસે છે તે દિવાલમાં જડી દેવામાં આવ્યો છે. ( માણીભદ્રજીની સામેની દિવાલમાં ) આ પરિકરના પથ્થરનો ફોટો પણ આ પુસ્તકમાં છે.

સંવત ૧૨૫૩, ૧૨૬૩, ૧૪૬૫, ૧૫૨૯, ૧૫૩૬, ૧૮૭૧, ૧૮૭૫, ૧૮૭૮, ૧૮૯૩, ૧૯૨૧ આ સાલના લેખો પ્રતિમાજીની પલાઠી નીચે કોતરેલા છે. જે પુસ્તક વાંચવાથી સમજાશે. શ્રી ચંદ્રપ્રભુના મંદિરનો શિલાલેખ તથા ચોરવાડના મંદિરના શિલાલેખો આરીસા જેવા સ્પષ્ટ છે તે ધ્યાનપૂર્વક વાંચવા જેવા છે.

ઉપરાંત ચોપડાઓમાં, ૧૮૪૯ થી ૧૮૭૯ની ખાતાવહી, ૧૮૫૭ થી ૧૮૬૬ની નોંધ, ૧૮૭૨ થી ૧૮૭૯ની નોંધ, તથા ૧૯૧૭, ૧૯૪૯, ૧૯૫૫, ૧૯૬૦, ૧૯૬૯, ૧૯૮૧, ૧૯૮૫, ૧૯૯૯ના ચોપડાઓના તથા મિનીટ બુકોના દસ્તાવેજો પુરાવા પુસ્તકમાં જણાવ્યા છે.

સ્વ. શેઠ ધરમસી હેમચંદ, માતુશ્રી અમૃત શેઠાણી, તથા સ્વ. શેઠ નાનજી ચિનાયના સમયનો યુગ એક સુવર્ણ યુગ હતો. પ્રેમ, ઐકયતા ને સંપના બળે રાજસત્તાને પણ નમતું જોખવું પડયું હતું. જે ઇતિહાસ વાંચવાથી સમજાશે.

આ સ્વર્ગવાસી પ્રભાવિક મહાનુભાવોએ મંદિરો બંધાવ્યા, જીર્ણોદ્ધારો કરાવ્યા, અંજનશલાકા, પ્રતિષ્ઠા વિગેરે મહાનમાં મહાન્ શાસન પ્રભાવના જે અપૂર્વ ભવ્ય કાર્યો કરી આત્મ કલ્યાણ સાધી ગયા અને આપણા કલ્યાણ માટે વારસામાં મુક્તા ગયા જે ઉપકારનું ઋણ આપણે કે આપણા વારસો કદી પણ નીવારી શકીશું નહીં.

ખંડીત પ્રતિમાજીઓનો ફોટો જોતાં આપણો આત્મા અસાધારણ દુઃખ અનુભવે છે. પ્રભુજી કયારે ખંડીત થયા? કેવી રીતે થયા? કોણે કર્યા? તેનો પુરાવો મલી શકયો નહીં પણ સંવત ૧૮૫૬ ના ભાદરવા શુદ આઠમનો નોંધ પુરવાર કરે છે કે, તે સમય પછી જ ખંડીત થયા હોવા જોઇએ. આ ખંડીત પ્રતિમાજીઓની સંવત ૨૦૨૨ વૈશાખ માસમાં વિસર્જનવિધિ કરી સાગરમાં પધરાવવામાં આવ્યા. શ્રી સંઘને માથેથી એક મ્હોટો ગંભીર આશાતનાનો દોષ તથા ભય દૂર થયા.

આપણા પૂર્વજોએ આપણને અલભ્ય. અમુલ્ય, ને અપ્રાપ્ય એવી સેંકડો વર્ષ જુની હસ્ત લેખીત પ્રતોનો જ્ઞાન ભંડાર વારસામાં આપી ગયા છે. શાસ્ત્રકાર મહારાજાઓ જિનમૂર્તિ ને જિનાગમ આ બંનેને સરખી કોટિમાં ગણવાનું ફરમાવી ગયા છે. તેના સંરક્ષણની જવાબદારી મહાન છે. આજના જડવાદી ને ભૌતિકવાદી યુગમાં અને અસાધારણ મોંઘવારીના સમયમાં પણ આજે "**સોનાની શાહી**" થી

ઘણા આગમો દેશવ્યાપી લખાઈ રહ્યા છે. જ્યારે સાદી સાહીના હસ્તલેખીત આગમોનું લખાણ ઘણા બહોળા પ્રમાણમાં ચાલુ છે. શ્રી માંગરોળ સંઘના અહોભાગ્ય છે કે એક શ્રેષ્ટ ઉત્તમ કોટિનો જ્ઞાન ભંડાર ધરાવે છે.

આપણા સંઘમાંથી આજ દિવસ સુધી (૨૧) એકવીસ ભાગ્યશાળી ભાઈ–બ્હેનોએ ભાગવતી પ્રવજ્યા ( દીક્ષા ) અંગીકાર કરેલ છે. તે આપણા શ્રી સંઘનો મહાન પુણ્યોદય છે. શ્રી સંઘને ગૌરવ પૂર્વક અભિમાન લેવા જેવું છે. તેઓશ્રીને કોટિશઃ વંદન.

શ્રી માંગરોળ સ્થાનિક સંઘ, તથા મુંબઈના માંગરોળ સંઘના વહીવટની હકીકતોનું પ્રકાશન પણ એક ઉપયોગી માહીતી પૂરી પાડે છે.

જે પુણ્યશાળી આત્માઓએ મંદિરનો તથા ઉપાશ્રયનો જીર્ણોધ્ધાર કરાવ્યો છે, તથા જુદે જુદે સ્થળે પ્રભુની તેમજ દેવદેવીઓની પ્રતિમાજીઓ પધરાવ્યા છે, નૂતન મંદિર ને નૂતન ઉપાશ્રય બંધાવ્યા છે, તેમજ ચતુર્વિધ સંઘની ભક્તિ માટે પોતાની લક્ષ્મીનો જે સદ્ઃવ્યય કર્યો છે, તથા શ્રી સંઘની સંસ્થાઓમાં ભૂતકાળના અને વર્તમાનકાળના માનદ્ કાર્ય-કર્તાઓએ યથાશક્તિ જે સેવાઓ કરી છે, વળી પોતાના આત્મકલ્યાણ અર્થે ભક્તિયોગમાં અને જ્ઞાનયોગમાં જે આત્માઓએ પોતાના માનવ જીવનની સાર્થકતા કરી છે. આ બધી બાબતોનો પૂજ્ય મહારાજશ્રીએ સામુદાયીક દૃષ્ટિએ

લખાણ લખી જે ઉલ્લેખ કર્યો છે ને અનુમોદના કરી છે તે બધાના શુભ કાર્યો માટે પ્રશંસાના જેટલા પુષ્પો વેરીએ તેટલા ઓછા છે. અંતઃકરણપૂર્વકના સૌને ધન્યવાદ.

બૃહદ્ અઢાર અભિષેકોનું વિગતવાર વર્ણન વાંચતા આપણને ઉલ્લાસ અને આનંદ થાય છે કે, ઉત્તમમાં ઉત્તમ કોટિનું શ્રેષ્ટ વિધિ વિધાન આ માંગલિક કાર્યમાં દર્શાવવામાં આવ્યું છે.

જૈન ગણિતનો કોઠો કે જેમાં (**ચોપન**) (૫૪) **આંકડા** અને તેની ઉપર (**એકસો ચાલીસ**) (૧૪૦) મીંડાનો સમાવેશ થાય છે તે સંખ્યા ગણી શકાય છે. જૈનેતરોમાં આવું ગણિત હશે કે કેમ? એ શંકાસ્પદ છે.

આપણા જૈન શાસનમાં સૂર્ય ને ચંદ્ર કેટલા છે? તેમાં ચલિત (ચાલતા હાલતા) કેટલા છે? અને સ્થિર કેટલા છે. તે સમજવા માટે ને જાણવા માટે આમાં પ્રસિધ્ધ કરેલ છે.

છેવટમાં આપણા બધા મંદિરોમાંની બીરાજમાન બધી આરસની તથા પાષાણની મૂર્તિઓને લેપ ઓપ કરાવવાનું મહાન જવાબદારીવાળું ભગીરથ કાર્ય પૂજ્ય મુનિ મહારાજશ્રી **ગુણભદ્રવિજયજીએ** મહિનાઓ સુધી રોજની કલાકોની હાજરી આપીને પોતાની જાતી દેખરેખ નીચે પોતાના બહોળા અનુભવનો લાભ આપી, શ્રેષ્ટ, અનુપમ,

આકર્ષક કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ કરાવ્યું. તથા બધા મંદિરોમાં થઇને કુલે નવ વખત ઉત્કૃષ્ટ વિધિપૂર્વક બૃહદ્ અઢાર અભિષેક જાતે કરાવી ભૂતકાળના દોષો તથા આશાતના દૂર કરાવી તે માટે આપણે બધા તથા શ્રી સકળ સંઘ પૂજ્યશ્રીના અત્યંત ઋણી છે. તેઓશ્રીને કોટિકોટિ વંદના.

આ અમુલ્ય ગ્રંથ તથા તેને લગતું દરેક સાહિત્ય વિગેરેનું તમામ કાર્ય પોતાની બોતેર વર્ષની વૃદ્ધ ઉમરે કોઇની પણ લેશમાત્ર મદદ લીધા વગર અસાધારણ શક્તિ દાખવી સાહસપૂર્વક સંપૂર્ણ કર્યું તે જોઈ આપણે સૌ કોઇ આશ્ચર્યમુગ્ધ થયા છીએ. પૂજ્યશ્રી તરફ અસાધારણ માન ને પ્રેમથી વંદન કરીએ છીએ.

લી૦ સેવક,

**ચુનીલાલ કેશવજીના**

જયજિનેન્દ્ર.



# ધર્મ લાભ (૧)

શ્રી પંચ પરમેષ્ટિ નમસ્કાર મહામંત્ર આરાધક શ્રાદ્ધગુણ સંપન્ન શ્રીમાન્ શ્રેષ્ટીવર્ય **શેઠ ચુનીલાલ કેશવજી** યોગ્ય મુંબઈ.

ધર્મ લાભ સાથ જણાવવાનું :-

તમો બાળવયમાં માંગરોળમાં તમારા મોસાળમાં કેટલો એક વખત રહેવા આવતા હતા. તે સમયમાં માંગરોળની પાઠશાળામાં આપણે સાથે ધાર્મિક અભ્યાસ કરતા હતા.

તે સમયના ધાર્મિક શિક્ષણના સંસ્કારો આપણા આત્મામાં આજ દિવસ સુધી છે તેવા જ છે

બાળપણનો આપણો તે સ્નેહ કોઈપણ જાતની ક્ષતી વગર આજ દિવસ સુધી અખંડ રહ્યો. તે પ્રેમને મોહથી આકર્ષાઈ આ મારા સાધુ જીવનમાં પુસ્તકોના પ્રકાશન માટે વખતો વખત તમારો સહકાર ને સહાય માંગ્યા જે વિના સંકોચે ઘણા જ ઉત્સાહને લાગણી પૂર્વક તાત્કાલીક દરેક વખતે તમોએ મારી આકાંક્ષા ને આશાઓ પુરી કરી.

આ "**શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ**" પુસ્તકના પ્રકાશન સારૂં તમારી સલાહને સચના મેળવવા

મેં પત્ર વહેવાર કર્યો ને તમોએ કેટલી એક ઉપયોગી સલાહ સુચન, ને સુધારા સુચવ્યા જે ઘણા જ ઉપયોગી નીવડયા જેથી આ પુસ્તકનું ગૌરવને મહત્તા ઘણી વધી છે. તેવી હું માન્યતા ધરાવું છું.

આ પુસ્તકની પ્રસ્તાવના માટે મેં તમોને કેટલીએક વખત લખી જણાવ્યું છેવટે મારી આગ્રહ ભરેલી માંગણી સ્વીકારી જેથી હું અનહદ આનંદથી ઉલ્લસીત બન્યો છું. મારી અંતરની અભિલાષા ફળીભૂત થઇ છે.

અંતમાં પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરૂં છું કે તમો શાસન સેવાના જે કાર્યો કરી રહ્યા છે. તે અવિરત પણે અખંડીત રીતે ચાલુ રાખી આત્મ કલ્યાણનું શ્રેય સાધી મુકિત માર્ગના પ્રયાણે વિચરો એજ હ્રદય પૂર્વકની ભાવના.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ**

# ધર્મ લાભ (૨)

શ્રી પંચ પરમેષ્ટિ, નમસ્કાર મહામંત્ર આરાધક, શ્રાદ્ધગુણ સંપન્ન ધર્મપ્રેમી **ભાઈ શ્રી પ્રભુદાસ જાદવજી દેશાઈ–મુંબઈ**

ધર્મ લાભ સાથ જણાવવાનું :-

આ પુસ્તકના પ્રકાશનનો જ્યારે મેં વિચાર કર્યો ત્યારે મને એક વિચાર આવ્યો કે મુંબઈમાં આ કાર્યના

પૂ. મુનિશ્રી
ગુણભદ્રવિજય મહારાજ સાહેબ



ધર્મલાભ
આપતા દ્રષ્ટિગોચર થાય છે.

"મુનિશ્રી ગુણભદ્રવિજયજી" નો
સંસારીપણાનો ફોટો



સંસારીપણાનું નામ
શેઠ ગુલાબચંદ જેઠાભાઈ રૂપજી

પ્રચાર માટે કોનો સહકાર લેવો. સંસારી પણાના આપણા ઘણાં મિત્રોમાં તમારી યાદદાસ્ત નજર સામે તરી આવી. તમારામાં મારી અતૂટ શ્રદ્ધાને આસ્થા જન્મી તુરત જ મેં તમોને લખ્યું તમોએ મારી ભાવના આનંદ પૂર્વક સ્વીકારી.

આ પુસ્તકના કાર્ય માટે તમોએ મુંબઈમાં જે બહોળો પ્રચાર કર્યો. મુંબઇના મહાનુભાવો શેઠ ચુનીલાલ કેશવજી, શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણી, શેઠ હીરાલાલ સોમચંદ, શેઠ તુલસીદાસ જગજીવન સવાઈ વિગેરે ઘણાં ભાઇઓનો સહકાર મેળવી સેવાનું જે ઉત્તમ કાર્ય બજાવ્યું છે. તે તમારી ધર્મ ઉપરની અડગ્ શ્રદ્ધા ને શાસન સેવાની તમન્નાને ધગશ બતાવે છે. તમો હાલમાં ધાર્મિક સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છો, તે જાણી અંત્યંત આનંદીત થયો છું.

અંતઃકરણ પુર્વક આશીર્વાદ સહીત ધર્મલાભ આપું છું કે તમો શાસન સેવાના કાર્યમાં ઓતપ્રોત થઇ માનવ જીવનનું કલ્યાણ સાધી શાશ્વતું સુઃખ પ્રાપ્ત કરો.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ**

# ધર્મ લાભ (૩)

શ્રી પંચ પરમેષ્ટિ, નમસ્કાર મહામંત્ર આરાધક, શ્રાદ્ધગુણ સંપન્ન ધર્મપ્રેમી ભાઈ શ્રી માધવલાલ ત્રીભોવનદાસ મુ.-માંગરોળ.

ધર્મ લાભ સાથ લખવાનું :-

પુસ્તક પ્રકાશનનું મુખ્ય કાર્યાલય માંગરોળ અને માંગરોળના કાર્યાલયના મુખ્ય કાર્યકર્તા શ્રીયુત માધવલાલ ત્રીભોવન.

તમો યુવાન છો. વિશાળ બુદ્ધિ તેમજ અખુટ શકિત ધરાવો છો. ચોવીસે કલાક કાર્ય કરવું હોય તો પીછે હઠ કરો તેમ નથી. આટલી ઉમરના ટુંકા ગાળામાં દરેક સ્થળે દરેક ક્ષેત્રે ખૂબ ખૂબ પ્રગતી કરી છે. લક્ષ્મીદેવી પણ પ્રસન્ન છે.

બધાથી વિશેષ તમારામાં ધર્મના સંસ્કાર બાળવયથી જ છે. ધર્મમાં શ્રદ્ધા અસાધારણ ભાવપૂર્વકની આચાર સહીતની છે. પ્રભૂ પૂજા નિયમિત હોય છે. કેટલા એક નિયમો પણ લીધા છે. તે શ્રદ્ધાએ જ આ કાર્ય તરફ કામ કરવાની વિશેષ પ્રકારે તમોને પ્રેરણા ઉદ્દભવી.

મારા આ પુસ્તકનું કાર્ય તો શું ? મારા આ સાધુ-જીવનમાંના ઘણાં કાર્યોમાં તમારો સંપૂર્ણ સહકાર મને મળ્યો છે.

શાસન સેવાના દરેક કાર્યમાં સંપૂર્ણ સેવા આપી શકો તેવી કાર્ય કુશળતા ધરાવો છો. ને ભવિષ્યમાં એક આદર્શ નેતા તરીકે માનદ્ કાર્યકરનું સ્થાન શોભાવશો એમ હું માની શકું છું.

પ્રભુ તમારા આત્માને શાસન સેવાના કાર્ય માટે અખૂટ સકિત, શ્રદ્ધાને બળ આપે. જેથી આત્મ કલ્યાણને સાધી ઇષ્ટિ સિદ્ધિ પ્રાપ્ત કરો એજ ભાવના.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ**

# ધર્મ લાભ (૪)

શ્રી પંચ પરમેષ્ટિ, નમસ્કાર મહામંત્ર આરાધક, શ્રાદ્ધગુણ સંપન્ન ધર્મપ્રેમી **ભાઈ શ્રી અમૃતલાલ જમનાદાસ** યોગ્ય **શ્રી** માંગરોળ.

ધર્મ લાભ સાથ જણાવવાનું :-

સંસારી પણાનું સગપણ તથા મિત્ર ખરા પણ મારા આ સાધુ જીવનમાં તમોએ તથા તમારા આખા કુટુંબે વિશેષ પ્રકારે મારે માટે જે અથાગ ભકિત ભાવ ધરાવો છો ને ભકિત કરો છો, તે દેવ, ગુરૂ, ને ધર્મ તરફ જ્ઞાન પૂર્વકની તમારા બધાની ઉચ્ચ કોટીની ભાવના જણાઈ આવે છે.

આ પુસ્તકના પ્રકાશનમાં તમારો ઘણો સહકાર છે, તે હું કેમ વીસરી શકું ? કલકત્તાવાળા શેઠ વિનુભાઇની ઓળખાણ કોનાથી ? કલકત્તા તરફનો સહકાર તે તમારા મારફતના પ્રયાસનું પરિણામ છે.

તમારો આત્મા ધર્મમાં રંગાયેલો છે. તે હું જાણું છું. મારી દીક્ષાના બીજે વર્ષે વાપીથી જ્યારે હું મુંબઈ આવ્યો ત્યારે મારા ગુરૂ દેવ, આચાર્ય મહારાજ સહીત વીસ બાવીસ મુનિપુંગવો સાથે બોરીવલીના તમારા બંગલામાં અમુક સમય સ્થિરતા કરી હતી.

બોરીવલીમાં ત્યારે જાંબલી ગલીમાં દહેરાસર બાંધવાનું કામ કાજ ચાલતું હતું. પાપાણની પ્રતિમાજીઓ પરોણા તરીકે હતા. તે વખતે તમોએ ખૂબ મહેનત કરી તમારી લાગવગથી આ દહેરાસર બનાવવાના કાર્ય માટે લગભગ રૂપીઆ પચાસ હજાર ભેગા કરી આપ્યા હતા. આજે ત્યાં ભવ્ય શીખર બંધી દહેરાસર તૈયાર થઇ ગયું છે. તમારા માનવ જીવનનું આ એક મહાનમાં મહાન પુણ્યનું કામ થઈ ગયું છે, જે તમારા આત્માને મુક્તિના પંથે લઇ જશે.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ**

# ધર્મ લાભ (૫)

શ્રી પંચ પરમેષ્ટિ, નમસ્કાર મહામંત્ર આરાધક, શ્રાદ્ધગુણ સંપન્ન શ્રષ્ટીવર્ય શ્રીમાન્ **શેઠ વીનયચંદ્રભાઈ** તથા **બાબુભાઈ.**

**કલકત્તા.**

મોરારજી શેઠના બાબુભાઇ મારફતના થોડા સમયના તમારા પરિચયે મારા આત્માની આંતરીક આશાઓ ફળીભૂત થઈ. તે કલકત્તામાં આ પુસ્તકના પ્રકાશનના તમારા પ્રાથમિક મંગલાચરણ રૂપી કાર્યના સહકારને લઈને છે.

તમોએ આ પુસ્તકના પ્રકાશન માટે ઉદારતા પૂર્વક જે સહકાર ને સહાય આપી તથા કલકત્તાના અગ્રગણ્ય પ્રતિષ્ટિત નામાંકીત શ્રેષ્ટિ વર્યો તથા સાધામીં ભાઇઓ પાસથી ભાવ પૂર્વક પ્રેમથી જે સહકાર ને સહાય મેળવી આપ્યા. તેવી રીતે પ્રભુના શાસનની સેવાના દરેક કાર્યો તન મનને ધનથી ખૂબ ઉત્સાહ પૂર્વક કરી આત્માનું શ્રેય સાધી પરમ પદને પ્રાપ્ત કરવા પ્રયત્ન શીલ થાઓ એવી અંતરની અભિલાષા.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ**

卐

# ધર્મ લાભ (૬)

## કલકત્તા

આ પુસ્તક પ્રકાશન માટે કલકત્તા નિવાસી માંગરોળવાળા ભાઈઓ તરફથી વરસેલી **દાનગંગા.**

**શ્રી** પંચપરમેષ્ટિ, નમસ્કાર, મહામંત્ર આરાધક **શ્રાધ્ધગુણ સંપન્ન દાનવીર શ્રેષ્ટી વર્યો, — મુ. કલકત્તા.**

ધર્મલાભ સાથ જણાવવાનું કે, આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં તમોએ ઉદારતા પૂર્વક સહાય કરી જે સહકાર આપ્યો તેવી રીતે પ્રભુના શાસનની સેવાના પ્રત્યેક કાર્યોમાં તમો બધા ખૂબ ઉદારતા પૂર્વક લક્ષ્મીનો સદ્‌વ્યય કરી આત્મકલ્યાણ સાધી શાશ્વતું સુખ પામો—એજ અભ્યર્થના.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ.**

| | | | |
|---|---|---|---|
| રૂ. | ૭૦૧) | શેઠ | જગમોહનદાસ કલ્યાણજી ચીનાય. હા. શેઠ વીનુભાઈ તથા બાબુભાઈ. |
| ,, | ૧૦૧) | ,, | પ્રાણજીવનદાસ જેઠાભાઈ. |
| ,, | ૧૦૧) | ,, | દ્વારકાદાસ કેશવજી નેમચંદ. |
| ,, | ૧૦૧) | ,, | મનમોહનદાસ લીલાધર. |
| ,, | ૧૦૧) | ,, | વરજીવનદાસ છગનલાલ કંપાણી. |
| ,, | ૧૦૧) | ,, | જયંતીલાલ ગંગાદાસ. |

| | | | |
|---|---|---|---|
| ,, | ૧૦૧) | ,, | પાર્શ્વકાન્ત લીલાધર. |
| | ૧૦૧) | ,, | કાંતિલાલ ત્રીભોવનદાસ. |
| | ૧૦૧) | ,, | જગમોહનદાસ કચરા પારેખ. |
| | ૧૫૦૯ | | |

# ધર્મ લાભ (૭)

## અન્ય સ્થળના દાનવીરો.

શ્રી પંચપરમેષ્ટિ નમસ્કાર, મહામંત્ર આરાધક શ્રાધ્ધગુણ સંપન્ન દાનવીર શ્રેષ્ટી વર્યો.

ધર્મલાભ સાથ જણાવવાનું કે, આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં તમોએ ઉદારતા પૂર્વક સહાય કરી જે સહકાર આપ્યો. તેવી રીતે પ્રભુના શાસન સેવાના પ્રત્યેક કાર્યોમાં ખૂબ ઉદારતા પૂર્વક લક્ષ્મીનો સદ્વ્યય કરી આત્મકલ્યાણ સાધી શાશ્વતું સુખ પામો.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ.**

| | | |
|---|---|---|
| રૂા. | ૭૫૧) | સ્વ. શેઠ વરજીવનદાસ ગુલાબચંદ રાજકોટ. |
| ,, | ૨૦૧) | ,, વરજીવનદાસ ભગવાનદાસ ....તાલાલા. |
| ,, | ૧૦૧) | એક સદ્ગૃહસ્થ, હા. સાધ્વી મહારાજશ્રી વિનયેન્દ્રશ્રી..... .... ....પાલીતાણા. |
| ,, | ૧૦૧) | શેઠ દીનેશકુમાર જૈન હા. શેઠ ચીમનલાલ કાનજી |
| ,, | ૫૧) | ,, ઉત્તમભાઇ ચુનીલાલ હા. ,, ,, ,, |
| ,, | ૫૧) | ,, હમીરમલ મોહનલાલ |

પુનાવાલા એન્ડ કંપની હા. „ „ „
„ ૫૧) „ મનસુખલાલ કે. શાહ
ગુજરાત મેટલ વર્કસ હા. „ „ „
„ ૨૫) સ્વ. સુશ્રાવિકા ધનકોરબેન નાગજી ચીનોય
હા. વૃજલાલ દેવીદાસ ધોરાજી.

---

૧૩૩૨

# ધર્મ લાભ (૮)

## દાનવીરો.

### મુંબઇની સંસ્થાઓ
તથા
### માંગરોલવાસી ભાઇઓ અને બ્હેનો (મુંબઇ)

શ્રી પંચપરમેષ્ટિ નમસ્કાર મહામંત્ર આરાધક શ્રાધ્ધ-ગુણ સંપન્ન દાનેશ્વરી મુંબઈની સંસ્થાઓ તથા માંગરોલ-વાસી ભાઇઓ તથા બ્હેનો — મુંબઈ.

ધર્મલાભ સાથ જણાવવાનું કે, આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં તમો બધાએ ઉદારતા પૂર્વક જે દાન ગંગા વહાવી સહકાર આપ્યો તેવી રીતે પ્રભુના શાસનની સેવાના પ્રત્યેક કાર્યોમાં ખૂબ ઉદારતા પુર્વક લક્ષ્મીનો સદ્વ્યય કરી આત્મ-કલ્યાણ સાધી શાશ્વતું સુખ પામો એજ અભ્યર્થના.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ.**

રૂા. ૫૦૧) શ્રી કોટ શાંતિનાથ જૈન દેરાસર સંઘ,
હા. પ્રમુખ શેઠ ચુનીલાલ કેશવજી.

„ ૫૦૧) સ્વ. ચાંપાબ્હેન પ્રેમજી અભેચંદ તથા રળીયાતબ્હેન પાનાચંદ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શેઠ પ્રેમજી નાગરદાસ, શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણી, શેઠ હીરાલાલ સોમચંદ.

„ ૨૫૧) શ્રી માંગરોળ જૈન સંઘ મુંબઈ.

„ ૨૦૧) શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણી.

„ ૧૦૧) સ્વ. શેઠ ફુલચંદ પ્રાગજી સવાઈ.

„ ૧૦૧) શેઠ તુલસીદાસ જગજીવન પ્રાગજી સવાઈ.

„ ૫૧) „ પ્રવીણચંદ્ર હેમચંદ.

„ ૫૧) „ જગમોહનદાસ જેઠાભાઈ.

„ ૫૧) „ છોટાલાલ પ્રેમજી હા. શેઠ રણછોડદાસ, શેઠ ચુનીલાલ, શેઠ વંદ્રાવન, શેઠ અમૃતલાલ

„ ૫૧) ગં. સ્વ. સુશ્રાવિકા મણીબ્હેન કાનજી વલભજી.

„ ૫૧) „ „ „ ધનવંતીબ્હેન મનમોહન વચ્છાલાલ.

„ ૫૧) „ „ „ લીલાવતીબ્હેન પ્રેમચંદ જવેરચંદ.

૨૫) શેઠ જાદવજી વીરજી દેસાઈ.

„ ૨૫) „ કેશવલાલ રણછોડ.

„ ૨૫) „ ચુનીલાલ મુલજી.

„ ૨૫) ગં. સ્વ. સુશ્રાવિકા મેણાબ્હેન નરોતમદાસ.

,, ૨૫) ,, ,, જડાવબ્હેન લાલજી કેશ-
વજી ચીનાય.

,, ૭) શેઠ અમૃતલાલ ગુલાબચંદ.

---

૨૦૯૪

# ધર્મલાભ (૯)

## શ્રી માંગરોળ જૈન સંઘ (સ્થાનિક)

## દાન રૂા. ૫૦૧

**શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર આરાધક શ્રાદ્ધ ગુણ સંપન્ન શ્રી માંગરોળ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, — માંગરોળ.**

ધર્મલાભ સાથ જણાવવાનું— મારા પત્ર ઉપરથી શ્રી સંઘે આ "**શ્રી નવપલ્લવપાર્શ્વનાથ**" પુસ્તકના પ્રકાશન માટે રૂપિયા ૫૦૧, પાંચસો એકનું દાન આપી જે સહકાર ને સહાય આપી તેવી રીતે શાસન પ્રભાવનાના દરેક કાર્યમાં દાનગંગા વહાવી શ્રી સંઘના બધા ભાઇ બ્હેનો આત્મકલ્યાણ સાધી મોક્ષ માર્ગ તરફ પ્રયાણ કરે એ જ અંતરની અભિલાષા.

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# પ્રકાશકનું નિવેદન

"**શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ**" આ પુસ્તક પ્રસિધ્ધ કરવાની ભાવના પુજ્ય મુનિ મહારાજશ્રી **ગુણભદ્રવિજયજીને** બે કારણોસર ઉદ્‌ભવી.

(૧) આપણા માંગરોળના સ્થાનિક સંઘના વહીવટ હેઠળના મંદિરોનો સંપુર્ણ સત્તાવાર ઇતિહાસ હતો નહીં તેની શોધખોળ કરી સત્ય પુરાવા સહીતનો સત્તાવાર ઇતિહાસ તૈયાર કરવો જેથી.

(૨) માંગરોળના મૂળ સ્થાનિક જૈન સમાજમાંથી પોણોસોથી એસી ટકા જૈન સમાજ, મુંબઈ, કલકત્તા, મદ્રાસ, સૌરાષ્ટ્ર તથા ભારતના બીજા છુટા શહેરોમાં તેમજ પરદેશમાં એડન, પોર્ટસુદાન, યુરોપ વિગેરે પરદેશોમાં વસે છે તે બધાઓ માટે તેમજ ભાવિ પેઢીની પ્રજા માટે આ ઇતિહાસની ખાસ આવશ્યક્તા હોવાના કારણે પ્રસિદ્ધ કરેલ છે.

પૂજ્ય મહારાજશ્રીના લાગલગટ એકવર્ષના સતત્ પ્રયાસથી બધા મંદિરોનો તથા સાહિત્યનો સત્તાવાર દસ્તાવેજી પુરાવા સહીતનો સળંગ ઇતિહાસ તૈયાર થયો. જે આજે પુસ્તકરૂપે પ્રસિધ્ધ થાય છે.

આપણને કે આપણા પુર્વજોને જે હકીકતોનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો તેને આજે એક નક્કર સત્ય પુરાવા તરીકે આપણે સહર્ષ સ્વીકારવા તૈયાર થયા છીએ.

પુસ્તક હાથમાં એક વખત લઇને વાંચવાનું શરૂ કર્યું ત્યારથી એટલી બધી જીજ્ઞાસા અને રસ ઉત્પન્ન થાય છે કે ખાવુંપીવું વિગેરે દરેક કાર્ય છોડી દઇ પુસ્તક વાંચીને પુરૂં કરવાનું મન થાય છે પુસ્તક પુરૂં કર્યા વગર હાથમાંથી મૂકવાનું મન થતું નથી.

પુસ્તકની અંદર લગભગ પચીસ ચિત્રો પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. જે ઘણા જ આકર્ષક, સુંદર, ભાવવાહી તથા ઇતિહાસીક પુરાવાના દસ્તાવેજી સહીતના છે. જે જોતાં હૃદયમાં હર્ષની ઉર્મીઓ પ્રગટે છે.

આ પુસ્તક લગભગ સાડાત્રણસોથી ચારસો પાનાનું પાકા પુઠાનું તૈયાર થયું છે જેનો ખર્ચ લગભગ પાંચ હજાર રૂપિયાથી વધુ થવા સંભવ છે.

શાસનદેવની કૃપ.થી અને પુજ્ય મહારાજશ્રીના પુણ્ય-બળ ને તપોબળથી મોટાભાગની રકમ લગભગ દાનેશ્વરીઓ તરફથી સમર્પણ થઇ છે જેઓના શુભ નામો આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવ્યા છે.

જે જે દાનેશ્વરી સંસ્થાઓએ તથા ભક્તિભાવવાળા ભાવીક દાનેશ્વરી આત્માઓએ આ પુસ્તક પ્રકાશનમાં ઉદારતા

પુર્વક જે સહાય આપી છે તેઓ સઘળાનો અમો અંતઃકરણ પુર્વક આભાર માનીએ છીએ.

શરૂઆતમાં આ પુસ્તકની કિંમત પાંચ રૂપિયા પુજ્ય મહારાજશ્રીએ નક્કી કરી હતી. પણ શાસનદેવની કૃપાથી તેમજ ગુરૂ કૃપાથી ખર્ચ જોગી રકમનો મોટો ભાગ દાનમાં મલી જવાથી પુજ્ય ગુરૂ મહારાજ શ્રી ગુણભદ્રવિજયજીની ભાવના અને ઇચ્છાથી આ પુસ્તક ઘર દીઠ એક એક નકલ ભેટ આપવાનું નિર્માણ કર્યું છે. જે માટે પૂજ્ય મહારાજશ્રીએ એવી ભાવના પ્રદર્શીત કરી છે કે ભેટ સ્વીકારનાર કોઇ પણ મહાનુભાવની ઇચ્છા આ પુસ્તકની ઉપયોગીતા સમજી કાંઇ પણ રકમ ( પાંચ રૂપિયાથી ઓછી નહીં ) ભેટ આપવાની થાય તો તે પ્રેમપૂર્વક સ્વીકારવામાં આવશે તેવી ભેટ આવેલી રકમોમાંથી પુસ્તક પ્રકાશનનું જે થોડુંઘણું બાકી રહેલું કરજ હશે તે ભરપાઈ કરીને વધારાની રકમ સાધુ–સાધ્વી મહારાજશ્રીના વીહાર તથા વૈયાવચ્ચમાં વાપરી નાંખવામાં આવશે. જે બાબતની વિગતવાર જાહેરાત પુજ્ય મહારાજશ્રીએ પત્રીકા દ્વારા બહાર પાડેલ છે.

આ પુસ્તકનું લખાણ લખી તૈયાર કરવામાં, પ્રેસમેટર, અને પ્રેસ કોપી કરવામાં, પ્રુફ સુધારવામાં, ભાષાની શુધ્ધતા અને શ્રેષ્ટતા જાળવવામાં અને આ પુસ્તકને આદ્યપર્યંત આકર્ષક બનાવવાનું કાર્ય પુજ્ય મહારાજશ્રીએ એકલાએ જાતે જ કરેલ છે. તે માટે પુજ્યશ્રીનો આભાર માનવા માટે અમારી પાસે શબ્દો નથી.

આ પુસ્તકમાં સારા ઉંચા કાગળો, સારા ટાઇપો, તથા પ્રેસને લગતું દરેક કામ દોશી પ્રેસના માલીક શ્રીયુત પ્રવીણચંદ્રભાઇએ જાતમહેનતથી સુંદર રીતે ખંતથી ને લાગણી પુર્વક કરી આપેલ છે તે માટે અમો તેના આભારી છીએ.

પૂજ્ય ગુરૂદેવને કોટિકોટિ વંદના ધર્મના આવા મહાન્ કાર્યો કરવા માટે પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષો.

લી૦ સેવકો,

**પ્રભુદાસ જાદવજી વીરજી દેસાઇ**

**માધવલાલ ત્રીભોવનદાસ શાહ**

ના જયજિનેન્દ્ર.



ॐ अर्हम् नमः

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

" પૂજ્ય મુનિ મહારાજ શ્રી ગુણભદ્રવિજય મહારાજના "

## જીવનની ટૂંકી ઝરમર

આ પુસ્તકના લેખક– પ્રણેતા, પ્રેરક ને સંપાદક પુ. મુનિ મહારાજ શ્રી ગુણભદ્રવિજયજીના જીવનની ટૂંકી રૂપરેખા અમો મેળવવા ભાગ્યશાળી થયા છીએ તે આંહીં પ્રગટ કરવાની અમારી પવિત્ર ફરજ સમજીએ છીએ.

પૂજ્ય મુનિમહારાજશ્રી **ગુણભદ્રવિજયજી** માંગરોળ (સૌરાષ્ટ્ર)ના એક લબ્ધ પ્રતિષ્ઠિત ધર્મપ્રેમી, તત્ત્વજ્ઞાની સ્વર્ગસ્થ શેઠ **રૂપજી ધનજી**ના સુપુત્ર સ્વ. શેઠ **જેઠાભાઇ રૂપજી**ના પુત્ર થાય. તેમનો જન્મ સંવત ૧૯૫૧ માગશર શુદ ૬ ને સોમવારે **મદ્રાસ** માં તેમના મોસાળમાં થયો હતો. તેમના જન્મ પછી જન્મદાત્રી માતૃનો ફક્ત બારમે દિવસે સ્વર્ગવાસ થતાં માતૃપ્રેમ ને માતૃ સુખ જોવા કમનસીબ નિવડયા હતા. તેમનું સંસારી નામ **ગુલાબચંદ જેઠાભાઈ** હતું.

સ્વ. શેઠ **રૂપજી ધનજી** જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના તેમજ ચારે યોગોના વિગેરેનું વિશાળ જ્ઞાન ધરાવતા હતા.

મુનિમહારાજો તેમજ યુંવાન તથા મોટી ઉમરના શ્રાવકો ધાર્મિક જ્ઞાન શીખવા તથા તત્વજ્ઞાન સમજવા તેઓશ્રી પાસે આવતા.

આવા ઉત્તમ કોટિના સંત પુરૂષની શીતળ છાયામાં પુજ્ય **ગુણભદ્રવિજયજી** મહારાજશ્રીને બાલ્ય વયથી જ ધર્મના સંસ્કારો પડયા હતા ને સારામાં સારૂં ધાર્મિક શિક્ષણ મેળવ્યું હતું.

પુજ્ય મહારાજશ્રીના દાદા તથા પિતાશ્રી મહારાજશ્રી સંસારી અવસ્થામાં હતા ત્યારે જ સ્વર્ગવાસ પામ્યા હતા. તેમને આઠ ભાઇઓ, તથા બે બ્હેનો હતાં. તેમના નામો– (૧) ભગવાનદાસ, (૨) અમીલાલ, (૩) ગુલાબચંદ, (૪) જગમોહનદાસ, (૫) ત્રીભોવનદાસ, (૬) અમૃતલાલ, (૭) કાંતિલાલ, (૮) ધરમદાસ, બે બ્હેનો (૧) હેમકોર, (૨) વેણુકુંવર. તેમાંથી ચાર ભાઇઓ અને એક બ્હેન સ્વર્ગવાસ પામ્યા છે અને બીજા એક બ્હેને આજથી પાત્રીસ વર્ષ પહેલા ચારિત્ર અંગીકાર કરેલ છે જેમનું નામ વિનયેન્દ્રશ્રી છે. બીજા ત્રણ ભાઇઓ નંબર ૪, ૫, ૬, મુંબઇમાં વેપારમાં જોડાયા છે.

પૂજ્ય મહારાજશ્રીએ સાંસારીક સામાન્ય શિક્ષણ ચોથી અંગ્રેજી સુધીનું મેળવ્યા પછી તેમના મોટાભાઇ સ્વ. **શેઠ ભગવાનદાસ જેઠાભાઇની** શીતલ છાયા નીચે મુંબઇમાં

( પૂજ્ય મહારાજશ્રીના દાદા )

સ્વ. શેઠ રૂપજી ધનજી



જેમને આ પુસ્તક સમર્પણ કરવામાં આવ્યું છે.

# 卐 સમર્પણ 卐

સ્વ. વડિલ

## પિતામહ (દાદા) શેઠ રૂપજી ધનજી

આપે આપના માનવ જીવનના છેલ્લા પચીસ ત્રીસ વર્ષો :

## શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ

પ્રભુની અખંડ ભક્તિમાં તેમજ જ્ઞાનની આરાધનામાં જ
વીતાવ્યા હતા. આપના આત્માનું અદ્ભૂત ઓજસ
અપૂર્વ હતું. મારી બાળવયમાં જ આપે મારામાં
ધર્મના સંસ્કાર રેડી મારા આત્મામાં ધર્મની
જ્યોત પ્રગટાવી. તે જ્યોતનો પ્રકાશ
ધીમે ધીમે વધતાં તેના પ્રતાપે આજે

## રત્નત્રયી

નો આરાધક થયો જે અનંતા ઉપકારના યત્કિંચિત ઋણરૂપે આ

## ❀ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ ❀

નામનું પુસ્તક આપને સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી. મુનિ

## ગુણભદ્રવિજયના ધર્મલાભ

વેપારી લાઇનમાં જોડાયા હતા. તેમનું લગ્ન માંગરોળમાં એક સારા ધર્મિષ્ટ કુટુંબમાં થયું હતું. લગ્નજીવનમાં ત્રણ સંતાનોની પ્રાપ્તી થઇ હતી. તેમાં અત્યારે એક પુત્રી ચી. **મધુરાવંતી** નામે હૈયાત છે. જેનું માંગરોળના એક અગ્રણ્ય ખાનદાન શ્રીમંત આગેવાન પ્રતિષ્ઠિત ધર્મી કુટુંબ, સ્વ. **શેઠ વલ્લભજી ચત્રભુજ**ના સ્વ પુત્ર **શેઠ કાનજીભાઈ**ના પુત્ર ચી. **ચીમનલાલ** સાથે લગ્ન થયું છે. ચી. **ચીમનલાલ** B. Com. નો ઉચ્ચ અભ્યાસ કરી બેન્કીંગ લાઈનમાં જોડાયા છે. હાલ તેઓ દેના બેન્કની હમામ સ્ટ્રીટની શાખાના મેનેજરનો હોદ્દો ધરાવે છે. તેઓને બે પુત્રો તથા એક પુત્રી છે. મહારાજશ્રીના સંસારીપણાના લગ્નજીવન બાદ બાર વરસના ટુંક સમયમાં સ્ત્રી સ્વર્ગવાસી થયા હતા.

સ્વ. મોટાભાઈ **શેઠ ભગવાનદાસ જેઠાભાઈ**ની પૂ. મહારાજશ્રી તરફ અસાધારણ પ્રેમ, લાગણી ને મીઠી મમતાને લીધે મહારાજશ્રી વેપાર-ધંધા વિગેરે જીવનના દરેક ક્ષેત્રે નીરંકુશપણે સ્વતંત્ર રીતે વર્તન કરતા હોવા છતાં સ્વ. મોટાભાઇ **શેઠ ભગવાનદાસ** અપ્રતિમ સ્નેહ ને લાગણીને કારણે ઉદાર હૃદય રાખી મહારાજશ્રીના વર્તન તરફ દુર્લક્ષ કરી બધું જતું કરતા આવા એક અજોડ મહાન ઉપકારી ને લાગણીપ્રધાન મોટાભાઇનો સંવત ૨૦૧૯ ના માહ માસમાં સ્વર્ગવાસ થતાં મહારાજશ્રીને અસાધારણ આંચકા જેવો આઘાત થયો પણ કર્મની ગતિ આગળ કોઈનું ચાલ્યું નથી તેમ સમજી સમતા રાખી. સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળો તેવી પ્રાર્થના પ્રભુ પાસે કરી.

સંસારીપણામાં, વૈભવી જીવન વિતાવ્યું હોવા છતાં **સ્વ. દાદા શેઠ રૂપજી ધનજી** એ સીંચેલા ધર્મના દૃઢ સંસ્કારોને કારણે ને પુણ્યના ભાગ્યોદયે સંપુર્ણ ભોગવિલાસમાંથી પ્રભુ મહાવીરના પંથનો ત્યાગ ધર્મ મેળવવાનો યોગાનુયોગ એકાએક પ્રાપ્ત થયો. સંવત ૧૯૮૪ના સમય આસપાસ સ્વ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિ સૂરીશ્વર મહારાજનો મુંબઈમાં પરિચય થતાં તે મહાન્ પુરૂષના વ્યાખ્યાનો શ્રવણ કરવાથી આત્માના સાચા સ્વરૂપની સુંદર ઝાંખી થઇ. ભોગવિલાસમાંથી આત્મા ધર્મ તરફ વળ્યો તે પ્રતાપ બધો સ્વ. આચાર્ય દેવેશનો જ હતો ત્યારબાદ બે વર્ષ પછી આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના મુંબઈમાં ચાતુર્માસો થતાં તેમની મીઠી મધુરી છાયા નીચે ઉત્તરોત્તર ધાર્મિક ક્રિયાકાંડ ને તપસ્યા તરફ જીવનને વિકસાવ્યું વર્ધમાન તપની સોલ ઓળી એકીસાથે નવપદજીની ઓળીઓ વિધિ વિધાન સાથે, અઠ્ઠાઇઓ ને અમુક વરસો સુધી ચાર વિગયો ત્યાગ કર્યાં હતા. ત્યારથી ચારિત્ર લેવાની ઉત્કૃષ્ટ ઇચ્છા હતી. પણ કર્મસત્તા કયાં છોડે એમ હતી. કારણ કે વૈરાગ્યનો પાકો રંગ હજુ ઉંડે સુધી ઉતર્યો નહોતો. આમ ધાર્મિક જીવનમાં અમુક વર્ષો પસાર થતાં વળી પ્રતિકુળ સંયોગો પ્રતિકુળ વાતાવરણને લીધે ફરી વૈભવી જીવનમાં પટકાતાં આત્માનો વિકાસ રૂંધાઇ ગયો ને આત્મા અધોગતીને પંથે જઇ ચડયો.

આવી રીતે ચડતીપડતીના ચમકારા ને અનેક લીલી-

રૂઢી જોયા બાદ ફરી આત્મામાં ત્યાગમાર્ગનું ચૈતન્ય ને જાગૃતીનું મોજું ઉછળી આવ્યું. હૃદયમાં ઉંડે ઉંડે છૂપાયેલી ત્યાગભાવનાએ જોર કર્યું ને સર્પ જેમ કાચળીને ફેંકી દે તેમ પુર્વના પુણ્યોદયે સંવત ૨૦૦૩ ના જેઠ વદ સાતમના દિવસે "**વાપી**" મુકામે સ્વ. પુજ્ય આચાર્ય દેવેશ "**શ્રીમદ્ વિજયલબ્ધિ સૂરીશ્વરજી**" ની શીતળ છાયા નીચે તેની નીશ્રામાં ચારિત્ર ગ્રહણ કર્યું ને પુજ્ય આચાર્ય દેવેશ "**શ્રીમદ્ વિજયલબ્ધિ સૂરીશ્વરજી**" ના પરમ વિનયી શિષ્યરત્ન પુજ્ય **ઉપાધ્યાય જયંતવિજયજી** ગણિવરના શિષ્ય તરીકે જાહેર થયા દીક્ષા સમયે તેમનું બહોળુ કુટુંબ સ્નેહિ અને મિત્રો વિગેરે મોટી સંખ્યામાં **વાપી** આવ્યા હતા.

પુજ્ય મહારાજશ્રીએ તેમના સંસારી જીવનકાળ દરમ્યાન ભારતના મોટાભાગના જૈન તીર્થો, શત્રુંજય, ગીરનાર, સમેતશીખર, પાવાપુરી, મારવાડની પંચતીર્થી, આબુ, કેશરીયાજી, શંખેશ્વરપાર્શ્વનાથ વિગેરે યાત્રાઓ કરી હતી.

## તપસ્યાઓ

તપસ્યામાં વિધિપુર્વક નવપદની ઓળી બે વખત, જ્ઞાનપંચમી તપ, વર્ધમાન તપની ઓગણચાલીસ ઓળીઓ, વિશસ્થાનકની છઠ્ઠને પારણે છઠ્ઠ એકીસાથે તેવી સાત ઓળીઓ વિધિ સહિત ઉપરાંત બે વખત અઠ્ઠાઈ, એક વખત નવ, એક વખત પંદર, એક વખત સોળ ને એક વખત એકવીસ ઉપવાસ કર્યા હતા.

## ભાગવતી પ્રવજ્યાના વીસ વર્ષ

પુજ્ય મહારાજશ્રીનો દીક્ષાપર્યાય આજે લગભગ વીસ વર્ષનો થયો છે. તેમાં મહારાજશ્રીના બે ચાતુર્માસ વાપી, બે પુનાકેમ્પ, દાદર, ધોરાજી, પોરબંદર, વંથલી, છત્રાસા, મોટીપાનેલી, જુનાગઢ, માંગરોલ, વિગેરે ગામોમાં થયા છે.

દરેક ચાતુર્માસમાં, અઠ્ઠાઇઓ તથા બીજી વિવિધ અનેક તપસ્યાઓ દરેક ગામમાં સારામાંસારી કરાવી હતી. તેઓએ પોરબંદરમાં એક બ્હેનને દીક્ષા આપી હતી. વંથલીમાં ધ્વજા દંડ તથા શતાબ્દી, અર્ધશતાબ્દી ઉત્સવ ઉજવ્યો હતો ઘણા સ્થળે એકલાખ નવકાર મંત્રના જાપ વિધિપુર્વક કરાવ્યા હતા. અઠ્ઠાઈ મહોત્સવ, શાંતિ સ્નાત્ર વિગેરે પણ ધામધૂમથી ઉજવ્યા હતા.

## (૭૨) બોતેર વર્ષની વૃદ્ધાવસ્થાએ ભગીરથ પુરૂષાર્થ

માંગરોળના મુખ્ય મંદિરોની ઉત્પત્તિ, પ્રતિષ્ઠા વિગેરેનો સત્તાવાર દસ્તાવેજી પુરાવાવાળો અમુક ખાસ જરૂરી ઉપયોગી ઇતિહાસ માંગરોળના શ્રી સંઘ પાસે નહોતો. તેમ સંઘની દરેક વ્યકતી તેવા ઇતિહાસથી સદંતર અજાણ હતી. તે માટે શ્રી સંઘે સંવત ૧૯૯૦ માં શેઠ છોટાલાલ પ્રેમજી તથા શેઠ જમનાદાસ મોરારજીની કમીટીની આ કાર્યની શોધખોળ માટે નિમણુંક કરી હતી પણ તે કમીટી કાઇપણ કાર્ય કરી શકી નહોતી.

શ્રી માંગરોળના સંઘના સદ્દભાગ્યે શ્રી સંઘને ગૌરવ લેવા જેવું છે કે પુજ્ય મહારાજશ્રી **ગુણભદ્રવિજયજી એ** ગત વર્ષમાં અથાગ પરિશ્રમ વેઠી ખૂબ સંશોધન કરી, શિલાલેખો જોયા, પોણાબસો વર્ષના અઢીસો ચોપડાઓ તપાસ્યા, જ્ઞાનભંડારની હસ્તલેખીત ૭૫૦ સાડાસાતસો પ્રતો તપાસી શોધખોળ કરી એક ભવ્ય ઇતિહાસનું સર્જન કર્યું ને જે આજે **"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"** નામના પુસ્તકથી પ્રકાશીત થઇ રહ્યું છે. **અંધકારમાંથી પ્રકાશ થયો છે.** માંગરોળ સંઘના ઇતિહાસમાં ચિરઃસ્મરણીય, અજોડ, અભુતપુર્વ અમર સ્થાન પ્રાપ્ત કરશે. પુસ્તકમાં પાંચ મહત્વના વિષયોને ઇતિહાસીક તેમજ ધાર્મિક દૃષ્ટિબિંદુથી ખૂબ સરળ ભાષામાં પ્રકાશીત કરવામાં આવેલ છે.

## પાંચ મહત્વના કાર્યો

(૧) **શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ** પ્રભુની મૂર્તિના ખંડીતપણાનો તથા પ્રતિષ્ઠાનો વિષય તથા શ્રી મુનિ સુવ્રત સ્વામી વિગેરે બધા મંદિરોની પ્રતિષ્ઠા તથા મૂર્તિઓના શિલાલેખોની શોધખોળ કરી. સત્ય દસ્તાવેજી પુરાવા સહીતનો ઇતિહાસનું સંશોધન કર્યું.

(૨) શ્રી સંઘના પોણાબસો વર્ષના ચોપડામાંથી પ્રતિષ્ઠા, અંજનશલાકા, વિગેરેનું ઘણું વિપુલ સાહિત્ય શોધી બહાર પ્રકાશીત કર્યું.

(૩) સેંકડો વર્ષની ખંડિત પ્રતિમાજીઓનું વિસર્જન કર્યું.

(૪) જ્ઞાનભંડારની હસ્તલેખીત અમુલ્ય પ્રતો જોઈ તપાસી સંપુર્ણ વિગતો એકઠી કરી.

(૫) સર્વ મંદિરોની બધી આરસની તથા પાષાણની પ્રતિમાજીઓને લેપ, ઓપ, ચક્ષુટીલા વિગેરેનું મહાન્ જવાબદારીવાળુ કાર્ય આઠ મહિના સુધી રોજની પોતાની કલાકો સુધીની જાતિ દેખરેખ નીચે જીર્ણોદ્ધાર કરાવ્યો.

ઉપલા બધા મહાન્ કાર્યોનો પણ ઇતિહાસ તથા સાહિત્ય ભાવિ પ્રજા માટે પ્રસિધ્ધ કર્યું.

પૂજ્ય મહારાજશ્રીએ આ પુસ્તકના પ્રકાશનની પહેલાં "**વેરના વમળમાં**" આવૃતિ પહેલી સંવત ૨૦૧૩ માં તથા "**વેરના વમળમાં**" આવૃતિ બીજી ૨૦૨૦ માં પ્રકાશન કરી હતી. આ પુસ્તકની પણ અસાધારણ માગણીનો ધોધ રોજબરોજ ચાલુ જ છે. પુસ્તક લગભગ ખલાસ થવા આવ્યા છે. પૂ. આચાર્ય ભગવંતો પૂ. પન્યાસજી મહારાજ, તથા પૂ. મુનિપુંગવોમાં પણ આ પુસ્તકની વિશાળ પ્રમાણમાં માંગણી ચાલુ આવ્યા જ કરે છે.

પૂ. મહારાજશ્રીની લેખનશક્તિ ખૂબ જ જોરદાર છે. અંગ્રેજી, ગુજરાતી ભાષા ઉપરનો કાબુ અજબ છે. કલાકોના કલાકો સુધી હજુ પણ ચાલુ લખ્યા કરવું તે તો તેઓશ્રીનો ચાલુ વ્યવસાય છે.

પૂ. મહારાજશ્રીના સંસારી જીવનમાં એક સેવાભાવી કાર્યકર તરીકે મુંબઈના હિન્દુ–મુસલમાન હુલ્લડોમાં બે વખત અસાધારણ હિંમતપૂર્વક સેવા આપી હતી. તેમજ માંગરોળની છેલ્લી મરકીના સમયમાં, હિન્દુ–મુસ્લીમ વટલાલ પ્રવૃત્તિ સામે, ઐતિહાસિક ગૌવધ પ્રકરણમાં, હિન્દુ વ્યાયામ મંદિર માટે, તેમજ શ્રીમાળી સમાજ, જ્ઞાનોત્તેજક સભા, વણીક દવાખાના વિગેરેની સેવાઓ સદાય હજુ પણ યાદ રહે તેવી છે. એ એક નોંધ પાત્ર હકીકત છે.

ધાર્મિક સિદ્ધાંતો વિરૂદ્ધ થતા કાર્યો માટે નીડર રીતે કોઇની પણ સેહમાં આવ્યા વગર સત્યને વળગી રહી અડગતા પૂર્વક લડત આપવામાં કદી પણ પાછી પાની કરતા નથી. આ કારણસર કેટલાએક ધર્મ વિરોધી વિઘ્ન સંતોષીઓ મહારાજશ્રીની કેટલીક પ્રવૃત્તિને વખોડતા હોય છે. પણ મહારાજશ્રી પોતાનું ધ્યેય ચુકયા વગર ધાર્મિક સિદ્ધાંતના રક્ષણ ખાતર પોતાના કાર્યમાં આગળ વધ્યા જ રહે છે.

સ્વભાવમાં ખૂબ જ લાગણી શીલતા અને રોમરોમ ઉર્મી શીલતા વ્યાપેલી છે જેથી કેટલીએક વખત અકારણ ગરમ સ્વભાવનું દર્શન થાય છે પણ પાછળથી આવા ખોટા સ્વભાવનો પશ્ચાતાપ પણ અંતરમાં થાય છે. તેમનું હૃદય

સ્ફટીક જેવું એટલું બધું નિર્મળ છે કે ગમે તે દુશ્મનને પણ તેઓ પોતાનો કરી શકે છે. અને તેના દુર્ગુણો ભુલી જાય છે.

આવા ઉચ્ચ કોટિના ભવ્યાત્મા પૂજ્ય ગુરુદેવે આ પુસ્તક પ્રસિધ્ધ કર્યું તેમને અમારા કોટિકોટિ વંદના.

લી૦ સેવકો,

**દેસાઇ પ્રભુદાસ જાદવજી વીરજી**

**શાહ માધવલાલ ત્રીભોવનદાસ**ના

કોટિશઃ વંદના.

આ પુસ્તક પ્રકાશનમાં રૂ. ૭૫૧નું દાન આપનાર



સ્વ. શેઠ વરજીવનદાસ ગુલાબચંદ

## સ્વ. શેઠ વલભજી ચત્રભુજે ભેટ આપેલ
## "આગમ રથ"



આ રથમાં સ્વ. અમૃત શેઠાણીએ શત્રુંજયની યાત્રા કરી હતી
વંડીના દેરાસરે આશોપાલવ ઝાડ નીચે રીપેર થાય છે

"પુસ્તક પ્રકાશનમાં"

# રૂા. ૭૫૧ નું દાન કરનાર

## સ્વ. ભાઇ વરજીવનદાસ ગુલાબચંદના જીવનની

## ટુંકી રૂપરેખા.

### કુલ સખાવત રૂા. ૪૦૦૦૮ ચાલીસ હજાર આઠ

સ્વ. ભાઈ વરજીવનદાસનો જન્મ માંગરોલમાં સંવત ૧૯૬૪ના પોષ શુદ ૧૦ દશમે થયો હતો. પિતાશ્રીનું નામ **શેઠ ગુલાબચંદ રતનજી** તથા માતુશ્રીનું નામ **મણીબેન** હતું. તેમને (૧) ચીમનલાલ તથા (૨) રીખબદાસ નામે બે ભાઇઓ છે તથા (૧) નીલમ (૨) કલાવંતી (૩) હીરાકુવર (૪) કમરાવંતી નામે ચાર બ્હેનોમાંથી (૧) નીલમ (૨) કલાવંતી ગુજરી જતાં બે બ્હેનો છે. તેમના વડિલ પૂજ્ય પિતાશ્રીનો ધંધો રોજગાર એડનમાં હતો. પોતે અભ્યાસમાં મેટ્રીક સુધી પહોંચ્યા હતા મેટ્રીકની પરીક્ષામાં નાપાસ થવાથી અભ્યાસ છોડી દીધો. અને પિતાશ્રીની છાયામાં એડનમાં નોકરી તથા દલાલી કરવા લાગ્યા. તેઓના ગોંડલ તાબાના રોજડી ગામના કોઠારી કુરજી જીવરાજની પુત્રી પ્રભાવતીબ્હેન સાથે લગ્ન થયા હતા.

એડનથી દેશમાં આવ્યા બાદ અમુક સમય સુધી શેર બજારમાં કામકાજ કરતા હતા. નાનાભાઇ ચીમનલાલે પણ પોતાનો અભ્યાસ પુરો કરી એડનમાં સ્વતંત્ર વ્યાપાર શરૂ કર્યો હતો.

તેવામાં આઘાતજનક દુઃખમય ઘટના એ બની કે તેમના પૂજ્ય પિતાશ્રી ટુંક માંદગી ભોગવી સ્વર્ગવાસ પામ્યા.

ભાઇ વરજીવનદાસને મુંબઇમાં અનુકુળતા નહી આવવાથી ફરી એડન આવી નાનાભાઈ ચીમનલાલ સાથે ભાગીદારીમાં જોડાયા.

ભાઇ ચીમનલાલના પ્રથમ લગ્ન વેરાવલમાં થયા હતા. તે પત્નિ ગુજરી જવાથી બીજી વખત માંગરોળમાં શેઠ માણેકચંદ વલભજીના પુત્રી ધનવંતીબ્હેન સાથે લગ્ન થયા હતા. તેમને (૧) બીપીન (૨) જગદીશ નામે બે પુત્ર છે. (૧) નીલમ (૨) માલતી (૩) પારૂ નામે ત્રણ પુત્રીઓ છે. મોટો પુત્ર બીપીન ઇન્ટર સાયન્સમાં પાસ થઇ હાલ અમેરીકા, ન્યુયોર્ક "ઇલેકટ્રોમીકસ" નું શીખવા ગયેલ છે. માસિક ખર્ચ રૂા. ૨૫૦૦ બે હજાર પાંચસોનું આવે છે. આ અભ્યાસ કરવાથી "કોમ્પ્યુટર્સ" ને "ટેલીવીઝન" નું કામકાજ થઇ શકે છે. ભાઇ ચીમનલાલને પિતાના સ્વર્ગવાસથી ઘણું દુઃખ થયું ને આઘાત થયો હતો. તેમના પિતાની અમુક ભાવના અધુરી રહી જવાથી તેટલા માટે

સ્વ. પિતાની ભાવના પુરી કરી શકે નહીં ત્યાં સુધી કેરી ને મિઠાઈનો સદંતર ત્યાગ કરેલ છે જેને આજે પચીસ વરસ થવા આવ્યા છે.

બીજા ભાઈ રીખબદાસના લગ્ન શેઠ લીલાધર વણારસીની પુત્રી મનોરમા સાથે થયેલા છે તેમને (૧) દીપક (૨) ચેતન નામે બે પુત્ર છે. તથા (૧) પ્રતિભા (૨) કલ્પના નામે બે પુત્રીઓ છે. તેઓ રાજકોટમાં રહે છે ને વ્યાપાર કરે છે.

ભાઈ વરજીવનદાસને એક પુત્ર તથા એક પુત્રી થયા હતા. પણ કોઈ પાપોદયે ચાર ચાર વરસની ઉમરના થતાં બંને ગુજરી ગયા હતા. આ આઘાતથી બંનેની શારિરીક સ્થિતિ બગડવા માંડી હતી તેઓ સ્વભાવે શાંત, પ્રેમાળ, મિલનસાર, માયાળુ ને ધર્મ ઉપર અથાગ શ્રદ્ધા તેમજ ભક્તિભાવવાળા હતા.

તેમણે સહકુટુંબ પાલીતાણા, કદંબગીરી, ગિરનાર, તલાજા, તારંગાજી, ભોયણી, પાનસર, શંખેશ્વર, આબુ તથા શ્રી સમેતશીખરની યાત્રા કરી હતી. ને તે દરેક સ્થળે રૂા. ૫૦૧) પાંચ સો એક સાધારણ ખાતામાં ભર્યા હતા. કુલ રૂપિયા ૫૫૦૦) પાંચ હજાર પાંચસો વાપર્યા હતા.

આ સમય દરમ્યાન તેમના ગં. સ્વ. માતુશ્રી સુશ્રાવીકા મણિબ્હેન પણ સ્વર્ગવાસ થયા હતા.

આવી ચિંતાઓથી તેમની શારીરિક સ્થિતિ નરમ થતી ચાલી તેવામાં તેમના ધર્મપત્નિ પ્રભાવતીબ્હેનને કેન્સરનું દર્દ લાગુ પડયું. પ્રભાવતીબ્હેનનો ધાર્મિક અભ્યાસ સારો હતો. પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ જીવવિચાર, નવતત્ત્વ વિગેરે શીખ્યા હતા. નવપદજીની ઓળી પણ વિધિપૂર્વક કરી હતી. ઉપરાંત બીજી તપસ્યાઓ પણ કરી હતી.

ભાઈ વરજીવનદાસે સંવત ૨૦૨૧ ના વરસમાં પર્યુ-પણપર્વમાં એડનની અંદર બહુ જ સુંદર આરાધના કરી હતી. ત્યારબાદ એકાએક તબિયત નરમ થવાથી સંવત ૨૦૨૧ ભાદરવા શુદ ૧૪ એડનમાં સ્વર્ગવાસ પામ્યા.

પતિના અવસાનથી સુશ્રાવીકા પ્રભાવતીબ્હેનની પણ તબીયતે એડનમાં ગંભીર રૂપ લીધું. ભાઈ ચીમનલાલે તથા તેમના ધર્મપત્નિએ અથાગ પરિશ્રમ વેઠી સારા સારા ડૉકટરોના ઉપચારો કરાવી ખૂબ સેવા કરી હતી પણ છેવટે પ્રભાવતી બ્હેનની ઈચ્છા દેશમાં જવાની થતાં તેઓ રાજકોટ આવ્યા.

રાજકોટમાં ભાઇ રીખબદાસે ઘણી સેવા કરી મુંબઈ લઇ જઈ સારવાર કરાવી પણ દર્દ વધતું જ ચાલ્યું. પાછા રાજકોટ આવી ઉપચારો કરાવ્યા. પ્રભાવતીબ્હેનને પોતાને સૂઝી આવ્યું કે હું હવે ઝાઝો વખત જીવી શકીશ નહીં. એટલે પોતાના સ્વર્ગસ્થ પતિની ઈચ્છા ને ભાવના અનુસાર તેણે ધર્મમાર્ગે લક્ષ્મીનો સદ્વ્યય કરવા માંડયો.

સંવત ૨૦૨૨ ના શ્રાવણ વદ સાતમથી શ્રાવણ વદ ૧૧ સુધી સ્વર્ગસ્થ પતિના નામે રાજકોટમાં શાંતિ સ્નાત્ર સહિત પંચાન્હિકા મહોત્સવ કર્યો જેમાં રૂપિયા ૫૦૦૦) પાંચ હજારનો ખરચ થયો.

સંવત ૨૦૨૩ કારતક વદ સાતમે માંગરોળમાં સ્વર્ગસ્થ પતિના નામે સ્વામીવત્સલ રૂપિયા ૧૦૦૦) એક હજાર ખર્ચીને કર્યો હતો.

પ્રભાવતિબ્હેનની શારીરિક સ્થિતિ વધારે નરમ થતી ચાલી એટલે તેણે પોતાના સ્વર્ગસ્થ પતિના નામે નીચે દર્શાવેલા સ્થળોએ સખાવતોમાં લક્ષ્મીનો સદ્‌વ્યય કરતાં સંવત ૨૦૨૩ ના માગશર શુદ આઠમે સ્વર્ગવાસ પામ્યા.

ૐ શાંતિ, શાંતિ.

## સ્વ. વરજીવનદાસના પુણ્યાર્થે રૂા. ૪૦૦૦૮) ચાલીસ હજાર આઠનું દાન.

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫૦૦૧) | શ્રી રાજકોટ જૈન બાલાશ્રમ. |
| ,, | ૬૦૦૧) | ,, સિધ્ધ ક્ષેત્ર શ્રાવીકાશ્રમ. |
| ,, | ૫૦૦૧) | ,, શાંતિ સ્નાત્રના ખરચના રાજકોટ. |
| ,, | ૫૫૦૦) | ,, તીર્થોમાં સાધારણમાં ભર્યા. |
| ,, | ૩૫૦૦) | ,, સાત ક્ષેત્ર ખાતે. |
| ,, | ૧૦૦૧) | ,, રાજકોટમાં ચાતુર્માસ રહેલા સાધુના વિહાર માટે. |

,, ૧૦૦૦) ,, માંગરોળમાં સ્વામીવત્સલ કર્યો.

,, ૭૫૧) ,, નવપલ્લવ પાર્શ્વનાથ પુસ્તક પ્રકાશનમાં

,, ૭૫૧) ,, મુનિહંસસાગરજીના વ્યાખ્યાનો ભાગ ૨

,, ૬૦૦) ,, માંગરોળ ઉના પાણી અનામત ખાતામાં

,, ૫૦૧) ,, સંસ્કૃત પાઠશાળા મેસાણા.

,, ૪૦૧) ,, જૂનાગઢ તલાટી રસોડા ખાતે.

---

૪૦૦૦૮

卐

સ્વ. ચાંપાબ્હેન પ્રેમજી તથા સ્વ. રળીયાતબ્હેન પાનાચંદ
ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શેઠ પ્રેમજી નાગરદાસ, શેઠ નવીનચંદ્ર
છગનલાલ કંપાણી, શેઠ હીરાલાલ સોમચંદે
આ પુસ્તક પ્રકાશન માટે

# ભેટ આપેલા રૂા. ૫૦૧)

## દેવાધિદેવ માટે

(૬૦૦) છસો તોલા સોના સહિત ઝવેરાતની આંગીઓ.

## દેવગુરૂ ધર્મ માટે

રૂપિયા ૨૨૫૦૦૦) રૂા. સવા બે લાખની દાનગંગા.

**સ્વ. શેઠ પ્રેમજી અભેચંદ**

**સ્વ. ચાંપાબ્હેન પ્રેમજી, સ્વ. રળીયાતબ્હેન પાનાચંદ.**

અનંતી પુણ્યરાશીનો સમુહ ભેગો થયો હોય ત્યારે જ આત્મા માનવભવમાં જિન શાસન પામે છે. જિન શાસન પામ્યા પછી પણ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તો જ માનવભવમાં જૈન શાસન પામ્યાની સાર્થકતા છે મોક્ષ પ્રાપ્તિ મેળવવા માટે જ માનવભવ છે. જ્યાં સુધી તે ધ્યેય સિદ્ધ ન થઇ શકે ત્યાં સુધી પુણ્યાનુબંધી પુણ્ય એક આવશ્યક અંગ છે. આવા એક પુણ્યાનુબંધી પુણ્યવાળા આત્મા સ્વ. શેઠ પ્રેમજી અભેચંદ તથા ઉપર દર્શાવેલ તેમના સ્ત્રી તથા પુત્રવધુ હતાં.

શેઠ પ્રેમજી અભેચંદનો જન્મ માંગરોળમાં મધ્યમ કુટુંબમાં થયો હતો. સામાન્ય અભ્યાસ કર્યા પછી ભાગ્ય અજમાવવા મુંબઇ તરફ પ્રયાણ કર્યું હતું. તેમના ધર્મપત્નિનું નામ **ચાંપાબાઇ** હતું. તેમને બે પુત્ર થયા હતા. એક પાનાચંદ તથા બીજા મોતીચંદ પાનાચંદની સ્ત્રીનું નામ રળીયાતબાઇ હતું તથા મોતીચંદની સ્ત્રીનું નામ સવકુંવર-બ્હેન હતું.

પ્રેમજી શેઠ મુંબઇના શેર બજારના દલાલ હતા. તેઓ બેંકોની તથા તેના અધિકારીઓની તેમજ કેટલીએક અંગ્રેજી કંપનીના દલાલ હતા. પોતે ગરીબાઈ જોયેલી હતી એટલે મુંબઇમાં પોતાની રહેણી-કરણી તદ્દન સાદી ને કરકસરવાળી હતી.

મુંબઇ આવ્યા બાદ ભાગ્યનો સિતારો ચમકવા માંડયો ને તેમની ગણના લાખોપતિમાં થવા લાગી. પણ તેણે શ્રીમંતાઇનો ડોળ કોઇ દિવસ રાખ્યો જ નહોતો. ગાડી–ઘોડા, મોટર કે વાડી, બંગલા વસાવવાનો મોહ રાખ્યો જ નહોતો. આખા જીવનભર બજાર ગેટવાળુ મકાન ને સાદો પહેરવેશ ને સાદુ જીવન જીવતા હતા. સિનેમા નાટક જોવા કે વૈભવી ઉડાઉ ખર્ચાળ જીવન તરફ તેમને અણુગમો હતો. નિતિમય, પ્રમાણિક, સાદુ, સુખી–ધર્મી જીવન જીવવું તે જ તેનો મુખ્ય ધ્યેય હતો તેમાં જરા પણ લોભવૃત્તિ દાખવતા નહીં.

અમુક સમય બાદ તેમના બંને પુત્રો પાનાચંદ તથા મોતીચંદ અને મોતીચંદની પત્નિ સ્વર્ગવાસ પામ્યા હતા.

કુટુંબમાં ફક્ત ત્રણ જણા રહ્યા હતા. (૧) પ્રેમજી શેઠ, (૨) તેમન ધર્મપત્નિ ચાંપાબ્હેન અને પુત્રવધુ રળીયાતબ્હેન પાનાચંદ.

જે આત્મામાં લોભવૃત્તિ હોય તે ભાગ્યે જ દાન કરી શકે છે પ્રેમજી શેઠની તથા તેમના ધર્મપત્નિની તેમજ તેમના પુત્રવધુની દાનેશ્વરી ભાવના જ પુરવાર કરે છે કે લોભ તેનો પાકો દુશ્મન હતો. નિયમિત પ્રભુપૂજા, સામાયિક પ્રતિક્રમણ વિગેરે દરરોજ બધું કરતા હતા.

પોતાના પરિવારને તથા અન્ય કુટુંબીઓને સાથે લઈ જઈને તેઓએ યાત્રાઓ વખતો વખત કરતા હતા.

દેવાધિદેવની ભક્તિ માટે જડાવ ઝવેરાત સહીત સોનાની આંગીઓ કરાવી શ્રી સંઘને અર્પણ કરેલ છે.

સ્વ. શેઠ પ્રેમજી અભેચંદે પોતાની હૈયાતીમાં જાતે શ્રી કોટના શાંતિનાથજી મંદિરના બીજે માળે બીરાજતા મૂળનાયક શ્રી મહાવીર સ્વામી પ્રભુની સોનાની આંગી તથા ઝવેરાતનો મુગટ–જડાવ અભૂષણો વિગેરે આશરે ૩૫૦) સાડા ત્રણસો તોલાના કરાવી શ્રી કોટ શાંતિનાથજી સંઘને અર્પણ કરેલ છે.

તેમના ધર્મપત્નિ ચાંપાબ્હેન તથા પુત્ર વધુ રળીયાત બ્હેને પણ શ્રી કોટના શાંતિનાથજીના મંદિરના બીજે માળે મૂળનાયક શ્રી મહાવીર સ્વામી પ્રભુની આજુ બાજુના શ્રી શાંતિનાથજી તથા શ્રી સંભવનાથજી માટે સોનાની આંગીઓ

તથા મુગટો ઝવેરાતના આભૂષણો જડાવ આશરે તોલા ૨૫૦) અઢીસોના બનાવીને શ્રી કોટ સંઘને અર્પણ કરેલ છે.

ઉપરાંત શ્રી માંગરોળ મધ્યે મૂળનાયક શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુ તથા તેમની આજુ બાજુના શ્રી શાંતિનાથ તથા શ્રી ઋષભદેવ પ્રભુની ચાંદીની આંગીઓ મુગટો, તથા પાખરોને રૂા. ૧૩૦૦૦) તેર હજાર ખરચી સોનાથી રેસાવ્યા હતા. અને મૂળનાયક શ્રી નવપલ્લવ પ્રભુની પછવાડે ચાંદીની પીછવાઈ પણ કરાવી આપેલ છે. ચાંદીના ત્રણ બાજોઠ પણ આપેલા છે.

તેઓ પૂજ્ય સાધુ સાધ્વી મહારાજોની ભક્તિ કરવાના મહાન ઉપાસક હતા. તેઓના દાનમાં સાધુ સાધ્વીઓની ભક્તિ માટેનો ફાળો ઘણો મોટો છે તે વાંચવાથી જણાશે.

સ્વ. પ્રેમજી શેઠના સ્વર્ગવાસ બાદ તેમના ધર્મપત્નિ ચાંપાબેન તથા પુત્ર વધુ રળીયાત બ્હેને પ્રેમજી શેઠના સિદ્ધાંતને અનુસરીને દાનનો ધોધ ચાલુ રાખ્યો હતો, પોતાના શુભ હસ્તે રૂા. ૭૫૦૦૦) પોણો લાખ રૂપિયા દેવ ગુરૂને ધર્મની ભક્તિમાં વાપર્યા છે. જે સાથેના લીસ્ટમાં વાંચવાથી માલુમ પડશે.

પોતાની હૈયાતી બાદ પોતાની બાકી રહેલી મિલકત રૂપિયા ૧૫૦૦૦૦) દોઢ લાખનું પણ પોતાના સ્વ. પતિના તેમજ તે બંને સાસુ વહુના સિદ્ધાંતને અનુસરી શુભ માર્ગે

ખરચવા એક ટ્રસ્ટ કરી ગયા છે. જેના ટ્રસ્ટીઓ શેઠ પ્રેમજી નાગરદાસ, શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણી તથા શેઠ હીરાલાલ સોમચંદ છે. જેઓએ ટ્રસ્ટને અનુસરી રકમો વાપરી છે. જેની નોંધ પણ આ સાથે છે.

શેઠ પ્રેમજી નાગરદાસ જીવનભરના શેઠ પ્રેમજી અભેચંદના મુખ્ય સલાહકાર હતા, તેમના દીર્ઘદર્શીપણાથી તેમજ પ્રભુના શાસનની શ્રદ્ધામાં અજોડ ભાવના શીલ હોવાથી આ બધી દાનગંગા તેમના સુપ્રયત્નને લીધે છે તેમ કહીએ તો અસ્થાને ન ગણાય.

તેઓ સાધર્મીક ભકિતમાં તેમજ પોતાના કુટુંબીજનોને સહાય ભૂત થઇ તેઓને પણ પ્રસંગનુસાર સારી રીતે મદદ કરવાનું ચુકયા નથી. તેમજ તેમણે ગુપ્તદાન પણ સારૂં કરેલું છે.

આ પ્રમાણે પુણ્યાનુ બંધી પુણ્ય ઉપાર્જન કરી આ ત્રણે ભવ્યાત્માઓ પોતાના આત્માનું કલ્યાણ સાધી મોક્ષ માર્ગના રસ્તે જવાનું પ્રયાણ શરૂ કર્યું.

ધન્ય છે. તેવા ભવ્યાત્માઓને ૐ શ્રી શાંતિ.

卐

## સ્વ. શેઠ પ્રેમજી અભેચંદે પોતાની હૈયાતીમાં કરેલ દાનનો પ્રવાહ.

રૂા. ૬૦૦૦) છ હજાર જીવદયા મંડળી મુંબઈ
,, ૪૦૦૦) ચાર હજાર શ્રી માંગરોળ શ્રીમાળી સમાજ મુંબઈ
,, ૩૫૦૦) પાલીતાણા આગમ મંદિરમાં પ્રભુજી પધરાવ્યા
,, ૨૫૦૦) કોટ શ્રી શાંતિનાથજી દેરાસરજી ચૈત્ર માસની ઓળીના પારણા માટે અનામત.
,, ૧૨૦૦) દર વરસે ચોમાસામાં સાધુ સાધ્વીઓની ભક્તિ માટે પાલીતાણામાં રસોડું ખોલતાં આવી રીતે ઘણા વરસો સુધી બારસો બારસો રૂપીયા ખરચી રસોડુ ખોલતા આમાં ફક્ત છેલ્લા વર્ષની રકમ જણાવી છે.

———
૧૭૨૦૦)

સ્વ. બ્હેન ચાંપાબાઇ પ્રેમજી તથા સ્વ. બ્હેન રળીયાત બ્હેન પાનાચંદે પોતાની હૈયાતી દરમ્યાન સ્વ. શેઠ પ્રેમજી અભેચંદની ઇચ્છાનુસાર તેમના સિદ્ધાંતને અનુલક્ષી ચાલુ રાખેલો દાનનો પ્રવાહ.

### રૂપિયા ૭૪૭૦૦

રૂા. ૧૩૦૦૦) તેર હજાર માંગરોળમાં મુળનાયક શ્રી નવપલ્લવ પ્રભુની તથા તેમની આજુબાજુના શ્રી શાંતિનાથ તથા

ઋષભદેવ પ્રભુની ચાંદીની સોનું મઢાવેલ આંગી મુગટ પાખર પીછવાઈ કરાવી તેના.

,, ૫૦૦૦) પાંચ હજાર માંગરોળમાં શાંતિસ્નાત્ર અઠ્ઠાઇ મહોત્સવ સ્વામી વત્સલ કરાવ્યો તેમાં.

,, ૮૦૦૦) આઠ હજાર કોટના શ્રી શાંતિનાથજીના જુના બીજા માળના ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે.

,, ૭૦૦૦) સાત હજારના કોટના દેરાસરમાં તેમના પધરાવેલા પ્રભુજીની આંગી માટે અનામત આપ્યા.

,, ૧૦૦૦૦) દશ હજાર કોટમાં બે વખત દેરાસરમાં શાંતિસ્નાત્ર અઠ્ઠાઇ મહોત્સવો કર્યા તેના

,, ૨૦૦૦) બે હજાર કોટના સંઘને પોષ દશમની ખીરના એકાસણા કરાવવા માટે અનામત.

,, ૫૦૦૦) પાંચ હજાર ગોડીજી પાર્શ્વનાથ પાયધુની ઉપાશ્રય માટે.

,, ૫૦૦૦) વર્ધ્ધમાન તપ આયંબીલ ખાતુ પાલીતાણામાં હોલ માટે.

,, ૫૦૦૦) નેમિ દર્શન ઉપાશ્રયમાં આપ્યા.

,, ૩૫૦૦) પાલીતાણા આગમ મંદિર ઉપધાન માટે આપ્યા.

,, ૩૫૦૦) પાલીતાણા ગોડીજી પાર્શ્વનાથનો ઝવેરાતનો હાર બનાવવા માટે આપ્યા.

,, ૨૦૦૦) બે હજાર મુંબઈ મુલુંડના દેરાસરમાં આપ્યા.

,, ૧૦૦૦) મુંબઈ બોરીવલી જાંબલી મહોલાવાળા દહેરાસરમાં આપ્યા.

„ ૩૫૦૦) પત્રીસસો માંગરોળમાં સાધારણ ખાતાને આપ્યા.
„ ૧૨૦૦) ચોમાસામાં સાધુ સાધ્વીની ભક્તિ માટે પાલીતાણા. આ પ્રમાણે દર વર્ષે રૂા. ૧૨૦૦) ઘણા વરસ સુધી પોતાની હૈયાતી સુધી ચાલુ આપ્યા હતા.

———

૭૪૭૦૦)

પોતાની હૈયાતીમાં પોતાના શુભ હસ્તે દાન કરેલ..

## "સ્વર્ગવાસ બાદ ટ્રસ્ટખાતુ"

ગંગ સ્વ. સુશ્રાવીકા સ્વ. ચાંપાબાઇ પ્રેમજી તથા ગંગ સ્વરૂપ સુશ્રાવીકા સ્વ. રળીયાતબેન પાનાચંદ ટ્રસ્ટ.

## ટ્રસ્ટીઓ

શેઠ પ્રેમજી નાગરદાસ, શેઠ નવિનચંદ્ર છગનલાલ કંપાણી શેઠ હીરાલાલ સોમચંદ ટ્રસ્ટ રૂપીયા ૧૫૦૦૦૦) એક લાખ પચાસ હજાર [દોઢ લાખ].

રૂા. ૫૦૦૦૨) પચાસ હજારને બે:—

રૂા. ૪૫૦૦૧) રૂપીયા પીસ્તાલીસ હજાર એક શ્રી સિધ્ધ ક્ષેત્ર જૈન ભોજન શાળા પાલીતાણાને **અનામત** ટ્રસ્ટીઓને આપ્યા બાબત પૂજ્ય સાધુ સાધ્વી મહારાજોની ભક્તિ, વૈયાવચ્ચ કરવા, તેમજ તેઓશ્રીના ચારિત્રમાં સહાયભુત થતી તથા તેઓશ્રીના ઉપયોગમાં આવતી ચીજ વસ્તુઓ વહોરાવવા માટે

વાપરવા તથા ખરચવા માટે આ રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી ઉપર પ્રમાણેના હેતુઓ માટે ખરચ કરવા.

રૂા. ૧૫૦૦) ચોમાસામાં પાલીતાણામાં બીરાજતા સાધુ સાધ્વી માટે ભક્તિ કરવા સારૂ વાપરવા ચાલુ ખાતે આપ્યા છે.

રૂા. ૧૭૦૦) કોઇપણ સ્થળે બીરાજતા પૂ. સાધુ સાધ્વી મહારાજોના વૈયાવચ્ચ તથા ચારિત્ર માટે સહાયભુત થતી ચીજ વસ્તુ વહોરાવવાના ચાલુ ખાતામાં આપ્યા.

રૂા. ૧૨૦૦) સંવત ૨૦૧૯ના વર્ષમાં શ્રી સિદ્ધ ક્ષેત્ર જૈન ભોજનશાળાને ચોમાસામાં સાધુ સાધ્વીની ભક્તિ માટે આપ્યા.

રૂા. ૬૦૧) સાધુ સાધ્વીની ભક્તિ માટે ટ્રસ્ટીઓએ વાપર્યા.

---

રૂા. ૫૦૦૦૨) પચાસ હજાર બે.

રૂા. ૨૫૦૦૦) પચીસ હજાર :—

શ્રી દેરાસરજી જીર્ણોદ્ધાર, નૂતનજિનાલય અથવા પ્રભુ પૂજાની ચીજ વસ્તુઓ માટે વાપરવા.

રૂા. ૭૦૦૦) સાત હજાર શ્રી માંગરોળના શ્રી નવપલ્લવ પાર્શ્વનાથજી દેરાસરજીના શાશ્વતાનાના ચૌમુખજીનો તથા પૂજા ભણાય છે તે મોટા રંગ મંડપના જીર્ણોદ્ધાર માટે.

રૂા. ૨૦૦૧) શ્રી પ્રભાસ પાટણ દેરાસરજીના જીર્ણોધ્ધાર માટે.

રૂા. ૨૦૦૧) શ્રી લાડુરના દેરાસરજીના જીર્ણોધ્ધાર માટે

રૂા. ૭૫૧) શ્રી ડભોઇના દેરાસરજીના જીર્ણોધ્ધાર માટે

રૂા. ૫૦૧) શ્રી ભોપાવરના દેરાસરના જીર્ણોધ્ધાર માટે

રૂા. ૫૦૧) શ્રી વ્રાંધના દેરાસરના જીર્ણોધ્ધારમાં માટે

———

૧૨૭૫૫ જીર્ણોધ્ધારમા ખરચાણા છે.

૧૨૨૪૫ ઉપરના હેતુ માટે વાપરવા બાકી છે,

———

૨૫૦૦૦ પચીસ હજાર

રૂા. ૨૫૦૦૦) પચીસ હજાર :—

ઉપાશ્રય માટે વાપરવા લખ્યા છે તેમાંથી નીચે મુજબ ખરચાણા છે.

૧૪૦૦૦) શ્રી કોટ શાંતિનાથજી મહારાજના નવા તથા જુના ઉપાશ્રયો માટે આપ્યા પહેલા માળ માટે આપ્યા.

૯૭૫૦) શ્રી માંગરોળ જૈન સંઘને મોટા ઉપાશ્રયના જીર્ણોધ્ધાર માટે આપ્યા.

૧૦૦૦) શ્રી લાડુણના ઉપાશ્રય માટે

૨૫૦) ખંડોલાના ઉપાશ્રય માટે

———

૨૫૦૦૦ પચીસ હજાર વપરાઇ ગયા છે.

રૂા. ૧૦૦૦૦) દશ હજાર :—

શ્રી માંગરોળ જૈન સંઘ મુંબઈને આરક્રમ અનામત રાખી તેના વ્યાજમાંથી જૈન ભાઈ બ્હેનોને સહાયતા આપવી.

રૂા. ૧૦૦૦૦) દશ હજાર શ્રી માંગરોળ વણિક નિરાશ્રીત ફંડને આરક્રમ અનામત રાખી તેના વ્યાજમાંથી માંગરોળવાસી જૈન જૈનેતર ભાઈ–બ્હેનોને સહાયતા આપવી.

રૂા. ૬૦૦૦) છ હજાર શ્રી કોટ શાંતિનાથજી દેરાસર (મુંબઈ)ને ચૈત્ર માસની નવપદજીની આયંબીલની ઓળી કરાવવા માટે મુળ અનામત રાખી તેનું વ્યાજ વાપરવું.

રૂા. ૫૦૦૦) પાંચ હજાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાલીતાણાને અનામત આપ્યા તેના વ્યાજમાંથી તલાટી ભાતા ખાતે વાપરવા.

રૂા. ૫૦૦૦) પાંચ હજાર જૈન ધાર્મિક શિક્ષણ તથા સાહિત્યના સંવર્ધન સંરક્ષણ પ્રકાશન, પ્રચાર વિગેરે કાર્યો માટે ખરચવા તેમાંથી વાપર્યા.

રૂા. ૫૦૧) શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પુસ્તક પ્રકાશન.

રૂા. ૧૧૦) શ્રી મોહનલાલજી જૈન લાયબ્રેરીને.

———

૬૧૧)

૪૩૮૯) વાપરવા બાકી.

———

૫૦૦૦)

રૂ. ૨૦૦૪) બે હજાર ચાર શ્રી કોટના સાધારણ ખાતામાં.
રૂ. ૨૦૦૦) બે હજાર શ્રી માંગરોળ આયંબીલ ખાતામાં.
રૂ. ૧૫૦૬) પંદરસો છ શ્રી કોટ જૈન પાઠશાળા.
રૂ. ૧૩૦૨) તેરસો બે શ્રી માંગરોળના સીધારણમાં.
રૂ. ૧૦૦૦) એક હજાર શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમ સોનગઢ.
રૂ. ૧૦૦૦) એક હજાર યશોવિજયજી જૈન પાઠશાળા મહેસાણા.
રૂ. ૧૫૦૦) પંદરસો સાધુ સાધ્વીની ભકિત માટે ટ્રસ્ટીઓને
રૂ. ૧૦૦૦) એકહજાર શ્રી માંગરોળ જૈન સંઘ (મુંબઈને) વાસણનું લ્હાણું કરવા.
રૂ. ૫૦૦) પાંચસો જીરાવલાની ભોજનશાળા
રૂ. ૫૦૦) પાંચસો છગાઉની યાત્રામાં ભાતા માટે પાલીતાણા
રૂ. ૫૦૦) પાંચસો જૈન મહિલા સમાજ (મુંબઇ)
રૂ. ૨૦૦) બસો શ્રી માંગરોળ સ્થાનિક સંઘને કુલખાતામાં

———

૧૫૦૦૧૪ એક લાખ પચાસ હજાર ચૌદ

ઉપર પ્રમાણે પોણોલાખ તે જાતે શુભમાર્ગે ખર્ચ્યા ને દોઢલાખ ટ્રસ્ટડીડ અનુસાર ટ્રસ્ટીઓએ વાપર્યા કુલ રૂપિયા સવા બે લાખ દેવ ગુરૂ ધર્મ સારૂ વાપર્યા.

卐

ह्रिं पञ्चाशदक्षर गर्भिता सप्रभावा

# श्री पद्मावतीस्तुतिः

卐

ॐ ॐ ॐकारबीजं त्रिभुवनजयदा शक्तिरूपा प्रचण्डं
नानानानामनन्तं निजनिजनिजितां निर्भया निर्मलाङ्गी।
मं मं मं मोक्षरूपं सकलजयकरं सर्वलीला प्रसिद्धं
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ! तत्त्वे ॥१॥

सं सं सं सिद्धिदाता हर हर हरती सर्वपापं हरन्ती
अं अं अं अङ्गअङ्गे अमलदलयुतं अङ्गरूपार्थयन्ती।
आं आं आं अन्तरिक्षे अगमगमकरं अर्चितं आदिशक्तिः
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ! तत्त्वे ॥२॥

इं इं इं ईशपारं परमसिद्धिमयं आदिमाता कुमारी
ॐ ॐ ॐ ऊर्ध्वरूपं अकलकलिनितं आदिब्रह्माण्डमण्डे।
रं रं रं राजलीला रमणरितरिते रूपरम्भा रमन्ति
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥३॥

रां रां रां रुद्रराणी रिरिरिगिरिवितां रक्तवेषं धरन्ती
लं लं लं लोललोलं ललिललिललितां लोकलीलाललामं।
लं लं लं लब्धिदाता दलिदलिदलिता दुर्गतिघोरदुष्टं
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥४॥

ऐं ऐं ऐश्वर्यमाया त्रिभुवनरचिता निर्गुणानन्तशक्तिः
ॐ ॐ ॐकारयुक्तं सकलसिद्धिकरं देवदेवेन्द्र वन्द्ये ।
अं अं अं आदिमाता अमरतरवरं आदिब्रह्मादि मर्त्यैः
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥५॥

कं कं कं कालहंते ! कलिमलरहिते ! कामनाकर्मसिद्धिः
खं खं खं खड्गहस्ते ! खलबलहतयो खण्डिता खप्रपूरं ।
गं गं गं गौरवर्णं गजनतगमनं गर्जितां घोषशब्दे !
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥६॥

घं घं घं घातदैत्ये घघघघघटिकं घर्घरं घोररूपे !
ङं ङं ङं ङंभरूपे ङङिङङिङङितां दीनचेन्द्रो ङङन्ती ।
चं चं चं चक्रहस्ते ! चुरिचुरिचुरितां कष्टकं चूर्णयन्ती
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥७॥

छं छं छं छत्रमण्डे ! शिरमुकुटधरं शोभितं चन्द्रबिम्बं
जं जं जं जोगमाया जय जय जयतां युग्मरूपे ! भवानि ।
झं झं झं झुम्बरूम्ले झमझंमझडितां झोठझठे रूडंती
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥८॥

ञं ञं ञं नादबिन्दे नडिनडिनडिना दुष्टकष्टा नडन्ती
टं टं टं टोपपूरे श्रीभुवनतरसे त्रासटङ्कारबाणम् ।
ठं ठं ठं ठोरठोरे ठहठहठहकं घोरघोरें घुघंती
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥९॥

डं डं डं डाकडोरे! डहडहडहकं प्रोटप्रोटाः करन्ती
ढं ढं ढ ढुङ्कमण्डे ढढढढढढितो ढुंढडा ढाढयन्ती।
णं णं णं णार्यघाढे रणरणरणिता दुष्टपापंदुरन्ती
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१०॥

तं तं तं तत्त्वमाया त्रिगुणगुणमयी ताडताभूतचक्रं
थं थं थं थूललोके थुणथुणथुणितां सर्वदेवा स्थूणन्ती।
दं दं दं दीर्घरूपं दुरिदुरिदुगितां दुष्टपापं दुरन्ती।
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥११॥

धं धं धं धर्मद्वीपे धरधरधरणीं धारिते धर्मवृद्धि
नं नं नं नर्कहंती निर्मलपटधरं मोक्षमण्डाण तत्त्वम्।
प्रं प्रं प्रं पद्मधारी पृथुलदलमयं पद्मपद्मासनस्थे!
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१२॥

फं फं फं फोजमध्ये जयजयजयदा शक्तिसामर्थ्य दाता
बं बं बं बालरूपे! बहबहबहके बाललीलाः करन्ती।
भं भं भं भ्रूहमध्ये भजभजभजतां शोभि सिन्दूर बिन्दे
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१३॥

मं मं मं माल्यपुष्पैः मृगमदरचितां मौक्तिकैः शोभ्यमानं
यं यं यं ज्योतिरंगे झगिझगिझगितां ज्योतिकंदर्परूपे।
रां रां रां रक्तवर्णं रचिरचिरचितां रक्त रङ्गा रुणन्ती
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१४॥

लं लं लं लोकमाता त्रिभुवनजननी ब्रह्मविष्णुर्जनन्ती
वं वं वं वेदशक्तिर्विमलवरवरं वज्रवज्रांकुशीनाम् ।
शं शं शं शम्भुरूपि शिखरगिरिमयं शङ्करी शंकरन्ती
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१५॥

षं षं षं षेलमण्डे षटदलरचितां दर्शनं खड्ग पालं
सं सं सं सिद्धशक्तिः शुक्लपद्मवे निद्धियोगं भजन्ती ।
हों हों होंकारनादे हरिहरि शिवमे सर्वपूज्ये प्रपूज्यं
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१६॥

क्षं क्षं क्षं क्षोभक्षोभं षटमतजयदा दुष्टदण्डे ! प्रचण्डे !
क्रौं क्रौं क्रौं कालपन्थे ! किलिकिलिकिलिके किलकमन्त्रैः समन्त्रैः
प्रां प्रां प्रां षटकूकोणे षटदलजपते क्रूरतापे दयन्ती
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१७॥

ग्रं ग्रं ग्रं गोलचक्रं गुरुगुरुगुरुते गर्जगर्जेति गर्जां
ज्रं ज्रं ज्रं ज्वालमाला ज्वलज्वलज्वलितां ज्योतिज्वाला स्वरूपं ।
त्रं त्रं त्रं ताडिताडि तडतडतडितां तारिता मन्त्रतन्त्रैः
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१८॥

द्रं द्रं द्रं द्रावयन्ती सकलभयभयान् भूर्यपद्मा भजन्ती
प्रं प्रं प्रं पारिजातैः परमसुखविधे ! पूज्यते पद्मदेवि !
भ्रं भ्रं भ्रं भूतमाता भ्रमण भवहते ! ज्ञानदे ! गौर मङ्ग
प्रं प्रं प्रं पद्मदेवि ! प्रकटघटमयं वन्दितं नाथ तत्त्वे ॥१९॥

ग्रं ग्रं ग्रं मन्त्रमूर्तिर्मुगतपद्मय अर्चित योगपन्थैः
ग्रां ग्रां ग्रां ज्योतिमूर्ति घटत्रकभले! चक्रपात्रे! स्वरूपा।
श्रं श्रं श्रं सिद्धियोगे कनकघटपटे पार्श्वनाथ प्रतापात्
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमय वन्दित नाथ तत्त्वे ॥२०॥

ह्रां ह्रां ह्रां ह्रीय बीज श्रियश्रियश्रिपद श्रींक्ष्लौंकार जाप्य
ॐ ह्रीँ श्रीँ क्लीँ कमलस्थिति करे सर्वजाप्य जपन्ती।
ॐकार सर्वबीजे समरनितनिते बावन्नामक्षरीण
प्रं प्रं प्रं पद्मदेवि! प्रकटघटमय वन्दित नाथ तत्त्वे ॥२१॥

आद्येशो चिद्ब्रह्मनन्तगुण भगवती भग्वंत ज्योतिर्मय
आनन्दे युतभक्तिवन्तकमलायुक्तः स्वरूपोन्नतम्।
कृष्णचन्द्रविभूषण गुणवत त्रैलोक्यमाता सती
ज्ञानादि मुनिचन्द्रनाथ भजतीतें मर्चिता लीलामयम् ।।२२।।

रुद्राणी जगरुपरम्भरमती त्रैलोक्यदेवेश्वरी
ब्रह्मा विष्णुमहेशजन्महरणी युग्मेव योगेश्वरी।
मातङ्गी त्रिगुणादिनन्त विमला वाक्यंतवाग्भेश्वरी
भग्वंती मुनिचन्द्रमात मधुमती मानन्द आदेश्वरी ॥२३॥

जगदम्बा युगयोगिणी जयवतंमुक्तामणी भूषण
खड्गखप्रत्रिशूलचक्रमृगपतिमारुढरक्ताम्बरी
दैत्येन्द्रहतरक्तबीजमथनी देव्येन्द्रदाता सुखं
आनन्दी मुनिचन्द्रनाथ नितजप्य मुक्तेः पदं दायिनी ॥२४॥

विविधनीतियुतं जगद्वल्लभं
भगवती कीर्ति बहुतपते नयम् ।
दुरितपापहरं अमरापदं
मुनिभिश्चन्द्र कला कमला युतम् ।
सर्वपापहरं नित्यं सिद्धिर्भवति निश्चितम् ।
प्रातरुत्थाय यः पठेत् अमरपद्माश्रितम् ॥२८॥

આ સ્તુતિ નિત્ય એકવખત બોલવાથી સર્વ વિઘ્નો દૂર થાય છે. પરમ શાંતિ પ્રાપ્ત થાય છે.



# 卐 श्री नवपल्लव प्रभु 卐

## -: स्तवन :-

उद्यत्फणा मुकुट भुषित मस्तकान्त;
त्रैलोक्य लोक नयनामृत पूर्णचन्द्र।
विख्यात मंगलपुर स्थित वीतराग;
मां पाहि पाहि नवपल्लव पार्श्वनाथ ॥१॥

**અર્થ :-** ઊંચી ફણાવાળા મુકુટથી શોભાયમાન મસ્તકવાળા ત્રણલોકના લોકોના નયનોના અમૃતરૂપ પૂર્ણચન્દ્ર પ્રસિદ્ધ મંગલપુરમાં બીરાજતા વીતરાગ હે નવપલ્લવ પાર્શ્વનાથ. મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો.

कन्दर्प राजघनमान तमो वितानं,
प्रद्योत नामल कला निलयाब्ज नेत्र।
शुध्धेन्द्र नील मणि नील तमाल नील,
मां पाहि पाहि नवपल्लव पार्श्वनाथ ॥२॥

અર્થ :- કામદેવના મોટા ગર્વરૂપ અંધકાર સમૂહને અજવાળનાર તેજસ્વી ચંદ્રકમળ જેવી આંખવાળા શુદ્ધ ઇન્દ્ર નીલ (નીલમ મણિ) મણિ જેવા નીલ તમાલવૃક્ષ જેવા નીલ હે નવપલ્લવ પાર્શ્વનાથ મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો.

काश्मिर सम्मिलित चन्दनचर्चिताङ्ग,।
सद्माङ्गवारि भृत कुम्भकृताभिषेक,।
श्रीमालतीबकुल चम्पक पूष्प पूज्य,
मां पाहि पाहि नवपल्लव पार्श्वनाथ ॥३॥

અર્થ :- કાશ્મીરના ચંદનવાળા લેપ સહિત અંગવાળા દેવાલયના જળથી ભરેલા કુંભથી જેનો અભિષેક થયો છે તેવા સુંદર માલતી બકુલ ચંપક પુષ્પોથી પૂજાયેલા હે નવપલ્લવ પાર્શ્વનાથ મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો.

कादम्बिनी पति हठद्रुम सत्कुठार,
निहारगौर जिनशासन पद्मभानो।
काकोदरेन्द्र वरि वस्थित पाद युग्म,
माँ पाहि प्राहि नवपल्लव पार्श्वनाथ ॥४॥

અર્થ :- કાદંબિની પતિની હઠરૂપ વૃક્ષ માટે ઉત્તમ કુહાડીરૂપ હિમ જેવા ગૌર જિન શાસનરૂપ કમળો માટે સૂર્યરૂપ શેષનાગથી પૂજાયેલા ચરણ યુગલવાલા હે નવપલ્લવ પાર્શ્વનાથ મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો.

**ह्रींकारसार विहिताश्रय सिद्धि लक्ष्मी,**
**लाभेन कोमल गिरः स्तवनिय मूर्ते ।**
**वामेयगेय सुर किन्नर कामिनिभिः,**
**मां पाहि पाहि नवपल्लव पार्श्वनाथ ।।८।।**

**અર્થ :-** હ્રીંકારના સારરૂપ આશ્રય આપનાર સિદ્ધિ લક્ષ્મી પ્રાપ્ત થવાથી કોમળ વાણીથી જેની મૂર્તિની સ્તુતિ થાય છે તેવા, દેવતાઓ અને કીન્નરીયો દ્વારા જેના ગીત ગવાય છે તેવા હે નવપલ્લવ પાર્શ્વનાથ મારું રક્ષણ કરો, રક્ષણ કરો.

॥ ॐ ह्रीँ अर्हम् नमः ॥

## -: श्री शंखेश्वर पार्श्वनाथाय नमः :-

अथ श्री पार्श्वनाथाय प्रणाम :-

नमामि जिन पार्श्व ! ते शमित विग्रहं विग्रहं
महानिघन मेरुकेवरद ! शान्त कृत्स्नापितम् ।
शुभैस्त्रिभुवन श्रियाः सुरवरैर नीचैस्तरा-
महा निघन मेरुकेऽवर दशान्तकृत् स्नापितम् ॥

અર્થ :- શ્રી પાર્શ્વનાથને પ્રણામ -:

હે પાર્શ્વ જિનેશ્વર ! હે વરદાનને દેનારા ! (વામાનન્દન) ! હે શાન્ત ! (તીર્થંકર), હે સર્વગુણોએ કરીને સંપૂર્ણ, (સ્વામીન) હે અશુભ અવસ્થાનો અંત આણનારા (યોગીરાજ) ! શાંત થયા છે કલહ જેનાથી એવા તથા વળી સર્વથા સરખી ઉંચાઇ-લંબાઇવાળા નમેરૂ વૃક્ષો છે, જેને વિષે એવા તેમજ (જલની) હાનીથી રહિત (અર્થાત્ જલથી પરિપૂર્ણ) એવા મેઘ છે જેને વિષે એવા મેરૂ ( પર્વત ) ના શિખર ઉપર અત્યુત્તમ ઇન્દ્રો દ્વારા સ્નાન કરાવેલા (અર્થાત્ જલાભિષેક કરાયેલા) તેમજ ત્રૈલોકયની લક્ષ્મીના પુણ્યોવડે પ્રાપ્ત થયેલા એવા તારા દેહને હું પ્રણામ કરૂં છું.

"શ્રી બપ્પ ભટ્ટ સૂરિ"

अथ : श्री पार्श्वनाथाय प्रार्थना :-

मालामालानबाहुर्दधददधदरं यामुदारा मुदाऽऽरात्
लीनाऽलीना मिहाली मधुर मधुरसां सूचितो माचितोमा।
पातात् पातात् स पार्श्वः रुचिर रुचिर दो देवरा जीवराजी
पत्राऽऽपत्रा यदिया तनुर तनुरवो नन्दको नोदकोना॥

અથ : શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના :-

જેની મૂર્તિ દેવોએ રચેલા કમળોની શ્રેણી રૂપ વાહનવાળી છે. તેમજ વળી જે આપત્તિમાંથી રક્ષણ કરનારી છે, તે ગજ સ્તંભના સમાન હસ્તવાળા, વળી મધુર છે મકરંદનો રસ જેમાં એવી જે (પુષ્પ) માળાનું ભમરોની પ્રચુર તેમજ હર્ષભેર પાસે અત્યંત લીન થયેલી એવી શ્રેણી પાન કરતી હતી, તે માળાને ધારણ કરનારા એવા તથા વલી અત્યંત યોગ્ય એવી કીર્તિવડે વ્યાપ્ત તેમજ જેના દાંતની કાંતિ મનોહર છે એવા, વળી (યોજન પર્યંત શ્રવણ ગોચર તેમજ મેઘના જેવી ગંભીર હોવાને લીધે) પ્રૌઢ છે ધ્વની જેનો એવા આનન્દદાયક (અથવા સમૃદ્ધિ) તેમજ વળી અકિલષ્ટકારી એવા શ્રી **પાર્શ્વનાથ** (મને નરકાદિઃ અધઃ) પતનથી બચાવો.

"શ્રી શોભન મુનિ"

अशक्यनुतिकं हरेरपि, भवाद्रि निर्धा (र्दा) रणे
स्वरुप ममलङ्घनं मनसि किन्नरै रञ्चितम् ।

नयैर्जिनपते र्मतंज्ञन ! शिवस्पृह श्चेद्धिति-
स्वरुप ममलंघनं मनसि किंन रैरं चित्तम् ?॥

હે માનવ ! જો તું મોક્ષની અભિલાષા રાખતો હોય તો ઇન્દ્રને પણ અશકય છે. સ્તુતિ (કરવી) જેની એવા, વળી સંસારરૂપ પર્વતનું વિદારણ કરવામાં ઇન્દ્રના વજ્રના સમાન વળી (કુવાદિઓને પણ) અલંઘનીય લક્ષ્મીને સમર્પણ કરનારા (નૈગમ આદિવિવિધ) નયો વડે વ્યાપ્ત (પરસ્પર વિરોધાદિ દોષો નહીં હોવાને લીધે) નિર્મલ (પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે) ગહન તેમજ વળી કિન્નરોવડે મનમાં વંદન કરાયેલા એવા સ્વરૂપવાળા જિનેશ્વરોના સિદ્ધાંતનો તું કેમ અભ્યાસ કરતો નથી ?

વર્તમાનકાળની ચોવીશીના – ચોવીશે તીર્થંકરોમાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુ** વ્યવહારિક લૌકિક દૃષ્ટિથી વિશેષ પ્રભાવશાળી ગણાય છે. અને તેથી તેના નામની સાથે શાસ્ત્રોમાં પણ પુરૂષાદાનીય (જેમનું વચન લોકો માનપૂર્વક સ્વીકારે તે) અને પ્રગટપ્રભાવી વિગેરે વિશેષણો વિશેષ પ્રકારે લગાડવામાં આવે છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુના લગભગ (૧૦૮) એકસો આઠ નામો પ્રસિદ્ધ છે તેમાં **“શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ”** એવું પણ એક નામ છે.

**તીર્થંકર**-વીતરાગ પ્રભુ તો, રાગ-દ્વેષ, મોહ, હાસ્ય, રતિ, અરતિ, ક્રિડા, ઇચ્છા વિગેરે તમામ દૂષણોથી રહિત હોઈ તેઓ કોઇને સુઃખી કે દુઃખી કરતા નથી. સમાન દૃષ્ટિવાળા-સમભાવી હોય છે. તેઓ કોઇને ચમત્કાર બતાવતા નથી. કે પરચા પૂરતા નથી.

**તીર્થંકર**-વીતરાગ પ્રભુના શાસન-તીર્થની રક્ષા કરનાર, ભકતોના વિઘ્નો દૂર કરનાર, મનના અભિષ્ટ મનોરથોને પૂર્ણ કરનારા દેવોને પ્રભુના અધિષ્ઠાયક દેવો કહેવાય છે.

**શ્રી પાર્શ્વનાથ** પ્રભુના તીર્થની-શાસનની રક્ષા કરનાર તરીકે **પાર્શ્વયક્ષ** - નાગરાજ - **ધરણેન્દ્ર** અને **પદ્માવતી** દેવી અતિ પ્રસિદ્ધ છે. પરંતુ તે સિવાય પણ બીજા કેટલાક દેવદેવીઓ પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયક-સેવકો હોવાનું કેટલાક ગ્રંથોમાં ને સ્તોત્રોમાં મળે છે. (કમઠ-મેઘમાલી) પાર્શ્વયક્ષ ને ધરણેન્દ્ર વિગેરે દેવો અને પદ્માવતી દેવી, જયા, વિજયા, વૈરોટયા, તથા સોલ વિદ્યા દેવીઓ વિગેરે દેવીઓ શ્રી પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયકો-સેવકો છે. તેમજ ઈન્દ્રો, દશદિગ્પાલો, નવગ્રહો, યક્ષો વિગેરે **શ્રી પાશ્ર્વપ્રભુ**ના અધિષ્ઠાયક દેવો-સેવકો છે. તેમ કેટલાએક સ્થળે જણાવેલ છે.

જે તીર્થોના-મંદિરોમાં અધિષ્ઠાયક દેવો જાગતા-અપ્રમાદી હોય છે. તેઓ સ્વઅધિષ્ઠિત તીર્થની તથા

સ્વઅધિષ્ઠિત મંદિરના પ્રભુની સેવા ભકિત થતી જોઇને સંતુષ્ટ થાય છે, અને તેથી તેઓ સેવા–ભક્તિ, ધ્યાન કરનાર, ભક્તજનોના મનોરથો પૂર્ણ કરે છે. વિઘ્નો દૂર કરે છે, અને ચમત્કારો પણ દેખાડે છે. આવા જાગતા અધિષ્ઠાયક દેવતાવાળું આપણું આ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથનું મંદિર એક સમય તીર્થ જેવું ભવ્ય દેદિપ્યમાન હતું.

જે તારે તે તીર્થ અથવા જેનાથી તરીને સામે કિનારે પહોંચાય તેનું નામ તીર્થ. ભવ્ય પ્રાણીઓ જેનાથી સંસારરૂપી સમુદ્રને તરીને સામે કાંઠે અર્થાત્ મોક્ષમાં પહોંચી શકે તેનું નામ તીર્થ કહેવાય છે. તીર્થ બે પ્રકારના હોય છે, એક જંગમ તીર્થ અને બીજું સ્થાવર તીર્થ.

શ્રી તીર્થંકર પરમાત્માએ સ્થાપન કરેલો ગણધર ભગવંતોનો ચતુર્વિધ સંઘ તે જંગમ તીર્થ કહેવાય છે.

જ્યારે ચોવીશે તીર્થંકર ભગવંતોના પાંચ કલ્યાણકોની ભૂમિઓ, તીર્થંકર મહારાજાના ચરણ કમળોની રજથી પવિત્ર થએલી ભૂમિઓ, ઘણા જીવોના આત્મ કલ્યાણમાં સાધનભૂત બનેલી ભૂમિઓ તથા જિનેશ્વર ભગવંતોના મંદિરો વિગેરે સ્થાવર તીર્થ કહેવાય છે.

ઉપરાંત જે મંદિરોમાંની શ્રી જિનેશ્વર ભગવંતોની મૂર્તિઓ, ઘણા કાળની જુની હોય, દેવોથી પ્રાપ્ત થયેલી હોય, જેના અધિષ્ઠાયક દેવો જાગતા હોય, અર્થાત ભક્તોના

વિઘ્નોને દૂર કરનારા હોય, ઇચ્છિત મનોરથો પૂર્ણ કરતા હોય, તે પણ મહાતીર્થ કહેવાય છે.

આપણું આ "શ્રી નવપલ્લવ પાર્શ્વ" પ્રભુનું ભવ્ય દેદિપ્યમાન, આકર્ષક ચમત્કારિક પ્રાચીન મંદિર છે. ભૂતકાળમાં આ મંદિરનો પ્રભાવ ઘણો જ હતો. ચમત્કારો સર્જાતા હતા, અધિષ્ઠાયકો જાગતા હતા.

આપણે સંશોધન કરવાથી જે ઇતિહાસ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયા છીએ તે હિસાબે "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" પ્રભુની આંહી સં. ૧૨૬૩માં પ્રતિષ્ઠા થઇ હતી. જે હકીકતને આજે લગભગ ૭૫૦) સાડા સાતસો વર્ષ થયા છે. **શ્રી સંપ્રતિ મહારાજાની ભરાવેલી પ્રભુની મૂર્તિ છે.**

**સંવત ૧૨૬૩ પછી–સંવત ૧૪૬૫ તથા ૧૫૩૬ માં પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓ આપણે ત્યાં છે. ૧૪૬૫ માં** પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિ **શ્રી મુનિસુવ્રત** સ્વામીવાળા દહેરાસરમાં **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ** પ્રભુની છે. આ જ મંદિરની ઉત્તર દીશા તથા દક્ષીણ દીશાની દીવાલોમાં બે ચોવીશીઓ ૧૪૬૫ માં પ્રતિષ્ઠિત થયેલી છે, અને સં. ૧૫૩૬માં પ્રતિષ્ઠિત થયેલ **શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ** પ્રભુજીના મંદિરમાં છે. ઉપરનું સાહિત્ય પ્રભુજીની નીચે લખેલા લેખ ઉપરથી પ્રાપ્ત થયેલ છે, ઉપરની હકીકતો સિવાયનું કોઇપણ સાહિત્ય આપણી પાસે ૧૨૬૩થી ૧૮૫૦ સુધીના વચ્ચેના સમયનું નથી.

સંવત ૧૮૫૦ થી આજ સુધી સંવત ૨૦૨૨ નું

સાહિત્ય આપણી પાસે છે. જેની રસપ્રદ હકીકતો નીચે પ્રમાણે વાંચવાથી જાણી શકાશે.

## "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ મંદિર"

આ મંદિર જે સૌરાષ્ટ્રના દરિયા કિનારે આવેલ માંગરોળ બંદર એક ઘણુંજ પ્રાચીન ઐતિહાસિક શહેર છે. તેનું જુનું નામ મંગલપુર છે તે શહેરની મધ્યમાં રાજમહેલ નજીક આ "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" પ્રભુજીનું ઘુમટવાળું અલૌકિક, દેદિપ્યમાન, ભવ્ય પ્રાચીન સવાસો (૧૨૫) ઉપરાંત પાષાણની મૂર્તિથી પ્રતિષ્ઠિત દહેરાસર છે. કેટલાએક પૂજ્ય પન્યાસજી મહારાજો તેમજ વિદ્વાન મુનિ મહારાજોએ પ્રસિદ્ધ કરેલ જૈન તીર્થોનો ઇતિહાસ નામના પુસ્તકમાં માંગરોલના આ દહેરાસર માટે લખેલ છે કે, આ દહેરાસર કુમારપાળ રાજાએ બંધાવેલ છે. તે રાજમહેલ પણ તેમનો જ બંધાવેલ છે. ત્યાંથી કુમારપાળ આંહી પૂજા કરવા આવતા. આ સિવાય બીજો કોઇ સત્તાવાર ઇતિહાસ નથી. રાજમહેલની અંદર ભવાની માતાની મૂર્તિવાળું નાનું મંદિર છે. છેલ્લા પંદર વર્ષ થયા આશો માસના નોરતામાં આ રાજમહેલના ખુલ્લા ચોગાનમાં ખૂબ ધામધૂમથી ગરબાઓ, રાસ, વિગેરે હજારો માણસની ભરચક મેદની વચ્ચે ઉજવાય છે.

(લાલ આરસનો ૫૪ ઇંચિ લાંબોને ૭ ઇંચિ પહોળો પત્થર,)

## સંવત ૧૨૫૩

"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" પ્રભુની ડાબી બાજુના હાથ તરફ વાયવ્ય ખુણાથી ઉત્તર દિશાના અમુક ભાગ સુધી સાડા ચાર ફુટ (૫૪) ઇંચિ લાંબો ને સાત ઇંચિ

પહોળો, લાલ રંગના આરસનો પ્રતિષ્ઠિત કરેલ એક પત્થર છે. તેમાં ચોવીશ તીર્થંકર પરમાત્માઓના નામો, વર્ણ, લંછન, આયુષ્ય ને શરીરની ઉંચાઈ, તથા કયા તીર્થંકર પરમાત્માના સમયમાં કોણ ચક્રવર્તી, કયા બળદેવ, વાસુદેવ તથા પ્રતિવાસુદેવ થયા વિગેરેનું વર્ણન દર્શાવતા કોઠા છે, તે પત્થરમાં સંવત ૧૨૫૩ માં શ્રાવક **શાંતિદેવ** તથા શ્રાવિકા **સુંદરબાઈ** એ પ્રતિષ્ઠા કરાવી તેમ લખેલ છે.

## સંવત ૧૨૬૩—પ્રતિષ્ઠાં કરિતાં

**"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"** પ્રભુની આગળ એક સફેદ આરસનો પત્થર ચોટાડેલ હતો. જેની લંબાઇ (૨૯) ઓગણત્રીશ ઇંચિ છે. આ આરસ શાસ્ત્રોકત રીતે ખોટો બેસાડેલ હતો. તે કાઢી નાંખવો જોઇએ, તેમ મિસ્ત્રી હરિલાલ નરભેરામ સોમપુરા તથા મિસ્ત્રી બાલકૃષ્ણ અમૃતલાલે જણાવેલ હતું. જ્યારે સં. ૨૦૨૨ ના ફાગણ વદ ૧૧ના ગુરૂવારે બપોરના બે વાગે, પરમ પૂજ્ય મુનિ મહારાજ **શ્રી ગુણભદ્રવિજય** તથા સકળ સંઘની હાજરી વચ્ચે મિસ્ત્રી બાલકૃષ્ણે પ્રભુના કંઠનો સુવર્ણ ગલપટો ખોલ્યો. તે દિવસે આ પત્થર ઉખેડતાં પત્થરની નીચેના પછવાડેના ભાગમાં પરિકરને લગતાં દશ્યો, નવગ્રહ, યક્ષ, યક્ષિણિ, હાથી, વાઘ વિગેરે કોતરેલા દશ્યમાન થયા. વિશેષમાં પત્થરના જમણા છેડે સંવત ૧૨૬૩ તેમજ ડાબા છેડે પ્રતિષ્ઠા કરિતાં એમ લખેલું વાંચવામાં આવ્યું, આ પત્થરનો ફોટો આ સાથે છે.

આ પરિકરનો પત્થર મૂળનાયક "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથનો જ છે. કારણ કે મૂળનાયકના પગની પલાઠીની લંબાઇ ૨૯ ઇંચિ છે. ને પત્થરની લંબાઈ પણ ૨૯ ઇંચિ છે. જરા દોરા ભાર પણ ફેર નથી. તેથી પુરવાર થાય છે કે પ્રભુને પરિકર હતું. એટલે સં. ૧૨૬૩ ની સાલમાં પ્રતિષ્ઠા થઇ હોવી જોઇએ.

આ પરિકરનો પત્થર કાયમ પુરાવા તરીકે જળવાય રહે તેટલા માટે જ્યારે પૂજા ભણાય છે. ને શ્રાવિકાઓ પૂજામાં જ્યાં બેસે છે. ને મહાવીર સ્વામી પ્રભુની છબી છે. તેની નીચે ભીંત સાથે જડી દેવામાં આવેલ છે.

## સંવત ૧૮૪૯ થી ૧૮૭૯ ની ખાતાવહી

સંવત ૧૮૪૯ થી ૧૮૭૯ ની ખાતાવહીના છેલ્લા પાનાની આગળના સાત-આઠ પાનામાં જે નોંધ છે. તેની નકલ નીચે પ્રમાણે છે.

## સંવત ૧૮૫૬ ભાદરવા શુદ (૮) આઠમ

:·૭૪।। શ્રી દેરાસરમાં, પરતમાં તથા ઘરેણા અને બીજો સામાન છે. તેનો નોંધ-ઉતારો છે, સં. ૧૮૫૬ ભાદરવા શુદ (૮) આઠમ.

**શ્રી નવપલ્લવજી** મૂળનાયકના દહેરાસરમાં, પરતમાં ધાતુની તથા આરસની છે, તેની વિગત છે.

૮– ધાતુના ચોવીશી તેમાં પરતમાં ૨૪ છે, તે –૮.

૨૭– પરતમાંના ૨૭ પંચતીર્થીમાં પરતમાંના ૫ ધાતુની.

૯– પરતમાંના ૯ તેનાની તેમાં પરતમાં ૧ જડાવ, ૨ અધિષ્ઠાયકની ધાતુની.

૧– સમવસરણના આકારે મોટી પરતમાં ૪ ધાતુની,

૧૨– પરતમાં ૧૨ એકલી નાની–મોટી ધાતુની.

૧– નાની ધાતુની

પાટલીઓના ૧૪

૨ રૂપાની– ૧૨ ધાતુની

સિદ્ધચક્ર એક રૂપાનો.

**૩૧– પરતમાં આરસની.**

૬– મૂળનાયક સુધા પરતમાં ૫ તેમાં ચક્ષુ–ટીકા, દુગદુગી સહિત રૂપાની.

મૂળનાયકને ટીલું ૧ જડાવ ( નંગવાળું ) પરતમાં ૨ ને સોનાનું ટીલું. પરતમાં ૨ ને રૂપાનું ટીલું.

૨– પરતમાં મૂળનાયકની આગળ તેને ચક્ષુ, શ્રીવત્સ, ડુગડુગી છે. હેમના છે. તેમાં **સાત ફણા પાર્શ્વનાથને** ટીલું છે, એકને ટીલું નથી.

૮– પરતમાં ૮ તેને ચક્ષુ જડેલ તથા **શ્રી** વત્સના ૨ સુધા છે.

૩– પરતમાં ૩ તેમાં **શ્રી**વત્સ ૨ છે. ચક્ષુઓ પણ છે.

૫– પરતમાં ૫ તેને ચક્ષુ તથા **શ્રી** વત્સ છે.

૧– પરતમાં ૧ તેને ચક્ષુ તથા **શ્રી** વત્સ છે.

૨– પરતમાં પંચતીર્થી આરસની છે. (હાલમાં પણ છે.)

૧– પરતમાં આરસની શામ છે.

૨– પરતમાં નાની શામ છે.

૧– પરતમાં કાઉસ્સગ્ગીયા છે. (હાલમાં પણ છે.)

---

૩૧– ૧ ધાતુની ચક્રેશ્વરી–૧ આરસની સરસ્વતી.

ઉપર લખેલ હકીકતને ચોપડામાંથી લીધેલ ફોટો આ સાથે છે.

ઉપરની લખેલ જે નોંધ છે, તે સંભાળપૂર્વક વાંચતા સ્પષ્ટ જણાય છે કે મૂળનાયક **"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"** પ્રભુને પરિકર હતું, તે પુરવાર થાય છે, તે આ પ્રમાણે કે આરસની પ્રતિમા ૩૧ નો નોંધનું જે લખાણ છે, તેની નીચે પેલી લીટીમાં ચોકખું જણાવેલ છેકે **મૂળનાયક સુધા પરતમાં ૫** એટલે તેનો અર્થ એવો થાય કે મૂળનાયક એક તથા પરિકરમાં જે ચાર પ્રતિમાજી આવે છે, તે મળી કુલે પાંચ, તેનો બીજી રીતે ખુલાસો એ છે કે પેલી લાઇનની નીચે બીજી લીટીમાં લખેલું છે કે મૂળનાયકને ટીલું ૧ જડાવ (હીરા સાથે સોના) નું ટીલું તથા ૨ પરતમાંને સોનાનું ટીલું, ને ૨ પરતમાં ( કાઉસ્સગ્ગીયા ) રૂપાનું ટીલું, એટલે ત્યાં પુરવાર થાય છે કે "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુ"ને સંવત ૧૮૫૬ ના ભાદરવા શુદ (૮) આઠમ પરિકર હતું.

પરિકરમાં રહેલ પાંચ પ્રભુમાંથી મૂળનાયક પ્રભુને જડાવ (હીરા સાથે સોનાનું)નું ટીલું, ઉપરના બે પ્રભુને સોનાનું ટીલું અને બે કાઉસ્સગ્ગીયા પ્રભુને રૂપાનું ટીલું હતું.

બીજુ મજકુર નોંધની ત્રીજી લીટીમાં લખેલું છે કે- ૨ પરતમાં ૨ મૂળનાયકની આગળ-તેની નીચેની લીટીમાં લખે છે કે તેમા **સાત ફણા પારસનાથ** ને ટીલું છે, એકને ટીલું નથી. તે ઉપરથી પુરવાર થાય છે કે પ્રભુની આજુ-

## પ્રભુના પરિકરનો ફોટો



જે પ્રભુની પલાઠી આગળ ઉંધો બેસાડયો હતો

સંવત ૧૨૬૩ * પ્રતિષ્ઠાં કારિતાં

સંવત ૧૮૫૬માં

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુના મંદિરની પ્રતિમાની નોંધ

સંવત ૧૮૪૯થી ૧૮૭૯ની ખાતાવહી ઉપરથી

( પરિકરનો પુરાવો બીજો )



૩૧ પ્રતિમા આરસની લીટીથી ચારપાંચ લીટી બહુજ સંભાળથી કાળજીપૂર્વક વાંચો.

બાજુ **સાત ફણા પાર્શ્વનાથ** હતા. જ્યારે આજે એક પણ સાત ફણા પાર્શ્વનાથ નથી. તે જગ્યાએ હાલમાં **શ્રી શાંતિનાથ** તથા **ઋષભદેવ** પ્રભુ છે.

ઉપર પ્રમાણે સંવત ૧૮૫૬ ભાદરવા શુદ આઠમે શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુને પરિકર હતું, તેમજ ૩૧ એકત્રીસ પ્રતિમાજી આરસના હતા. ત્યાર બાદ એવા કોઈ ક્રુર કારમા કાળે ગમે તે કારણોને લીધે પ્રતિમાજીઓ ખંડિત થયા હશે. આ ઉપરથી ત્રણ વસ્તુ નિશ્ચિત થઈ શકે છે.

(૧) આરસની ૩૧ પ્રતિમાને બદલે હાલ ૧૮ અઢાર આરસના છે.

(૨) મૂળનાયકને પરિકર નથી.

(૩) સાત ફણા પાર્શ્વનાથ પ્રભુઓ નથી.

આ બધી હકીક્ત શ્રી સંઘની ૧૮૪૯ થી ૧૮૭૯ ની ખાતાવહીના છેલ્લા પાનાની આગળ પાંચ-સાત પાના ઉપર છે.

## સંવત ૧૪૯૯

સંવત ૧૪૯૯, આચાર્ય મહારાજ શ્રી વિજય માણેકચંદ્ર સૂરીશ્વરજી મહારાજે માંગરોળમાં ચાતુર્માસ કરી,

તાલપત્ર ઉપર શ્રી શાંતિનાથ ચરિત્ર માંગરોળમાં લખ્યું હતું, મંદિર હોય તો જ ચાતુર્માસ થાય. આ તાલ પત્રની પ્રતનો ફોટો આગળ છાપવામાં આવેલ છે.

## સંવત ૧૫૩૬

"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" પ્રભુની ડાબી બાજુ ઇશાન ખૂણામાં "સરસ્વતી" માતાની મૂર્તિની બાજૂમાં "ધરણેન્દ્ર" હાથ જોડી ઉભા છે. તેની ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ બીરાજે છે, તેમાં નીચે લખેલ છે. સંવત ૧૫૩૬ માં કલ્યાણ સૂરિએ "લાભસૂરિ" (અમુક અક્ષરો ઉકેલી શકાણા નહીં).

આ સમય દરમ્યાન માંગરોળમાં સોનીઓ ઘણા સુખી હતા. ને તેમાંથી સમરસીંહ નામના એક સોનીએ ચોરવાડમાં "શ્રી ચિંતામણી પાર્શ્વનાથ" નું મંદિર ૧૫૨૯માં બંધાવી વૈશાખ શુદ ત્રીજની પ્રતિષ્ઠા કરી હતી. (આ આખો શિલાલેખ ચોરવાડના દહેરાસરની વિગતમાં આપેલ છે.) એટલે ૧૫૩૬માં સોની શ્રાવકો માંગરોળમાં ઘણા હતા. જૈન ધર્મ પાળતા હતા.

## "શ્રી પદ્મમાવતી દેવી" (૧) સં. ૧૮૭૧

"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" પ્રભુની ડાબી બાજૂની ઉત્તર દિશાની ભીંતમાં ઈશાન ખૂણા પાસે લાલ રંગના ગોખલામાં લાલ રંગના "શ્રી પદ્માવતી" દેવી બિરાજમાન છે. માતાજીની મૂર્તિની ફરતો લેખ છે કે "શ્રી વિજય

દેવેન્દ્રસૂરિ" તપાગચ્છે "શ્રી પદ્માવતી" દેવીને માંગરોળ અંદરના સમસ્ત સંઘે પબાસણ પરમેશ્વરજીનું કરાવ્યું, તે પંડિત કેશર વિજય પાસે સંવત ૧૮૭૧ના વર્ષે મહા શુદી ૧૧ ને વાર સોમવારે શ્રી નવપલ્લવ પાર્શ્વનાથજીના "અધિષ્ઠાયકા" આ લેખ ઉપરથી પુરવાર થાય છે કે પ્રભુજીનું નવું લાલ આરસનું પબાસન તથા શ્રી પદ્માવતી દેવીની પ્રતિષ્ઠા સંવત ૧૮૭૧માં શ્રી સંઘે કરાવી હતી.

## "સંવત ૧૯૬૫ માગશર શુદ (૫) પાંચમ"

ઉપરનું નવું પબાસન થયા બાદ સંવત ૧૯૬૫ માગશર શુદ પાંચમના મીનીટબુકમાં ઠરાવ થયેલ છે કે શેઠ મોતીચંદ દેવચંદ તરફથી ૧૫૦૦) લાદીઓ પ્રભુના અંદરના ગંભારામાં ચોડવા માટે આપવામાં આવી છે. પબાસનની નીચે તથા ઉત્તર દક્ષિણની દિવાલમાં જે લાદીઓ છે તે શેઠ મોતીચંદ દેવચંદે આપી હતી. લગભગ ૯૫ પંચાણું વરસે પબાસનમાં નીચેના ભાગમાં ફેરફાર થયો હતો.

## "દોઢસો વર્ષે"

## સફેદ આરસનું આખું નવું પબાસન સંવત ૨૦૨૨

લાદીઓ જડયા બાદ સમય જતાં વર્તમાન કાળના યુગમાં આ લાદીઓ પ્રભુના મંદિરમાં શોભે નહીં. તેમ બધાને જણાવા લાગ્યું. **શેઠ કસ્તુરભાઇ લાલભાઇ** એક

વખત ગયા વરસમાં અહીં આવ્યા હતા. ત્યાંરે તેમણે પણ આ લાદીઓ માટે ટીકા કરી હતી. જેથી શ્રી સંઘે ઠરાવ કર્યો કે લાદીઓ કાઢી નાંખીને આરસ જડવા. તે માટે ૨૦૦૦ રૂા. બે હજાર સુધી ખર્ચ કરવો.

સં. ૨૦૨૨ના શ્રાવણ માસમાં પ્રભુની આજુબાજુ તથા બધામાંથી જૂના સફેદ લાલ આરસ તથા નીચેની લાદી બધું કાઢી નાંખી આબુથી આરસ મંગાવી, સુંદર ભવ્ય, આકર્ષક, સફેદ આરસનું આખું પબાસન પ્રભુની પલાઠીથી તે ઠેઠ નીચે સુધી નવું કરાવ્યું. પબાસનના માપે માપ ઉત્તર–દક્ષિણ દિશાની દિવાલોમાંથી પણ લાદી કાઢી આરસ જડાવ્યા. તે માટે ખર્ચ લગભગ રૂપીયા ૩૦૦૦) ત્રણ હજાર થયો હતો. તેમાં રૂા. ૭૫૦) સ્વ. શેઠ સુંદરજી દેવચંદ હાઃ શેઠ વ્રજલાલ સુંદરજી, રૂા. ૭૫૦) શેઠ નવીનચંદ્ર સવચંદ, જુઠા જેરામ તરફથી કુલ રૂપીયા ૧૫૦૦ પંદરસો ભેટ મળ્યા હતા.

## પદ્માવતી દેવી નં. ૨ સં. ૧૯૮૫

આપણા મંદિરોમાં મોટે ભાગે મૂળનાયક ભગવાનના પબાસનની નીચે અધિષ્ઠાયિકા દેવીને પ્રતિષ્ઠિત કરવામાં આવે છે. પણ આંહીં "શ્રી નવપલ્લવ પ્રભુના" મંદિરમાં અધિષ્ઠાયિકા હતા જ નહીં. છસો વર્ષ બાદ ગોખલામાં ૧૮૭૧માં પહેલા પદ્માવતી દેવી સ્થાપન કરવામાં આવ્યા. અને સાતસો બાવીશ વર્ષે સંવત ૧૯૮૫ શ્રી પદ્માવતી

દેવી પ્રભુની નીચે સ્થાપન કરવામાં આવ્યા. જે પ્રતિમા શેઠ લીલાધર હીરાચંદ કલકત્તાવાળા તરફથી ૧૯૮૪ માં ભેટ મળ્યા હતા.

ઉપરના ઇતિહાસનું સંશોધન સ્થાનિક માંગરોળનું જ છે. જે દરેક બાજુના પુરાવા સાથે રજુ કરવામાં આવ્યું છે.

આ સિવાય બહારના ફક્ત બે જ સ્થળોમાંથી આપણે અમુક પ્રકારનું સાહિત્ય મેળવવા ભાગ્યશાળી થયા છીએ.

(૧) શ્રી જૈન કોન્ફરન્સ તરફથી પ્રગટ થયેલ જૈન સાહિત્યના ઇતિહાસના પાના ૪૦૪ તથા ૫૮૧માં જણાવેલ છે કે સંવત ૧૩૨૦ ના આસપાસ આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મ ઘોષ સૂરીશ્વરજીના ઉપદેશથી પેથડ મંત્રીએ આ દહેરાસર બંધાવ્યું છે.

(૨) સંવત ૧૭૦૦ સતરશોના અશાડ વદ ૧ ના દિને અમદાવાદ નગરે હાજા પટેલની પોળમાં વૃદ્ધ ઉપાશ્રયમાં યુગ પ્રધાન શ્રી જિનચંદ્રસૂરીના મુખ્ય શિષ્ય પંડિત શ્રી સકલચંદ્ર ગણિ શિષ્ય શ્રી સમયસુંદર ઉપાધ્યાયે

રચેલા સ્તવનમાં રમણીય વર્ણન આવે છે. તેમાં લખવામાં આવ્યું છે કેઃ–

## –: સ્તવન :–

નવપલ્લવ પ્રભુ નયણે નીરખ્યો,
પ્રગટયો પુણ્યને હીયડો હરખ્યો,

શ્રી વલ્લભી ભંગે મૂર્તિ આણી,
મારગ બે અંગુલી વિલંબાણી,

વલી નવી આવી તે જાણો,
નવપલ્લવ તે નામ કહાયો,

મંગલોર ગઢ મૂરતિ સોહે,
ભવિયણ તણા તન મોહે,

જાપ કરે શ્રી સંઘ સંગાથે,
સમય સુંદર પ્રણમે પરભાતે.

આ સ્તવન ઉપાધ્યાય સમયસુંદર મહારાજે ૧૭૦૦માં અમદાવાદમાં બનાવ્યું. પણ સ્તવનમાં જણાવેલી હકીકતો કઈ સાલમાં બની તે કાંઈ સ્તવનમાં જણાતું નથી. સ્તવનની બીજી કડીમાં વલ્લભીપુર ભાંગતા ત્યાંથી મૂર્તિ લાવ્યા. (વલ્લભીપુર કઈ સાલમાં ભાંગ્યું તેનો નિર્દેશ સ્તવનમાં નથી.)

મારગમાં બે આંગળીઓ ખંડીત થઈ, ચમત્કાર થયો, બે આંગળી નવી થઈ, તેથી નવપલ્લવ નામ કહાયો.

"હવે આપણે મૂળમંદિરોમાં જે મહાન્ દોષો છે, તે ઉપર વિચારીએ."

## "દૃષ્ટિદોષ"

શ્રી નવપલ્લવ પ્રભુની હાલ દૃષ્ટિ ઘણી નીચી છે. આ એક મહાન્‌માં મહાન્ દોષ છે. આખા સંઘ ઉપર એક આપત્તિ સમાન જ છે. જેનો આપણે સાક્ષાત્ અનુભવ કરી રહ્યા છીએ.

શ્રી નવપલ્લવ પ્રભુની દૃષ્ટિ શાસ્ત્રોક્ત રીતે પત્થરની શાખના ઉદય પ્રમાણે હોવી જોઇએ. તેના કરતાં ત્રણ ઈંચ નીચી છે. ને લાકડાના શાખના ઉદય પ્રમાણે હોવી જોઇએ. તે કરતાં અઢી ઈંચ નીચી છે. તેમ મીસ્ત્રીએ કહ્યું.

શેઠ વૃજલાલ સુંદરજી વૈશાખ–જેઠ મહિનામાં અહીં હતા. ત્યારે તેમણે પુછ્યું કે પ્રભુની દૃષ્ટિ નીચી કેમ છે? ત્યારે મેં જણાવ્યું કે પરિકર નીકળી જવાથી દૃષ્ટિ નીચી છે.

## "શ્રી ઋષભદેવ ને શ્રી શાંતિનાથ પ્રભુ"

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુ આગળથી સાત ફણા પાર્શ્વનાથ ખંડિત થઈ જવાથી તેમના સ્થાને શ્રી ઋષભદેવ

ને શ્રી શાંતિનાથ પ્રભુને પધરાવેલા છે. આ બંને પ્રભુની પલાંઠી "શ્રી નવપલ્લવ" પ્રભુ કરતા ઉંચી છે.

મૂળનાયકની આજુબાજુ જે પ્રતિમા હોય તે સરખા માપની જોડી જોઈએ. ત્યારે આંહી શ્રી શાંતિનાંથ ૧૯ ઇંચિના ને આદિનાથ ૨૧ ઇંચિના છે, એટલે બંને પ્રતિમા આજુબાજુની નાની-મોટી છે.

## શ્રી અનંતનાથ પ્રભુ

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુની જમણી બાજુ શ્રી અનંતનાથ પ્રભુ સ્પષ્ટ રીતે વાંકા બેઠેલા જણાય છે.

## "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" પ્રભુની મૂર્તિ ખંડિત કયારે થઈ?

અમો નાના દશ-બાર વરસના બાળક હતા. ત્યારથી વાતો સાંભળતા હતા, કે પ્રભુની મૂર્તિ ખંડિત છે. માથું ને ધડ જુદા છે. ને સોનાના પટાથી ફીટ કરી, મજબુત કરેલ છે. તેવી રીતે ઘણી જાત-જાતની અફવાઓ સાંભળતા હતા.

પ્રભુની મૂર્તિ કયા સમયમાં ખંડિત થઈ? કેવી રીતે થઇ? વિગેરેનો ઇતિહાસ આજ દિવસ સુધી મળ્યો નથી. હમણાંની મારી તપાસની કાર્યવાહીમાં સખત પરિશ્રમથી કાર્ય કરતાં તે હકિકત સત્તાવાર કે સામાન્ય રીતે જરા

જેટલી પણુ જાણુવામાં આવી નહીં. પણુ ૧૮૫૬ના ભાદરવા શુદ આઠમ સુધી તો અખંડ હતી. તેવો પુરાવો ચોપડા ઉપરથી મેળવવા ભાગ્યશાળી થયા છીએ. કારણુ કે ચોપડામાં દર્શાવ્યા પ્રમાણે તે દિવસે પ્રભુને પરિકર હતું. ને ૩૧ આરસના પ્રતિમાજી હતા.

## શું ગરદન હલી હતી ?

સંવત ૨૦૨૧ ના મહા મહિનામાં હું માંગરોલમાં હતો. ત્યારે મારા જાણુવામાં આવ્યું કે પ્રભુને અંગ લુંછણું કરતાં પ્રભુની ડોક સ્હેજ હલી ગઇ હતી. તેવો ભાસ થયો, આ બાબત મેં ઉંડાણુમાં ઉતરી લાગતા વળગતાઓમાં ખૂબ પૂછપરછ કરી તપાસ કરી હતી. ત્યાર બાદ મેં કમિટિના સભાસદોને વાત કરી, આ સમયે શ્રી ચોરવાડના દેરાસરમાં લેપનું કામકાજ ચાલતું હતું, એટલે કમિટીએ નિર્ણય કર્યો કે ચોરવાડથી લેપવાળા ભાઇને તેડાવી પુરી તપાસ કરાવીએ. કે ખરી પરિસ્થિતિ શું છે? આ ઉપરથી ચોરવાડથી લેપ વાળા મિસ્ત્રી ભાઇ બાબુલાલને બોલાવ્યા.

## મિસ્ત્રી બાબુલાલનો રિપોર્ટ

ચોરવાડથી ભાઇ બાબુલાલ મિસ્ત્રી આવી, સારી રીતે નીરિક્ષણુ કરી, એવો અભિપ્રાય આપ્યો કે મૂર્તિ ખંડિત છે, ગરદન ને શરીર બંને ભાગો જુદા છે, વચમાં મેખમારી

બંને (જોઇન્ટ) ભેગા કરેલા છે. તેને મજબૂત રાખવા માટે ગળામાં સોનાનો પટો લગાડેલ છે. હમણાં ચાલુ જમણા કાનનાં મણિબંધ આગળ ખંડિત થયા છે, અને ડાબા કાનની વચમાં તડ પડી ગયેલી ચોખી દેખાય છે, હથેળીમાં વચમાં ખાડો છે ને શરીરમાં કેટલેક સ્થળે ઝીણા-ઝીણા બારીક ઘણા કાણાઓ છે. વિગેરે જણાવ્યું, અમુક ભાગ ચાલુ ખંડિત દેખાય છે, એટલે લેપ તથા ઓપ તાત્કાલિક વહેલી તકે કરાવી લેવાની ખાસ જરૂર છે, આ બાબત આચાર્ય વિજયોદય સૂરીશ્વરજી મહારાજને પૂછાવી, પછી બધું કરવું. તેમ મિસ્ત્રી બાબુલાલે જણાવ્યું, તે વખતે આખી કમિટીએ આ કાર્ય કરવાની મારી પાસે સંપૂર્ણ તૈયારી બતાવી, હા પાડી કે આ કાર્ય તાત્કાલિક કરી લેવાનું છે.

## શ્રી રતિલાલ લીલાધર શેઠ

આ કાર્ય મારે તો કરવું જ છે, પછી ગમે તે ભોગ આપવો પડે તે આપવો. પણ આ કાર્ય અધુરૂં ન જ મૂકવું, તેવા મક્કમ નિશ્ચય ઉપર આવ્યો. હવે શું કરવું, તે વિચારવા લાગ્યો. શાશન દેવની કૃપાથી મને એક વિચાર આવ્યો કે આ કાર્ય માટે

રતિલાલ શેઠનો સહકાર લેવો ને તે જરૂર સહકાર આપશે. તેમ મને આત્મવિશ્વાસ બેઠો.

જાણે કે મારા આત્માના વિચારોનું વિજળીક આકર્ષણ થયું નહોય, અથવા શાસન દેવની પ્રેરણા ન થઈ હોય, તે પ્રમાણે રતિલાલ શેઠ તથા છોટુભાઈ હું માંદો હતો, તેથી તેઓ મારી ખબર પૂછવા આવ્યા. તેઓ સાથે સામાન્ય વાતચીત થયા બાદ તેઓ બંનેને મેં કહ્યું કે મારે અમુક બાબતસર તમારી સાથે વાતચીત કરવી છે, તો તમો એક-બે દિવસમાં આવીને મળી જશો. તેઓએ ઘણાજ લાગણીપૂર્વક-પ્રેમથી મારી વાતનો સ્વીકાર કર્યો, ને કહ્યું કે અમો આવશું ત્યારે તમોને કહેરાવશું.

## બે દિવસ બાદ

બે દિવસ પછી રતિલાલ શેઠ એકલા મને મળવા આવ્યા. છોટુભાઇ માંદા હતા, તે આવી શકયા નહિં.

રતિલાલ શેઠને મેં **"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"** પ્રભુની મૂર્તિના ખંડિતપણા વિષે વિગતવાર હકીકત સમજાવી. મેં કહ્યું કે તમે એક-બે દિવસમાં જાતે બધી તપાસ કરો. ને પછી તમોને એમ લાગે કે આ કાર્ય હાથ ધરવું જ પડશે તો પછી આપણે તે ઉપર વિચાર કરીએ. મારી વાત

સાંભળ્યા પછી તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આવી પરિસ્થિતિ હોય તો આ કાર્ય એક દિવસ પણ લંબાવાય નહીં, તેમ જણાવી મને સંપૂર્ણ પ્રોત્સાહન આપી ગયા.

## "રતીલાલ શેઠની તપાસ"

રતિલાલ શેઠે જાતે તપાસ કરી ત્યારે મેં જણાવેલી હકીક્ત સત્ય લાગી, એટલે તેમણે તુરત જ કમિટીના સભ્યોને મળી ચોરવાડથી મિસ્ત્રી બાબુલાલ ને ફરીવાર બોલાવ્યા. મિસ્ત્રી ચોરવાડથી આવ્યા બાદ સંઘના પ્રતિષ્ઠિત દશ-બાર ગૃહસ્થોને બોલાવ્યા. બધાએ દરેક પરિસ્થિતિનો વિચાર કરી એવો નિર્ણય કર્યો કે શ્રી સંઘની જનરલ સભા તાત્કાલિક બોલાવીને યોગ્ય ઠરાવો કરી લેવા.

## "શ્રી સંઘની જનરલ સભા"

સંવત ૨૦૨૧ના વૈશાખ વદ ૧૧ ગુરૂવાર તા. ૨૭-૫-૬૫ શ્રી માંગરોળ જૈન તપગચ્છ સંઘની એક જનરલ સભા આજ રોજ શેઠ **શ્રી રતિલાલ લીલાધર**ના પ્રમુખ-પણા નીચે મળી હતી. જેમાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

## ઠરાવ

આપણે ત્યાં મોટા મંદિરમાં સંપ્રતિ રાજાના ભરાવેલા ત્રેવીશમાં તીર્થંપતિ દેવાધિદેવ **પુરૂષાદાણીય "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"** સ્વામીના ભવ્ય પ્રાચીન અને ચમત્કારી પ્રતિમાજી બિરાજમાન છે. અને આપણા પરંપરાગત વડીલો તરફથી સાંભળવા મળેલ તેમ ભવિતવ્યતાના યોગે કોઈ અકસ્માત કારણે ગરદનના ભાગ ઉપર કંઈક ખંડિત થયેલ હશે. તે નિમિ-તે આપણા પૂર્વજોએ, તે ભાગને ભૂતકાળમાં સુદૃઢ કરવા, સુવર્ણ ગલપટો આદિ ચઢાવી, કોઇપણ ચિંતાના કારણ ન બને તે માટે યોગ્ય પ્રબંધ કરી, સુદૃઢ કરેલ હતું, પરંતુ ભાગ્યવશાત્ છેલ્લા થોડા સમય પહેલાં આપણે ત્યાં બિરાજમાન પૂજ્ય મુનિ મહારાજ **શ્રી ગુણભદ્રવિજયજી** મારફત એ જાહેરાત થઇ કે પ્રભુજીના સુવર્ણ ગલપટાવારા ડોકના ભાગમાં કાંઇ નબળાઇ આવી હોય, તેમ શંકા જાય છે. તેથી આપણા શ્રી સંઘના અગ્રગણ્ય આગેવાનોએ પૂજ્ય મુનિ મહારાજ સાથે રહી નિરક્ષણ કરેલ, જેમાં ભગવંતના ડાબો બાજૂના કુંડલનો વચલો ભાગ ખંડિત સ્પષ્ટ રીતે દેખાય છે. પરંતુ જમણાં કુંડલનો ભાગ અખંડ હોઇ સીધી રીતે એ શંકાને સ્થાન મળતું હોય, તેમ દેખાયું નહીં. તેથી સૂક્ષ્મ રીતિએ

આ તપાસ કરતાં મૂળ અંગથી કુંડલોનો નીચેનો ભાગ છુટો હોવાની શંકા જાય છે તેથી મહારાજશ્રીએ કરેલી જાહેરાતને વેગ મળે છે. તદુપરાંત ભગવંતના બીજા અંગો માં પણ થોડી વધતી સૂક્ષ્મ ક્ષતિઓ જણાઇ આવે છે. અને ચક્ષુ–ટીલા, પંજા આદિનો પણ ફેરફાર માંગે છે, આ બાબતમાં ચોરવાડમાં લેપનું કામ કરતા ધર્મનિષ્ઠ ભાઈ બાબુલાલ કે જેમને આ બાબતનો અનુભવ છે. તેમની સાથે ચર્ચા–વિચારણા કરતાં આ મહાન કાર્ય સહેલાઇથી સુંદર રીતે ભવિષ્યમાં કોઇપણ રીતે ચિંતાનું કારણ ન રહે, તેમ થઇ શકે તેમ છે. જે વાત ઘણી જ પ્રેરક અને ઉત્સાહ-જનક છે, પરંતુ આ કાર્ય મહાન્ જવાબદારી અને જોખમ ભર્યું હોવાના કારણે આપણા શાસનમાં બિરાજમાન આચાર્ય ભગવંતોને રૂબરૂ મલી સચોટ માર્ગદર્શન થાય તે મુજબ કરાય, તે જ વધારે હિતાવહ છે, તેથી આજની મળેલી શ્રી સંઘની સભા આ નિમિતે ઠરાવે છે કે જે કોઈ પણ વ્યક્તિના સહકાર–સાથની જરૂર હોઈ, તે મેળવીને તાબડતોબ **પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયોદય સૂરીશ્વરજી** સાહેબનું અને તેઓશ્રી જેનું નામ સૂચવે તેઓથી શાસ્ત્ર અનુસાર સચોટ માર્ગદર્શન મેળવી વહેલી તકે શ્રી સંઘની સભામાં છેવટના નિર્ણય માટે મૂકવા

આપણી કાર્યવાહક સમિતીને સૂચના કરે છે. અને આ કામ કાયમની ચિંતા મટી જાય તે રીતે કરાવવાનું ઠરાવે છે. અને આ મહાન્ કામ ગૌરવભરી રીતે પાર પડે, તે માટે બનતો તપ-જપ અને ભક્તિભાવ કરવા અને કેળવવા શ્રી સંઘના ભાઇ-બ્હેનોને ભલામણ કરે છે. અને શાસન-દેવોને જલ્દી આપણો શ્રી સંઘ ચિંતામુક્ત બની જાય તે માટે પ્રાર્થના કરે છે. (સર્વાનુમતે પાસ)

ઉપરનો ઠરાવ પસાર થયા બાદ આચાર્ય મહારાજ પાસે સાથે લઇ જવા માટે પ્રભુના જુદા જુદા પ્રકારના ફોટાઓ પાડવામાં આવ્યા હતા.

શ્રી સંકળ સંઘની જનરલ સભાનો તા. ૨૭-૫-૬૫ના કરેલ ઠરાવ પછી બીજે દિવસે કાર્યવાહી સમિતીની સભા મળી હતી. જેમાં ઠરાવ કરવામાં આવ્યો કે **શેઠ રતિલાલલ લીલાધર, શેઠ પ્રાણુલાલ છોટાલાલ, શેઠ દેવીદાસ જુઠાભાઈ** એ અનુકુળ સમયે પૂજ્ય આચાર્ય દેવેશ **શ્રીમદ્ વિજયોદય સુરીશ્વરજી** પાસે સત્વરે (સાવર) કુંડલા જઇ આવીને માર્ગદર્શન મેળવી લેવું.

**"સંવત ૨૦૨૧ અશાડ શુદ ૨ તા. ૩-૭-૬૫"**

કાર્યવાહક કમિટિના ઠરાવ અનુસાર એક મહિના બાદ **શેઠ** રતિલાલ લીલાધર, શેઠ દેવીદાસ જુઠાભાઇ,

શેઠ પ્રાણુલાલ છોટાલાલ, પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ **વિજયોદય સુરીશ્વરજી** ને વાંદવા તેમજ ઉપર દર્શાવેલી હકીક્તની સલાહ લેવા માટે સાવરકુંડલા તા. ૪–૭–૬૫ રવિવારે પહોંચ્યા.

પૂજ્ય આચાર્ય દેવેશની મુલાકાત લઇ **શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ** પ્રભુની મૂર્તિ બાબત દરેક હકીક્ત વિસ્તારથી સમજાવી હતી. સાથે લઇ ગયેલા ફોટાઓ પણ બતાવ્યા હતા.

પૂજ્ય આચાર્ય દેવેશે જણાવ્યું કે તમો માંગરોળ જઇ ગરદનનો પટો સંભાળપૂર્વક ખોલીને ખોલ્યા પછીના ગરદનના ભાગનો ફોટો પડાવીને મોકલાવો, પછી અભિપ્રાય આપી શકાય. આ પ્રમાણેનો ખુલાસો મેળવી ડેપ્યુટેશન પાછું આવ્યું.

## "હું વંથલી ગયો"

રતિલાલ શેઠ વિગેરે સાવરકુંડલા અશાડ શુદ (૨) બીજે ગયા, તે જ દિવસે હું ચાતુર્માસ માટે વંથલી ગયો, આચાર્ય મહારાજનો રિપોર્ટ મને વંથલીમાં લખી મોક-લવામાં આવ્યો.

## "વંથલી થી જુનાગઢ"

મારૂં ચાતુર્માસ વંથલીમાં હતું, પણ શારીરિક

સ્થિતિ એકદમ વધારે ખરાબ થવાથી તાત્કાલિક ભાદરવા મહિનામાં જુનાગઢ સારવાર માટે એકાએક જવું પડયું.

જુનાગઢમાં ગિરનારના મંદિરોનું જિર્ણોદ્ધારનું કામ ચાલતું હતું, તે જીર્ણોદ્ધારનો મુખ્ય મિસ્ત્રી બાલકૃષ્ણ મારી પાસે ઘણી વખત મળવા માટે આવતાં મેં તેને "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" પ્રભુની મૂર્તિના ખંડિતપણાને લગતી બધી હકીક્ત કહીને મેં પૂછયું કે તમો લેપ તથા ઓપનું કામ જાણો છો ખરા કે નહીં? ત્યારે તેણે જણાવ્યું કે અમે બધું કામ જાણીએ છીએ. ને આંહી **શ્રી નેમનાથદાદા** ને હું લેપ કરવાનો છું, બીજા લેપવાળાની માફક અમો કોઇ વસ્તુ ખાનગી રાખતા નથી, લેપનો જે જે સામાન જોઇએ, તે બધો અમો તમોને ઉતરાવીએ તે તમે માલ મંગાવી આપો. અમો તો મજુરીના હક્કદાર. આ સાંભળી મને ઘણી જ નવાઇ થઇ, કારણ કે, હું જેટલા લેપવાળાના સહવાસમાં આવ્યો હતો, ને મારી હાજરીમાં લેપ થયા હતા, તેઓ કોઈ દિવસ લેપના મસાલાની જાણ કરે નહીં, કે દેખાડે પણ નહીં. **રતિલાલ શેઠ** કાર્ય પ્રસંગે યાત્રા કરવા જુનાગઢ આવ્યા હતા, ત્યારે આ મિસ્ત્રી સાથે તેમની મુલાકાત કરાવી, પરિસ્થિતિથી જાણ કર્યા હતા. શેઠે જણાવ્યું કે આપણે તેને માંગરોળ બોલાવી અભિપ્રાય લઇશું.

## "મુખ્ય મહેતાજી સાવરકુંડલામાં"

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ મુખ્ય મહેતાજી જયંતિલાલ ને કમિટીએ પૂજ્ય આચાર્ય દેવેશ વિજયોદય સૂરીશ્વરજીની પાસે માંગરોળ પધારવા માટે વિનંતિ કરવા તથા કાર્યક્રમ વિગેરે નકકી કરવા સાવરકુંડલા મોકલ્યા.

પૂજ્ય આચાર્ય દેવેશને અમદાવાદ પ્રતિષ્ઠાના કાર્ય માટે તાત્કાલિક જવાનું હોવાથી માંગરોળ આવવાની અશક્તિ બતાવી. ને જણાવ્યું કે અમે અમારા મિસ્ત્રી **હરિલાલ** ને માંગરોળ મોકલશું, ને તેનો રિપોર્ટ અમોને મળી ગયા બાદ–તમોને વિગતવાર જવાબ લખી મોકલશું.

## "હું માંગરોળમાં સં. ૨૦૨૨ના પોષ"

માંગરોળમાં શ્રી સંઘ તરફથી અઠાઇ મહોત્સવ થવાનો છે, તો તે ઉપર પધારવા માટેનો વિનંતિ પત્ર આવવાથી તેમજ શેઠ દે[illegible]દાસ **જુઠાભાઇ** ના ધર્મ પત્ની અ. સૌ. **ગુલાબબેન** ના છમાસી તપના પારણા ઉપર પધારવાનો તેઓ તરફથી પણ પત્ર આવતાં હું માંગરોળ આવ્યો. અઠાઇ મહોત્સવ ને પારણાનું કામ સમાપ્ત થયા બાદ **રતિલાલ** શેઠને મેં ગિરનારથી બાલકૃષ્ણ મિસ્ત્રીને તેડાવવાની વાત કરી,–રતિલાલ શેઠે હા પાડી ને તેડાવવાની વ્યવસ્થા કરી.

શ્રી ગિરનારજી જીર્ણોદ્ધારના મિસ્ત્રી બાલકૃષ્ણ માંગરોળ આવ્યા. હું રતિલાલ શેઠ તથા કાર્યવાહક કમિટિએ હાજર રહી, મૂળનાયક **"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"** પ્રભુ તથા આખા મંદિરમાં બધે ફરીને બતાવ્યું, તેણે સંપૂર્ણ તપાસ કરી, દરેક પરિસ્થિતિથી માહિતગાર થઇ, વાટાઘાટો કરી, કમિટિએ ઘણા સવાલો પૂછયા. તે બધાના સંતોષકારક ખુલાસા થયા, બાદ મિસ્ત્રીએ હિંમતથી કહ્યું કે પટ્ટો ખોલવામાં કોઇ જાતનો ભય રાખવાનો નથી, **શ્રી ગુણભદ્ર વિજય મહારાજ** છે. પછી કોઇની જરૂર નથી. મિસ્ત્રી બાલકૃષ્ણ તથા રતિલાલ શેઠ જુનાગઢ ગયા, કારણ કે **શેઠ કસ્તુરભાઇ લાલભાઈ** જુનાગઢ આવવાના હોવાથી શેઠને આમંત્રણ હતું.

પૂજ્ય આચાર્ય **"શ્રી વિજયોદય સુરીશ્વરજી"** મહારાજે મોકલાવેલ મિસ્ત્રી હરિલાલ પણ પાછળથી બે દિવસે આવ્યા. તેને આખી કમિટિએ તથા મેં આખા મંદિરમાં ફેરવી બધું બતાવ્યું, પછી તેની પાસેથી લેખિત રિપોર્ટ માંગ્યો, કારણ કે આચાર્ય મહારાજને રિપોર્ટ મોકલવાનો હતો, રતિલાલ શેઠ જુનાગઢ હતા.

## "મિસ્ત્રી હરિલાલ નો રિપોર્ટ"

માંગરોળ તા. ૬–૧–૬૬" શ્રી માંગરોળ જૈન શ્વેતાંબર તપગચ્છ સંઘના ટ્રસ્ટી સાહેબો વિ. આપની સૂચનાથી મૂળનાયક ભગવંત **"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ"** ભગવાનના ગળેથી તપાસતાં

ડાબા કાનની તડથી જમણા કાનના મણી નીચે ખભા સુધી ભગવાન ખંડિત છે, અને તેને લેપથી ચોંટાડેલ છે, ગળામાં સોનાનો કંઠો (બંધ) પાછળ સુધી મસાલાથી ફીટ કરેલ છે. તેમાંથી મસાલો ગળાના ભાગમાં નીકળી ગયેલ હોઈ પોલો થવાથી તેમાં પાણી ભરાય છે.

તે કાઢીને ફરીથી સારી રીતે પટ્ટો મસાલાથી ફીટ કરવાની જરૂર છે. હાથમાં, પગમાં તથા પંજામાં ખાડા વિગેરે પડેલ છે. ત્યાં લેપ કરી બાકી શરીરના આખા ભાગને મુખાકૃતિ સહિત ઓપ કરાવવો, ગળાનો પટ્ટો સાચવીને કાઢવામાં કોઈ જાતનું જોખમ નથી. પીળા શ્રી અનંતનાથ તથા શ્રી સંભવનાથ પ્રભુને લેપ તથા ઓપ કરાવવો, શ્રી સરસ્તી માતાજીને ઓપ કરાવવો.

ભગવાન મૂળનાયકની આગળ પાટલી આરસની ચોડેલ દબાયેલ છે, તે ખોલી કાઢી લેવો.

શ્રી વાસુપૂજ્ય સ્વામીના દહેરાસરના મૂળનાયકનો ડાબો ઢીંચણ તડવાળો હોવાથી મસાલાથી લેપ કરાવી લેવો, જેથી તેના અંગમાં પાણી ભરાય નહીં, અને મજબૂતાઇ રહે. તે દહેરાસરમાં પ્રતિમાજીઓ દિવાલ સાથે ચોટાડેલ છે. તથા મૂળનાયકજીથી ઊંચા ઉપરાઉપરી બેસાડેલ છે. તે બરાબર નથી. મૂળનાયકજી ભગવાન ચલિત નથી. ફક્ત પટ્ટો

ગળાનો મસાલો નીકળી જવાથી હલે છે. તે તાકીદે ફીટ કરાવી લેવું હિતાવહ છે.

લી.

**મિસ્ત્રી હરિલાલ નરભેરામ સોમપુરા**

ઉપરના રિપોર્ટની નકલ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયોદય સૂરીશ્વરજીને મોકલવામાં આવી. પૂજ્ય આચાર્ય મહારાજ વિહારમાં હોવાથી ચાલુ વિહારે આ પત્ર તેમને રસ્તામાં **કૈદરા** ગામે મળ્યો, પૂ. આચાર્ય ભગવંતે કૃપા કરી ચાલુ વિહારમાં જ તુરતા-તુરત જવાબ મોકલ્યો. જેની નકલ નીચે પ્રમાણે છે.

**"આચાર્ય દેવેશના પત્રની નકલ"**

**સંવત ૨૦૨૨ પોષ વદ-૧૦ તા. ૧૬-૧-૬૬**

**કૈદરાથી—**

**લી. વિજયોદયસૂરી** ઉપા. **સુમિત્રવિજય ગણી, પંન્યાસ કમલ વિજય ગણી, પંન્યાસ નીતિપ્રભ વિજય ગણી વિગેરે.**

તત્ર દેવ-ગુરૂ ભક્તિકારક શ્રી માંગરોળ જૈન તપગચ્છ સંઘ, સમસ્ત, યોગ્ય, ધર્મલાભ.

પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃ સ્મરણીય, બાલબ્રહ્મચારી પૂજ્યપાદ ગુરૂ મહારાજના પુણ્ય પસાયે અત્રે સુખશાતા છે. તમારો પત્ર તા. ૧૦–૧–૬૬નો મળ્યો છે, અગાઉનો પણ મળ્યો હતો.

મિસ્ત્રી હરિલાલ આવી ગયા. અને તપાસી રિપોર્ટ આપ્યો, તેની કોપી મોકલી તે મળી.

સાવરકુંડલામાં તમોને કહેલ મુજબ જ તેમનો અભિપ્રાય આવે છે. તો અમોને પણ એમ લાગે છે કે સારા કારીગર પાસે ઉભા રહી પટ્ટો ખોલાવવો ,તથા સુંદર સારો મસાલો ભરી પાછો પટ્ટો સારી રીતે ચોડવો, **લેપ તેમજ ઓપ** પણ સારી રીતે કરાવવો. તે ઠીક લાગે છે. **બીજા પણ ભગવાનને લેપ–ઓપ કરાવવા જેવા હોય તે પણ સાથે કરાવી લેવા** ઠીક છે, વિશેષ મિસ્ત્રી અમોને રૂબરૂ મળશે, ત્યારે વાતચીત કરશું. એજ સકળ શ્રી સંઘને ધર્મલાભ, વિશેષ ઉદ્યમંત રહેો.

દઃ **નીતિપ્રભ વિજય** ના

ધર્મલાભ.

## "શ્રી સંઘની જનરલ સભા તા. ૨૭–૨–૬૬"
## સંવત ૨૦૨૨ ફાગણ શુદ ૭ ને રવિવાર

શ્રી સકળ સંઘની એક જનરલ સભા આજરોજ

બપોરના ૩–૩૦ વાગે શ્રી મોટા ઉપાશ્રયમાં **મુનિ મહારાજશ્રી ગુણભદ્રવિજયજી** ની નિશ્રામાં મળી હતી. સભાનુ પ્રમુખસ્થાન **શેઠ લક્ષ્મીકાન્ત દેવીદાસ** B.A.LL.B. એડવોકેટને આપવામાં આવ્યું હતું, જે વખતે શેઠ રતિલાલ લીલાધર, વિગેરે કમિટિના સભ્યોનો પત્ર તેમજ પરમ પૂજ્ય મહારાજ સાહેબ ગુણભદ્ર વિજયજીએ સંઘ સમક્ષ જે સૂચના રૂબરૂ કરેલ તે ઉપર ચર્ચા–વિચારણા કરતાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

## "ઠરાવ A"

A આપણા શ્રી સંઘે તા. તા. ૯–૨–૬૬ ના રોજ જે ઠરાવ કરી કમિટિ નીમી છે. તેમને તુરતના તબકકે ૨૦૦૦] બે હજાર તોલા ચાંદી વેંચી આપણા મોટા મંદિરમાં મૂળનાયક "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" સ્વામીના ગળેબંધ, ચક્ષુ, ટીકા વિગેરે જે કરવાનું જણાવે છે. તેની બધી હકીકત ધ્યાનમાં લેતાં "મોટા મંદિરમાં" "શ્રી વંડીના દહેરાસરજીએ" તથા "શ્રી ચોરવાડના દહેરાસરજી" ના ભગવાનના પ્રતિમાજીઓ, તથા યક્ષયક્ષિણી, દેવ–દેવીઓ વિગેરે જે પ્રતિમાજીઓ બિરાજમાન છે. તેમને જે મુજબ જરૂર હોય, તે મુજબ લેપ, ઓપ, નેણ, લાલી, ચક્ષુ–ટીલા વિગેરે જે સલાહ ભર્યું લાગતું હોય, તે બધું કામ પૂ.પાદ મુનિ **શ્રી ગુણભદ્ર વિજયજી** મહારાજ સાહેબની સંપૂર્ણ સાનિધ્ય સાથે ભવ્ય અને ખૂબજ સુંદર થાય એ રીતે

કરવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે. અને તેમાં પહેલે તબકકે ૨૦૦૦) બે હજાર તોલા ચાંદીના વેચાણમાંથી જે રકમ આવે તે ખર્ચવાનું છે, પરંતુ વેચાણની રકમ આવતાં સમય લાગે તો લોન તરીકે રૂપીયા ૧૫૦૦) પંદરસો બેન્કના A/c "A" માંથી A/c "B" માં ટ્રાન્સફર કરવા ટ્રસ્ટી સાહેબોને સત્તા આપે છે તે રકમ સમિતિને વાપરવા આપવી. તે ઉપરાંત સોના, ચાંદી વિગેરેના ટીલા, પંજા વિગેરે કરવા માટે જેટલી ચાંદી, સોનુ જોઈએ, તેટલું ચાંદી, સોનુ તીજોરીદારોએ કાઢી આપી આ સમિતિને સોંપી દેવા ઠરાવે છે. આ ઠરાવના ખબર ગેરહાજર રહેલા તીજોરીદારને જણાવવા, બીજું ચાંદી તોલા ૨૦૦૦) બે હજારની કિંમત આવે, તે ઉપરાંત જરૂર પડે તો ફરી શ્રી સંઘની બહાલી લેવી.

## "ઠરાવ B"

ઉપરોકત કાર્ય માટે પૂજ્ય આચાર્ય દેવ **શ્રીમદ્ વિજયોદય સૂરીશ્વરજી મહારાજ** સાહેબે જે તકલીફ લઇ આપણને જે ઉંચું માર્ગદર્શન આપ્યું છે. તે માટે આપણો શ્રી સંઘ તેઓશ્રીનો ઋણી છે. અને આ કામ સંબંધમાં આજે જે ઠરાવ કરવામાં આવ્યો છે. તેની નકલ સાથે જ્યારે-જ્યારે જરૂર પડે ત્યારે માર્ગદર્શન આપતા રહે તેવો, એક વિનંતી પત્ર લખી મોકલવા આજની સભા ઠરાવે છે.

વધુ મતે પાસ—

બે વિરૂદ્ધ
નવીનચંદ્ર અમીલાલ
પ્રાણુલાલ છોટાલાલ

ઉપરોક્ત ઠરાવ થયા બાદ– હુતાશનીના દિવસો આવતા હોવાથી ત્યાર બાદ આ માંગલિક કાર્ય કરવું, તેમ નક્કી થયું હતું.

## (૨૦૦) બસો ચોપડાઓનો ગંજાવર જથ્થો મારા ઉપાશ્રયે

દંતકથા જેવી હકીકત સંઘમાં પ્રચલિત હતી કે પ્રભુ ખંડિત છે, તે સિવાય કોઈ સત્તાવાર હકીકતો કોઈ જાણતું જ ન હતું, તેથી તે જુનું સાહિત્ય મેળવવા માટે ગામની પેઢીએથી જુનામાં જુના જેટલા ચોપડાઓ હોય તે બધા મેં મારી વંડીના દહેરાસરે મંગાવ્યા. મારા ઉપાશ્રયમાં આ ચોપડાનો મોટો જથ્થો ગોઠવાણો.

### ચોપડાઓ બે પ્રકારના હતા

(૧) એક નામા–ઠામા રોકડ મેળ–નોંધ–ખાતાવહી વિગેરે.

(૨) મિનિટ બુકો–સભામાં થયેલા ઠરાવોની નોંધ.

શ્રી સંઘ પાસે જુનામાં જુનો ચોપડો સંવત ૧૮૪૯ થી છે.

શ્રી સંઘ પાસે જુનામાં જુની મિનિટ બુક સંવત ૧૯૫૩ થી છે.

જુના વખતમાં શ્રી સંઘની પેઢી ન હતી. એટલે ચોપડાઓ અમુક પ્રતિષ્ઠિત શેઠીયા–આગેવાનો પોતે લખતા હતા, બે ત્રણ શેઠીયાઓ પાસે–નામું રહેતું હતું, ચોપડાઓ તેઓને ઘેર જ રાખવામાં આવતા. ૧૮૪૯ થી ૧૯૬૦ સુધીના દિવસોમાંના બધા ચોપડાઓ પુરેપુરા નથી, અમુક વરસની ખાતાવહી નથી, તો અમુક વરસની રોકડ મેળ નથી, અમુક વરસની નોંધ નથી, બધા ચોપડાઓ ક્રમવાર ગોઠવતા લગભગ દશ–બાર દિવસ નીકળી ગયા. ચોપડા કોઇ દિવસ કોઇએ જોયા જ ન હતા, દોઢસો વરસની ધૂળથી ભરેલા અસ્તવ્યસ્ત જેવી સ્થિતિમાં હતા.

**"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુ"** તથા **'શ્રી મુનિસુવ્રત સ્વામી"** ના મંદિર કયારે બંધાણા અથવા તેની પ્રતિષ્ઠા કયારે થઈ? તે બાબત સંવત ૧૯૬૧ નો ઠરાવ શું કહે છે?

**સંવત ૧૯૬૧–મહા વદ–૨ ને મંગળવાર**

**મિનિટ બુક પાનું ૬૧– ઠરાવ નં. ૨**

શ્રી દહેરાસરજીમાં પ્રાચીન બે ચોવીશીઓ છે. જે

બહાર પડતર પડેલી છે. તે શોધી દહેરાસરજીમાં કોઈપણ પ્રતિષ્ઠિત ભાગમાં લગાડવા માટે કમિટિને અખત્યાર આપવામાં આવે છે, તથા તે સાથે શ્રી નવપલ્લવ મહારાજ તથા શ્રી મુનિ સુવ્રત મહારાજ ના દહેરાસરની પ્રતિષ્ઠા ક્યારે થઈ વિગેરે જુના ચોપડાઓમાંથી તપાસ કરવા માટે **શેઠ છોટાલાલ પ્રેમજી** તથા **શેઠ જમનાદાસ મોરારજી** ને નિમવામાં આવે છે. તથા તેનો પત્તો મળવાથી શીલાલેખ વિગેરે તૈયાર કરી લગાડવાનો પણ તેઓ બંને જણને પરવાનગી આપવામાં આવે છે.

## લેખકની નોંધ :—

શ્રી સંઘે ઉપર પ્રમાણે ઠરાવ કરી બંને શેઠીયાઓને કાર્ય સોંપ્યું હતું. પણ તેઓએ કાંઈ પણ કાર્ય કરી શક્યાં હોય તેવું કોઈપણ સ્થળે જણાયું નથી. ચોપડાઓ ઘણા તપાસી જોયા, પણ એક અક્ષરનો નિર્દેશ ક્યાંયથી મળ્યો નહીં, મતલબમાં કામકાજના અંગે અથવા કોઈ કારણ વશાત્ શેઠીયાઓ ઉપલા ઠરાવ નં. ૨ નો અમલ કરી શક્યા નહોતા.

ત્યર પછી આજ દિવસ સુધી કોઇપણ કાર્યવાહકે આ વિગતોની તપાસ કરવા દરકાર કરી નથી.

# "સંવત ૧૯૬૪ માં પ્રભુની દૃષ્ટિ વાંકી હતી, તેનો પુરાવો"

## શ્રી સંઘની મીટીંગ

સંવત ૧૯૬૪ના જેઠ વદ સાતમ્ શનિવાર–મિનિટ બુક પાનું ૧૦૩ ઠરાવ :–

**શેઠ અમરચંદ કાનજી** ઉપર પરબારો આવેલો **ગોરજી લક્ષ્મીવિજય**નો કાગળ આવેલો તે વાંચી સંભળાવવામાં આવ્યો હતો, તે સંબંધમાં ઠરાવ કરવામાં આવે છે કે મૂળનાયક **"શ્રી નવપલ્લવ પ્રભુ"**નું મસ્તક કાંઈક દોરા ફેર વાંકુ છે, તે ફરીથી સરખું કરાવવા માટે તથા તે સંપૂર્ણ થયેથી અષ્ટોતરી સ્નાત્ર ભણાવવા માટે યોગ્ય–ટીપ થઈ, ગોઠવણ થઇ જશે, તેમ લખી જણાવવું, સાથે ચોમાસું પણ અતરે કરાવવા માટે તેઓને વિનંતિ કરવી,

## લેખકની નોંધ :—

આ ઠરાવ સ્પષ્ટ બતાવે છે કે પ્રભુનું **મોઢું દોરાફેર વાંકુ છે.** એટલે ભૂતકાળમાં કોઇક સમયે પરમાત્મા ખંડિત થયેલા ને તે વખતે સુવર્ણ ગલપટ્ટો હતો નહીં. શ્રાવકોએ પ્રભુને જોરથી અંગલુછણું કરતાં પ્રભુની ડોક દોરા ફેર વાંકી થઈ ગઇ. (લેખક આ સમયે સંસારી હતા. અને આ સભામાં તેમની હાજરી હતી.)

## 'પ્રભુજીને લેપ'

પરમાત્માનું મોઢું દોરાફેર વાંકું હોવાથી, તે સરખું કરાવવા માટે લેપ વગર તે સરખું થાય જ નહીં, તે માટે સંઘના શેઠીયા તથા ગોરજી લક્ષ્મી વિજયજી, લેપવાળા કારીગરની શોધમાં હતા. તેમજ ચોરવાડમાં પણ મૂળનાયક પ્રભુ તથા આજુબાજુના ભગવાનોને લેપ તાત્કાલિક કરાવવાની ખાસ જરૂર હતી. તે માટે શ્રી સંઘમાં નીચે મુજબ ઠરાવો થયા.

### ચોરવાડના પ્રભુને લેપનો ઠરાવ
### સંવત ૧૯૬૪ મહા વદ ૧૪ ને રવિવાર
### મિનિટ–બુક પાનું ૯૨

શ્રી ચોરવાડમાં આવેલા દહેરાસરજીમાં મૂળનાયકજી તથા પાસે આવેલા બે પ્રભુજી જીર્ણ થઈ ગયેલ છે. તેને ફરી લેપ કરાવવાની ખાસ જરૂર છે. તેવી ગોઠવણ તુરત જ કરવા મેનેજરો સાથે શેઠ છોટાલાલ પ્રેમજીને અખત્યાર આપવામાં આવે છે.

### શ્રી નવપલ્લવ પ્રભુના મંદિરમાં લેપ
### સંવત ૧૯૬૬ શ્રાવણ શુદ ૧૫ ને શનિવાર
### મિનિટ બુક પાનું ૧૪૧

આપણા મોટા દહેરાસરજીમાં પ્રતિમાજીઓને જ્યાં–

જ્યાં લેપ, ઓપ વિગેરેની જરૂર હોય તે કરાવી લેવા, મેનેજરોને પરવાનગી આપવામાં આવે છે, જેઓ શેઠ લીલાધર પ્રેમજીની સલાહ સાથે તે કામ કરશે.

## લેપના કામની શરૂઆત

ગોરજી લક્ષ્મીવિજય મારફત જાણવા મળ્યું કે પ્રભાસ પાટણમાં લેપનું જે કામ ચાલતું હતું, તે પુરૂં થવા આવ્યું છે. લેપવાળા કારીગરને આપણે બોલાવી કામ તુરત શરૂ કરવું જરૂરી છે, આ હકીકતની સંવત ૧૯૯૬ના અશાડ મહિનામાં ખબર પડી, જેથી શેઠ છોટાલાલ પ્રેમજીએ પ્રભાસ પાટણ તારથી ખબર આપી, કારીગરને તેડાવ્યો.

## ચોરવાડમાં લેપ ૧૯૯૬ અશાડ.

પર્યુષણ પર્વ નજીક આવતા હોવાથી આ કારીગરને પહેલાં ચોરવાડ કામ કરવા મોકલ્યો, અશાડ વદ ૧ થી તે આસો વદ બીજ સુધી ત્રણ મહિના ચોરવાડમાં કામ કર્યું, જેનું નામું સંવત ૧૯૯૬ અશાડ શુદ ૮ થી તે આશો વદ એકમ સુધી, રોકડ મેળ પાના ૧૪૨ થી ૧૮૫ સુધી છુટક-છુટક નામું છે.

## માંગરોળમાં લેપ ૧૯૯૬-આશો.

ચોરવાડમાં આ કારીગરે લેપનું કામ પુરૂં કરી,

આશો વદમાં માંગરોળમાં લેપનું કામ શરૂ કર્યું, લગભગ દોઢ મહિના સુધી લેપનું કામ ચાલ્યું,

## સુવર્ણ ગલપટ્ટો.

આ સમય દરમ્યાન પ્રભુને ગળાનો સુવર્ણનો ગલપટો બનાવી ચડાવવામાં આવ્યો હતો, સંવત ૧૯૬૭ના રોકડ મેળ પાના ૭ ઉપર સોનાના પટ્ટાની મજુરીના રૂપીયા આઠ લખ્યા છે.

તથા લેપમાં જોઈતા મસાલા તથા મોતીની ખાખ તથા મજુરીના પૈસા ૧૯૬૭ના રોકડમેળ પાના–૧૭ ઉપર વિગતે નામું છે. હસ્તે **શેઠ કાનજી વલભજીનું** નામ છે, તેઓ મેનેજર હતા.

## શ્રી સંઘ તરફથી કારીગરને ઈનામ.

સંવત ૧૯૬૭–કારતક શુદ ૧૨ ને રવિવાર, મિનિટ બુક પાનું ૧૪૮ :–

**શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ** પ્રભુને જે દષ્ટિ દોષ હતો, તે કારીગર **ભુદરલાલજી** એ જે બહુંજ બાહોશીથી ફરી સમાન દષ્ટિ કરી આપેલ છે. તથા બહુંજ સરસ લેપ–ઓપનું કામ કરી આપેલ છે. તેને માટે **શ્રી સંઘ** કારીગર ભુદરલાલજીને ધન્યવાદ આપે છે. અને આ બાબત જે ફતેહમંદીથી પાર પાડી છે. તે માટે **શ્રી સંઘ** પોતાનું

અહોભાગ્ય માને છે. તે સંબંધમાં કારીગરને શ્રી સંઘ ખુશી સાથે રૂપિયા ૫૧) એકાવન ભેટ આપે છે.

અભિષેકનો દિવસ નક્કી કરવા માટે તથા પૂજા ભણાવવા માટે તથા તે માટે જે ખર્ચ થાય તેની ટીપ કરવા માટે શ્રી સંઘ મેનેજરોને પરવાનગી આપે છે. જેઓ યોગ્ય ગોઠવણ કરશે.

ઉપર પ્રમાણે પ્રભુજીની ગરદન જે વાંકી હતી, તે લેપથી મજબૂત ચોંટાડી, તે ઉપર સોનાનો પટ્ટો ચડાવ્યો, ત્યાર બાદ પંચાવન વરસે પટ્ટો હલી જવાની ખબર પડવાથી પટ્ટો ખોલાવી, ફરી લેપ વિગેરે કરાવવાનું નક્કી થયું હતું.

આ કાર્ય કરવા માટે **શેઠ આણંદજી કલ્યાણજી**ની પેઢીના જુનાગઢ ગિરનારના જીર્ણોદ્ધાર ખાતાના **મિસ્ત્રી બાલકૃષ્ણ અમૃતલાલ**ને બોલાવી તેમની મારફત લેપ-ઓપ વિગેરે સર્વ કાર્ય કરાવી લેવાનું શ્રી સંઘે નિમેલી લેપ-ઓપ કમિટિએ ઠરાંવ કરી નકકી કર્યું.

## મંગલ પ્રારંભ.

## સંવત ૨૦૨૨ના ફાગણ વદ ૧૧ ને ગુરૂવારે બપોરે બે વાગે.

આ દિવસે ઉપસર્ગ નિવારણાર્થે તેમજ શાંતિથી

નિર્વિઘ્ન રીતે પટ્ટો ખોલવામાં આવે, ને પ્રભુજીની ગરદનના ભાગને જરા જેટલી પણ મુશીબત પડે નહીં, તેટલા માટે **પૂજ્ય ગુણભદ્ર વિજયજી મહારાજશ્રી** તરફથી જાહેર કરવામાં આવ્યું હતું, કે આજે બની શકે તેટલા ભાઈઓએ તથા બહેનોએ આયંબીલની તપશ્ચર્યા કરવી. ને આખો દિવસ **ઉવસગ્ગહરં** ની માળા ગણવી. તથા બપોરના બે વાગે **શ્રી** સકળ સંઘે સ્નાત્ર ભણાવાય છે, તે રંગમંડપમાં બેસી **ઉવસગ્ગહરં** ના અખંડ ચાલુ જાપ જપવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

## બપોરના બે વાગે.

બપોરના બાર વાગ્યામાં જમવા વિગેરેનું જલદી-જલદી કાર્ય પતાવી લોકો કુતુહલતાથી શું હશે? શું થશે? વિગેરે વિગેરે આશ્ચર્યજનક વિચારોથી ભરપૂર દોઢ વાગ્યામાં જનમેદની પ્રભુજીના દર્શનાર્થે આવી, માળા ગણવા બેસી ગઈ.

પૂજ્ય મહારાજશ્રી ગુણભદ્રવિજયજી, મિસ્ત્રી બાલઃ કૃષ્ણ સાથે તેના ચાર કારીગરો, શેઠ રતિલાલ લીલાધર, શેઠ દેવીદાસ જુઠાભાઈ વિગેરે ન્હાઇ, પૂજાના કપડા પહેરી, બરાબર બેમાં દશ મિનિટે પ્રભુ સન્મુખ આવી ઉભા રહ્યા.

દશાંગ ધૂપનો ધમધમાટ ભરપૂર ચાલુ હતો, ભાઈ-

બ્હેનો **ઉવસગ્ગહરં**ની માળા ગણવામાં તલ્લીન હતા, ને બરાબર બેના ટકોરે મિસ્ત્રી બાલકૃષ્ણે પટ્ટો ખોલવાનું કાર્ય શરૂ કર્યું. લગભગ પંદર–વીશ મિનિટમાં જ "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુની જયધ્વની સાથે કોઇપણ પ્રકારના લેશ માત્ર પણ વિઘ્ન વગર પટ્ટો ખોલી નાંખવામાં આવ્યો.

પટ્ટો ઢીલો હતો એટલે અંદર પાણી જતું હોવાથી અંદરનો મસાલો દુર્ગંધથી ને નિગોદથી કચકચી ગયેલો, સડેલો નીકળ્યો, પછી પ્રભુજીના પગના **પંજા, ભાલપટી વિગેરે બધું ખોલ્યું,** બધું દૃશ્ય એટલે પટો, ભાલપટી તથા ચરણના પંજા વિગેરે કેટલા બધા દુર્ગંધથી ભરેલા હતા. તે સંઘ સમક્ષ બધાને બતાવ્યું.

ગરદનમાંથી મસાલો નીકળી ગયા બાદ પખાલ કરીને સ્વચ્છ કરતાં **જમણા કાનથી ડાબા કાન સુધીની તુટેલી ગરદનની ચોખ્ખી તડ આખા શ્રી સંઘના જોવામાં આવી.** જેનો ફોટો આ સાથે છે.

સંવત ૧૯૬૭ની સાલમાં કારીગર ભુદરલાલજીએ જે લેપ કરેલ તે વજ્રલેપ જેવો મજબૂત હોવાથી ગરદન હલવાની જરાપણ શંકા ઉત્પન્ન થઈ ન હતી.

ત્યારબાદ પ્રભુજીની પલાંઠી આગળ જે એક આરસ ખોટો ચોટાડેલો હતો, તે ખોલવામાં આવ્યો, ને ત્યાંથી કાઢી નાંખી બહાર લાવ્યા. આ આરસનું વજન લગભગ

બે મણ જેટલું હતું, સેંકડો વરસથી આ આરસ ઉંધો દટાયેલો હતો, એટલે નીચે શું હશે, તેની કોને ખબર હોય, બહાર લાવીને સાફસુફ કરતાં તે પત્થર પરિકરનો નીકળ્યો. ને તેમાં સં. ૧૨૬૩ **પ્રતિષ્ઠા કરીતાં** લખેલું નીકળ્યું. **લેપ–ઓપ કમિટિએ ઠરાવ કર્યો હતો કે જ્યાં–જ્યાં આખા લેપની જરૂર હોય ત્યાં આખો લેપ કરવો.** જ્યાં થોડા લેપની જરૂર હોય ત્યાં તે પ્રમાણે લેપ કરાવવો, બાકી બધા ભગવાનોને ઓપ તો કરાવવો, ચાંદલા બધા નવા કરાવવા. ચક્ષુ, ટીલા, ભાલપટી, શ્રીવત્સ, દુગદુગી, બધું નવું બનાવવું ને સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરવો.

બીજા દિવસથી લેપ–ઓપનું કામ શરૂ થયું, બધા ભગવાનોના ચાંદલા, ભાલપટી, ટીલા, શ્રીવત્સ, દુગદુગી, ચરણના પંજા બધું કાઢી નાંખવામાં આવ્યા.

ચરણના પંજાઓ **ફર્મા કે બ્લોક બનાવીને** બનાવ્યા ન હતા, એટલે પંજાઓ મસાલાથી ને રાળથી ભરી જેમ તેમ બેડોળ બેસાડેલા હતા, એટલે તેમાં અંદરના ભાગમાં પાણી રોજ જતું ને અંદર મસાલામાં સડો થતો, જેથી ચરણના પંજા કાઢતા, ચરણવાળા બધા ભગવાનોના અંગુઠાઓ ને આંગળાં ખવાઇ ગયેલા ને સદંતર જીર્ણ નીકળ્યા. એટલે ચરણના પંજાવાળા બધા ભગવાનોના પગના અંગુઠા ને આંગળાં લેપથી સરખા

કરવામાં આવ્યા. ને નક્કી કરવામાં આવ્યું કે હવેથી ચરણના પંજા નાના પ્રભુજીના બનાવવા નહીં. કે જેથી અસાધારણ મહાન્ દોષમાંથી ઉગરી શકીએ, એટલે કોઇપણ નાના પ્રભુજીના ચરણના પંજા બનાવ્યા નથી, ચરણોમાં ચાંદલા લગાડવામાં આવ્યા છે,

ફક્ત "**શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ**" ના હાથમાં પંજાની એક આંગળી ખંડિત હતી, તથા પગના અંગુઠા ખંડિત થઇ ગયા હતા, તેને લેપથી નવા કરી, પ્રભુના હાથના તથા પગના પંજાના ફર્મા બનાવી, ને હાથમાં તથા પગમાં સોનાના પંજા બનાવી બરાબર ફીટ કરવાના છે, જેથી અંદર પાણી જવાનો ભય રહે નહીં.

## લેપ-ઓપને કેટલો સમય લાગે.

મોટા ભગવાનને આખો લેપ કરવો હોય તો મહિનો આસપાસ થાય, તે પ્રમાણે થોડા લેપમાં અમુક દિવસો થાય.

ઓપ કરતાં મોટા ભગવાનને ત્રણ દિવસ થાય, ને નાના ભગવાનને દોઢ દિવસ થાય.

લેપનો મસાલો સંઘે મંગાવ્યો હતો, ને પૂજ્ય મુનિ મહારાજ ગુણભદ્રવિજયજીની દેખરેખ નીચે મસાલો તૈયાર થયો હતો.

**શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ** પ્રભુને ગરદનની આખી તડના ભાગમાં, તથા જમણા કાનના છેડે, મણીબંધને, ડાબા આખા કાનને, હાથના આંગળાને, હથેળીને, તથા પગના આંગળાંને, ને શરીરના અમુક ભાગોમાં ઝીણા-ઝીણા છિદ્રોને લેપ કરવામાં આવ્યાં હતો, અમુક સમયે લેપ સુકાઇ ગયા બાદ આખા શરીરે ઓપ કરવામાં આવ્યો હતો.

**'શ્રી મહાવીર સ્વામી' 'શ્રી અનંતનાથ' 'શ્રી મલ્લીનાથ' 'શ્રી સંભવનાથ'** તથા ઉભેલા **ધરણેન્દ્રને માથે પાર્શ્વનાથ** પ્રભુને આ બધાને આખો લેપ કરવામાં આવ્યો છે. બાકી બધા ભગવાનોને સામાન્ય આંગળાંઓમાં તથા બીજે સ્થળે અમુક ભાગમાં લેપ કર્યા પછી સંપૂર્ણ ઓપ કરવામાં આવ્યો છે. શ્રી પદ્માવતી દેવી નં. ૧ ગોખલામાં તથા શ્રી પદ્માવતી દેવી નં. ૨ પ્રભુજીની નીચે તથા ઈશાન ખૂણામાં શ્રી સરસ્વતી માતાને ઓપ કરવામાં આવ્યો છે.

એક સરખી ડીઝાઈનના નવા ચાંદલા, પદ્ધતિસર-માપસર બધા ભગવાનોને લગાડેલા છે. તેજ પ્રમાણે નવા ચક્ષુઓ, નવા શ્રીવત્સ, નવી દુગદુગીઓ, તથા ભાલપટીઓ વિગેરે બધું નવું માપસર લગાડેલ છે. બધા ભગવાનની આંખની ભમરો, તથા મુખની લાલી પણ નવી બનાવેલ છે.

# શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં હાલ કેટલા–પાષાણુના તથા ધાતુના પ્રતિમાજીઓ છે.

## આરસના પ્રતિમાજીઓ.

(૧) શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ.

પ્રભુની જમણી બાજુ

(૨) શ્રી શાંતિનાથ
(૩) શ્રી સુવિધિનાથ
(૪) શ્રી અનંતનાથ
(૫) શ્રી શીતલનાથ
(૬) શ્રી મહાવીર સ્વામી
(૭) શ્રી ધર્મનાથ
શ્રી ગૌતમ સ્વામી

પ્રભુની ડાબી બાજુ.

(૮) શ્રી ઋષભદેવ
(૯) શ્રી અજિતનાથ
(૧૦) શ્રી પદ્મપ્રભુ
(૧૧) શ્રી મહાવીર સ્વામી
(૧૨) શ્રી મલ્લિનાથ
(૧૩) શ્રી અજિતનાથ
(૧૪) શ્રી સંભવનાથ
(૧૫) શ્રી ગોડી પાર્શ્વનાથ
(૧૬) શ્રી સુમતિનાથ
( પંચતીર્થી )
(૧૭) શ્રી ચંદ્રપ્રભુ
(પરિકર સહિત)
(૧૮) શ્રી ઋષભદેવ
(પરિકર સહિત)
શ્રી પાર્શ્વનાથ
(ઉભા ધરણેન્દ્ર દેવના મસ્તક ઉપર)

પ્રભુની ડાબી બાજુ

(૧) શ્રી પદ્માવતી દેવી
(ગોખલામાં)
(૨) શ્રી પદ્માવતી દેવી
(પ્રભુની નીચે)
(૩) શ્રી સરસ્વતી દેવી
(ઇશાન ખૂણામાં)

## ચાંદીના પ્રતિમાજીઓ.

૧ ચાંદીના ચોવીશી, સંવત ૨૦૦૫ શેઠ પ્રેમજી અભેચંદ તરફથી

૧ ચાંદીનું સમવસરણ સં. ૨૦૦૦ ફાગણ શુદ ૪ રવિવાર શેઠ લીલાધર પ્રેમજી તરફથી

૧ ચાંદીના પાર્શ્વનાથ સં. ૨૦૦૦ ફાગણ શુદ ૪ રવિવાર શેઠ છગનલાલ સવચંદ તરફથી.

૨૧ ચાંદીના સિદ્ધચક્રજી.

૩ ચાંદીના અષ્ટમંગલની પાટલીઓ.

૧ ચાંદીનો સાથીઓ.

## પિત્તળના પ્રતિમાજીઓ.

૧ પાર્શ્વનાથ મોટા (૧૮૩૧) ૨ ચોવીશી, ૯ પંચતીર્થી (આ બધા ૧૫૦૦ થી ૧૬૫૦ ની સાલ વચ્ચેના સમયના છે.)

૧ શ્રી મુનિ સુવ્રત સ્વામી સં. ૨૦૦૪ વૈશાખ વદ ૫ શુક્રવાર નંદનમણીબેન જગમોહનદાસ જેઠાભાઇ તરફથી.

૨ શ્રી નમિનાથ સં. ૨૦૦૪ વૈ. વદ ૫ શુક્રવાર શેઠ કેશવલાલ લીલાધર તથા ધર્મપત્ની

કમળાકુંવરબેન તરફથી.

(૩) શ્રી શ્રેયાંસનાથ, સં. ૨૦૦૪ વૈ. વદ ૫ શુક્રવાર શેઠ લલ્લુભાઇ લીલાધર તથા ધર્મપત્ની લલિતાબેન તરફથી.

(૪) શ્રી મહાવીર સ્વામી, સં. ૨૦૧૫ વૈ વદ ૬ શેઠ મોહનલાલ વછ્છાલાલ તથા ધર્મપત્ની ધનકુંવરબેન તરફથી.

(૫) શ્રી સંભવનાથ સં. ૨૦૧૫ વૈશાખ વદ ૬ શેઠ ન્યાલચંદ લીલાધર તથા ધર્મપત્ની દીવાળીબેન તરફથી.

(૬) શ્રી પાર્શ્વનાથ સં. ૨૦૧૫ વૈશાખ વદ ૬ શેઠ ન્યાલચંદ લીલાધર તથા ધર્મપત્ની દીવાળીબેન તરફથી.

(૭) શ્રી ઋષભદેવ સં. ૨૦૧૫ વૈશાખ વદ ૬ શેઠ નંદલાલ વાસણજી હઃ શેઠ તારાચંદ ખીમજી તરફથી.

(૮) શ્રી શાંતિનાથ સં. ૨૦૧૫ વૈ. વદ ૬ બેન રેવાકુંવર હઃ શેઠ તારાચંદ ખીમજી તરફથી.

૧ નાણુના ચૌમુખજી ભગવાન.

ઉપર પ્રમાણે શ્રી નવપલ્લવ પ્રભુજીના મંદિરમાં પ્રભુજીની પ્રતિમાઓ તથા દેવ-દેવીઓ બિરાજમાન છે.

## "સુવર્ણ કંઠાભૂષણ"

જે જૂનો સુવર્ણ ગલપટો ૧૩ (તેર તોલાનો) હતો, તે રાખીને નવો આકર્ષક, નવી ડીઝાઇનનો બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું, નવો ગલપટ્ટો લગભગ (૨૦) વીશ તોલાના સોનાનો બનાવવામાં આવ્યો છે, જે સુવર્ણ ગલપટ્ટો નવો બનાવવામાં આવ્યો છે. તેમાં નીચે પ્રમાણે સોનું ભેટ મળ્યું હતું.

૧ તોલો સોનું- એક ગૃહસ્થ તરફથી હઃ ગુણભદ્ર વિજયજી મહારાજના ઉપદેશથી.

૧ તોલો સોનું- શેઠ માધવલાલ ત્રિભોવનદાસ. તરફથી

૧ તોલો સોનું-શેઠ વરજીવનદાસ ભગવાનદાસ તાલાલાવાળા તરફથી.

બાકીનું સોનું પેઢીમાંથી ઉમેરી કુલ સોનું (૨૦) વીશ તોલાનો નવો થયો હતો,

શ્રી નવપલ્લવ પ્રભુના મંદિરમાં લેપ તથા ઓપનું કામ સંપૂર્ણ થઇ ગયું હતું, ત્રણ-ત્રણ મહિના થયા પ્રભુની પૂજા કર્યા વિના તલસી રહેલા ભવ્યાત્માઓ રોજ-રોજ

અઢાર અભિષેક ક્યારે થશે? તેમ પૂછી-પૂછીને મૂંઝવતા હતા. પણ નવો સુવર્ણનો ગલપટો, મસાલાથી ભરી બરાબર મજબૂત બેસાડવામાં આવે ને મસાલો પાંચ-સાત દિવસમાં સુકાઈ જાય તે પછી અઢાર અભિષેક કરાવવાના હતા.

## પ્રભુના કંઠે નવો સુવર્ણપટો.

## સંવત ૨૦૨૨૨ના જેઠ સુદ ૧૩ ને બુધવાર

આ દિવસે પ્રભુને કંઠે નવો સુવર્ણપટો ચડાવવાનો છે. તેની જાહેરાત નોટિશ બોર્ડ ઉપર બે દિવસ અગાઉથી લખવામાં આવી હતી. એટલે આજે જનસમૂહે ઉમંગભેર નવ વાગ્યામાં મંદિરે આવવાની શરૂઆત કરી હતી. સમય થતાં ઘીની બોલી બોલાવવાનું મંગલાચરણ થયું, અને જોતજોતામાં (૧૦૨) એકસો બે મણ ઘીમાં મુંબઈવાળા **શેઠ નવીનચંદ્ર સવચંદને** આદેશ આપવામાં આવ્યો, બરાબર અગ્યાર વાગે આ સુવર્ણપટો **"શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુ"** ની જયના મધુર ધ્વનિથી ગુંજારવ કરી રહેલી મેદનીની હાજરીમાં પ્રભુના કંઠે નવો સુવર્ણ ગલપટો પંચાવન વર્ષ બાદ ફરી મજબૂત કરી ચડાવવામાં આવ્યો, પ્રભુની ભવ્ય દેદીપ્યમાન આકૃતિ ઝળહળી ઉઠી.

## 'શ્રી નવપલ્લવ પ્રભુના મંદિરમાં'

## બૃહદ્ અઢાર અભિષેક

## સંવત ૨૦૨૨ના જેઠ વદ (૫) પાંચમ ને બુધવાર

અભિષેક માટે આખો શ્રી સંઘ થનગની રહ્યો હતો, કે ક્યારે ? અભિષેક થાય ને આપણે લાભ લઇએ, ઉપર દર્શાવેલા મહામંગલકારી દિવસની ચાર પાંચ દિવસ અગાઉથી જ જાહેરાત થઇ ગઇ હતી. એટલે આંખના પલકારાની માફક દિવસ નજીક આવી ગયો.

ઉપર દર્શાવેલા મહામંગલકારી દિવસે બપોરના એક વાગ્યાથી માનવ સમુદાય હર્ષોલ્લાસથી ઝડપભેર આવી ગયો હતો, કોઇ મોટો ઉત્સવ હોય તેમ જણાતું હતું. બે સોનાના કળશ, સોનાની થાળી, સોનાની વાટકી, ચાંદીના અષ્ટમંગળના બે કળશ, ૧૦૮ નાળચાનો ચાંદીનો મોટો કળશ, અને બીજા ચાંદીના કળશ વિગેરે ઘણા પ્રકારની ઘીની બોલી બોલાણી હતી. ઘીની ઉપજ કુલ (૩૦૦) ત્રણુસો મણુની થઈ હતી, કોઈપણુ જાતના લેશમાત્ર વિઘ્ન વગર ઘણા જ ઉલ્લાસપૂર્વક શાંતિથી આનંદદાયક રીતે વિધિ પૂર્ણ થતાં, આનંદપૂર્વક સૌ વિદાય થયા હતા.

## આભૂષણોની ભેટ.

શ્રી નવપલ્લવ પ્રભુને, શ્રી ઋષભદેવ પ્રભુને, શ્રી

શાંતિનાથ પ્રભુને આ ત્રણે ભગવાનોને સોનાથી રેસેલી આંગીઓ, સોનાના મુગટ, પાખર તથા મૂળનાયકની પછવાડેની પીછવાઇ સ્વ. શેઠ પ્રેમજી અભેચંદના પુણ્યાર્થે રૂા. ૧૩૦૦૦) તેર હજાર ખર્ચી તેમના પત્ની ચાંપાબેને કરાવી આપેલ છે. સ્નાત્રના ચાંદીના ત્રણ બાજોઠ પણ તેમણે કરાવી આપેલ છે.

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુની આગળ ચાંદીનો માંડવો શેઠ ભગવાનદાસ જેઠાભાઇ તરફથી તેમના સ્વ. પત્ની કમળાવંતીબેનના પુન્યાર્થે કરાવી આપેલ છે.

## મોટા ચૌમુખજી.

**શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુના મંદિરના પ્રવેશના મોટા** ગભારામાં પ્રવેશ કરતાં, જમણા હાથ તરફથી ઉપર જવાનો રસ્તો છે, જ્યાં પત્થરના પગથીયાની સીડી છે, સીડી ચડયા બાદ ડાબા હાથના દ્વારમાં પ્રવેશતાં મોટા ચૌમુખજી આવે છે.

આ ચૌમુખજીની અમદાવાદના પ્રખ્યાત શ્રેષ્ઠિ કુટુંબ **શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ** તરફથી પ્રતિષ્ઠા થયેલી છે, જેના શીલા લેખો પ્રભુની પલાઠી નીચે કોતરેલ છે, (૧) મૂળનાયક **શ્રી આદિનાથ, (૨) શ્રી વિમળનાથ, (૩) શ્રી ધર્મનાથ, (૪) શ્રી મહાવીર સ્વામી.**

## (૧) શ્રી આદિનાથની નીચેનો લેખ.

સંવત ૧૯૨૧ ના વર્ષે શાકે ૧૭૮૬ પ્રવર્તમાને શુભકારી માઘ માસે સુદી સપ્તમી તીથૌ ગુરૂવાસરે **શ્રી** રાજનગર નિવાસી ઓસવાલ જ્ઞાતિ વૃદ્ધ શાખાયાં **શ્રેષ્ઠિ વખતચંદ**, તત્સુત ભાઈ **હેમાભાઈ**, તત્સુત ભાઈ **પ્રેમાભાઇ** શ્રેયાર્થે **શ્રી આદિનાથ** જિનબિંબ કરાવિતામ્ **શ્રી** સાગર-ગચ્છે ભટ્ટારક **શ્રી શાંતિસાગર** સૂરિ પ્રતિષ્ઠિતં.

## (૨) શ્રી વિમળનાથ.

સંવત ૧૯૨૧ ના વર્ષે શાકે ૧૭૮૬ પ્રવર્તમાને શુભકારી માઘ માસે સુદિ સપ્તમી તીથૌ ગુરૂવાસરે શ્રી રાજનગર નિવાસી ઓસવાલ જ્ઞાતિય વૃદ્ધ શાખાયાં **શ્રેષ્ઠિ શાંતિદાસ**, તત્સુત **ન્યાલચંદ**, તત્સુત **ખુશાલચંદ**, તત્સુત **વખતચંદ**, તત્સુત **હેમાભાઈ**, શ્રેયાર્થે **શ્રી વિમળનાથ** જિનબિંબ કરાવિતાં સાગરગચ્છે ભટ્ટાકર **શ્રી શાંતિસાગર** સૂરિ પ્રતિષ્ઠિતમ્.

## (૩) શ્રી ધર્મનાથ.

સંવત ૧૯૨૧ ના વર્ષે શાકે ૧૭૮૬ પ્રવર્તમાને શુભકારી માઘ માસે સુદી સપ્તમી તીથૌ ગુરૂવાસરે રાજનગર નિવાસી ઓસવાલ જ્ઞાતિય વૃદ્ધ શાખાયાં શ્રેષ્ઠિ **ખુશાલચંદ**, તત્સુત **વખતચંદ**, તત્સુત **હેમાભાઇ**,

તત્સુત **પ્રેમાભાઇ.** તત્સુત **મયાભાઈ,** શ્રેયાર્થે **શ્રી ધર્મનાથ** જિનબિંબ કરાવિતામ્ શ્રી તપાગચ્છે ભટ્ટારક **શ્રી શાંતિસાગર** સૂરિ પ્રતિષ્ઠિતમ્.

## (૪) શ્રી મહાવીર સ્વામી.

સંવત ૧૯૨૧ ના વર્ષે શાકે ૧૭૮૬ પ્રવર્તમાને શુભકારી માઘ માસે સુદી સપ્તમી તીથૌ ગુરૂવાસરે રાજનગરે ઓસવાલ જ્ઞાતિય વૃદ્ધ શાખાયાં **શેઠ વખતચંદ, શેઠ હેમાભાઇ,** તત્સુત **શેઠ પ્રેમાભાઇ,** શ્રેયાર્થે **શ્રી મહાવીર સ્વામી** જિનબિંબ કરાવિતામ્ શ્રી સાગર ગચ્છે **શ્રી શાંતિસાગર** સૂરિ પ્રતિષ્ઠિતમ્.

ઉપરના ચાર પ્રતિમાજી **શ્રી આદિનાથ, પ્રેમાભાઇ, શ્રી વિમળનાથ, હેમાભાઈ, શ્રી ધર્મનાથ; મયાભાઇ ને શ્રી મહાવીર સ્વામી, પ્રેમાભાઈ** આ ચાર નામથી પ્રતિષ્ઠિત થયેલ છે, એટલે આ ચૌમુખજીની અમદાવાદના નગરશેઠ તરફથી પ્રતિષ્ઠા થયેલી છે.

મોટા ચૌમુખજી પ્રભુજીના પગના પંજા ચાંદીના હતા, તે કાઢતાં અંગુઠા તથા પગનો અમુક ભાગ ખવાઈ ગયેલો હોવાથી તે બધા ભગવાનોના પગના આંગળાઓને લેપ કરવામાં આવ્યો હતો. તથા પુરેપુરો ઓપ બધા ભગવાનોને કરાવવામાં આવ્યો હતો. ચક્ષુ, ટીલા, ચાંદલા વિગેરે બધું નવું કરાવવામાં આવ્યું હતું. સં. ૨૦૨૨ ના જેઠ વદ

સાતમને શુક્રવારે અઢારે અભિષેક પૂજ્ય મહારાજ શ્રી **ગુણભદ્રવિજયજી** એ કરાવ્યા હતા. ઘીની ઉપજ આશરે વીશ મણની થઈ હતી.

## સ્વ. શેઠ સુંદરજી દેવચંદવાળા ચૌમુખજી.

પત્થરની સીડી ચડી જતાં જમણા હાથના દ્વારમાં પ્રવેશતા સ્વ. શેઠ સુંદરજી દેવચંદે પ્રતિષ્ઠિત કરેલા ચૌમુખજી બિરાજમાન છે. તેમાં મૂળનાયક (૧) **શ્રી સંભવનાથ** ભગવાન, (૨) **શ્રી ચંદ્રપ્રભુ** ભગવાન, (૩) **શ્રી ઋષભદેવ** ભગવાન, (૪) **શ્રી મુનિસુવ્રત સ્વામી.** આ ચારે પ્રભુજીઓને સંવત ૧૯૬૯ અશાડ શુદ (૬) છઠ્ઠ ને બુધવારે સ્વ. પૂજ્યપાદ મુનિ મહારાજશ્રી **ચારિત્ર-વિજયજી** ના શુભ હસ્તે **શેઠ સુંદરજી દેવચંદે**, પોતે તથા **શેઠ હરજીવન મોતીચંદ** વિગેરે કુટુંબીજનોએ અઠ્ઠાઇ મહોત્સવપૂર્વક ધામધૂમથી પ્રતિષ્ઠા કરી હતી.

આ ચૌમુખજી વાળી જગ્યા મૂળ અગાસી હતી. તે જગ્યા શ્રી સંઘે ચૌમુખજી બનાવવા માટે **શેઠ સુંદરજી દેવચંદ** ને અર્પણ કરેલી હતી. તે અગાસીમાં પોતાના ખરચે મંદિરનું દરેક કામ કરાવી ઉપરાંત શ્રી સંઘને નકરાના રૂા. ૧૨૫૧) બારસો એકાવન આપી અર્પણ કર્યું હતું.

## શિલાલેખ.

આ દહેરાસરજી સોરઠ દેશમાં માંગરોળ નગરમાં તપાગચ્છ સંઘે અર્પણ કરેલી અગાસીની જગ્યા ઉપર માંગરોળના રહીશ **શેઠ દેવચંદ જેરામ** ના પુત્ર **શેઠ સુંદરજી દેવચંદ** તથા પ્રપૌત્ર **શેઠ હરજીવનદાસ મોતીચંદ** પોતાના તથા પોતાના વડીલોના અને કુટુંબના કલ્યાણ અર્થે પોતાના દ્રવ્યે બંધાવી ચૌમુખજીની પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૯૬૯ના અશાડ શુદ ૬ ને બુધવારે પ્રસિદ્ધ વક્તા મુનિ **મહારાજ શ્રી ચારિત્રવિજયજી** પાસે કરાવીને શ્રી સંઘને અર્પણ કરેલ છે.

આ ચૌમુખજીને પણ જરૂર હતી ત્યાં સામાન્ય લેપ બાકી સંપૂર્ણ ઓપ બધા ભગવાનોને કરાવવામાં આવ્યો હતો. તેમજ ચક્ષુ, ટીલા, ચાંદલા વિગેરે બધું નવું કરાવવામાં આવ્યું હતું.

જેઠ વદ સાતમને શુક્રવારે ધામધૂમપૂર્વક અઢાર અભિષેક પૂ. મહારાજશ્રી **ગુણભદ્રવિજયજી** એ કરાવ્યા હતા. ઘીની ઉપજ આશરે વીશ મણ થઇ હતી.

( લેખક :– મુનિ મહારાજ **શ્રી ગુણભદ્રવિજયજી** ઉપર દર્શાવેલ કુટુંબની દીકરીના દીકરા થાય છે, **શેઠ હરજીવનદાસ મોતીચંદ** મહારાજશ્રીના સગા મામા થાય છે. )

શ્રી

# સરસ્વતી દેવીની મૂર્તિ



શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં
ઈશાન ખુણામાં પ્રતિષ્ઠિત છે.

મૂળનાયક શ્રી

મુનિ સુવ્રત સ્વામી



સંવત ૧૮૫૭ વૈશાખ સુદ ૧૦

સ્વ. શેઠ ધરમસી હેમચંદે પ્રતિષ્ઠા કરી હતી

## 'શેઠ વૃજલાલ સુંદરજી'

**સ્વ. શેઠ સુંદરજી દેવચંદ** ના પુત્ર **શેઠ વૃજલાલ સુંદરજી** જેઓ માંગરોળમાં સ્થાયી હતા ત્યાં સુધી **શ્રી** સંઘની કમિટિઓમાં તથા **શ્રી** સંઘના દરેક કાર્યોમાં ઉત્સાહપૂર્વક સેવા આપી હતી. હાલમાં મુંબઇના પરા શીવમાં રહે છે. શીવની અંદર જૈન ભાઇઓ તરફથી એક ભવ્ય, વિશાળ પાંચ-સાત લાખ રૂપિયાના ખર્ચે શિખરબંધી દહેરાસર બંધાય છે. તેની અંદર શેઠ વૃજલાલ સુંદરજી પોતાની તન, મનથી સેવા આપી રહ્યા છે. તેઓ જ્ઞાની, ધર્મી, ક્રિયાપાત્ર, બાહોશ, અનુભવી, બુદ્ધિશાળી અને પ્રતિભાસંપન્ન વ્યક્તિ છે.

## 'શ્રી મુનિસુવ્રત સ્વામી'

શ્રી મુનિસુવ્રત સ્વામી પ્રભુનું મંદિર પણ **શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ** પ્રભુની પછી થોડા જ સમયમાં તે બંધાયેલું હોવું જોઇએ. તે મંદિરમાં **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ** પ્રભુ સંવત ૧૪૬૫ માં પ્રતિષ્ઠિત થયેલા છે. તથા મંદિરમાં ઉત્તર દિશાની દક્ષિણ દિશાની દિવાલોમાં પાષાણની જે બે ચોવીશીઓ છે તેમાં પણ સં. ૧૪૬૫ ની

સાલની પ્રતિષ્ઠાનો લેખ છે, શ્રી મુનિ સુવ્રત સ્વામી વિગેરે પંદર પ્રભુજી પરોણા તરીકે હોવા જોઈએ. તેમ ચોપડા ઉપરથી પુરવાર થાય છે. કારણ કે સંવત ૧૮૫૬ ના ભાદરવા શુદ (૮) આઠમનો "શ્રી મુનિસુવ્રત સ્વામીના" મંદિરનો પ્રતિમાજીઓની નોંધ નીચે પ્રમાણે છે :-

## "નોંધ" સંવત ૧૮૫૬ ભાદરવા શુદ આઠમ.

શ્રી સંઘની સંવત ૧૮૪૯ થી ૧૮૭૯ સુધીની ખાતાવહીના છેલ્લા પાનાથી આગળના પાંચ-સાત પાના ઉપર નીચે પ્રમાણે નોંધ છે.

**ધાતુની પરતમાં**

૪ ધાતુની ચોવીશી,
૨ મોટી, ૨ નાની.

૧૨ ધાતુની પંચતીર્થી,

૮ પરતમાં સિધ્ધચક્રની.

**આરસની**

૧૫ પરતમાં આરસની નંગ
૧૫ વિગત છે.

૧ મૂળનાયકને શ્રીવત્સ તથા હેમનું ટીલું.

૨ પરતમાં તેને શ્રીવત્સ તથા ચક્ષુ.

૧ પરતમાં ચક્ષુ, હેમનું ટીલું, શ્રીવત્સ.

૧ પરતમાં ચક્ષુ, શ્રીવત્સ.

૧ પરતમાં ચક્ષુ, તથા રૂપાનું ટીલું.

૮ પરતમાં ચક્ષુ, તથા શ્રીવત્સ.

૧ પરતમાં ચક્ષુ, તથા શ્રીવત્સ.

---

૧૫

૨ ચોવીશી આરસની ૨૪ પ્રતિમાજી છે

ઉપર પ્રમાણે નોંધ ૧૮૪૯ની સાલના ચોપડામાં છે. તે પ્રમાણે હાલ પ્રતિમાજીઓ છે. વધારામાં **વિજય શેઠ** તથા **વિજયા શેઠાણી** ભીંતમાં પ્રતિષ્ઠિત છે. તે ક્યારે પ્રતિષ્ઠિત થયા તે મળતું નથી.

## "શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા કયારે થઈ?"

## સંવત ૧૮૫૭ થી ૧૮૬૬ ની નોંધના ચોપડામાં શું જણાવ્યું છે?

સંવત ૧૮૫૭થી ૧૮૬૬ના નોંધના ચોપડાના પાના **૨૬ થી** ૩૪ સુધી સંવત ૧૮૫૮ ચૈત્ર સુદ (૨) બીજને વાર શુક્રવારે નામું માંડેલ છે. જેમાં જમા બાજુ ૧૩૩૯)– પરદશટાની ઉપજ (પ્રતિષ્ઠાની ઉપજ) બાબત વૈશાખ શુદ ૧૦ નવા દહેરાસરમાં પરમેશ્વર બેઠા તેનું વધાવું તથા ઘરતની ઉપજ–જ્યારે ખાતે રૂા. ૨૯૭)= બાબત રૂા. ૨૭૨)= **શેઠ હેમચંદ અદેકરણ** હાઃ **શેઠ ધરમશી હેમચંદે** પરદશટા (પ્રતિષ્ઠા) કરી, તથા તેમના ભાઈ **હરખચંદે** ધજા ચડાવી, પેલી પખાલ કરી, વિગેરેના ઘીના ખાતે માંડેલા છે. આ ચોપડો સ્પષ્ટ પુરવાર કરે છે કે **શ્રી મુનિસુવ્રત સ્વામી** પ્રભુની પ્રતિષ્ઠા **શેઠ ધરમશી હેમચંદે** તથા તેના કુટુંબીજનોએ સંવત ૧૮૫૭ના વૈશાખ શુદ ૧૦ મે કરી હતી.

વળી સં. ૧૮૪૯થી ૧૮૭૯ની ખાતાવહીના પાના ૩૬ માં **શેઠ ધરમશી હેમચંદનું** ખાતું છે. તેમાં રૂપિયા ૪૧૧૪) એકતાલીશસો ચૌદ જમા છે, ત્યારે ખાતેની જે રકમો છે, તે વરસના રોકડ મેળમાં જોતાં મંદિરના બાંધકામ ખાતામાં ખરચાયેલી છે. એટલે આ મંદિરનો તેઓ તરફથી જીર્ણોધ્ધાર થયો હોવો જોઇએ. તેમ માનવાને કારણ મળે છે.

## " વિશેષ પુરાવો "

શ્રી માંગરોળ જૈન જ્ઞાનોત્તેજક સભાના જ્ઞાન ભંડારમાં લગભગ (૨૨૫) સવા બસો હસ્ત લિખિત પ્રતો છે, તે પ્રતોને મેં થોડા વર્ષ પહેલાં અહીંના વંડીના દહેરાસરના મારા ઉપાશ્રયે મંગાવી, તડકા દઇ, વિગતવાર સંપૂર્ણ નવું લીસ્ટ બનાવ્યું હતું. તે સમયે તે પ્રતો ક્રમવાર જોતાં–જોતાં પ્રત નં. ૧૭૬ હું તપાસતો હતો, ને વાંચતો હતો, ત્યારે **મોતીચંદ** નામના એક શ્રાવકે "શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ" નું, શ્રી મુનિસુવ્રત સ્વામીનું, "શ્રી ચંદ્રપ્રભુનુ" "શ્રી વાસુ પૂજ્યનુ" પોતાના બનાવેલા ચાર સ્તવનો હાથના લખેલા તેમાં હતા. તેમાં શ્રી મુનિસુવ્રત સ્વામીના સ્તવનમાં **શેઠ ધરમશી હેમચંદે** મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે, તે સ્તવન નીચે આપવામાં આવે છે.

### "શ્રી મુનિસુવ્રત સ્વામી સ્તવન"

( સનેહિ સંત એ ગિરિ સેવો....એ રાગ )

સનેહિ સંત મુનિસુવ્રત જિન સેવો,
તીહું લોકમાં દેવ ન એહવો....સનેહિ

વીશમા તીર્થંકર જાણું,
અંજન વર્ણે તે વખાણું,

ગુણ બાર તો તેહના વખાણું,
શુધ્ધ શ્રધ્ધાથી મનમાંહે જાણું....સનેહિ

બાર અતિશય મૂલથી વખાણું,
આઠ પ્રાતિહાર જ જાણું,
જો આવે ઉપશમનું ટાણું....સનેહિ

અક્ષય સ્થિતિ અવ્યાબાધ,
દાનાદિક લબ્ધિ અગાધ.

જિન શાશ્વતા સુખના સ્વામી,
જિનચંદે ભવિ પરિણામી....સનેહિ

**શેઠ ધરમશી હેમચંદે** કરાવો,
જિનમંદિર મનને ભાવો,
શુભઉદયેથી કારજ સાધો....સનેહિ

વરતા પુરણ છો તમે સ્વામી,
મારા મનના છો અંતરજામી,
જે જિનચંદે ભવિ પરિણામી....સનેહિ

મંગલપુરે, **મોતીચંદ** લીખીતંગ.

આ હસ્ત લિખિત પ્રતમાં હસ્ત લિખિત સ્તવન જણાવે છે કે આ સ્તવન તે વખતના **મોતીચંદ સુરચંદ** નામના શ્રાવક જે પંડિત હતા, તેમણે બનાવેલ છે.

## "અધિષ્ઠાયિકાની પ્રતિષ્ઠા સં. ૧૮૭૫"

**શ્રી મુનિસુવ્રત સ્વામી** પ્રભુની ડાબી બાજુ ઉત્તર દિશાની દિવાલમાં ગોખલો છે. તેમાં ભગવાનની અધિષ્ઠાયિકા દેવી નરદત્તાની પ્રતિષ્ઠા સંવત ૧૮૭૫ માં **શેઠ ધરમશી હેમચંદે** કરાવી. તેનો મૂર્તિમાં લેખ છે.

## "કુમારપાળની ટુંકનો જીર્ણોદ્ધાર"

**"શ્રી ગિરનાર માહાત્મ્ય"** નામનું એક પુસ્તક સંવત ૧૯૫૦માં પ્રસિદ્ધ થયેલ છે, જેના લેખક **દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆ** B. A. છે. જેઓ ભાવનગરની **જૈન ધર્મ પ્રચારક** સભાના કમિટિના સભ્ય હતા, ને **જૈન ધર્મ પ્રચારક** સભા અમદાવાદના પ્રમુખ, તથા જુનાગઢની હાઈસ્કુલના તે વખતે હેડ માસ્તર હતા, તેણે આ પુસ્તકના ઉપોદ્‌ઘાતના પાના ૨૭ ઉપર **"કુમારપાળની ટુંક"** બાબતના લખાણમાં લખ્યું છે કે કુમારપાળ સને ૧૧૪૩થી ૧૧૭૪ સુધી ગુજરાતના રાજા હતા, તેમણે આ ટુંક બંધાવી છે. તેમાં મૂળનાયક **શ્રી અભિનંદન** ચોથા પ્રભુ છે. આ દેવાલય **માંગરોળ**ના **શેઠ ધરમશી હેમચંદે** સમરાવ્યું છે. તેમના પ્રપૌત્ર **શેઠ વલ્લભજી** હાલ માંગરોળમાં રહે છે. એટલે શેઠ ધરમશી હેમચંદે આ ટુંકનો જીર્ણોદ્ધાર કરાવેલ છે.

## શ્રી શાંતિનાથ દહેરાસરનો જીર્ણોદ્ધાર.

શ્રી ગિરનાર માહાત્મ્ય ઉપોદ્ઘાત પાના ૩૩ માં જણાવે છે કે **શ્રી નેમનાથ** ભગવાનની ટુંકમાંથી બહાર નીકળતાં આગળ **સંપ્રતિ રાજાની** ટુંક તથા **વસ્તુપાળ તેજપાળની** ટુંક વચ્ચેના રસ્તે આગળ જતાં રાક્ષસી કિલ્લાની જબરી દિવાલો આવે છે. તેની આગળ ચડતાં **શ્રી શાંતિનાથ** નું મંદિર ડાબી બાજુ આવે છે. તેમાં નવ પ્રતિમાઓ છે. જમણી બાજુની મૂર્તિમાં કળશનું ને ડાબી બાજુની મૂર્તિમાં સસલાનું લંછન છે. આ દેવળ માંગરોળના શેઠ ધરમશી હેમચંદે સમરાવ્યું છે. મંદિરના ઘુમ્મટમાં બહારના ભાગમાં કાચના પત્થરની કટકીઓ ચોંટાડેલ છે. તેમાં શેઠ ધરમશી હેમચંદ એ પ્રમાણે નામ લખેલ છે. રસ્તે ચડતાં તે નામ વાંચવામાં આવે છે.

**શ્રી મુનિસુવ્રત સ્વામી** ના મંદિરની પ્રતિષ્ઠા કયા આચાર્ય મહારાજે કરાવી. તે બાબતનો ઉલ્લેખ મળતો નથી. પણ સંવત ૧૮૪૯ થી ૧૮૭૯ ના ચોપડામાં એક ૧૮૫૭ ના ફાગણ વદ ૧૧ વાર મંગળવારની નોંધનું લખાણ છે. જે ઉપરથી એમ માનવાને કારણ મળે છે કે નોંધમાં જે ઉપાધ્યાય મહારાજ ગોરજીનું નામ છે. તેને જ કરાવી હશે, તે નોંધ નીચે પ્રમાણે છે.

## —: નોંધ :—

ॐ श्री श्री श्री खुशालविजय । वृष श्रीजी, सा लखीतं ॐ श्री सौभाग्यविजय । श्रीजी सा लखीतं चतुरविध संघे मलीने लखुं ते सही छे । न पालेता संघना गच्छनानायकनो गुनेगार छे ॥

શ્રી ૧।

:·૭૪।। લી. સંઘ સમસ્ત જત ૧૮૫૭ ના ફાગણ વદ ૧૧ વાર ભોમે ઉપાધ્યાયજી ખુશાલ વિજેજી આવા હતા. તારે સંઘને ઉપદેશ દીધો. જે અપાસરે સામીવછલ જે કરે ને સુખડી પકવાનનું જમણ કરે, તેઓ સરવે વાપરે છે. તે ઘટારત નથી, માટે આજ દને દરેક શ્રી સંઘ બેસી કબૂલ કરૂં છે. જે આપણા શાસતરમાં જે રત કરી કાલ કહા છે. તે પ્રમાણે સામી વછલ કરે, તે જમવા હવે સંઘને તે કાલની વિગત,

(૧) શીયાળાની મુદત કારતક શુદ ૧૪ થી તે ફાગણ શુદ ૧૪ દન–૩૦

(૧) ઉનાળીની મુદત ફાગણ શુદ ૧૪ થી તે અશાડ શુદ ૧૪ દન–૨૦

(૧) ચોમાસાની મુદત અસાડ શુદ ૧૪ થી તે કારતક શુદ ૧૫ દન–૧૫

એ રીતેના કાલ માફક સુખડી પકાવે કે તલે ઉપરાંત શાસતરમાં ગોરજી કહે તે ખપે. તે વાપરે, કાલ ઉપરાંત કોઇ સંઘ જમે નહીં, ને કોઇ જમાડે નહીં, તથા કોઇ જતિ વહોરે નહિ. તે ઉપરાંત થઇને કોઇ કરે તો શ્રી સંઘ સમસ્ત શ્રીજી શાહજીનો ગુનેગાર છે. ૧૮૫૭ ફાગણ વદ-૧૧

સહી:

શ્રી કડવા અમરસી

શ્રી હેમચંદ અદેકરણ હઃ ધરમસી હેમચંદ

શ્રી પરશોતમ ગોડીદાસ

શ્રી દાજા ગલાચંદ

શ્રી ગોકળ મકનાજી

શ્રી નથુ રીખબ

શ્રી જસવંત નાનજી વિગેરે.

**(તા. કઃ—** જશવંત નાનજીથી ઉતરતી છઠ્ઠી પેઢીએ શેઠ કેશવજી દેવજી ને શોભાગચંદ દેવજી આવે છે.)

**તા. કઃ—** ફાગણ માસની આખરે આ ઉપાધ્યાય મહારાજ માંગરોળમાં બિરાજતા હતા. અને પ્રતિષ્ઠા વૈશાખ માસમાં હતી. એટલે માનવાને કારણ છે કે તેમના હસ્તે પ્રતિષ્ઠા થઇ હશે,

## ૨૫. શેઠ ધરમશી હેમચંદ

મંગલપુર (માંગરોળ)ના મૂર્તિપૂજક જૈનોનો સંવત ૧૮૫૧થી ૧૯૫૧ સુધીનો સુવર્ણયુગ હતો. શેઠ ધરમસી હેમચંદ નો જન્મ કયારે થયો ? તે પ્રાપ્ત થઇ શકયું નથી. શેઠની બાલ્યાવસ્થા, અભ્યાસ વિગેરે સાહિત્ય દષ્ટિગોચર થયું નથી. ફક્ત યુવાવસ્થાથી વ્યાપાર વણજમાં જે કુનેહથી, તીક્ષ્ણબુધ્ધિ ને હોંશીયારીથી આગળ વધ્યા, ત્યારથી જ તેમના જીવનની જયોત પ્રકાશમાન થઇ રહી હતી, માંગરોળ સંવત ૧૮૫૦-૫૧ના સમય દરમ્યાનથી વ્યાપારમાં અગ્રસ્થાને હતું. મુંબઇ, અરબસ્તાન, ગુજરાત, તથા કાઠીયાવાડ સર્વ સ્થળે ધમધોકાર વ્યાપાર ચાલતો હતો.

**શેઠ ધરમશી હેમચંદ** નો રૂનો વ્યાપાર મુખ્ય હતો. માંગરોળથી તે રૂ મુંબઇ ચડાવતા હતાં, આ સમયમાં માંગરોળની આસપાસના ગામોમાં રૂની ખેતી વિશાળ પાયા પર હતી. તેમાં **"લાબરકા"**નું રૂ ખૂબ ખ્યાતિ પામેલું હતું. રૂ ના વેપાર ઉપરાંત ધીરધારનો ધંધો પણ ઘણા મોટા પાયા પર હતો.

અરબસ્તાનથી ખજુરના બગલા વેચવા માંગરોળ આવતા આરબોની સાથે આડત બાંધી તેને બીજે કયાંય રખડવા જવું ન પડે. તેટલા માટે ખજુરના વહાણો આવે, ને ઘરાકી મંદ હોય તો પોતે બંદર કાંઠે માલ ઉતારવા

માટે વખારો બંધાવી, બેરખ બંધાવી દીધી. આરબો વિગેરેને જમવા માટે પોતાના તરફથી ભઠીઆર ખાનું (રસોડું) ખુલ્લું મૂકી દેતા. શેઠની આવી રાખપત-રખપત અને ધીરજથી આરબ વેપારીઓનું વલણ શેઠના તરફ વધવા લાગ્યું, એટલો બધો વિશ્વાસ બેસી ગયો કે મોટે ભાગે ખજુરના બગલા માંગરોળ ચડાવવા લાગ્યા. મોસમ પુરી થાય, વેપારીઓ નામા કરવા આવે, ત્યારે ત્યાંથી તાજા મેવા શેઠ માટે લેતા આવે. ને જતી વખતે શેઠને ઘેર અરબસ્તાની સાચા મોતીની શેરો બૈરા છોકરા માટે સંભારણામાં આગ્રહથી આપતા જાય.

## સામાજિક સેવા.

ઉપર પ્રમાણે શેઠના વ્યાપારનું અવલોકન કર્યું. તેનાથી વિશેષ તેઓનું સામાજિક સેવાનું કાર્ય ઉતમ કોટીનું હતું, આપણા સંઘના ભાઈઓમાં તો શું, પણ આખા મહાજનમાં ગુપ્ત દાન આપવામાં મોખરે હતા. મહાજનના ભાઈઓને વ્યાપાર માટે નાણા ધીરી, તેઓના ઉપર પોતાના હાથ રાખેલ, દિલની ઉદારતા, મીઠી-મધુરી વાણીથી લોકોના પ્રેમ ને વિશ્વાસ જીતી લીધા હતા. માંગરોળના મહાજનમાં તેઓ અગ્રેસર ને નગરશેઠનું સ્થાન શોભાવતા હતા. આટલી મોટી શ્રીમંતાઇ હોવા છતાં નિરભિમાનપણું ખાસ તરી આવતું હતું. જેવી રીતે મહાજનમાં અગ્રેસર હતા તેવી રીતે માંગરોળના તેમજ

આજુબાજુના રજવાડાને ભીડ પડે મદદ કરતા. તેમજ માંગરોળના રાજકુટુંબ સાથે અંગત કુટુંબીઓ જેવો સંબંધ હતો.

## શ્રેષ્ટ ધાર્મિક ભક્તિયોગ.

ધરમશી શેઠમાં પ્રભુના શાસનના ધર્મમાર્ગની ભક્તિયોગની પરાકાષ્ટા હતી, ધરમશી શેઠના યુગમાં સંવત ૧૮૫૦ ના સમયમાં માંગરોળમાં મૂર્તિપૂજક જૈનોના લગભગ સાડા ચારસોથી પાંચસો કુટુંબની વસ્તી હતી. સમસ્ત સંઘનો ભાગ્ય ભાનુ આ સમયે મધ્ય આકાશમાં પૂર્ણ કળાએથી ખીલ્યો હતો. આખો સંઘ સુખ, સંપત્તિ ને સમૃદ્ધિથી ભરપૂર હતો, ઐકયતા, વડિલોની મર્યાદા, સંપ ને શાંતિથી તથા આર્ય સંસ્કૃતિ, આર્ય વિચારો ને આર્ય આચારોથી ભરપૂર હતો. દેવ, ગુરૂ ને ધર્મ તથા સંસારિક વડીલો તરફનો વિનય ઉચ્ચ કક્ષાએ હતો.

આ સમય દરમ્યાન શ્રી સંઘની પેઢીઓ ન હતી. મુનિમો–મેતાજીઓ ન હતા. શ્રી સંઘનું દરેક કાર્ય શેઠીયાઓ પોતે અરસપરસ સંભાળી લેતા. સંઘના નામાના વિભાગો હતા. અમુક નામું શેઠ દામા ગલ્લા તથા અમુક નામું

**શેઠ કડવા અમરચંદ** ની પેઢીમાં રહેતું. બાકીનું દરેક પ્રકારનું જવાબદારી વાળું સ્થાન સંઘપતિ જેવું **શેઠ ધરમશી હેમચંદ** ધરાવતા હતા.

**શ્રી મુનિસુવ્રત સ્વામી** ના દહેરાસરનો ફરીથી જીર્ણોધ્ધાર કરાવી સંવત ૧૮૫૭ ના વૈશાખ શુદ દશમે ધામધૂમથી પ્રતિષ્ઠા કરી પોતે મૂળનાયકને તથા બીજા પ્રભુજીઓને પધરાવ્યા હતા.

વાચક—આવડા મોટા સમુદાયમાં આ પ્રતિષ્ઠા મહોત્સવ કેટલી ધામધૂમથી કેવી ભવ્ય રીતે ઉજવાયો હશે. તેનો આપણે આપણી બુધ્ધિથી જ વિચાર કરવો. કલ્પે તેમજ શેઠે ગિરનાર ઉપર પણ જીર્ણોધ્ધાર કરાવ્યા હતા.

મંદિરોના જીર્ણોધ્ધાર કરાવવા, પ્રભુજીઓ પધરાવવા, તે ઉત્તમ કોટીનો ભક્તિયોગ પામી આત્મા સમ્યગદર્શન પામી, મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરવાવાળો થાય છે.

આ સમયમાં નામાની પધ્ધતિ શેઠિયાઓની અનુકુળતા પ્રમાણે હતી. આ પ્રતિષ્ઠામાં ઘીની બોલી વિગેરેની જે ઉપજ થઇ હતી, તે જે જે વ્યક્તિઓના ખાતે તે

દિવસે લખાણી હતી, તે બધી વસુલ થઈ ગયા બાદ આ આખું નામું સંવત ૧૮૫૮ ચૈત્ર શુદ ૨ એકી સાથે જમા-ઉધાર કરવામાં આવ્યું.

આ સમયમાં મંદિરની દેખરેખ શેઠીયાઓ પોતે જાતે રાખતા હતા. ગોઠીયો ઉપર ખાસ દેખરેખ રાખતા. બધું કામ ચીવટથી ગોઠીઓ કરે છે કે નહીં, તેની પુરેપુરી કાળજી રાખતા. તેની ખાત્રી માટે ગોઠીઓ સાથે જે લખત કરવામાં આવતું તેની એક નકલ નીચે પ્રમાણે છે.

## જુના ચોપડા ઉપરથી ૧૮૪૯થી ૧૮૭૯ના છેલ્લા પાને "ગોઠીનું કરારનામું"

ઃ૭૪ાા લી. ગોઠી શામજી, તથા જગુડો આણંદો તથા બાલગોપાલ સમસ્ત જત અમને ૧૮૫૭ ના વરસમાં દહેરામધ્યેથી રજા આપી હતી. પરમેસરની ભક્તિમાં ખામી રહી હશે, તે સારૂં, તે માટે હવે અમોને સંઘ સરવે મળીને રાખા છે, તે હવે અમે સવાર-પોરમાં વહેલા ઉઠીને પરમેસરના બાર ઉઘાડું ને પછી કુનેહથી ગલ્લી-કાજો કાઢી, પરમેસરની પખાલ ભગતીએ કરૂં, પરમેસરને અંગ-લુણા (૩) કરૂં, દેરામધે શાવક જે કહે તે, શ્રાવક કહે તે ભગતી પરમેસરની કરૂં, તે જીહાં સુધી શાવક કહે તીહાં સુધી દેરામાં બેઠો રહું ને દેવને આવે તેમ દેવોની આરતી કરૂં, તે વાતમાં તફાવત કરૂં નહીં

દીવો કરીને આરતી કરૂં ને જે કાંઇ શાવક ફરમાવે તે રીતે પરમેસરની ભગતી કરૂં, તે વાતમાં કસુર કરૂં તો સંઘનો ઘનઘાર છું. (ગુનેગાર છું.) તેમાં કાંઈપણ કસુર રાખું તો સંઘના ઘનઘાર છે. દીવેલનું ઘરત આવે તેમાં અમો દગો કરીએ તો સંઘના ગુનેગાર છે. આંગલોણા ફાટે તે આપીને નવા લેવા. ૧૮૫૭ના અશાડ શુદ ૪.

ગોઠી શામજી તથા જગા આણુંદ<br>ઉપર પ્રમાણે કબુલ છે.<br>ધણીના કહેવાથી<br>પરમાણુંદ કહાનજી

દઃ મોતીચંદ સુરચંદ<br>ધરમસી હેમચંદ<br>મગના ખુશાલ<br>કડવા અમરચંદ<br>જગમાલ ગોવરધન<br>પરસોતમ ગોડીદાસ

આ મોતીચંદ સુરચંદે મુનિસુવ્રત સ્વામીનું સ્તવન બનાવેલું હોવું જોઈએ.

ઃ૭૪ાા ગોઠી શામજી આણુંદ તથા જગુ આણુંદ જત જણા ૨ (બે) મલીને દેરામધે હંમેશા કરતા હતા, તે હવે સંઘ મલીને દેરા મધ્યે પૂજવા તથા ભગતી કરવા સોપા છે.

૧ નવપલ્લવ પારસનાથજીનું દેરૂં ગોઠી શામજી.

૧ મુનિસુવ્રત (સ્વામી)નું દેરૂં ગોઠી જગજીવન.

આ ગોઠીનો માસિક પગાર કોરી ચારનો હતો, ને જમવાનું શેઠીઆઓને ઘેર હતું, (૬૦) સાઠ–સાઠ દિવસના વારા બાંધ્યા હતા, **ધરમશી હેમચંદ, મગના ખુશાલ, કડવા અમરચંદ** વિગેરે બે–બે મહિના જમાડે.

**ધરમશી શેઠ** નું વ્યાપારી જીવન તેમજ સામાજિક જીવન કરતાં ધાર્મિક જીવન અસાધારણ ઉચ્ચ કોટીનું હતું હતું. તે આપણે જાણી શકયા. માનવભવ પામી પોતાના આત્માનું કલ્યાણ પણ સાધ્યું, તેઓ જીવદયાના પણ પ્રખર હિમાયતી હતા. જે નીચેના દૃષ્ટાંત ઉપરથી સમજી શકાશે.

## " અહિંસા પરમો ધર્મ "

આ સર્વથી પ્રાચીન અને તત્વરૂપી સિધ્ધાન્ત જૈન ધર્મમાં શાશ્વતરૂપ વિધમાન છે. એમાં ઉચ્ચ પ્રકારના મનોબળ યુક્ત, સહનશક્તિનો સંપૂર્ણ ઉદય છે. આથી જ એનું નૈસર્ગિક–સૌંદર્ય દીપી નીકળે છે. જે સૌંદર્ય પ્રાચીન કાળમાં પ્રકાશતું, તે આજે પણ અસલ સ્વરૂપમાં છે.

**ધરમશી શેઠ** પણ મજબૂત મનોબળવાળા હતા. ધરમશી શેઠના વખતમાં માંગરોળમાં **બડામીયાનો** રાજ અમલ હતો. રાજકુટુંબ સાથે શેઠને ઘણો જ સારો સંબંધ હતો.

એક સમયે કોઈ વ્યક્તિએ એક નધણીયાતા ઢોરને ગામને પાદરે મારી નાંખ્યું. ધરમશી શેઠને ખબર પડતાં આત્મા અસાધારણ દુઃખથી ભરેલો કકળી ઉઠયો, આંખોમાં ક્રોધાગ્નિ સળગી ઉઠયો, ગામમાં પણ આ વાત હવાની માફક સણસણાટ કરતી ફેલાઇ ગઇ, ગામના આગેવાન શેઠીયાઓ, ધરમશી શેઠ પાસે આવ્યા. બધાના હૃદય કકળી ઉઠયા. ધરમશી શેઠે વાતાવરણ જોઈ તુરત જ મહાજન ભેગું કર્યું. મહાજનમાં વયોવૃદ્ધથી માંડી નાના યુવાનો સહિત ટોળાબંધ માણસો ભેગા થયા. મહાજને શેખ બડામીયાંને મલી, આવી પરિસ્થિતિ ફરી વાર બને નહીં તેવો બંદોબસ્ત કરવા વિનંતી કરવી. તેમ નક્કી થયું મહાજન શેખ બડામીયા પાસે ગયું, ને પોતાની વિનંતી રજુ કરી, શેખ બડામીયાં ભરયુવાવસ્થામાં હતા, સત્તાની આંધી હતી, તેણે મહાજનની વાત સાંભળી. આ હકીકતને બડામીયાએ સામાન્ય–નજીવી ગણી, મહાજનને દાદ–ફરીયાદ આપી નહીં.

રાજવી શેખનો જવાબ અસંતોષકારક ને ઉધ્ધત તેમજ મહાજનનું અપમાન કરનારો હોઈ મહાજન ફરીને નગર શેઠને મકાને એકઠું થયું. **"આમાં ડોશી મરી જાય તેનું દુઃખ નહોતું, પણ જમ ઘર ભાળી જાય તે ઠીક ન લાગ્યું"** ધરમશી શેઠને નધણીઆતા કે ધણીઆતા ઢોર સાથે સંબંધ નહોતો પણ જીવદયાનો પ્રશ્ન મુખ્ય હતો. તેમના આંગણે મહાજન આવેલું હતું.

તે આ ઉડાઉ જવાબથી મહાજનને અપમાન લાગ્યું,

શેખ બડામીયાં સાહેબને રાજ્યની સત્તાની ખુમારી આવી હતી. અભિમાનની પરાકાષ્ટા હતી. મહાજનની તેઓએ કોઈપણ પ્રતિષ્ઠાની કિંમત આંકી નહીં. એટલે મહાજને વિચાર કર્યો કે ભલે ગામના મકાનો ને સિપાઇ-સપરા ઉપર બાપુ રાજ કરે, જ્યાં મહાજનના માન-મરતબા ન રહે, ત્યાં વસવું સ્મશાન જેવું લાગવાથી ઉચાળા ભરી ગામ ખાલી કરવાની વાત આવી.

**ધરમશી શેઠને** મહાજનના ગૌરવની કિંમત હતી, ધરમશી શેઠ બહુ જ બાહોશ, વિચક્ષણ, ડાહ્યા, ગંભીર પુરૂષ હતા, તેણે મહાજન આખામાં પોતાની દષ્ટિ ફેરવી લીધી, બધાની શક્તિ ને તાકાતનું માપ જાણી લીધું, ને જાહેર કર્યું કે આપણે અત્યારે જ ઉચાળા ભરવા વ્યાજબી છે. ને ગામ ખાલી કરી ચાલી નીકળવું; તેવી જાહેરાત કરી, આમાં મહાજનમાંથી કોઇએ જરા જેટલી પણ દલીલ કરી નહીં, બુધ્ધિવાદનો વિતંડાવાદ કર્યો નહીં. શેઠના નિર્ણયની જાહેરાત થતા, સૌ કોઇ બધા ઉચાળા ભરી ગામ છોડવાની તૈયારી કરવા લાગ્યા. જોતજોતામાં બે કલાકમાં આખું મહાજન, બળદ-ગાડી, એકા, ઉંટ, ઘોડા લઈ-લઇને ચાલી નીકળ્યા ને જેને વાહનો ન મલ્યાં, તેઓ માથે પોટલા બાંધી ચાલી નીકળ્યાં. માનવ મેદનીની કતાર ચાલી

દરબારમાં આ વાતની ખબર પડી ને ઠેઠ રાજમાતા સુધી વાત પહોંચી.

વૃદ્ધ રાજમાતાએ બડામીયાંને બોલાવ્યા, ને સાફ કહી દીધું કે આપણી વસ્તી રીસાઈને ચાલી જાય છે. તેની તને ખબર છે કે ?

બડામીયાંએ જવાબ આપ્યો ! મેં કાંઈ કાઢી મૂકયા નથી પરંતુ તેઓ પોતાની મેળે જાય છે. તેમાં હું શું કરૂ ? થાકશે ત્યારે આવશે, આપણે દરવાજા કયાં બંધ કર્યા છે ?

રાજમાતા બોલ્યા ! બડા ! આ તું શું બોલે છે ? રૈયત રિસાઇ જાય–તો રૈયત વગર રાજ કોની માથે કરીશ. મારે તો તારી જેમ વસ્તી પણ બેટા–બેટી જ છે, માટે હું આંહી બેસી રહું તે બને જ નહીં, તેમની સાથે રહી ખુદાની બંદગી કરીશ, મને એક ગાડું મંગાવી આપ, એટલે હું પણ ઉચાળા ભરી સાંજ પહેલાં તેની સાથે થઇ જઉં.

રાજમાતાનું પ્રજાવત્સલ ખમીર અને માતૃભાવના જોઇને બડામીયાંનું હૃદય ગળગળું થઈ ગયું, અમ્માની પગ ચુંબી કરી, પોતાની ભૂલ સુધારી, લેવાની ખાત્રી આપી, ને તુરત જ ઘોડી મંગાવીને રસાલાની પાછળ ઘોડી મારી મૂકી.

## "આંબાવાડી આગળ"

ગામથી ત્રણ માઇલ દૂર આંબાવાડી આગળ સૌને ભેગા થવાનું હતું, નગર શેઠ વિગેરે બધા સૌ છાયામાં બેસીને બધાને જમવાની સુવાની વિગેરેની ગોઠવણ કરતાં હતા. તેટલામાં દૂરથી મારતે ઘોડે આવતા સવાર તરફ બધાનું ધ્યાન ખેંચાણું, માંગરોળના ધણી બડામીયાંને આવતા જોઈ, સૌ ઉભા થઇ ગયા. આગેવાનો સામે દોડયા. ને ઘોડેથી ઉતરતાં બાપુ તમે....? બડામીયાંને બાથમાં લેતાં ધરમશી શેઠનું હૈયું ભરાઇ આવ્યું.

બડામીયાંને બહુજ પ્રેમપૂર્વક માનભેર બેસાડયા. લીંબુના શરબત પાયા, વેરઝેર ભુલાઈ ગયા. ને થોડો વિસામો લઇ, સૌ ગામ તરફ ચાલી નીકળ્યા. મહાજનના મોવડીઓ બડામીયાં સાથે રાજમાતાને પગે લાગવા ગયા. અમ્માએ સૌને આવકાર આપી ને બડામીયાંને કહ્યું, ભાઈ વસ્તીનું રક્ષણ કરવું, એ રાજ ધર્મ છે. ઢોર–ઢાખર તો રાજની રખાવત છે. આપણા રાજમાં કોઇ ઢોર ન મારી શકે, તેવી તારે ગોઠવણ કરવી જોઇએ.

આ ઐતિહાસિક સત્ય ઘટના આપણને શું શીખવી જાય છે કે અહિંસામાં કેટલું બળ ને શક્તિ છે. તેનું ભાન કરાવે છે. આખા મહાજનમાં સંપને ઐકયતા કેવી હતી. તેનું શ્રેષ્ટ દ્દષ્ટાંત પુરૂં પાડે છે. ભૂતકાળમાં આખા

મહાજનમાં ઐકયતા હતી. પરંતુ આજે એક પણ ઘરમાં ઐકયતા કે શાંતિ દેખાતા નથી.

**ધરમશી શેઠ**નો પુણ્યોદય આવી રીતે સંપૂર્ણ રીતે ખીલી રહ્યો હતો. તેવામાં **નાનજી ચીનાય** ૧૮૭૨ ની સાલ લગભગ માંગરોળ આવ્યા. નાનજી ચીનાયએ ૧૮૭૫ માં મહાન્ અંજન શલાકા-પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવ્યો. તે આગળ આવશે. તે સમયે ધરમશી શેઠે બીજી બે પ્રતિમાજી તથા મૂળનાયક **શ્રી મુનિસુવ્રત સ્વામી**ની **'અધિષ્ઠાયિકા'** **"નરદત્તા દેવી"**ની પ્રતિષ્ઠા કરી હતી.

## "કાયમી આંગી"

આ સમયમાં હજુ પૂજાઓ ફક્ત સતર-ભેદી નવપદજીની, અને એક વીશ પ્રકારી જ હતી, સંવત ૧૮૭૪ **વીરવિજયજી** કૃત ચોસઠ પ્રકારી પૂજા રચાણી, બાકી બધી પૂજાઓ સંવત ૧૮૮૦ થી ૧૮૯૦ ના સમયમાં રચવામાં આવેલી છે. તે વખતે પૂજાનો મહિમા ઓછો હતો, એટલે **શેઠ નાનજી ચીનાઇ**એ ૧૮૭૫ની સાલથી શુદ એકમની ને **શેઠ ધરમશી હેમચંદે** ૧૮૭૫ની સાલથી શુદ બીજની કાયમી બારે મહિના પાંચ-પાંચ રૂપિયાની આંગી, તે યુગમાં કરાવતા હતા. તે લગભગ સંવત ૧૯૦૫ ની સાલ સુધીના ચોપડામાં આંગી ખાતું ચાલ્યું જ આવતું હતું.

ધરમસી શેઠને એક પુત્ર હતા. જેનું નામ **કપુરચંદ** હતું, ધરમસી શેઠે પોતાની પ્રતિષ્ઠા આખા સૌરાષ્ટ્ર ભરમાં ફેલાવી હતી. અમદાવાદમાં પણ ધરમશી હેમચંદની પેઢી ખ્યાતનામ હતી.

**કપુરચંદ શેઠ**ના લગ્ન માંગરોળના પ્રખ્યાત **મુળજી કંપાણી** કુટુંબના પુત્રી **અમૃતકુંવર** સાથે થયા હતા. કપુરચંદ શેઠના જીવનની કારકીર્દિ ખાસ જાણવા મળી નથી. કારણ તે યુવાસ્થામાં સ્વર્ગવાસ થયા હતા.

**શેઠ ધરમશી હેમચંદ** સંવત ૧૮૮૬માં સ્વર્ગવાસ પામ્યા હતા. ત્યાર બાદ પાંચ વર્ષે સંવત ૧૮૯૧માં કપુરચંદ શેઠ સ્વર્ગવાસ પામ્યા હતા. કપુરચંદ શેઠને બે પુત્ર હતા. એક **ચત્રભુજ શેઠ** તથા બીજા **પ્રેમજી શેઠ**, તેમના પિતાશ્રી સ્વર્ગવાસ થયા ત્યારે ચત્રભુજ શેઠ (૧૩) તેર વર્ષન ને પ્રેમજી શેઠ (૧૦) વર્ષના હતા.

## "અમૃત શેઠાણી"

કપુરચંદ શેઠના સ્વર્ગવાસ પછી પેઢીનું સુકાન અમૃત શેઠાણીએ સંભાળી લીધું હતું. તે વખતે તેમના પિતરાઈ ભાઇ **દેવકરણ શેઠને** પેઢીના બધા વહીવટના મુખ્ય મુનીમ નિમ્યા હતા. ધરમશી શેઠની માફક જ અમૃત શેઠાણી પેઢીનો વહીવટ ખૂબજ કાર્યકુશળતાથી

ચલાવતા હતા. એકલા માંગરોળનો જ નહીં, પણ મુંબઈની પેઢીનું પણ પુરૂં ધ્યાન રાખતા હતા. તેમના સમયમાં પણ રાજ્ય સાથે અથડામણનો એક પ્રસંગ બન્યો હતો. બડામીયાં ગુજરી જતાં તેમના કુંવર બાળક બાર વરસની ઉંમરનો હતો. રાજ્યનો વહીવટ સલામબુ ચલાવતા હતા. તે વખતે કારભારી તરીકે **ઘેલો ઠક્કર** કામ કરતો હતો, ઘેલા ઠક્કરને અમૃત શેઠાણીએ પચાસ હજાર કોરી ધીરી હતી. અમૃત શેઠાણી પાસે એક **લીલમ** ઘોડી દૈવીપ્રસાદ જેવી હતી. રાજ્યને તથા અમૃત શેઠાણીને ઘરવટ જેવો સંબંધ હતો. તે સંબંધ તોડાવવાનો હલકટ પ્રયાસ આ ઘેલા કારભારી કરવા લાગ્યો કે જેથી પોતાની એક હથ્થુ સત્તા રહે.

ઘેલા ઠક્કરે એક દિવસ પોતાના કારકુનને અમૃત શેઠાણી પાસે મોકલ્યો કે ખુદાવીંદ સલામ બાપુનું ફરમાન છે, કે તમારી **લીલમ ઘોડી** રાજકુંવર માટે દરબારમાં મોકલી આપો. અમૃત શેઠાણીએ વીરતાપૂર્વક જવાબ આપ્યો કે લીલમ–એ ઘોડા–ટાયડું નથી. પણ અમારા વડીલોનો દેવપ્રસાદ છે. તારા મુનશીને કહેજે, આવી માંગણી કરવાથી અડધી રાતે ધીરેલી પચાસ હજાર કોરી પચી શકશે નહીં. માટે છાનામાના કારભારૂં ચલાવતા હોય તે ચલાવો, કારકુન જરા વધારે તોછડાઈથી વાતો કરતાં, શેઠાણીએ કહ્યું કે તારા વજીરને કહેજે કે શેખબાપુને અવળે માર્ગે ચડાવી, તેમના નામે માંગરોળમાં આગ પાથરવા જતાં, ક્યાંક તમારે હોમાઇ જવું ન પડે તે સાચવજો. કારકુને

કહ્યું, બાઇ ! હું વિનયથી વાતો કરૂં છું, તેમ તમે માઝા મૂકતા જાઓ છો. તમારે વધારે સહન કરવું પડશે. જુનાગઢના રણછોડ દિવાન વજીર સાહેબના સંબંધી થાય, તે ધારે તો તમારા ઘરબાર સુદ્ધાં રાજને કબજે લઇ લેતા વાર ન લાગે, હજી એ હું જતાં-જતાં ચેતવતો જાઉં છું કે સમજી જાવ તો સારૂં, આ કાંઇ વાણીયા ભાઇના ખેલ નથી.

શેઠાણી ગુસ્સાંના આવેશમાં બોલ્યા. ખબરદાર ! મારે તારી શિખામણ સાંભળવી નથી. ક્યારનો જેમ આવે તેમ બોલે છે ? પણ આ વાણીયા વસમા છે. સમજ્યો કે તારા વજીરને જુનાગઢના દીવાનનું જોર છે. તો **ધરમસી હેમચંદ**ના ઘર ને નવાબ બાપુનો નાતો છે. તું ચીઠ્ઠીનો ચાકર છે, સાજો નરવો ડેલી બહાર નીકળી જા. ને તારા વજીરને ચેતાવી દેજે, **અમલની આંધીમાં કડી લેવા જતાં પાટણ ગુમાવવું ન પડે.**

અરે ! ડેલીએ કોણ છે. આમ આવો, શેઠાણીના પડકારથી ડેલીએ ઉભો પહેરો ભરતા હથીયાર બંધ બે આરબો શેઠાણીનો હુકમ ઝીલવા દોડી આવ્યા. તેની પાછળ ડેલીએ આરામ લેતા આરબની એક ટુકડી પણ દોડી આવી. કારકુન, આ લશ્કરી દોરદમામ અને શેઠાણીનું ઓજસ જોઇ દંગ થઇ ગયો. ચોકીયાતોનું શેઠાણી તરફ ધ્યાન હતું. તે તકનો લાભ લઈ કારકુન નાશી છુટયો. કારકુન થરથરતા

પગે ઘેલા ઠક્કરને ઘેર જઈ અમૃત શેઠાણીનો નકારનો સ્પષ્ટ જવાબ કહી સંભળાવ્યો.

ઘેલા ઠક્કરના હાથમાં રાજસત્તાનું જોર હતું, અભિમાનમાં અંધ બનેલા ઠક્કરને આ જવાબ અસહ્ય લાગ્યો, આવેશથી તપી જતાં તેણે કારકુનને કહ્યું કે આવો નાદાન જવાબ લઈને આવતાં તને શરમ નથી આવતી, જા હમણાં જ સેનાપતિ પાસે જઈને કહે કે વજીર સાહેબનો હુકમ છે કે અત્યારે જ રસાલાની હથીયાર બંધ ટુકડી લઈને કપુરચંદ શેઠને ઘેર જવું, ને તેને આંગણે ઘોડી છે, તે ઘોડી લાવી મારી પાસે રજુ કરવી.

પણ વજીર સાહેબ! શેઠાણીએ તેના આરબ જમાદારને બોલાવ્યો છે. તેમ હું કાનો કાન સાંભળીને આવ્યો છું. ત્યાંથી લીલમ લાવવી તે સિંહની બોડમાં....

ચુપકર! નાદાન! હજુર કચેરીમાં તારા જેવા નિર્માલ્યા માણુસ ન જોઈએ, ખસ! બહાર નીકળ! અરે એ ડેલી ઉપર કોણ છે?

વજીર સાહેબનો મગજ ફાટી ગયો છે. તેમ જોઈને કારકુન બહાર ચાલ્યો ગયો. ચોકીદાર હાજર થયો. જાવ! સેનાપતિને હમણાં જ રાજગઢમાં મોકલો, હું ત્યાંજ હોઈશ ખોટી ન થતાં.

વાણીયાભાઈ પાસેથી અને તે પણ એક વિધવાબાઇ પાસેથી ટાયડું (ઘોડી) ઉપાડી લાવવૂં, ઠક્કરને મન રમત જેવું લાગવાથી ઠક્કરે સલામણુ સાહેબને કે રાજમાતાને વાત જ કરી ન હતી. એટલે તેના કાને વાત નાંખવા ઘેલો ઠક્કર રાજગઢ જવા ઉપડયો.

ગઢમાં રાજવી સલામણુ સાહેબ ઝુલે બેસી આરામ લેતા હતા. ત્યાં જઇ ઠક્કરે વાત શરૂ કરતાં કહ્યું, આપને સવારીનો શોખ છે. સારામાં સારા નામી ઘોડા વસાવવા આપે જણાવેલું, તેથી અહિં તપાસ કરતાં માંગરોળમાં જ કપુરચંદ શેઠને ઘેર એક ઘોડી રાજ દરબાબમાં સોભે તેવી છે. તેમ ખબર મળવાથી પૂછાવી જોયું ત્યાં તો શેઠાણી તપી જઇને ન બોલવાનું બોલવા લાગ્યા હતા. તેમ માણસે ખબરે આપ્યા છે. મને તો રાજ વહીવટ સંભાળતાં ઘોડી ખેલવવાની કયાં નવરાશ છે. પણ આપના શોખને પુરો પાડવો તે મારી ફરજ છે, આવો ઉધ્ધત જવાબ આપ્યો તે મારા રાજવીનું અપમાન છે. તેટલામાં સેનાપતિ આવી પહોંચ્યા. રાજવી સલામણુને આ વાતમાં કાંઈ સમજ ન પડી. તેને ઘોડાનો એવો શોખ નહતો કે રૈયતને લુંટી–રંજાડી ઘોડા ખેલવવાના કોડ થાય. વળી આ વાતથી રાજમાતાને પણ વાકેફ કર્યો ન હતા. તે પહેલાં સેનાપતિને આવેલો જોઇને આ બધું શું રંધાય છે. તેના વિચારમ પડી ગયા.

શેખ સલામબખુને મૌન જોઈ ઠક્કરે માની લીધું કે સંમતિ મળી ગઈ. તેમ સમજી સેનાપતિને પૂછયું કે આપણી મુલ્કી ફોજ કેટલી છે. સેનાપતિએ જવાબ આપ્યો કે ગઢ–જેલ, રસાલાની ને ગામના ચોકીયાતો મળી સો–સવાસો માણસ થઈ જાય ખરૂં, કેમ કાંઇ ફરમાન છે ?

ઠક્કર બોલ્યો ! જુઓ ! **કપુરચંદ શેઠ** ને ત્યાં જઇ એક ઘોડું છે. તે બાપુ માટે લઇ આવવાનું છે. તમે પોતે જજો ને જરૂર જણાય તો સીલ બંધી રસાલો સાથે લઇ જજો.

શેખ સલામબખુ ઠક્કરની વાત સાંભળી ચમકી ઉઠયા ને બોલ્યા, હેં ઠક્કર, એવી શી ઉતાવળ છે ? આપણી વસ્તી તો કાંઇ પથારો મૂકીને રાતોરાત ભાગી જવાની નથી, ચાલો ! આપણે માતાજીને વાત કરીએ.

ઠક્કર બોલ્યો ! બાપુ ! તે લોકો ઘર છોડીને ભાગી ન જાય તે હું સમજું છું, પણ વાણીયાભાઇને જનાવર ભગાડી મૂકતા કેટલી વાર લાગે, ભલે ! ઘોડી લઈ આવવાનું પછી રાખશું, પણ ઘોડી ભગાડી ન મૂકે તે માટે ચોકી પહેરાની જરૂર છે. આમ ઢીલું મૂકીએ તો રાજ થઈ શકે નહીં. આપ માજીની પાસ પધારો, હું સેનાપતિને જરૂરી વરધી આપીને ત્યાં આવું છું.

આ બાજુ અમૃત શેઠાણી સંજોગોની ગંભીરતા વિચારી તુરત મુખ્ય મુનિમ **દેવકરણ કંપાણીને** અને આરબ જમાદારને બોલાવવા માણસો મોકલ્યા.

કારકુન સાથે જ્યારે તકરાર ચાલતી હતી, ત્યારે અમૃત શેઠાણી પાસે બંને પુત્રો બેઠા હતા. કારકુન ગયા બાદ શેઠાણીએ પુત્રોને તેના અભ્યાસની પૂછપરછ કરવા માંડી.

ત્યાં મોટા પુત્ર **ચત્રભુજ** બોલ્યા, માજી! હમણાં એક ભાયડો શું કામ આવ્યો હતો, ને તમે આપણી **"લીલમ"** દેવીનું નામ લઇ શું કહેતા હતા ?

ત્યાં નાનો પુત્ર **પ્રેમજી** બોલ્યો, હં મને ખબર છે, આપણી "લીલમ"ને તે શેખ બાપુ માટે લઇ જવાનું કહે તો હતો, મને "લીલમ" બહુ ગમે છે. બાપુ અને તમે તેની પૂજા કરો છો. તેને લઇ જવાનું કહે, તેને હું તો એક ધોલ મારીને કાઢી મૂકું. તમે તેને ના પાડી દીધી. તે ઠીક કર્યું. મા.

મા દીકરાની વાત ચાલતી હતી, ત્યાં પેઢીમાંથી મુનિમ દેવકરણ **અમૃતમા** પાસે આવી પહોંચ્યા. **દેવકરણ શેઠ ધરમશી શેઠ** ના સમયથી જૂના મુનિમ હતા, તેની

પ્રમાણિકતા, ખંતીલો સ્વભાવ ને વ્યાપારી કુશળતાથી શેઠાણીએ માંગરોળનો વહીવટ તેમને સોંપેલો.

બન્ને પુત્રોને અમૃતમાએ બીજા ઓરડામાં ભણવા મોકલાવ્યાને પછી **દેવકરણભાઈ** પાસે ઠક્કરના કારકુનની બનેલી બધી હકીક્ત કહી. તેટલામાં બેરખેથી આરબ જમાદાર સાલેબીન મહમદ પણ આવી ગયો.

જમાદારને આવકાર આપતાં શેઠાણીએ પૂછયું કે સાલેબીનભાઈ બંદરની બેરખે અત્યારે કેટલા માણસ છે. જમાદારે જવાબ આપ્યો, અમ્મા! કમસે કમ અઢાઈસો હોગા, કયા કુછ હુકમ હૈ? એવું ખાસ કાંઈ નથી. પણ કદાચ રાજના લશ્કર સાથે આપણે મુકાબલો કરવો પડે તો કામ લાગે, માણસો પાસે પુરતા હથીયાર દારૂગોળો છે કે?

જમાદારે જવાબ આપ્યો, હા માજી! જમૈયા અને બંદૂક વિના આરબ બચ્ચો ન હોઈ શકે, આપકે હુકમ પર ઉસી સમય સબ ખડે હો જાયેગાં. દારૂ–ગોલીઆં બી હૈ, મગર ઉસી મામલે લંબે હોને પર ગોળીયાં જયાદા મંગાવી લેના ઠીક હૈ.

અમૃત શેકાણીએ દેવકરણભાઇને જણાવ્યું કે તમે બેરખે જાઓ ને જમાદાર વિગેરે બધાને કયા–કયા સ્થળે મોકલવા, તે તમો ગોઠવણ કરી હુકમ કરજો.

**દેવકરણુ કંપાણી** જેવા વ્યાપારી હતા. તેમ તાલીમ લીધેલ યોદ્ધા હતા. શેઠાણીનો ઉપકાર માનતા દેવકરણભાઇએ જણાવ્યું કે લડાઇનું સુકાન તમે મને સોંપવાની કૃપા કરી, તે માટે આભારી છું, આપ આશિર્વાદ આપો, હું બેરખે જાઉં.

શેઠાણી બોલ્યા ! ભાઇ કંપાણી ! દાદા (ધરમશી શેઠ) ના હાથે તમે ઘડાએલ છો. ભલભલા રાજ્યોની સાથેની અથડામણમાં તમે ખાંડાના ખેલ ખેલ્યા છે. તેવા પ્રૌઢ અને સબળ સુકાની માંગરોળમાં હાજર હોય તેથી મને નિરાંત છે. તમને સલાહ સૂચનાની જરૂર નથી.

આપણે રાજ સાથે મીઠો સંબંધ છે. તેમાં રાજમાતા કે શેખબાપુની જાણ બહાર ઠક્કરે દંડા–બાજી ચલાવવાનો પેંતરો રચ્યો છે, તેની મને શંકા છે. તો લોહી ન રેડાય ને ઠક્કરની સાન ઠેકાણે આવે તેમ કાળજીથી કામ લેશો. આપણી બેરખોનું સુકાન તમે જ સંભાળજો.

શેઠાણીના આશિર્વાદ લઈ, ડેલીએ જઈ, જોઈતા હથિયારો લઇ, ઘોડીએ ચડીને બંદર તરફ દેવકરણભાઇએ ઘોડી મારી મૂકી. ઉપરની તમામ વાત જોતજોતામાં આખા ગામમાં ફેલાઈ ગઈ.

ઠક્કરના માથાભારે વર્તનથી વસ્તી ત્રાસી ગઇ હતી. થોડા સમયમાં ઠક્કરના હુકમ પ્રમાણે રાજ્યના સેનાપતિએ

વીશ માણસના રસાલા સાથે આવી, કપુરચંદ શેઠના ઘરની ફરતા ગોઠવાઇ ગયા.

જોતજોતામાં ગામની બજારો બંધ થઇ ગઈ, શેઠની આબરૂ ઉપર ઘાડ તે મહાજનની આબરૂ ઉપર ઘાડ છે. તેમ આખા મહાજનને થઇ આવ્યું. માટે મહાજનના આગેવાનોએ રાજમાતા પાસે જવું, તેમ બધાએ નક્કી કર્યું.

**દેવકરણ કંપાણી** તથા જમાદાર બેરખે પહોંચીને પચીસ-પચીસ માણસની આઠ ટુકડી અને ઘોડેસ્વારોની બે ટુકડી, તેના ચાઉસ સાથે દારૂ-ગોળા સાથે તૈયાર કરવામાં આવી. દેવકરણભાઇ આરબ જમાદારને પાસે રાખી બધી ટુકડીઓને વરધી દેવી શરૂ કરી, પહેલી ટુકડીને શેઠના મકાનના રક્ષણ માટે જવાને સૂચવાતા તેઓ બંદૂકના બહાર કરી રવાના થયા. બીજી ટુકડી ગામ ફરતી ગોઠવાઇ ગઈ. દેવકરણ કંપાણીએ ગામમાં ને રાજગઢ તરફ છૂપા જાસૂસો રવાના કરી દીધા હતા. તેમાંથી એક માણસ શેઠના ઘર તરફ રસાલાની ટુકડી ગોઠવાઇ ગયાના ખબર લાવ્યો કે તુરત જ બે ટુકડીને ઘરે ગયેલા રસાલા સાથે મુકાબલો કરવા રવાના કરી, દરેક ટુકડી બંદૂકના બહાર કરીને એક પછી એક પસાર થતી હતી. ઉપરા-ઉપરી થતા ધડાકાથી ગામમાં શોરબકોર મચી રહ્યો હતો.

શેઠના ઘર તરફ બેરખેથી આવેલી આરબની ટુકડી ગોઠવાએલી જોઇને, મહાજનને હિંમત આવી, રાજ્યના માણસો તો આ બધું જોઇ મુંઝાણા. અમુક માણસો છૂટા-છૂટા શેઠના ઘર તરફ ગોઠવાઇ ઉભા હતા. રાજ્યનો સેનાપતિ આ બધું જોઇ રાજગઢ તરફ રાજમાતાને ખબર આપવા દોડયો. સેનાપતિ રાજગઢ તરફ જતો હતો, ત્યાં પચીસ આરબોની એક ટુકડી ઠક્કરના ઘરને ઘેરો ઘાલીને ઉભેલી જોઇ, ત્યાં રસ્તામાં બીજી ચાર ટુકડી ચાઉસ જમાદાર લઇને રાજગઢને ઘેરો ઘાલવા આવતી જોઇ, બાકીના આરબોની ઘોડેસ્વાર ટુકડીને લઇને દેવકરણભાઇને રાજગઢ તરફ ધસી આવતાં જોયાં.

ઠક્કર, સેનાપતિને હુકમ આપી રાજગઢમાં રાજમાતા તરફ ગયો, રાજવી શેખ સલામભુ-રાજમાતા પાસે મૌન ધરી બેઠા હતા. તેવામાં ઉપરા-ઉપરી બંદૂકોના બહાર થતાં સાંભળી રાજમાતાને આશ્ચર્ય થયું, ઠક્કરને તેની તપાસ કરવા ફરમાવ્યું.

ઠક્કર બોલ્યો, માજી એ તો કપુરચંદ શેઠના ઘરેથી શેખબાપુ માટે ઘોડી લેવા માણસો ગયા છે, તે શેઠાણી જરા આકરા સ્વભાવના છે. તેથી દાબ બેસાડવા આપણા માણસોએ કદાચ ખોટા ભડાકા કર્યા હશે, તેમાં ચિંતા કરવા જેવું નથી.

રાજમાતા ચમક્યા ! શું ? શેઠના ઘરેથી ઘોડી લેવા માણસો મોકલ્યા ? કોણે ? કોને પૂછીને મોકલ્યા ? ભાઇ અબુ ! આ બધું શું છે ? આપણે રસાલે ઘોડીનો ક્યાં કાળ છે ? તું રાજ કરવા બેઠો છો કે રમત ? બોલ ! જે હોય તે કહી દે. મુંગો કેમ થઇ ગયો છે. કહે ઠક્કર ? આ બધું શું છે ? રૈયત એ તો અમારા મન બેટા–બેટી છે, તેને ઘરે ધાડું પાડનાર અને અમારા બાળકો ઉપર બંદૂકોના કુંદે દાબ બેસાડનાર કોણ છે ? એવો હુકમ કરનારે રૈયતના ઘર ઉપર હાથ નથી નાંખ્યો, પણ રાજની આબરૂ પર ઘા કર્યો છે. આ માટે તને રાખેલ છે એમ કે ? અરે કોણ છે બહાર ? આ અણધાર્યા ઉત્પાતથી રાજમાતાની અંતરમાં ક્રોધાગ્નિ પ્રજવળી રહ્યો હતો. બીજી બાજુથી બંદૂકોના બહાર ઉપર બહાર થવા શરૂ થયા હતા. મામલો વધારે વિફરે. ને પૂરેપૂરો સામનો થાય ને રાજમહેલમાંથી ગોળીઓ છૂટે, તો વચમાં રહ્યું, **આપણું મંદિર** તેટલા માટે તેમના રક્ષણ માટે **દેવકરણભાઇ**એ શેઠાણીના બાપના ઘરની અગાસી ઉપર પણ નાની તોપો ગોઠવી હતી. કે જેના ઘા સીધા રાજમહેલમાં જાય. **અમૃત શેઠાણી** ને **રાજમાતા** વચ્ચે એટલો ગાઢ સંબંધ હતો કે પાંચ–દશ દિવસે શેઠાણી ન મળ્યાં હોય તો રાજમાતા તેમને તેડવા સીગરામ મોકલે, આવો ગાઢ સંબંધ એક ભાડુતી નોકરના હાથે ધૂળમાં મળતો જોઇ, રાજમાતાને અસહ્ય દુઃખ થયું, શેખ સલામબુ તો આ તોફાની મામલો જોઇ હેબતાઇ ગયા

હતા. તેને નહતી ખબર ‘‘સીલમ’’ની કે નહતી ખબર ‘‘ઠક્કર’’ ની દાદાગીરીની.

મુંઝાઇ ગયેલા શેખ સલામબુને જોઇ રાજમાતા તેના સરળ સ્વભાવનું પરિણામ પારખી લીધું. આ બધામાં તેને ઠક્કરની મદાંધતા જ દેખાઈ.

રાજમાતાના તાપમાં શેકાઇ જતો, ઠક્કર બેઠો હતો, ત્યાં થંભી ગયો. ડેલીનો ચોકીયાત રાજમાતાના અવાજથી દ્વાર ઉપર આવીને ઉભો રહ્યો, રાજમાતાએ હુકમ કર્યો, પહેરેગીર ! જા ! હમણાં જ મારા માટે સીગરામ જોડાવી લાવ.

ઠક્કર તરફ જોઇ રાજમાતા ત્રાટકી ઉઠયા, ને બોલ્યા, ઠકકર ! તારૂં કાળું મોં મારે નથી જોવું, રાજના કાનુન મુજબ રાજદ્રોહીને જીવતો જવા દેવો ન જોઇએ, પણ તારા જેવા મરેલાને શું મારવો ? જા ગઢમાંથી નીકળી જા, સાંજ સુધીમાં માંગરોળની હદ છોડી દેજે, અને ભાઇ અબુ ! આ કાળ મુખા ઠકકરને હદપાર કર્યો છે. તેમ ઢંઢેરો પીટાવી દે. અને આ બધું શું તોફાન છે. તેની તપાસ કરાવ.

શેઠના ઘરની ફરતી રાજની જે ટુકડી હતી. તે આ બધો મામલો જોઈ ગભરાણી ને નાસી છૂટવાની તૈયારી

કરવા લાગી, આ સંતાકૂકડીની રમત આરબ ટુકડીના ચાઉસે જોઇને અવાજ કર્યો, હે....રે બીજી પળે ચાઉસે રાજ્યની ટુકડીને ઘેરી લીધી. ચાઉસે કહ્યુ, લડવું હોય તો સામે મેદાને આવો, નહીંતર હથીયાર છોડી દ્યો. રાજ્યના સિપાઇઓએ હથીયાર હેઠા મૂકી દીધા.

દેવકરણ કંપાણીએ સો માણસોની ટુકડી અગાઉ રાજગઢ તરફ મોકલી હતી. ને પોતે પચાસ માણસની ટુકડી સાથે રાજગઢ તરફ ધસી આવતા હતા. દેવકરણ કંપાણી ગઢને દરવાજે પહોંચ્યા, તેટલામાં ગઢમાંથી ઠક્કરને મૂઠીઓ વાળીને નાસી છુટતો જોયો.

દેવકરણભાઇએ પડકાર કર્યો કે “ખબરદાર” એકડગલું આગળ ચાલ્યો તો જાનથી જઇશ. જોતજોતામાં બધા આરબ સિપાંઈઓ ઘેલા ઠકકરને ફરી વળ્યા ને તેની સામે બંદૂક તાકીને ઉભા.

## “ઘેલો ઠક્કર કંગાળ મોઢે દેવકરણ કંપાણીના પગમાં પડયો.”

વીજળી વેગે એક પછી એક બનાવ બનતા જતા હતા. ઠક્કરને બાંધીને રાજગઢમાં લઇ જવો કે શેઠાણીને સુપરત કરવો. તેનો દેવકરણ કંપાણી વિચાર કરતા હતા, ત્યાં ગઢમાંથી રાજમાતાનો સીગરામ બહાર આવ્યો, રાજમાતાએ

આ દશ્ય જોઇ સીગરામ થોભાવ્યો. દેવકરણ કંપાણી રાજમાતા પાસે ગયા ને નમન કરી, રાજમાતા શું કહે છે? તે સાંભળવા ઉભા રહ્યા.

ગામમાંથી મહાજન રાજગઢ તરફ આવતું હતું. તે પણ ત્યાં આવી પહોંચ્યું, પ્રજાની જાગૃતિ જોઇ, રાજમાતાની આંખમાં હર્ષના આંસુ ભરાઇ આવ્યા, **"રાજદ્રોહી ઠક્કર"** ને લઈને નગરશેઠના ઘેર આવજો. તેમ ગળગળા અવાજે કહીને રાજમાતાએ સિગરામ નગરશેઠના ઘર તરફ હંકરાવ્યો.

**અમૃત શેઠાણી** હંમેશની માફક પરશાલમાં બેસીને બહાર બનતા બનાવોની તપસ રાખી રહ્યા હતા, તેટલામાં ડેલીએથી એક આરબ ત્યાં દોડી આવ્યો, ને નમન કરી, **"રાજમાતા"** પધારે છે તેના ખબર આપ્યા.

**અમૃત શેઠાણી** ઉભા થઈને સામા ચાલ્યા. ને રાજમાતાને માન ભર્યો આવકાર આપતાં ભેટી પડયા. બંનેની આંખમાંથી પ્રેમના આંસુઓની ધારા ચાલી.

થોડી મિનિટ આ કરૂણ દશ્ય ચાલ્યું. અમૃત શેઠાણીએ હિંમત લાવીને વાતની શરૂઆત કરતાં કહ્યું, માજી આપ જાતે તકલીફ લઈને આંગણે પધારવાની કૃપા કરી તે માટે આભારી છું. મને જણાવ્યું હોત તો હું આપની પાસે આવી જાત, પરસાલે પધારો ને જરા વિશ્રાંતિ લ્યો.

રાજમાતા બોલ્યા ! બહેન અમૃત ! તમે તો અમારા બહેન છો. આંહી આવવામાં મને શરમ કે મોટાઇ ન હોય. અને આજે તો હું અમારા રાજદ્રોહીનો ન્યાય કરાવવા તમારી પાસે આવી છું, એ નિમકહરામ ઠક્કર બહાર ઉભો છે. તેને શું સજા કરવી, એ તમારા ઉપર છોડું છું.

અમૃત શેઠાણીએ કહ્યું ! માજી ! ન્યાય તો રાજસત્તા કરી શકે છે. અમે તો તમારા છોરૂ છીએ. તમારી પુત્રીને વધુ પડતી મોટાઇ આપીને ન શરમાવો. ના બહેન ! હું ખોટો વિવેક કરતી નથી. **ધરમશી શેઠ** તો રાજના સ્તભ જેવા હતા, તેની પુત્રવધૂ તરફનો અઢારે વરણનો પ્રેમભાવ હું આંહી આવતાં જોઈ શકી છું. મારી બેનપણીનું પુણ્ય-તેજ જોઇ મારૂં હૈયું હર્ષથી ઉભરાઇ જાય છે. અમારી ગફલતનો લાભ લઇને ઠક્કરે પ્રજામાં ભારે ત્રાસ વર્તાવ્યો છે. તે બધું અત્યારે હું જાણી શકી છું. એટલે આ અમારા પ્રમાદનું પરિણામ હોવાથી તટસ્થ તરીકે તો તમે જ ન્યાય કરો, તેમ હું ઇચ્છું છું.

અમૃત શેઠાણી બોલ્યા, “ બસ માફ કરો માતા ! ” ઘેલા ઠક્કરનો ન્યાય કુદરત કરશે, તે નિમકહરામને સજા કરનાર આપણે કોણ ? મને પૂછતાં હો તો તેને માફ કરી, છોડી મૂકવો ઠીક છે. ને હું પણ તેની પાસેનું લેણું છોડી દઈ તેના પાપી પગલાથી અભડાતી આપણી પુણ્યભૂમિને બચાવી લેવાય-તેમ ઈચ્છું છું.

**ધરમશી શેઠ** તથા **અમૃત શેઠાણી** ના યુગમાં હાઈસ્કુલો ન હતી, કોલેજો ન હતી, હજુ તો અંગ્રેજોનું સામાન્ય આવાગમન હતું. છતાં તે યુગમાં જે ઉચ્ચકોટીનું શિક્ષણ, વ્યવહારિક જ્ઞાન, સામાજિક જ્ઞાન, તથા ધાર્મિક જ્ઞાન, આર્ય સંસ્કાર, આર્ય વિચાર, આર્ય સંસ્કૃતિ, મર્યાદા વડીલો તરફ તથા પૂજ્યો તરફ જે વિનય વિગેરે હતું, તેમાંનું કાંઈ આજે દૃષ્ટિ ગોચર થતું નથી. પણ ઘણા જ દુઃખ સાથે લખવું પડે છે કે આપણા આરાધ્ય દેવ, પૂજ્ય તીર્થંકર દેવો તરફ કે પૂજ્ય ગુરૂ દેવો તરફ કે ધર્મ તરફ સામાન્ય વિનય, મર્યાદા, આજની કહેવાતી ઉચ્ચ કેળવણી લીધેલા આત્માઓમાં મોટે ભાગે ભાગ્યે જ દેખાય છે. સ્વતંત્રતા કહો. સ્વછંદીપાણું કે ઘમંડીપાણું કહો, તેવું વર્તન ઘણે ભાગે નજરે ચડે છે તે એક ઘણો જ દુઃખનો વિષય છે. પણ પ્રભુ મહાવીરની વાણીના આગમો–સિદ્ધાંતો એમ ભારપૂર્વક દર્શાવે છે કે સમય આ બધી વસ્તુઓને બરાબર બોધપાઠ શીખવશે.

**અમૃત શેઠાણી** જેવા સામાન્ય કેળવણી લીધેલ સ્ત્રીરત્ને પોતાના જીવન કાળ દરમ્યાન વ્યવહારમાં, સામાજિક બાબતોમાં, ને વ્યાપારમાં તથા રાજપ્રકરણી બાબતોમાં ને ચડીયાતી ધાર્મિક બાબતોમાં જે બુધ્ધિ કૌશલ્ય દાખવી, પોતાના માનવભવનું સાર્થકતા કરી ગયા. તેવા આજની ઉચ્ચ કેળવણી પામેલામાંથી કોઇ નીકળશે ખરા ?

**શેઠાણી**ના ઘરમાં ગૃહમંદિર હતું, રોજ પ્રાતઃકાળમાં પોતે પુત્રો વિગેરે કુટુંબીજનો વહેલા ઉઠી, પહેલા પ્રભુના દર્શન કરી, પછી દાતણ કરવા, બહારના ઓટલે બેસે, અનાજની ટોપલી તથા દોકડાની થેલી પાસે રાખે, પુત્રોને પણ પાસે બેસાડે, પુત્રો પાસે ગરીબ-ગરબાને વાટકો ભરી અનાજ અપાવે. અપંગ-રોગી, દુઃખીઆને મૂઠી ભરીને દોકડા અપાવે. પછી પુત્રો માતાને વંદન કરી નિશાળે જાય. પછી ઘરમાં છાશ તૈયાર થાય. ત્યારે ગામમાંથી છાશ લેવા આવે, તેને ગામના ખબર અંતર પૂછે. તેમાં કોઇને મદદ કરવા જેવું હોય તો છાશના ઠામમાં છાની માની મૂઠી ભરી કોરી નાંખી દે. નાત-જાતના ભેદ વિના બપોર-સવાર તેવા વસમીવેલાના ઘેર પોતે જઈ તેમનું દુઃખ ટાળે.

અમૃત શેઠાણીએ સંવત ૧૮૯૪માં બારવ્રત ઉચાર્યા હતા. તેમજ તેમણે રોહિણી તપ કર્યો હતો. તથા પુત્રો **શેઠ ચત્રભુજ**ને તથા **પ્રેમજીભાઈ**ને વીશસ્થાનક તપ કરાવ્યો હતો. આ તપ નિમિ-તે અમૃત શેઠાણીએ સંવત ૧૯૧૭માં મોટું ઉજવણું કર્યું હતું, તે ઉજવણામાં જ્ઞાનની હસ્ત લિખિત પાંચ પ્રતો મૂકી હતી. તેમાં **"નંદીસૂત્ર"**ની પણ હસ્ત લિખિત પ્રત છે. તે નંદીસૂત્રની પ્રતના છેલ્લા પાનાના થોડા કોરા ભાગમાં **શેઠ પ્રેમજી કપુરચંદ** ની સહીવાળું લખાણ છે તે આ પ્રમાણે :-

**" શ્રી નંદીસૂત્રની પરત શ્રી માંગરોળબંદરેના શ્રી તપગચ્છના ભંડારમાં આપી છે. શ્રી ધરમશી**

હેમચંદ હા: શેઠાણી અમરતે, શ્રી રોહિણીનો તપ કરો, તથા ભાઈ ચત્રભુજ તથા ભાઇ પ્રેમજીએ વીશસ્થાનક પદની ઓળી લીધી. તેનું ઉજવાણું ૧૯૧૭ ના વૈશાખ શુદ ત્રીજે વરસમાં કર્યું તેની પ્રત આ ભંડારમાં આપી છે.

લી. સેવક
પરેમજી કપુરચંદ
જે વાંચે તેને વંદના–પરણામ.

卐

**શેઠ ધરમશી હેમચંદ** ના સ્વર્ગવાસ પછી પણ અમૃત શેઠાણીએ સંઘની વ્યવસ્થા પોતાની પેઢી જે રીને કરતી હતી. તે પ્રમાણે ચાલુ રાખી હતી. ને સમય આવતાં **શેઠ ચત્રભુજ** તથા **શેઠ પ્રેમજી** ઉંમરલાયક થતાં શ્રી સંઘમાં સક્રિય કામ કરવા લાગ્યા.

અમૃત શેઠાણીની સ્વર્ગવાસ તિથિની શોધ કરતા તે મળી શકી નથી.

## " મોતીની માળાથી ગૂંથેલા પ્રભુના રંગીન કળામય ચિત્રો "

શ્રી સંઘ પાસે મોગલાઈ યુગના જયપુરી આકર્ષક, સુંદર રંગથી ચિત્રેલા પચીસ મોટા ચિત્રો પ્રભુજીઓના છે. જે

ચિત્રો શ્રી નવપલ્લવ પ્રભુના દહેરાસરના ઉપર મોટા ચૌમુખજીમાં રાખવામાં આવતા હતા. આ ચિત્રોમાં જે રંગો પૂરવામાં આવ્યા છે, તે કળાની દૃષ્ટિએ અદ્‌ભૂત, આકર્ષક ને મનને આનંદ પમાડનાર દૃશ્યમાન થાય છે. આજ તો આ રંગો મળતા જ નથી. એક-એક ચિત્ર બરાબર નિહાળી કળાની દૃષ્ટિએ જોવામાં આવે તો ઘણો સમય લાગે. ઉપર ચૌમુખજીમાં લોકો કવચિત જ દર્શન કરવા જાય. જેથી ચિત્રો તરફ લોકોનું આકર્ષણ હોય જ નહીં, ને ત્યાં ધૂળ ખાઈ-ખાઈને ચિત્રો બગડતા હતા. ફ્રેમો બધી ભાંગી-તૂટીને સડી ગયા જેવી થઈ ગઈ હતી. તે ચિત્રો મેં ત્યાંથી વંડીના દહેરાસરે મંગાવી બધાની ફ્રેમો સુધરાવી, રંગાવીને ચિત્રો નવા જ હોય, તેમ બનાવી મોટા હોલમાં લોકો સારી રીતે દર્શન કરી શકે તેવી રીતે વ્યવસ્થિત ગોઠવ્યા છે.

આ ચિત્રો માટે આ લખાણ લખવાનો મૂળ હેતુ ચિત્રોમાં પ્રભુની નાનામાં નાની ને તેથી મોટી ઘણી મૂર્તિઓમાં સાચા ઝીણા મોતીઓની એક સરી અને ત્રણ સરી માળા તથા નાના-નાના માણેક જડેલા છે. દરેક ચિત્રોની નીચે કયા ભગવાનનું ચિત્ર છે, તે નામ લખેલું છે.

આ જે નામ લખેલા છે, તે **શેઠ પ્રેમજી** કપુરચંદના પોતાના હાથના હસ્તાક્ષરના છે. કારણ કે જે હસ્ત

લિખિત પ્રતો શ્રી સંઘને અર્પણ કરેલી છે. તેમાં પ્રેમજી શેઠના હસ્તાક્ષર છે. તે હસ્તાક્ષર અને આ હસ્તાક્ષર બરાબર મળતા આવે છે.

મારી માન્યતા ને અનુભવ મુજબ હું એમ માનું છું કે આ ચિત્રો પ્રેમજી શેઠે લીધા હોવા જોઇએ, ને લીધા બાદ ઘરના સ્ત્રી સમુદાય પાસે તે ચિત્રોમાં મોતીની માળા ને માણેક વિગેરે ગૂંથાવ્યા હોય. કારણ કે તેમને ત્યાં મોતીઓ તો ઢગલાની માફક પડયા રહેતા હતા. તેમાંથી પ્રભુને કંઠે તે મોતીની માળા ગુંથાવીને બનાવી હોય.

આજે આ ચિત્રોની કિંમત અણમોલ ગણાય, ચિત્રો અહીં મોટા હોલમાં આવ્યા પછી સેંકડો માણસો, આ ચિત્રો જોવા આવ્યા હતા ને હજુ આવ્યા કરે છે. પ્રેમજી શેઠના હસ્તાક્ષર કાચની અંદરના ભાગમાં ચિત્રની નીચે લખેલ છે, ને હમણાં ફ્રેમો બધી સફેદ કરાવી, તેની ઉપર લાલરંગના નામો કરાવ્યા છે. તેમાં **દ્વારકા નગરી, કંસને કૃષ્ણ–નેમ યુદ્ધનું ચિત્ર, વારાણસી નગરીનું ચિત્ર, ધન્ના–શાલિભદ્રજીનો મહેલ, રાજગૃહી નગરી, ચોવીશ તીર્થંકર સહિત હ્રીઁકાર, ચોવીશ તીર્થંકર સહિત ઓંકાર,** વિગેરે ચિત્રો ખાસ આકર્ષક છે. આજે આવું ચિત્રકામ ભાગ્યે જ થઇ શકે? હોલનું નામ "**ચિત્ર કળા ભુવન**" ને "**આગમ મંદિર**"

રાખ્યું છે. **ચત્રભુજ શેઠે** ને **પ્રેમજી શેઠે** સંવત ૧૯૪૫ સુધી સંઘનું સુકાન સંભાળ્યું હતું.

પ્રેમજી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પણ માંગરોળના પ્રતિનિધિ તરીકે તે કમિટિમાં હતા. મોટા **ચત્રભુજ શેઠ** ને એક જ પુત્ર હતા. જેનું નામ **વલ્લભજી શેઠ** હતું, અને નાના પ્રેમજી શેઠને **લીલાધર, સવચંદ** ને **છોટાલાલ** એ પ્રમાણે ત્રણ પુત્રો હતા.

## સંવત ૧૯૫૩ થી મિનિટ બુક શરૂ.

## "વલભજી શેઠ"

ચત્રભુજ શેઠ પછી **શેઠ વલભજીએ** ઘણા વરસ સુધી સંઘનું કામકાજ કર્યું હતું. ને દર વર્ષે સંવત્સરી બાદ ચોરવાડ જઇ ત્યાં અઠવાડીયું રોકાઇ, બધી તપાસ કરી દેખરેખ રાખી, યોગ્ય સુધારા વધારા કર્યા હતા. અમૃત શેઠાણી જે રથ પોતે વાપરતા હતા. તે રથ શેઠ વલભજીએ શ્રી સંઘને અર્પણ કરેલ છે,

ચાંદીનો રથ બનાવ્યો તે પહેલાં વરઘોડામાં તે રથમાં પ્રભુજીને પધરાવતા હતા. અને ચાંદીનો રથ થયા બાદ હાલ તે રથમાં આગમના પુસ્તકો પધરાવી **આગમનો રથ** તરીકે ઓળખાય છે. આ રથની કારીગીરી ઘણી ઝીણી ને સુંદર છે. આ રથને હમણા સુધરાવી રંગ રીપેર કરાવી

સદંતર નવા જેવો બનાવ્યો છે, જેનો ફોટો આ સાથે છે, આ રથને લગભગ સવાસો વરસ થયા હશે.

વલભજી શેઠને પાંચ પુત્રો હતા. **શેઠ પ્રાણલાલ, શેઠ કાનજી, શેઠ ગુલાબચંદ, શેઠ માણેકચંદ, શેઠ રણછોડલાલ.**

શેઠ વલભજીના મોટા પુત્ર શેઠ પ્રાણલાલ વલભજી મુંબઈ ખાતે રહેતા હતા, ઘણા વરસો સુધી તેમણે શ્રી માંગરોળ વણીક નિરાશ્રિત ફંડના સેક્રેટરી તરીકે કામ કર્યું હતું. તેમજ બીજી સંસ્થાઓમાં પણ સેવા આપી હતી.

## "શેઠ કાનજી વલભજી"

શેઠ વલભજી ચત્રભૂજ સંવત ૧૯૬૦ ના અસાડ માસમાં સ્વર્ગવાસ થતાં શ્રી માંગરોળના સંઘે દીલગીરીનો ઠરાવ કરી તેમના આત્માને શાંતિ મળો, તેવી પ્રાર્થના કરી હતી. અને તેમની જગ્યાએ શેઠ કાનજી વલભજીની મેનેજર તરીકે નિમણુંક કરી હતી. **'શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ'** પ્રભુને ૧૯૬૭માં લેપ થયો. તથા સોનાનો કંઠો ગળામાં સુરક્ષાઅર્થે પહેરાવ્યો, તે તેમના સમયમાં થયો હતો, તેઓએ લગભગ વીશ વર્ષ સુધી સેવા આપી. સંવત ૧૯૭૯ ના ફાગણ શુદ ત્રીજના શનિવારે સ્વર્ગવાસ પામ્યા

હતા. શ્રી સંઘે શુદ (૬) છઠને ગુરૂવારે શોક સભા ભરી હતી.

સ્વ. શેઠ કાનજીભાઇના બે પુત્રો છે. એક ઈશ્વિરલાલ કલકત્તામાં રહે છે. બીજા ચીમનલાલ મુંબઇમાં દેના બેન્કની શાખામાં મેનેજર તરીકે છે, તેમના લગ્ન લેખક મુનિ મહારાજશ્રીની 'સંસારીપણા'ની પુત્રી **ચિ. મધુરાવંતી** સાથે થયા છે, તેમને બે પુત્ર ને એક પુત્રી છે.

## શેઠ લીલાધર પ્રેમજી.

પ્રેમજી શેઠના સ્વર્ગવાસ પછી તેમના પુત્ર શેઠ લીલાધર તથા શેઠ છોટાલાલ પ્રેમજીએ ઘણા વરસ સુધી સંઘના મેનેજર તરીકે રહ્યા હતા। શેઠ લીલાધર પ્રેમજીએ સંવત ૧૯૫૫થી ૧૯૭૦ સુધી વખતો-વખત ઘણી સેવાઓ આપી હતી. તેઓ સંવત ૧૯૭૦ ના આશુ શુદ (૮) આઠમના રોજ મુંબઇમાં સ્વર્ગવાસ પામ્યા હતા.

## શેઠ છોટાલાલ પ્રેમજી.

સ્વ. શેઠ છોટાલાલ પ્રેમજી પણ સંવત ૧૯૫૫ થી શ્રી સંઘની કમિટિમાં સક્રિય જોડાયા હતા, તેઓએ મેનેજર તરીકે તથા કમિટિના સભ્ય તરીકે લગભગ ૧૯૮૦ની સાલ સુધી સેવા આપી હતી. આ વરસોની અંદર શ્રી માંગરોળના સંઘની અંદર ચાર-ચાર વખત તોફાની વાતાવરણના

ભયંકર ઝંઝાવાતો ફરી વળ્યા હતા. તેવા **સમયમાં એક** નીડરને સ્વતંત્ર સુકાની તરીકે **શ્રી** સંઘને દોરી જઈ **શ્રી** સંઘનું ગૌરવ પ્રતિષ્ઠા જાળવવાનું ભગીરથ કાર્ય પાર પાડયું હતું. તેઓશ્રી સંઘના ટ્રસ્ટી તરીકે પણ ઘણા વરસો સુધી હતા. તેમની સેવાઓ ગૌરવ લેવા જેવી હતી. તેમના સમયમાં મંદિરોમાં આરસ પથરાવવા, પ્રભુના દાગીના બનાવવા વિગેરે ઘણા કાર્યો તેમણે સુંદર રીતે બજાવ્યા હતા. તેઓશ્રી મુંબઈના પાયધૂનિ ઉપર આવેલા ગોડી પાર્શ્વનાથ મંદિરના ઘણા વર્ષ સુધી ટ્રસ્ટી હતા તેમજ મુંબઈમાં કાયમી રહેણાંક થતાં આઠથી દશ વર્ષ સુધી ઘરમાં ઘર દહેરાસર રાખેલ હતું. તથા સં. ૧૯૭૧ માં સ્વ. આચાર્ય દેવેશ વિજયનીતિ સૂરિશ્વર મહારાજ સાહેબે ગીરનારનો જિર્ણોધ્ધાર કરાવ્યો તે વખતે શેઠ ધરમશી હેમચંદે શાંતિનાથ ભગવાનના દહેરાસરનો જે જિર્ણોધ્ધાર અગાઉ કરાવ્યો હતો તેનો ફરી જિર્ણોધ્ધાર રૂા. ૧૦૦૧ ખર્ચીને તેઓએ કરાવ્યો હતો.

શેઠશ્રીના સ્વ. પત્નિ **જવલબેન** છોટાલાલ પ્રેમજીએ પાલીતાણામાં ગામના **શેઠ નરસી નાથાના** નવા દહેરાસરમાં મૂળનાયકની જમણી બાજુમાં આવતી ચોવીશી **શ્રી ઋષભાનન સ્વામી** ની રૂા. ૭૫૧) માં પ્રતિષ્ઠા કરી છે.

તેમના એક પુત્રી ગં. સ્વ. **મંજુલાબહેને** સંવત ૧૯૯૮ ના ફાગણ શુદ ત્રીજે મુંબઈમાં ભગવતી દીક્ષા અંગીકાર કરી હતી.

તેઓ સંવત ૧૯૯૯ ના માગશર વદ ૧૦ સ્વર્ગવાસ પામ્યા હતા. તેમના માનમાં માંગરોળના શ્રી સંઘે શોકસભા ભરી હતી તથા સ્મારક ફંડ કરી શ્રી સંઘે તેમનો ફોટો ખુલ્લો મુકયો હતો

## શેઠ રતિલાલ લીલાધર.

સ્વ. શેઠ લીલાધર પ્રેમજીના સ્વર્ગવાસ પછી તેમના પુત્ર શેઠ રતિલાલ સંવત ૧૯૮૧ના વરસથી શ્રી સંઘમાં આગેવાન તરીકે સક્રિય ભાગ લેવા માંડયા. તેઓ શ્રી સંઘની એડવાઇઝરી બોર્ડમાં લગભગ પચીશ વરસ સુધી રહ્યા હતા. તેમના સમયમાં દહેરાસર, ઉપાશ્રયના જીર્ણોદ્ધારનું કામકાજ તથા તેમને લગતું બીજું દરેક કામકાજ ઘણા મોટા પ્રમાણમાં થયું હતું. પ્રભુના આભૂષણો બનાવવા, ચાંદીનો રથ બનાવવો વિગેરે કામકાજ થયું હતું. તેઓના સમયમાં આચાર્ય **વિજયરામચંદ્ર સુરીશ્વરજી** નું તથા અન્ય વિદ્વાન મુનિ મહારાજોના લગભગ ૧૫ થી ૧૭ ચાતુર્માસો થયા હતા. ઉપધાન તપ થયો હતો, અઠ્ઠાઇ મહોત્સવ, સ્વામી વત્સલ, વરઘોડા કાઢવા વિગેરે તેમનું ખાસ મુખ્ય કર્તવ્ય હતું. એટલે ભક્તિયોગમાં અસાધારણ રસ લઇ, ભોગ આપતાં હતા. તેઓને સામાજિક સંસ્થામાં ઝાઝો રસ હતો નહીં, તેમજ સામાજિક સંસ્થાઓમાં દ્રવ્ય વાપરવામાં તેઓ ઓછો રસ લેતાં, પણ ભક્તિગોગ, પછવાડે, દેવદ્રવ્યમાં, સાધારણ દ્રવ્યમાં, ગુરૂદ્રવ્યમાં તેમજ સાધર્મિક

ભક્તિમાં ઘણા જ પ્રેમપૂર્વક ઉત્સાહથી ખુલ્લા હૃદયે સારો પૈસો વાપરતા હતા. દહેરાસરની ઘીની બોલીમ તેઓ હંમેશા મોખરે રહેતા હતા. છેલ્લા ત્રીશ વર્ષના ગાળામાં મારી ગણતરી મુજબ ઓછામાં ઓછા લાખેક રૂપિયા ભક્તિયોગમાં અહીં તથા યાત્રા વિગેરેમાં વાપર્યા હશે.

સંવત ૧૯૯૯ માં આચાર્ય દેવેશ **વિજયરામચંદ્ર સુરિશ્વરજી** મહારાજ સાહેબનું ચાતુર્માસ પુરૂં થયા બાદ સં. ૨૦૦૦માં માંગરોળથી જૂનાગઢનો છ/રી પાળતો સંઘ કાઢયો હતો. સંઘમાં લગભગ ૧૦૦થી ૧૨૫ માણસો હતા, માંગરોળથી જુનાગઢ સુધીમાં સાત મુકામ થયા હતા. માંગરોળના સંઘના ભાઈઓએ તેમને માનપત્ર અર્પણ કર્યું હતું.

વર્તમાન કાળમાં તેઓશ્રીએ શારદાગ્રામ નજીક શારદાનગર સોસાયટીમાં એક સુંદર મકાન બાંધેલ તેમાં ઘર દહેરાસર પણ કરેલ છે. દહેરાસરની કાચી પ્રતિષ્ઠા વખતે આઠ દિવસનો મહોત્સવ તથા સ્વામી વત્સલ કરેલ હતું.

પોતાના મકાનની બાજુમાં એક હજાર વારનો ચોરસ પ્લોટ છે તેમાં ભવિષ્યમાં મંદિર બંધાવી એક તિર્થ જેવું સ્થાન થાય તેવી તેઓની ભાવના છે, અને તે માટે તેઓ **આચાર્યદેવેશ વિજયરામચંદ્રસુરિશ્વરજી** મહારાજ સાહેબનો સંપર્ક સાધી રહ્યા છે, તેઓની આજ્ઞા મુજબ કાર્ય કરવાની ભાવના રાખે છે.

મંદિરના પ્લોટની ફરતી પાંચ હજાર વાર જમીન બગીચા માટે રાખવામાં આવી છે.

આ સોસાયટીમાં ૬૪ ચોસઠ પ્લોટો છે તેમાં લગભગ પચાસથી પંચાવન પ્લોટો જૈનોના છે. લગભગ બાર પ્લોટો બંધાઇ ગયા છે.

આની નજીકમાં જ સીમેન્ટ તથા મગફળીના ફોતરાનું કારખાનું કરવાની વાટાઘાટો સરકાર સાથે ચાલે છે.

સોસાયટીના ઘરમંદિરના પ્રભુ **શાંતિનાથજી ને** મુંબઇથી અંજન શલાકા કરાવી માંગરોળ લાવ્યા ત્યારે શેઠે હાથી ઉપર પ્રભુને લઈને બેસી મોટો વરઘોડો કાઢયો હતો.

હાલમાં શ્રી સંઘમાં પ્રભુજીઓના જે લેપ, ઓપ, ચક્ષુ, ટીલા વિગેરેનું જે ભગીરથ કામકાજ ચાલી રહ્યું છે. તેમાં તેઓનો મને સંપૂર્ણ સહકાર મળ્યો છે. તેમના સહકારને લીધે જ આ ભગીરથ કાર્ય પુરૂં કરી શકયો છું. નહીંતર આ કામો થઈ શકત જ નહીં, તે એક નગ્ન સત્ય હકીકત છે, તેઓ છેલ્લા ઘણા સમયથી તત્વજ્ઞાનનો ઉંડો અભ્યાસ કરે છે. તેમાં તેઓ ખૂબ–ખુબ આગળ વધ્યા છે. તે અભ્યાસથી આજે તેમના વિચારોમાં જબરજસ્ત પરિવર્તન થઈ ગયું છે તેમના ભાઇઓ **સ્વ. શેઠ ન્યાલચંદભાઇ** અમુક વરસ સુધી મેનેજર તરીકે તથા **શેઠ લલુભાઇ એ**

ચૌદ–ચૌદ વરસ સુધી મેનેજર તરીકે શ્રી સંઘની સેવા કરી હતી.

ઉપર પ્રમાણે **સ્વ. શેઠ ધરમશી હેમચંદ** થી ઉતરોત્તર છઠ્ઠી પેઢી સુધી તેમના સીધા વારસદાર **શેઠ રતિલાલ** સુધી પોણા બસો વરસ લગી આ કુટુંબે એક સરખી શ્રી સંઘની ને શાસનની સેવા કરી છે.

## "શ્રી મુનિસુવ્રત સ્વામીના મંદિરમાં બિરાજમાન પ્રભુજી"

## આરસના પ્રતિમાજીઓ.

(૧) શ્રી મુનિસુવ્રત સ્વામી.

| પ્રભુની જમણી બાજુ | પ્રભુની ડાબી બાજુ. |
|---|---|
| (૨) શ્રી વિમલનાથ | (૮) શ્રી પાર્શ્વનાથ |
| (૩) શ્રી ઋષભદેવ | (૯) શ્રી શાંતિનાથ |
| (૪) શ્રી પાર્શ્વનાથ | (૧૦) શ્રી પાર્શ્વનાથ |
| (૫) શ્રી પદ્મપ્રભુ | (૧૧) શ્રી ચંદ્રપ્રભુ |
| (૬) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ | (૧૨) શ્રી મહાવીર સ્વામી |
| (૭) શ્રી શીતલનાથ | (૧૩) શ્રી શ્રેયંસનાથ |
| (૨૨) પત્થરની એક ચોવીશી દક્ષિણ. | (૧૪) શ્રી ગોડીજી પાર્શ્વનાથ |

જમણી બાજુ. (૧૫) શ્રી પદ્મપ્રભુ
(૨૩/૨૪) વિજય શેઠ (૧૬/૨૦) પાષાણુના નાના
વિજયા શેઠાણી. પ્રતિમાજી ૩ કાળા,
૨ સફેદ.
(૨૧) પત્થરની એક ચોવીશી,
ઉત્તર.
(૨૫) નરદત્તાદેવી (ગોખલામાં)

૧ ચાંદીની ચોવીશી ગં. સ્વ. જેઠીબહેન લાલજી રામજી તરફથી.
૧૭ ચાંદીના સિધ્ધચક્રજીના ગટા.
૧ ચાંદીનું ઘંટાકર્ણનું પતરૂં.
૧ ચાંદીનો સિદ્ધચક્રજીનો ગટો (ઉભો).
૧ ચાંદીની ફ્રેમ.

૨ ચોવીશી ધાતુની પિતળની
૪ પંચતીર્થી ધાતુની
(સંવત ૧૫૦૦ થી ૧૬૫૦ ની સાલ વચ્ચેના સમયની છે.)

૨ પ્રતિમાજીને આખો લેપ કરવામાં આવ્યો છે.
૮ પ્રતિમાજીને થોડા ભાગમાં લેપ તથા બધામાં ઓપ.
૧૫ પ્રતિમાજીને આખો ઓપ.

ચક્ષુ, ટીલા, શ્રીવત્સ, દુગદુગી, ભાલપટી બધું નવું કરાવ્યું છે. ભમરને લાલી નવી બનાવેલ છે.

સંવત ૨૦૨૨ ના બીજા શ્રાવણ શુદ ૧૦ ના રોજ ગુરૂવાર તા. ૨૫–૮–૬૬ ના રોજ બૃહત્ અઢાર અભિષેક પૂજ્ય મુનિ મહારાજ **શ્રી ગુણભદ્રવિજયજી** ની નિશ્રામાં સકળ સંઘે કરાવ્યા હતા. તેની ઉપજ આશરે બસો પાંત્રીશ (૨૩૫) મણની થઇ હતી.

## "શ્રી ચંદ્રપ્રભુ સ્વામી"

શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું મંદિર માંગરોળના ઓસવાલ જ્ઞાતીના **શેઠ જેકરણ ખીમજી** ના પુત્ર **શેઠ નાનજી જેકરણ ચીનાઈ** એ બંધાવીને કરાવ્યું છે. જેનો શિલાલેખ **મણિભદ્રજી**ની બાજુના **શ્રી ચંદ્રપ્રભુ સ્વામી** ના દ્વાર ઉપર ચોંટાડેલ છે, જે નીચે મુજબ છે,

## "શિલાલેખ"

સ્વસ્તિ **શ્રી**મન્ નૃપ વિક્રમાર્ક સમયાતીત સં. ૧૮૭૫ વર્ષે શ્રી શાલિવાહન નૃપાલ કૃત શાકે ૧૭૪૧ પ્રવર્તમાને માસોત્તમે વૈશાખ માસે શુકલપક્ષે સપ્તમી કર્મવાટ હતાર્કોતમજ વાસરે શુભતર યોગે શ્રીમદ્ વીર પટ્ટ પરંપરાગતઃ જંગમ ગચ્છનાયક શ્રીમાન્ તપાગચ્છાધિરાજ સકલ ભટ્ટારક નામાક્ષર ખંડલો પત્ર **શ્રીમદ્ વિજયધર્મ સૂરીશ્વરજી**ત્કાનાં

પટ્ટ પ્રભાકર શ્રીમદ્ વિમલા ચલોજ જયંતે ગિર્યાદિતીર્થૌ ભૂરાતર જિનબિંબ જિનમંદિરાણાં પ્રતિષ્ઠા કર્તારઃ **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરાણાત્મકે** ઉપદેશાત્ શ્રી સૌરાષ્ટ્ર જનપદે રત્નાકર નીકટવર્તી મંગલપુર વાસ્તેવ્ય ઓસવાલ જ્ઞાતિય લઘ્છ શાખાયાં **શા. જેકરણ** ખીમજી, તદ્ ભાર્યા, **વાલબાઈ,** તસ્યાદ પુત્રૌ **શા. નાનજી,** કનીષ્ટ સુત શા. **રવજી,** બૃહત્ પુત્ર ભાર્યા કુલ, લઘુસુતભાર્યા જીવી, શા. નાનજીકસ્ય દ્વૌ પુત્રૌ, **શા. મકનજી, શા. સુંદરજી** તસ્ય દ્વૌ પુત્રી **બાઇ હર્ષ** તથા **બાઇ ભાણી** તસ્ય ભગિની **બાઇ નાથી,** બૃહદ્ પુત્ર **મકનજી,** તદ્ભાર્યા **સુલી,** ઇત્યાદિ સપરિકરસ્ય શ્રેયાર્થે **શા. નાનજી જેકરણેન** શ્રી સિદ્ધગિરિ યાત્રાદિ ચૌરિવાટિકા નગરે **શ્રી ચિંતામણી** પાર્શ્વ જિન ચૈત્યોદ્ધારાદ્યનેક ભવ્ય કૃતાનિ કારિતાની તતઃ મંગલપુરે **શ્રી ચંદ્રપ્રભજિન** પ્રાસાદં કારિતં. તત્ સમયે પંચ સત (પાંચશો) નવીન જિનબિંબાનાં પ્રતિષ્ઠાં કરાવિતાં, **શ્રીમદ્ વિજય જિનેદ્રસૂરિભિઃ** પ્રતિષ્ઠં શ્રીમાન્ તપાગચ્છે વજીર **પંડિત માણિકય વિજયેન** લિખિતમ્, સિદ્ધજિનવાસિ સોમપુરા શ્રી પ્રેમજીજીનાકે જિનવરં પરસ્તુતમ્.

ઉપર પ્રમાણેનો સીલાલેખ **શ્રી ચંદ્રપ્રભુ સ્વામી** ના દ્વાર ઉપર લગાડેલ છે. શીલા લેખ વાંચતાં એમ માનવાને કારણ મળે છે કે (૧) **શેઠ નાનજી જેકરણ** ચિનાયે સંવત ૧૮૭૪માં શ્રી સિધ્ધાચળનો સંઘ કાઢેલો **તે "ચોર વાટિકા નગરે"** (ચોરવાડ) થઇને સિધ્ધાચળ

ગયેલ હતો. કારણ કે ઉપરના શિલાલેખમાં તથા ચોરવાડના દહેરાસરના શિલાલેખમાં જણાવેલ છે કે શ્રી સિધ્ધાચળ તીર્થની સંઘ યાત્રા કરી, ને શેઠ **નાનજી** જેકરણ ચીનાયે આ ચોરવાડના મંદિરનો જીર્ણોધ્ધાર કર્યો, સં. ૧૮૭૪ ના જેઠ શુદ ૪ ને દિવસે પ્રતિષ્ઠા કરી, ચોરવાડનું નામ આ શિલાલેખમાં (ચૌરવાટિકા-નગરે) લખેલું છે.

(૨) ઉપરના શિલાલેખમાં જણાવેલું છે કે **"ચંદ્ર-પ્રભજિન પ્રાસાદં કારિતં"** એટલે ચંદ્રપ્રભુનું જિનપ્રાસાદ કરાવ્યું.

(૩) શિલાલેખમાં લખ્યું છે કે **"તત્સમયે પંચસ્રત નવિન જિનબિંબાનાં પ્રતિષ્ઠા કરાવીતાં"** એટલે આ સમયે પાંચસો (૫૦૦) નવીન જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. (અંજન શલાકા થઇ.)

(૪) આ સમયે તેમના બે જ પુત્રો ઉત્સવમાં હતા.

(૫) તે વખતે **આચાર્ય વિજયજિનેન્દ્રસુરીશ્વરજી** ના શુભહસ્તે આ બધી માંગલીક ક્રિયાઓ થઇ, આ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનું નામ **વીરવિજયજી** કૃત ચોસઠ પ્રકારી પૂજામાં પૂજા પૂરી થયા પછી જે કળશ બોલવામાં આવે છે, તેમાં નામ આવે છે કે **'વિજય જિનેન્દ્રસુરીશ્વર રાજ્યે તપગચ્છ કેરો રાયો'.**

## "અંજનશલાકા મહોત્સવ"

### "શ્રી સંઘનો ચોપડો શું કહે છે?"

સંવત ૧૮૭૨ થી ૧૮૭૯ ની શ્રી દહેરાસરની તથા સાધારણ ખાતાની નોંધ પાનું ૧૧૪ થી પાનું ૧૨૮ સુધીનું લખાણ શું કહે છે? આજના યુગમાં અંજનશલાકા મહોત્સવમાં અમુક વ્યક્તિઓ ભગવાનના માબાપ બને છે. તેવું તે યુગમાં ન હતું, ચૌદ સ્વપ્ના પણ ઉતરતા ન હતા. પણ વિધિ વિધાન બધું થતું હતું, શ્રી ચંદ્રપ્રભુના દહેરાસરની પ્રતિષ્ઠાનો મહોત્સવ સંવત ૧૮૭૫ના વૈશાખ શુદ ચોથથી શરૂ થયો હતો, તે વૈશાખ વદ નોમે સંપૂર્ણ થયો હતો. આ સમયની અંદર પૂજાઓ ભણાતી ન હતી,

વૈશાખ શુદ (૪) ચોથ ચ્યવન કલ્યાણ નિમિત્તે ચૌદ સ્વપ્નોની બોલી બોલવામાં આવી હતી.

વૈશાખ શુદ (૫) પાંચમ જન્મ કલ્યાણ નિમિત્તે ચોસઠ ઈન્દ્રોના ઘી બોલવામાં આવ્યા હતા. તેમ બીજા પણ ઘી બોલાયા હતા તેમજ સોનાના કળશોના, ૧૦૮ નાળચાના કળશોના, ઘણા ચાંદીના કળશોની જુદી જુદી બોલી બોલાણી હતી.

વૈશાખ શુદ ૬ (છઠ્ઠ) પ્રભુને પરણાવવાનું વધાવું, સંઘના બધા ભાઈઓએ લખાવ્યું હતું.

મુળ નાયક

# શ્રી ચંદ્રપ્રભુ—સ્વામી



સંવત ૧૮૭૫ વૈશાખ શુદ સાતમે
સ્વ. શેઠ શ્રી નાનજી જેકરણ ચીનોયે પ્રતિષ્ઠા કરી હતી.

મુળ નાયક

શ્રી વાસૂપૂજ્ય — સ્વામી



સંવત ૧૮૭૫ વૈશાખ શુદ સાતમે

સ્વ. શેઠ નાનજી જેકરણ ચીનોયે પ્રતિષ્ઠા કરી હતી

વૈશાખ શુદ ૭ સાતમ અંજનશલાકામાં ઘીની બોલીનું તથા નજરાણાનું બધા ભાઈઓએ લખાવ્યું હતું. આ અંજનશલાકા મહોત્સવમાં વંથલી, ધોરાજી, વેરાવળ, પાટણ, મિયાગામ વિગેરે ઘણા ગામના ભાઈઓ આવ્યા હતા, વૈશાખ વદ નોમ સુધી ઉત્સવ ચાલ્યો હતો.

## પ્રતિષ્ઠા ૧૮૭૫ વૈશાખ શુદ ૭.

શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, શ્રી વાસુપૂજ્ય સ્વામી સહિત સત્તાવન (૫૭) જિનબિંબોની તથા ઉપર નાના શાશ્વતા ચૌમુખજીની તેમજ અખંડ દીવાની બાજુના ગોખલામાં **શ્રી પદ્માવતી દેવી** ની આ બધી પ્રતિષ્ઠા **શેઠ નાનજી જેકરણ** અને તેના કુટુંબીજનોએ કરેલી છે. ઉપર જણાવેલા બધા બિંબોની નીચે લેખ છે કે **નાનજી** જેકરણે પ્રતિષ્ઠા કરાવી, **આચાર્ય વિજય જિનેન્દ્રસુરીશ્વરજી** ના હસ્તે ૧૮૭૫ વૈશાખ શુદ ૭.

## “ ૧૮૭૫ થી ૧૮૯૫ ”

આ સમયમાં ચોરવાડના દહેરાસરનો તથા **શ્રી ચંદ્રપ્રભુ સ્વામી** ના દહેરાસરના વહીવટનું એક સંયુક્ત ખાતું બંને દહેરાસરના નામનું જુદું હતું, આ ઉપરથી એમ લાગે છે કે **નાનજી શેઠ** સ્વર્ગવાસ થયા, ત્યાં સુધી આ દહેરાસરનો વહીવટ તેઓ જાતે જ કરતા હતા. **શ્રી નવપલ્લવ પ્રભુ, શ્રી મુનિસુવ્રત સ્વામી,** ને ઉપાશ્રયનો

વહીવટ સંઘના બીજા આગેવાનો કરતા હતા. તે પ્રકારના ચોપડાઓ જુદા જોવામાં આવે છે.

પાંચશો (૫૦૦) જિનબિંબોની અંજનશલાકા માંગરોળમાં થઈ, એકસઠ (૬૧) જિનબિંબોની પ્રતિષ્ઠા થઇ, આ માંગરોળના સંઘના પુણ્યોદયના સુવર્ણયુગની પારાકાષ્ઠા હતી.

## 'સંવત ૧૮૭૫'

ગિરનાર માહાત્મ્યના પુસ્તકના ૨૮માં પાના ઉપર જણાવેલ છે કે કુમાપાળની ટુંકના મૂળનાયક **શ્રી અભિનંદન સ્વામી**ની મૂર્તિની નીચે આ પ્રમાણે લેખ છે. "સંવત ૧૮૭૫ વર્ષે વૈશાખ શુદ ૭ શનૌ **શા આણંદજી કલ્યાણજી** કેન શ્રી અભિનંદન બિંબ કરાવિતં.

શ્રી સિદ્ધશૈલ શૃંગે ભટ્ટારક શ્રી વિજય જિનેન્દ્રસૂરી પ્રતિષ્ઠિતં શા. નાનજી જેકરણ પ્રતિષ્ઠાં કરિતાં, માંગરોળ બંદરે વ્યાપારી છે.

## 'સંવત ૧૮૭૮'

જ્યાં કેશર ઘસવામાં આવે છે. તેની બાજુના ગોખલામાં **શ્રી ગોમુખ યક્ષની** સંવત ૧૮૭૮ ના ફાગણ શુદ ૩ ની પ્રતિષ્ઠા **શેઠ નાનજી જેકરણે** કરી હતી, તેવી જ રીતે તેમની બાજુમાં **શ્રી ચક્રેશ્વરી માતાજી**

ની પ્રતિષ્ઠા પણ તે જ દિવસે કરી હતી, દેવ-દેવીઓની મૂર્તિ નીચે લેખ છે.

## સંવત ૧૮૯૩ મહા વદ બીજ.

### "પાલીતાણા મોતીશા શેઠની ટુંકમાં પ્રતિષ્ઠા"

**શેઠ નાનજી જેકરણ મોતીશા શેઠ**ના ભાગીદાર હતા. એક સમય તે વ્યાપાર અર્થે ચીન ગયા. તે બાર વર્ષ સુધી આવ્યા નહીં, દેશમાં બધાએ તેમની હૈયાતીની આશા મૂકી દીધી હતી. પુણ્યયોગે બાર વરસ બાદ તેઓ મુંબઈ આવ્યા. તે વેપારમાં **મોતીશા** શેઠની જે કમાણી થઈ, તે **નાનજીશા**ને આપી દીધી. તે પૈસામાંથી તેણે **મોતીશા** શેઠની ટુંકમાં ભવ્ય દહેરાસર બંધાવ્યું, મૂળનાયક **શ્રી ચંદ્રપ્રભુ** સહિત કુલે એકવીશ (૨૧) પાષાણની પ્રતિમા તથા એક ધાતુની પ્રતિમાની પ્રતિષ્ઠા સંવત ૧૮૯૩ મહા વદ બીજે (૨) કરી. જે દિવસે મોતીશા શેઠની ટુંકના મંદિરોની પ્રતિષ્ઠા થઈ હતી.

### "શ્રી ચંદ્રપ્રભુ સ્વામી દહેરાસરની પ્રતિમાજીઓની નોંધ"

### (૧) શ્રી ચંદ્રપ્રભુ

જમણી બાજુ | ડાબી બાજુ

(૧) શ્રી સુમતિનાથ (૧) પંચતીર્થી (૧) શ્રી ઋષભદેવ

(૨) શ્રી પાર્શ્વનાથ (૮) ધાતુની પ્રતિમા (૨) શ્રી નેમિનાથ
(૩) શ્રી નેમિનાથ (૧) ચાંદીની ચોવીશી
ગં. સ્વ. લાધીબેન
નેમીદાસ ધરમશી)
૨ ચાંદીના સિદ્ધચક્ર
૨ પિતળના સિદ્ધચક્ર
૧ અષ્ટમંગળ પાટલી

## (૧) વાસુપૂજ્ય સ્વામી

જમણી બાજુ — ડાબી બાજુ

૧ શ્રી ચંદ્રપ્રભુ
૨ શ્રી પાર્શ્વનાથ
૭ ચાદીના સિધ્ધચક્ર
૪ પિતળના ચિધ્ધચક્ર
૫ ધાતુની પ્રતિમા
૧ શ્રી અજિતનાથ
૨ શ્રી પાર્શ્વનાથ
૩ શ્રી નેમિનાથ

ઉપર — અગ્નિ ખૂણો — નીચે

| | |
|---|---|
| ૧ શ્રી વિશાલજિન | ૧ શ્રી ચંદ્રપ્રભુ |
| ૧ શ્રી વિમલનાથ | ૧ શ્રી વિમલનાથ |
| ૧ શ્રી ચંદ્રપ્રભુ | ૧ શ્રી ધર્મનાથ |
| ૧ શ્રી ચંદ્રપ્રભુ | ૧ શ્રી ઋષભાનન |
| ૧ શ્રી પાર્શ્વનાથ | ૧ શ્રી મહાવીર સ્વામી |
| ૧ શ્રી સીમંધર સ્વામી | ૧ શ્રી પાર્શ્વનાથ |

| ઉપર | નૈઋત્ય ખૂણો | નીચે |
|---|---|---|
| ૧ શ્રી ઋષભદેવ | | ૧ શ્રી વિમલનાથ |
| ૧ શ્રી પાર્શ્વનાથ | | ૧ શ્રી અજિતનાથ |
| ૧ શ્રી અનંતનાથ | | ૧ શ્રી પદ્મપ્રભુ |
| ૧ શ્રી સુવિધિનાથ | | ૧ શ્રી કુંથુનાથ |
| ૧ શ્રી પાર્શ્વનાથ | | ૧ શ્રી ચંદ્રાનન |
| ૧ શ્રી સુપાર્શ્વનાથ | | ૧ શ્રી નેમિનાથ |

| ઉપર | વાયવ્ય ખૂણો | નીચે |
|---|---|---|
| ૧ શ્રી નેમિનાથ | | ૧ શ્રી સુવિધિનાથ |
| ૧ શ્રી મુનિસુવ્રત | | ૧ શ્રી પાર્શ્વનાથ |
| ૧ શ્રી શીતલનાથ | | ૧ શ્રી મુનિસુવ્રત |
| ૧ શ્રી ચંદ્રપ્રભુ | | ૧ શ્રી શાંતિનાથ |
| ૧ શ્રી ઋષભદેવ | | ૧ શ્રી અનંતવીર્ય |
| ૧ શ્રી ધાતુની પ્રતિમા | | ૧ શ્રી સૂરપ્રભ |

| ઉપર | ઈશાન ખૂણો | નીચે |
|---|---|---|
| ૧ શ્રી નમિનાથ | | ૧ શ્રી યુગમંધર સ્વામી |
| ૧ શ્રી પાર્શ્વનાથ | | ૧ શ્રી ભુજંગ દેવ |
| ૧ શ્રી મલ્લીનાથ | | ૧ શ્રી મલ્લીનાથ |
| ૧ શ્રી અનંતવીર્ય | | ૧ શ્રી શ્રેયાંસનાથ |
| ૧ શ્રી પાર્શ્વનાથ | | ૧ શ્રી શાંતિનાથ |
| ૧ શ્રી શાંતિનાથ | | ૧ શ્રી અરનાથ |

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના મંદિરમાં બે મહાન્ દોષો.

(૧) શ્રી ચંદ્રપ્રભુજીના મંદિરમાં જે ચાર ખુણામાં બાર-બાર પ્રતિમાજીઓ પધરાવેલા છે, તેમાં ઉપલા છ પ્રતિમાજીઓ મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુજીથી ઉંચા છે, તે શાસ્ત્રોક્ત રીતે બરાબર નથી.

(૨) ચારે ખુણાના બધા ભગવાનોને ભીંત સાથે સીમેન્ટથી ચોંટાડી દીધેલ છે. તે પણ મહાન્ દોષ છે. મિસ્ત્રી હીરાલાલે પોતાના રીપોર્ટમાં પણ જણાવેલ છે.

## "શેઠ નાનજી જેકરણ"

## મુંબઈ સોનાની નદી.

શેઠ નાનજીશાનો જન્મ માંગરોળમાં સંવત ૧૮૩૦ માં થયો હતો, પિતાનું નામ **જેકરણ ખીમજી** હતું, જેકરણ શેઠની પરચુરણ સામાનની દુકાન હતી. ધંધો સારો ચાલતો ન હતો. કુટુંબનું ગુજરાન ચલાવવાનું મુશ્કેલ થઈ પડતું હતું.

**નાનજી શા.** ગામઠી નિશાળમાં જઈ થોડા આંક અને લખવા-વાંચવાનું સાધારણ શિખ્યા હતા. આખો દિવસ પિતાની દુકાને બેસી રહેવું પડતું હતું.

**'પુત્રના લક્ષણ પારણામાંથી વર્તાય'** તે કહેવત અનુસાર **નાનજી શા.** બાલપણથી જ સાહસીક, ચાલાક,

ઉદ્યમી ને બુદ્ધિશાળી હતા. પરંતુ સંયોગો પ્રતિકૂળ હતા, જેથી નિશાળે જઇ શકતા ન હતા.

ભણાવનાર શિક્ષક પંડયાજીને દરમહિને થોડું અનાજ આપવું પડતું હતું, તે પણ માતા પાસેથી નાનજી શાહ મેળવી શકતા ન હતા. નાનજીના સાહસીક સ્વભાવને આ બધું મુંઝવતું હતું. છેવટે સમય જોઇ પિતા પાસે એક દિવસ તેણે વાત કાઢી, બાપા ! હું મુંબઇ જાઉં તો? બેટા ! મુંબઇ જઈ તું શું કરીશ, આપણી કાંઇ લાગવગ કે ઓળખાણ ત્યાં નથી.

**નાનજી શા.** બોલ્યા, ગમે ત્યાં કમાઇ ખાઇશ, અહીં તો સૌને ભૂખે મરવાના દિવસો આવશે, બાપાએ કહ્યું, ના ભાઈ! હળીમળીને અડધો રોટલો ખાઇશું, ચાર આંખ મળે એજ શાંતિ છે. આપણે કયાંય જવું નથી. નાનજી શા. ને મુંબઇની જ લગની લાગી હતી. કે બીજા ઘણા યુવકો મુંબઈ જઈ કમાતા તો હું શું કામ ન જાઉ? મુંબઇમાં **સોનાની નદીઓ** વહે છે, એવી તેમના મગજમાં સચોટ છાપ પડી ગઇ હતી. તે સમયે માંગરોળનો મુંબઈ સાથે વેપારી સંબંધ હતો. પણ તે વખતે મુંબઇ અમેરિકા જેટલું છેટું ગણાતું. માથા ફરેલા થોડા જ ત્યાં જતા. નાનજી શાહનો હઠાગ્રહને રોજની જીકરથી જેકરણ શેઠે કંટાળીને નાનજી શાહને મુંબઇ જવાની હા પાડી, કે ભલે રખડી આવે, આ વખતે નાનજી શાની ઉંમર ફક્ત (૧૩) તેર વર્ષની હતી.

માંગરોળમાં તે વખતે **મોતીચંદ સુરચંદ** મોટા શેઠ ને વેપારી હતા. તેના દીકરાનું નામ **તારાચંદ** હતું. 'તારાચંદ મોતીચંદ'ના નામની પેઢી ચાલતી હતી. આ તારાચંદ શેઠનુ વહાણ **'દરીયા દોલત'** રૂ ભરીને મુંબઇ જતું હતું.

જેકરણ શેઠ, તારાચંદ શેઠને મળી, લાગવગ લગાડી ને નાનજી શાને મુંબઇ મોકલવાની ગોઠવણ કરી, તારાચંદ શેઠે પોતાના સ્વામીભાઇ જાણી, જેકરણ શેઠ પાસેથી નુર ભાડું લીધું નહીં. જેકરણ શેઠે માલમને નાનજીને સાચવવા માટે બરાબર ભલામણ કરી, વહાણ તોફાનનો અનુભવ કરી મુંબઈ પહોંચ્યું.

## નાનજી શાહ મુંબઇમાં.

કોઇ દિવસ માંગરોળની બહાર પગ નહીં મૂકેલો નાના બાળકને મુંબઇનો શું અનુભવ હોય? માલમે વહાણમાંથી ઉતારી મૂકયો, પછી કયાં જવું? હવે શું કરવું? તેના વિચારમાં નાનજી શા. હાથમાં ફાટેલી ગોદડી, બે જૂના પહેરવાના કપડા લઇ, પ્રભુ ભરોસે ચાલવા માંડયા. ખીસામાં પૈસા નહીં, કોઇની સાથે સંબંધ નહીં, કોઇ સગા વહાલા નહીં, તેવી દશામાં ગભરાઈ ગએલો આ કિશોર અહીં-તહીં ભટકવા લાગ્યો.

આ વખતે મુંબઈની વસ્તી ફક્ત એક લાખ માણ-સની હતી. પાકા મકાનો થોડા હતા. બાકી **જારીવાળા**

નીચાં મકાનો હતા. શહેર ફકત એક માઈલના ઘેરાવામાં હતું, બહાર ખેતરો હતા, મજગામ દૂર હતું. ગવર્નર પોતે બળદની ગાડીમાં નીકળતા. પાયધુની આગળ દરીયાની ભરતી ને કીચડ આવતો હોવાથી ત્યાં પગધોવા પડતા એટલે પાયધુની કહેવાણી.

આમ ભટકતા આ છોકરાને એક કાઠીયાવાડી દુકાનદારે પૂછયું ? કોણ છો છોકરા ? કયાંથી આવ્યો છે ? અહીં-તહીં રઝળે છે કેમ ? નાનજી શાએ કહ્યું, કાઠીયાવાડના **માંગરોળબંદર** થી આવું છું, કાંઈ કામ ધંધો આપશો ? દુકાનદારે કહ્યું, કામ ધંધો મારી પાસે નથી, આ નાની દુકાનમાં રહું છું, સુઉં છું, મને બીજો માણસ પરવડે નહીં, નાનજી શા હિંમતથી બોલ્યા, અહીં કોઈ મારા સગા સંબંધી નથી. તમે મને જરા રસ્તે ચડાવી દ્યો, તો હું ભારે નહીં પડું, ચીલો મળવાથી મારૂં ગાડું ચાલશે, તેનો જશ તમને છે.

## નાનજી શાહ ફેરીઆના ધંધે.

પોતાના દેશનો વતની અને જૈન ભાઇ જોઈને દુકાનદારને દયા આવી. ભૂખે મરતા નાનજી શાને પોતાને ત્યાં ખવરાવ્યું. પોતાની પાસે રાખ્યો, કાપડના બે ત્રણ તાકા આપી, ફેરી કરવા જણાવ્યું, રોકડે પૈસે માલ વેચવા જણાવ્યું.

નાનજી શા. હાથવણાટના તાકા લઈ આખો દિવસ ફરતા ગોદીના મજૂરોમાં ને માછીમારના ઝુંપડામાં તે ફેરી કરવા લાગ્યો, રોજની ०)= બે આનાની કમાણી આવવા લાગી. વણીક દુકાનદારને એની પ્રમાણિકતાની ખાત્રી થઈ, દુકાન બહાર મેદાન હતું, ત્યાં ત્રણ પત્થર ગોઠવી નાનજી શા. રોટલા ઘડી ખાઈ લેતાં, ચટણી કે શાક કોઇક દિવસ બનાવતાં, ફેરી કરતાં કરતાં મુંબઈના રસ્તાઓ જાણી લીધા, માણસોની ઓળખાણ થવા માંડી, એટલે બે તાકામાંથી ચાર તાકાની ફેરી કરવા માંડી, ને તેમાં છ મહિને રોજના ચાર આના કમાણી કરવા લાગ્યા.

એક મહારાષ્ટ્ર ભંડારી ઘરધણીની મહેરબાનીથી તેના ઘરના ઓટલા ઉપર તાકા રાખવા માંડયા. હવે ઈંગ્લાન્ડથી વિલાયતી કાપડ પણ આવવું શરૂ થઇ ગયું હતું, પેલા દુકાનદારે પણ હવે વધારે જાંગડ માલ આપવો શરૂ કર્યો, બાર માસ પછી નાનજી શા. રોજનો એક રૂપિયો કમાવા માંડયા. એક રૂપિયાના ભાડાથી જગ્યા લીધી. ને માંગરોળથી માબાપને મુંબઇ તેડાવી લીધા. તે દિવસોમાં આટલી પેદાશ બાદશાહી પેદાશ ગણાતી, નાનજી શાહે પોતાની પ્રમાણિકતાને લીધે એવી છાપ વેપારીઓમાં બેસાડી દીધી હતી કે જેથી વેપારીઓ નાનજી શા ને ઉધાર માલ આપતા, જ્યારે નાનજી શા. રોકડે માલ વેચતા.

આ સમયમાં રેલ્વેઓ ન હતી, રસ્તા સારા નહીં, ને ગાડાવાટ હતી. બહારગામથી વણજારાઓની પોઠોને પોઠો માલ વેચવા આવતી. નાનજી શાહે પોતાની કુશાગ્ર બુદ્ધિ આ વણજારો તરફ ફેરવી. તેની પાસેથી માલ લઇ વેચવા માંડયો. વણજારોને પૈસા ધીરે એટલે તેઓ નાનજી શાહને જ માલ આપવા માંડયા. આ વેપારમાં તેને ઘણો સારો નફો મળવા લાગ્યો. આમ કરતાં દશ વર્ષ પસાર થઈ ગયા. મા બાપે ફરજિયાત તેમના લગ્ન કર્યાં. પણ તેના ખરા લગ્ન તો તેમનો વ્યાપાર જ હતો. આ વખતે તેની પાસે પાંચ હજારની પૂંજી થઇ ગઈ હતી.

વેપારી તરીકેની તેની પ્રતિષ્ઠા પુરેપુરી જામી હતી. ભાગ્યનો સીતારો રોજ-બરોજ વધારે ચમકતો જતો હતો ગામમાંથી પુષ્કળ નાણું ઓછા વ્યાજે લઇ વણજારોને પૈસા ધીરી બધો માલ વણજારો પાસેથી લઇ લેતા, વણજાર વાલા પણ નાનજી શાહ સિવાય બીજા કોઈને માલ વેચે નહીં. નાનજી શાહે વિચાર્યું કે માલ લઈને તુરત વેચી નાંખવાથી નફો ઓછો રહે છે. એટલે માંડવીબંદરમાં ચીચબંદર ઉપર વખારો ભાડે રાખી. તેમાં માલ રાખવા માંડયો. બજાર નરમ હોય ત્યારે માલ ભરી રાખે ને પછી તક આવે સારા ભાવે માલ વેચે. હવે નાનજી શાહ માળો (મકાન) વેચાતું લેવાની તૈયારીમ પડયા. કારણ તેની ગણત્રી હવે શ્રીમંતોમાં થવા લાગી હતી. આ પ્રમાણે

નાનજી શાહનો ભાગ્યભાનું મધ્ય આકાશમાં સંપૂર્ણપણે પ્રકાશીત થઈ રહ્યો હતો.

નાનજી શાહ પંદર વરસમાં એકધારા જે ઉન્નતિની ટોંચે પહોંચ્યા હતા, તેમાં એકાએક વિધાતા વીફરીને નાનજી શાહના જીવનમાં ભયંકર આઘાત જેવો ફટકો માર્યો.

## "કર્મની લીલા"

મનુષ્ય જીવનમાં સુખ કે દુઃખ તે તેના કર્મ અનુસાર આવે છે. માનવી એમ બડબડાટ કરે છે કે આ હું કરૂં છું, આ મેં કર્યું, તે બડબડાટ મિથ્યા છે. દુર્ગતિ તરફ ઢસડી જનારો છે. જીવમાત્રનું જીવન કર્માનુસાર હોય છે. એવા કોઈ મહાન્ પુણ્યોદયવાળા કર્મનો ઉદય થાય, ત્યારે જીવ માત્ર સુખનો અનુભવ કરે છે. જેવો તે ભોગવટો પુરો થાય તથા અશુભ કર્મનો ઉદય આવે ત્યારે તે આત્મા દુઃખનો અનુભવ કરે છે, નાનજી શાના જીવનમાં પણ આવું જ બન્યું. એકસરખા પંદર વરસ સુધી શુભ કર્મના ઉદયે સુખી જીવન ભોગવ્યું. એકાએક તે શુભ કર્મોનો ભોગવટો પુરો થતાં, તે જ નાનજી શાના જીવનમાં આપત્તિઓ વરસી રહી, જીવનમાં જ્યારે આપત્તિઓ આવે છે. ત્યારે માણસનું હ્રદય ભાંગીને ભુક્કો થઇ જાય છે. અને વિનાશને આરે આવીને સર્વ અસ્ત થાય છે.

## અગ્નિએ ભરખી લીધા

નાનજી શાની બધી દૌલત માલમાં રોકાણી હતી, તે બધો માલ ચીચબંદરની વખારોમાં ભર્યો હતો. પોતાની પુંજી ઉપરાંત બીજા વેપારીઓ પાસેથી ખાતે લીધેલો માલ પણ વખારમાં ભર્યો હતો.

હકીકત એવી બની કે સંવત ૧૮૫૮માં ચીચબંદર ઉપર મોટી આગ લાગી. અહીં નાનજી શાહની સર્વ વખારો હતી. મ્યુનિસિપાલીટી ન હતી, બંબાઓ ન હતા. બંદોબસ્ત ન હતો. વખારો કાચી બાંધણીની હતી. આગની ચીનગારીએ ભયંકર સ્વરૂપ લીધું, વખારોમાં જાતજાતના રસ-કસ. ઘી, ગોળ, તેલ, કાપડ, અનાજ ભર્યા હતા. જોતજોતામાં આગે બધું ભરખી લીધું. આકાશગામી આગના ભડકાઓ જોઇ, માલ ભરનારા વેપારીઓના હ્રદયમાં આગની જવાળાઓ સળગવા માંડી. લશ્કરના માણસો આવ્યા. આગવાળા વિસ્તારને ઘેરી લીધો. આગ ઠારવાના ઉપાયો સમસ્ત પ્રજા કરવા લાગી, બે દિવસ બાદ આગ કાબૂમાં આવી.

## લખપતિમાંથી ભિખારી.

આ આગમાં નાનજી શાનો બધો માલ ભસ્મીભૂત થઈ ગયો, ગઇ કાલનો લખપતિ શ્રીમંત ઘડીના છઠ્ઠા ભાગમાં રસ્તાનો ભિખારી થઇ ગયો. દયાહીન, નિષ્ઠુર, કુદરતના દિલમાં દયાનો અંશ પણ ન રહ્યો. કઠોર કર્મ

સત્તા તો કહે છે કે એવી કુદરત તો મારા પગતળે રોળાય છે. એ વખતના લક્ષાધિપતિ તો આજના કરોડપતિ પણ તેના હિસાબમાં નહીં, નાનજી શાની બધી પુંજી તો સાફ થઈ ગઈ, પણ માથે લાખેક રૂપિયાની કરજદારી થઈ ગઇ.

વાંચકો. આ સ્થિતિનો વિચાર કરજો, શ્રીમંતાઈના ઘમંડમાં રાચશો નહીં. જગતમાં ધર્મ ને કર્મ સિવાય બીજુ કાંઈ જ નથી.

નાનજી શાને આજે અસાધારણ દુઃખ ને શોક થયો. પંદર વરસની સખત તન-મનની પ્રમાણિક નીતિવાળી મહેનત. ઐશ્વર્ય, સંપત્તિ બધું કડ....ડ....ડભૂસ કરતી ધસી પડી. આશાઓના અંબાર પર પાણી ફરી વળ્યા. સાહસિક નાનજી શાની આંખોમાં ઝળઝળીયાં આવી ગયા.

આ સમયે મુંબઈમાં **મોતીશા શેઠ** નું જૈનકુટુંબ પ્રખ્યાત, શ્રીમંત, ધર્મિષ્ઠ ને આગેવાન ગણાતું હતું. આ મોતીશા શેઠના મોટા ભાઇ **નેમચંદ શેઠ, નાનજી શા**ના મિત્ર હતા. નાનજી શા રોજ-કોટના મંદિરે દર્શન કરવા જતા. મોતીશા શેઠના ભાઈ નેમચંદ શેઠ ત્યાં અવાર-નવાર ભેગા થતા હતા. ચીચબંદરની આગ પછી **નેમચંદ** શેઠને **નાંનજી શા** મંદિર આગળ ભેગા થયા. નેમચંદ શેઠે નાનજી શાને પૂછ્યું કે ચીચબંદરની આગમાં તમને કાંઇ નુકશાન થયું ?

નાનજી શાએ જવાબ આપ્યો, નેમચંદ શેઠ ! હું તો મરી ગયો, મારૂં સર્વસ્વ ખલાસ થઈ ગયું. હું ખાલી-ખમ થઇ ગયો, સવા લાખ રૂપિયાની ભેગી કરેલી મૂડી તો ગઇ. પણ પોણો લાખ ગામના ઉધાર લીધા હતા. તે રાખ થઇ ગયા, તેની ચિંતા મને મૂંઝવે છે.

**નેમચંદ શેઠે** કહ્યું, ભાઇ નાનજી શા. એમ નાહિંમત શું થાઓ છો. ઉભા થાઓ, ફેર લડેંગે, છાતી મજબૂત રાખો. વેપારીને નફો–નુકસાન તેના નશીબમાં લખ્યા જ હોય છે.

**નાનજી શા** બોલ્યા પણ મારા ઉપર બહુવીતી ગઇ. કરજના ડુંગરા કેમ કપાશે, તે સૂઝતું નથી.

**નેમચંદ શેઠે** હિંમત આપી, નાનજી શાને કહ્યું, એમાં શું થયું, કોના ઉપર નથી વીતતું, અમારી ઉપર કેવું વીત્યું હતું, મારા બાપાને વેપારમાં મોટું નુકશાન થયું, ભારે કરજ મૂકી બાપા ઓચીંતા ગુજરી ગયા, હું ને **મોતીશા** બંને નાના હતા. મારી માતા રૂપબાઇએ કમર કસી, તેણે લેણદારોને ઘેર તેડાવીને કાંધા કરી આપ્યા. કરકસર કરી ઘરનો ખર્ચ ઘટાડી નાંખ્યો. ધીમે ધીમે પંદર વરસમાં કરજ સાફ કરી નાંખ્યું, અમને બંને ભાઈઓને યોગ્ય રીતે ઉછેર્યા. આજે એમના પુણ્ય પ્રતાપે પાછી લીલા લહેર થઇ ગઇ, ઉઠો, ઉભા થાઓ, ચાલો મારા માતાજી પાસે તેઓ યોગ્ય સલાહ આપશે.

## માતુશ્રી રૂપાળીમા.

બંને માતાજી રૂપબાઈ પાસે આવ્યા. નાનજી શાએ માતુશ્રીને વંદન કરી, અશ્રુભીની આંખે બધી વાત કરી.

માતાજી બોલ્યા, બેટા નાનજી ! હિંમત શું હારે છે. મરદ થા, લેણદારોને કાંધા કરી આપ, ભાઇ નેમા તું સાથે જઇને લેણદારો સાથે પતાવી દે, નિરાશ થઇશ નહીં, નશીબનું નવું પાનું ઉથલાવ, પુરૂષના કપાળ આડું પાંદડું હોય છે. ધીરજ, ખંતથી અને પ્રમાણિકતાથી કામે લાગી જા. શું માણસો ઉપર દુઃખ નથી પડતું, કયો માણસ દુઃખથી છૂટયો છે. ભલભલા માણસોને આફતો આવી પડે છે. જા, ભાઇ ! મારા તને આશિર્વાદ છે, નેમા ! એને મદદ કરજે. નેમચંદ શેઠ જાતે નાનજી શા સાથે જઈ, તેમના બધા લેણદારોને મલી, નવા ખાતા પડાવી દીધા, આનું નામ તે ભારતની માતાઓ, આજે એવી માતાઓ શોધતા મળશે ખરી ?

## "મોતીશા શેઠ"

મોતીશા શેઠે એક વખત નાનજી શાને પૂછયું, નાનજીભાઈ ! કલકત્તા જશો ?

નાનજી શાએ જવાબ આપ્યો, કલકત્તા જેટલે દૂર જઇને શું કરૂં ? માંડમાંડ મારી માતાએ સુખ જોયું હતું, ત્યાં

આફ્ત આવી પડી, તેમાં તેમને રઝળતા કોને આશરે મૂકું.

**મોતીશા** શેઠે કહ્યું. જુઓ, નાનજીભાઈ, બંગાળની ખરીદની મોટી રકમનું આપણું અફીણુ ચીન ચડે છે. કલકત્તાનો આડતીયો બધું ખાઈ જાય છે. માટે તમારા જેવા વિશ્વાસુ માણસની જરૂર છે. ત્યાં તમો જઈ શકો તો બંનેને મોટો લાભ છે. બૈરાની, તમારા માતુશ્રીની ફીકર ન કરો. તમે મરદ થઈ આવી ઢીલી વાત કેમ કરો છો? જાઓ તો ઘર જેવું લાગશે.

**નાનજી શાએ** કહ્યું કે, ત્યાં આપણું કોઈ સગું સબંધી નહીં, જ્ઞાતિભાઇ કે ગુજરાતી કોઈ નથી. બંગાળીની ભાષા હું જાણું નહીં. આપણો કોઇ ગુજરાતી બંગાળ ગયો હોય તેમ મેં સાંભળ્યું નથી. અજાણ્યો હું શું કરૂં?

**મોતીશા શેઠે** કહ્યું, નાનજી શા આવા ઢીલા કેમ થઈ ગયા છો? મુંબઈ આવ્યા ત્યારે કોણ હતું? ત્ય આપણા જૈન મારવાડીઓ ઘણા છે. જિનાલય પણ છે. હું કાગળ લખી આપીશ, જાઓ ફતેહ કરો. બંગાળમ મંગળ વર્તાવો. મૂડી મારી, મહેનત તમારી, અર્ધો ભાગ તમારો, અર્ધો ભાગ મારો, કલકત્તામાંથી માલ ખરીદી, ત્યાંથી સ્ટીમરોમાં ચીનના શેંઘાઈ કે કેન્ટીન બંદરે ચડાવજો. ત્યાં આપણા આડતીયા સંભાળી લેશે, કસીને માલ ખરીદવાની ત્યાં સગવડ છે. મારવાડી **પૂનમચંદ હુકમીચંદ**

ની પેઢી ઉપર એક લાખ રૂપિયા સુધી તમને ધીરવા માટે કાગળ લખી દઈશ. આમ નિરાશ ન થાઓ, તમે ધૂળમાંથી ધન પેદા કરી શકયા હતા. તે આજ મુંઝાઇ કેમ ગયા છો ? જાઓ ! પુરૂષાર્થ કરો. તમોને કુદરત જરૂર યારી દેશે.

## પહેલા ગુજરાતી, પહેલા કાઠીયાવાડી, પહેલા માંગરોળી તરીકે, નાનજી શા. કલકત્તામાં.

સંવત ૧૮૫૯માં નાનજી શા કલકતા તરફ રવાના થયા. રેલ્વે તો હજુ બંધાઇ ન હતી. એટલે પગ રસ્તે પ્રવાસ શરૂ કર્યો, રસ્તામાં અનેક સંકટો નડયા. વણજારો સાથે મુસાફરી કરી, રોજ પંદર–વીશ માઇલનો પ્રવાસ કરતાં, અનેક જાતની મુશ્કેલીઓ વેઠવી પડતી, ચોર, લુંટારાઓ, હિંસક પશુઓનો ભારે ભય હતો. જંગલી ભીલો, ગોંડ, સંથાલ વિગેરે અનાર્ય જાતિઓના માણસો તીર–કામઠાં લઈ તૂટી પડતાં. જંગલમાં કયારેક જંગલી હાથીઓના ટોળાઓ ભારે ત્રાસ પમાડતા. કયારેક કીચડમાં ગાડાના પૈડા ખૂંચી જતા. તે કાઢવા ભારે મહેનત પડતી, રેતીમાં પણ મુસાફરી કરવી પડતી, સૌથી મોટી મુશ્કેલી નાની–મોટી નદીઓ ઓળંગવામાં થતી. હોડીઓમાં, ગાડાઓ તથા બળદો ચડાવી, પેલેપાર જવું પડતું, કોઇ સ્થળે વણજારને વેઠે ,પકડી જતા, આવી રીતે હેરાન–પરેશાન થતાં, મહામુશીબતે કલકતા ત્રણ મહિને પહોંચ્યા.

## ભાગ્યભાનુ ફરી ચમકે છે.

કલકતામાં મારવાડી આડતીયાની પૂછપરછ કરી તેને શોધી કાઢયા. મારવાડી ભાઇએ પોતાનો ધર્મબંધુ જૈનભાઈ જાણી આવકાર આપ્યો, એ વખતે હીંદી ભાષાનો પ્રચાર બહુ જુજ હતો. **નાનજી શા** પ્રથમ ગુજરાતી તરીકે આવ્યા હતા, એટલે તેમને બધું નવું લાગવા માંડયું.

મારવાડી આડતીયાને આ **નાનજી શા** પોતાના વેપારમાં આડખીલી જેવા લાગ્યા. તેમને કામકાજમાં વાકેફ કરતા ન હતા. નાનજી શાએ તેની ખૂબ ખુશામત કરવા માંડી, પણ પેલો ખંધો મારવાડી કોઈપણ બાબતમાં નાનજી શાને દાદ આપે જ નહીં, બધું ઉંધું બતાવે.

સાડા ત્રણ ચોપડી ભણેલા **નાનજી શા** સાહસિક તેમ મુંબઇના વેપારના અનુભવથી બહુ જ હોંશીયાર ને પહોંચેલ હતા. તેમણે ધીમે ધીમે બીજા વેપારીઓ સાથે મિત્રતા બાંધી લીધી. આખો દિવસ દલાલોની સાથે ફરવા માંડયું. વેપારની સર્વ બાજુ વ્યાપારી દૃષ્ટિથી જાણી લીધી, કયાંથી અફીણ આવે છે, કોણ મોટા વેપારીઓ છે, કોણ પ્રમાણિક દલાલો છે. કયારે કેટલો માલ મળે છે. એ બધી ખબરો મેળવી લીધી, બે-ચાર માસમાં તો પોતે જૂના થઈ ગયા. તેમણે સ્વતંત્ર પેઢી ખોલી ને માણસો રાકી લીધા.

મારવાડી આડતીયા પાસેથી લાખ રૂપિયા લઇ લીધા. એમાંથી માલ લીધો, સ્ટીમર ચીનની મહિને-બે મહિને જતી હતી. તેમાં નૂર બાંધી માલ ચઢાવી દીધો, કાસદો મારફત ટપાલો જતી હતી, તેની સાથે ટપાલ મુંબઈ વિગતવાર લખી મોકલી દીધી.

પેલી સફરમાં ૫૦ પેટી મોકલી દીધી, પછી સ્ટીમર મળી ગઈ, તેમાં ૧૦૦ પેટી ચડાવી, ચીન ખાતે વેચાણ સારૂં આવ્યું, એટલે ચાલુ સ્ટીમરમાં માલ ૧૦૦થી ૧૫૦ પેટી ચડાવવાનું ચાલું રાખ્યું,

શરૂઆતમાં માલના પૈસા ચીનનું ચલણ (ગીલ્ડર) લંડનમાં વટાવીને લંડનની બેંક મારફત મુંબઇ આવતા. પાછળથી "હોંગકોંગ એન્ડ સેંઘાઇ" બેંકની શાખા કલકતામાં ખુલતા તે તકલીફ મટી ગઈ. **નાનજી શા.**ને ફક્ત વેપારની એક જ ધૂન લાગી હતી. જે વેચાણ થયું, તેમાં સારો નફો પોતાને ભાગે આવ્યો. નાનજી શાએ મુંબઇ કાગળ લખી. એક લાખને બદલે બે લાખની ક્રેડીટ મંગાવી. જે નેમચંદ શેઠે એક લાખને બદલે બે લાખની ક્રેડીટ લખી મોકલી. પહેલે જ વરસે ચોખો નફો અડધા લાખનો બંને ભાગીદારને મલ્યો, બીજે વરસે નાનજી શાએ સારો વેપાર ખેડયો, તેમાં કંપનીને લાખ રૂપિયા નફો મળ્યો.

## કરજદારીમાંથી મુક્ત.

આ રીતે **નાનજી શાએ** નફામાંથી પોતાના લેણદારોના કાંધા ભર્યા. પછી એમણે પોતાની મૂડી ભેગી કરવા માંડી, પાંચ વરસની આખરે તેમની પાસે ખરચ કાઢતાં ને ચુકતે દેવું પતાવતાં એક લાખ રૂપિયાની મૂડી થઇ ગઈ. પોતે મુંબઇ તુરત જવાનો વિચાર રાખ્યો હતો. પરંતુ કલકત્તા એમને અનુકૂળ પડી ગયું. કલકત્તાનો અફીણનો વેપાર એમની આંગળીઓને વેઢે થઇ ગયો હતો, આ દરમ્યાન બીજા બે–ત્રણ ગુજરાતીઓ ચોખા તથા જારના ધંધા માટે કલકતામાં આવી વસ્યા હતા.

**નાનજી શાએ** ગાડી–ઘોડો રાખ્યા. એમણે પોતાના કુટુંબને કલક-તા તેડાવી લીધું, બૈરાઓને પ્રથમ તો મારવાડી કુટુંબોની ભાષાને લીધે તકલીફ થઇ, પરંતુ પરિચયથી ભાષા આવડી ગઇ. એટલે પરિચય થઇ ગયો.

**નાનજી શા** હવે કલક-તા વાસી થઈ ગયા હતા. સ્ટીમરો ચાલુ થઈ ગઈ હતી. એટલે વિવાહ આદિ પ્રસંગોએ મુંબઈ આવજાવ કર્યા કરતા હતા.

**નાનજી શા** ચીન સાથે વેપાર કરતા હતા. **એટલે** કલકત્તામાં **બાબુ નાનજી ચીનાય** તરીકે પ્રખ્યાત થયા.

**નાનજી** શાના રંગબેરંગી જીવનમાં એટલે ચડતી–પડતીમાં કોઇ દિવસ પણ તેણે પોતાના ધાર્મિક નિત્ય

નિયમો દેવદર્શન કે પૂજન કોઇ દિવસ ચૂકયા ન હતા. ધર્મમાં તેમને રોમેરોમ અડગ શ્રદ્ધા હતી.

## નેમચંદ શેઠનો સ્વર્ગવાસ, ૧૮૭૨.

પોતાની ડૂબેલી નૌકાને તારનાર, મહાન્ દુઃખને આપતિમાં આવેલા પોતાના જીવનના રક્ષણહાર, ઉપકારી, પરમ સ્નેહી મિત્ર, **શેઠ નેમચંદનો** સ્વર્ગવાસ મુંબઈમાં થયાના સમાચાર સાંભળી **નાનજી શાને** પારાવાર દુઃખ ને આઘાત થયો, પોતાના વડીલ જ સ્વર્ગવાસ થયા હોય, તેમ તેને લાગી આવ્યું, ઘણી જ દીલગીરી થઇ, પોતે તુરત જ મુંબઇ ખરખરે ગયા.

**નેમચંદ શેઠ** સાથે ગાઢી મિત્રતા હતી, પેઢીના મુખ્ય સંચાલક કર્તાહર્તા અથવા માલીક નેમચંદ શેઠ હતા. નેમચંદ શેઠ સ્વર્ગવાસ થતાં બધો કારભાર **મોતીશા શેઠે** સંભાળી લીધો, કારણ નેમચંદ શેઠનો પુત્ર **ગુલાબચંદ** બાળક હતો. એટલે ભાગીદારી નવા દસ્તાવેજો મોતીશા શેઠ સાથે કર્યા. ને વધારામાં પહેલાં એકલો અફીણનો જ વેપાર હતો. તેને બદલે બીજો વેપાર કરવાની પણ છૂટ લીધી. કલકતામાં આડતનો ધંધો પણ ચાલુ કર્યો.

## "સંવત ૧૮૬૩ થી ૧૮૭૫"

## જૈન મંદિરો બંધાવ્યા, પ્રતિષ્ઠાઓ કરી.

સંવત ૧૮૭૪માં **નાનજી શાએ** આચાર્ય **વિજય-જિનેન્દ્રસુરિની** સાનિધ્યમાં પાલીતાણાનો સંઘ કાઢ્યો, ને ચોરવાડના દહેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમજ સંવત ૧૮૭૫માં માંગરોળ **શ્રી ચંદ્રપ્રભુ સ્વામી**નું મંદિર બંધાવી, પ્રતિષ્ઠા કરી, મોટો અંજન શલાકાં મહોત્સવ કર્યો.

## દરબારી જગાતમાં મહાજનનો લાગો.

માંગરોળ મહાજનના કોઇપણ વણિકભાઈ આ હકીક્તથી ભાગ્યે જ જાણકાર હશે, કે **શેઠ ધરમશી હેમચંદ** તથા **નાનજી ચીનાઇ**ના સમયમાં માંગરોળ દરબાર જે જગાત ઉઘરાવતા હતા. તેમાંથી અમુક લાગો મહાજનને આપવામાં આવતો હતો. તે લાગાના પૈસા આપણો શ્રી સંઘ વસુલ કરતો હતો, તે આપણા ચોપડામાં નામું છે. તેમાંથી લોંકાગચ્છ તથા પાંજરાપોળને પણ અમુક ભાગ આપણે આપતા હતા. તે બધું આપણા ચોપડામાં જમે ખાતે છે, આ લાગો દરબાર સાહેબ સાથે કજીઓ થતાં બંધ થયો હતો. ફરી તે લાગો સંવત ૧૮૭૫ ના ભાદરવાથી શરૂ થયો હતો. જે વખતે દરબાર સાહેબ **નાનજી ચીનાઈ**ને ઘેર પધાર્યા હતા. ને તે કજીયાનું

સમાધાન થયું હતું. તે વખતે એક લખાણ થયું હતું, તેની ફોટો કોપી આ સાથે છે.

## લખાણ નીચે મુજબ છે.

:॰ા૭૪ાા શા. ૧૮૭૫ ભાદરવા શુદ....દરબાર શા. **નાનજી જેકરણુને** ઘેર, મહાજનનો કજીઓ હતો, તે સારૂં આવા ને કજીઆનો નીકાલ થીઓ. તેમાં શેઠ શ્રી ધરમશી તા. શા. નાનજીએ દરબારને અરજી કરીને જગાત ઉપર લાગો આના ૨ (બે) નો કરો, તેનું લખત દરબારે ખુશીથી કરી આપું. તેમાં સઈ ચાર માજનની કરાવી લીધી છે. તે લખત **શા. નાનજી** ને ઘેર છે.

## "તે આના (૨) બેની વેચણી"

(૧) એક આનો (૧) શ્રી તપાગચ્છનો, તેમાં આનો (૦ાા) અરધો દેરાનો, આના (૦ાા) અરધો અપાસરાનો, આનો (૦ાા) અરધો લોકાગચ્છનો રામ અરધો, આનો (૦ાા) અરધો ધરમાઉ પાંજરાપોળનો આનો અરધો, એ રીતે આના (૨) બે જગાતના કો. ૩ હોઅ તે આના (૨) બે ઉપર એટલે પૂરદે કો. ૧૦૦ના એ રામ (૨) બે કરાવા છે, તે સંવત ૧૮૭૬ની સાલથી લેવા ઠરા છે. તેનું આહિ રાખું છે.

દસ્તક,

**પરમાણુંદ દામા**

## સ્વ. શેઠ નાનજી ચીનોયે તથા
## સ્વ. શેઠ ધરમસી હેમચંદે માંગરોળ દરબાર સાથે
## જગાત લેવા સંબંધી કરેલ દસ્તાવેજ



સંવત ૧૮૫૭ ભાદરવા વદ ૭)

ખંડીત પ્રતિમાજીઓ. જેના પ્રભાવથી સાગર પણ શાંત થયો.



## "ફરી કલકત્તા ૧૮૭૬"

સંવત ૧૮૭૬ માં **નાનજી શા** કલકત્તા ગયા ને સાથે પોતાના કેટલાક સગા-સંબંધીઓને કલકત્તા લઇ જઇ વેપારમાં અમુક નાનો ભાગ આપી, ધંધે ચડાવી દીધા ને દેખરેખ પોતે રાખી. **નાનજી શા** આડતમાં કલકત્તાથી ચોખા ને જુટના કોથળા મોકલવા માંડયા.

ખજૂર, ખારેક વિગેરે બસરાથી ને બહેરાનથી મંગાવવા મંડયા. મલબારથી કાથાના દોરડા, કરીઆણું, સુંઠ, મરી, એલચી આવવા માંડયા. મુંબઈની મીલોનું કાપડ કલકત્તા મંગાવવા માંડયા. પોતાની આડતની દુકાન સારી ચાલતી જોઈ, મુંબઇમાં શાખા ખોલી ત્યાં પોતાના મોટા છોકરાને રાખ્યો આડતનું જ કામ કરવું, બીજો વેપાર કરવો નહીં, તેવો પ્રબંધ રાખ્યો.

## "સરજમશેદજી જીજીભાઈ પહેલા બેરોનેટ"

સરજમશેદજી જીજીભાઇ પાંચ વખત ચીનમાં જઇ આવ્યા હતા, અફીણનો મોટો વેપાર શરૂ કર્યો હતો. કલકત્તામાં એનો આડતીયો સંતોષપૂર્વક કામ કરતો નહતો, જેથી સરજમશેદજીએ પોતાનું કામ **નાનજી શા**ને આપવા જણાવ્યું. **નાનજી શા**એ લખી વાળ્યું, કે આ વેપારમાં

અમારો રસ છે, આથી અમે તમારૂં કામ કરી શકીશું નહીં.

સરજમશેદજીને અને મોતીશા શેઠને ઘરવટ જેવો સંબંધ હતો, સરજમશેદજીની માંગણીથી મોતીશા શેઠે નાનજી શાને મુંબઇ તેડાવ્યા. તેમને સમજાવી-શરમાવી, દબાણ કરીને ત્રણે જણનો સરખો ભાગ ઠરાવી, નવી કંપની ઉભી કરી. આ કંપનીનો વહીવટ પણ સર્વને માટે યશસ્વી નીવડયો, આડતીયાઓના હિસાબે પણ ખરીદ કરવાની છૂટ હતી.

હવે **નાનજી શા** ખરેખર શાહ સોદાસર થયા, લાખો રૂપિયાની છૂટ હતી. આડતીયાઓની પુષ્કળ ખરીદી આવતી હતી, પોતાનો વેપાર પણ મોટા પાયા ઉપર ચાલતો હતો.

## બાર વર્ષનો વિયોગ.

**મોતીશા શેઠે** જરૂરી કામે **નાનજી શાને** ચીન મોકલ્યા હતા. તેને ગયાને બે વરસ થઇ ગયા, પણ તેના કાંઇ સમાચાર આવ્યા નહીં, એટલે શેઠને તથા નાનજી ચીનાઇના બૈરા-છોકરાઓને ઉચાટ થવા માંડયો. શેઠે ઘણી તપાસ કરાવી, પણ નાનજી ચીનાઇના કોઇ સમાચાર મળ્યા નહીં, નાનજી ચીનાઇની વહુને એક મોટું મકાન ખરીદ કરી, તે મકાન તેની વહુને આપ્યું, જેના ભાડાની આવક

નાનજી શાની વહુને મળે તેવી ગોઠવણુ કરી. આમ કરતાં કરતાં બાર વર્ષનો સમય પસાર થઈ ગયો. ત્યારબાદ બાર વરસે એક દિવસ તોપોના ધડાકા સાથે નાનજી ચીનાઇ વાળું શેઠનું વહાણુ, મુંબઇના બારામાં આવ્યું, સરકારે દુશ્મનના ધડાકા હશે, એમ માની લશ્કરી તૈયારી કરવા માંડી, બાર-બાર વરસના વીતી ગયેલા વહાણુા બાદ શેઠ અને નાનજીભાઈ પરસ્પર ભેટયા. આનંદના આંસુઓની ધારા વરસી. મોતીશા શેઠે એ વહાણુની પેદાશ નાનજી શાને આપી દીધી. નાનજી ચીનાઇએ શેઠ તરફ ખૂબ સત્કાર બતાવ્યો. શેઠ મોતીશાએ નાનજી ચીનાઈનું ખૂબ માન વધાર્યું.

આ વહાણુની આવક મોતીશા શેઠે નાનજી ચીનાઇને સત્કારપૂર્વક આપી. તેમાંથી નાનજી ચીનાઇએ પાલીતાણુામાં મોતીશા શેઠની ટુંકમાં **ઘોઘારી ફીકાભાઇ**ના દહેરાસરની સામે ફીકાભાઈ શેઠના દહેરાસરને મળતું, અને તેના જવાબરૂપ દહેરૂં બંધાવ્યું. એ દહેરાસર અત્યારે પણ **નાનજી ચીનાઈ**ના **ચૌમુખજી** એ નામથી પ્રસિધ્ધ છે. મૂળનાયક શ્રી **ચંદ્રપ્રભુ** છે, (૨૧) એકવીશ આરસના અને એક ધાતુના બિંબ છે, મંદિરમાં ભોંયરૂં છે.

**નાનજી શા** ની ધર્મપત્નીને બાર વર્ષ સુધી કલ્પાનામાં વિધવા જેવું જીવન ગાળતી દશામાંથી સધવા બનતાં જે આનંદ થયો હશે, અને શત્રુંજય પર ચૌમુખજીના મંદિરમાં સજોડે બેસી પ્રતિષ્ઠા કરતાં જે ભવ્ય સ્વપ્ના તાજા

થયાં હશે, એ તો ખરેખર અકલ્પ્ય છે. અને સુંદર નવલિકાના સાચા વિષયનું સ્થાન શોભાવે છે.

નાનજી શાએ જગતની લીલી–સુકી જોઇ હતી. સતત્ મહેનત ને શ્રમ, નેક, નિષ્ઠા તેમના જીવનમાં વણાઈ ગયા હતા. પુષ્કળ ધન છતાં એ મોજ–શોખને આધીન થયા નહીં, સવારે દહેરાસરમાં દર્શન–પૂજા કરી આવ્યા પછી, જાતે કામકાજ જુએ. રોજ તપાસે. આખો દિવસ ઉદ્યોગ પરાયણ રહે. કોઈ દિવસ નાટક જોયા નથી, જ્યારે પણ સમય મળે ત્યારે પોતાના ધર્મના નિયમ મુજબ સામાયિક, તપ વિગેરે કર્યા કરે. સિદ્ધાચળનો સંઘ કાઢયો. બીજી પણ યાત્રાઓ ઘણી કરી. દાન પુણ્ય પણ ઘણું સારૂં કરતાં હતા.

ગુજરાતી તરીકે તેઓ પહેલાં જ કલકત્તા ગયા હતા: પોતાના કુટુંબીઓને પણ કલકત્તા લઈ જઈ, ધંધે લગાડી દીધા હતા. શરૂઆતમાં ૫૦૦ ગુજરાતીઓ આવ્યા હતા. પોતે કલકત્તા છોડયું, ત્યારે ૨૦૦૦] બે હજાર ગુજરાતી હતા.

તેઓ કલકત્તામાં (૩૮) આડત્રીશ વર્ષ રહ્યા, છતાં કોઈ દિવસ સટ્ટાના નાદે ચડયા ન હતા. તેઓ એકમાર્ગી, પ્રમાણિક, વ્યવહારિક ચતુરાઇવાળા, સાદાઈથી રહેવાવાળા, વૃધ્ધાવસ્થા સુધી જાત–મહેનત કરવાવાળા હતા.

**શેઠ મોતીશા** સંવત ૧૮૯૨ માં સ્વર્ગવાસ થતાં, તેમને ઘણું દુઃખ થયું, ને વેપાર-રોજગાર ઉપરથી મન ઉઠી ગયું, ને નિવૃત થઈ જવાનું મન થયું.

**મોતીશા શેઠ**ના વારસ **ખીમચંદ શેઠ** નું ધ્યાન સટ્ટા તરફ દોરાણું, **નાનજી શા**ને સટ્ટા તરફ ખૂબ તિરસ્કાર હતો, દેશકાળ હવે ફરતો જોઇને વિચાર કરતાં, દુધમાં મીઠું નાખી બગાડવું, તેના કરતાં સાકર નાંખી અરસ પરસ છૂટા થઇ જવું સારૂં છે. તેમ તેના અનુભવી વૃદ્ધ મગજને લાગ્યું. તેથી નાનજી શા.એ દીર્ઘદ્દષ્ટિ વાપરીને સંવત ૧૮૯૭માં ખીમચંદ શેઠને મળી રાજી-ખુશીથી ભાગીદારી કાઢી નાંખી, છુટા થઈ ગયા. ને મુંબઈમાં તેમજ કલકતાનો વેપાર પોતાના સ્વતંત્ર નામે કરી નાંખ્યો, પેઢીઓ પોતાના છોકરાઓને સોંપી દીધી, દેખરેખ પણ રાખવી મૂકી દીધી હતી.

જે ભૂખડી બારસ છોકરો બાવન વરસ પહેલા ત્રણ લુગડે વહાણમાં નીકળ્યો, તે માંગરોળમાં અતિ ધનવાન થઇ મોટી સાહ્યબી સાથે માંગરોળ સંવત ૧૮૯૭ માં નિવૃતમય જીવન ગાળવા માંટે આવ્યા.

**શેઠ મોતીશા** એ પોતાનું વીલ કર્યું હતું, તે વીલની કલમ (૫) પાંચમાં લખે છે કે :- ભાઇ **ખીમચંદ** વી. મોતીચંદને માલુમ થાય કે જે **શા. નાનજી જેકરણ**

સાથે હમારે હમારા મરનાર ભાઈ નેમચંદ અમીચંદ છતાંએ ગરવટ તથા ભાઈચારાએ પેઢી–દોસ્તી તથા ગરવટ છે. તેથી જો તમારી નજરમાં આવે તો ભાઈ નાનજી જેકરણ સાથે એક દીલ ૧) ધંધો ચલાવજો, ને જે રીતે હમો ગરવટ તથા ગરોઓ રાખીએચ. તે તેજ રીતેથી ભાઇ ખીમચંદને ગટે છે. જે રાખે, પછી તો તમારી મરજી, આ વીલમાં (૧૧) અગ્યાર કલમો હતી.

શાખ,

મોતીચંદ અમીચંદ મતુ.
10th Janu. 1837

E X A.
True Copy.

(૧) જમશેદજી જીજીભાઇ
શાખ ધણી હજુર

(૧) નાનજી જેકરણ
શાખ ધણી હજુર

(૧) અમરચંદ ખીમચંદ
શાખ ધણી હજુર

(૧) જહાંગીરજી ખુરશેદજી
શાખ ધણી હજુર

(૧) વાડીઆ બમનજી હોરમમજી
શાખ ધણી હજુર

શેઠ નાનજી ચિનોયને ચાર પુત્રો હતા.

(૧) મકનજી, (૨) સુંદરજી, (૩) મદનજી, (૪) જેઠાભાઇ.

## (૧) શેઠ મકનજી નાનજી

શેઠ મકનજીના વંશ પરિવારનો ઇતિહાસ મલી શકયો નથી.

## (૨) શેઠ સુંદરજી નાનજીના (૬) ૭ પુત્રો.

(૧) જુઠાભાઇ સુંદરજી, (૨) ચાંપસી સુંદરજી, (૨) પ્રેમજી સુંદરજી, (૪) મોરારજી સુંદરજી, (૫) જાદવજી સુંદરજી, (૧) ધરમસી સુંદરજી.

(૧) શેઠ જુઠાભાઈને એક પુત્ર, નારજી જુઠાભાઈ. મુંબઇમાં.

(૨) શેઠ ચાંપસીને બે પુત્ર (૧) જુઠાભાઇ ચાંપસી, (૨) કેશવજી ચાંપશી [સ્વર્ગવાસ] મુંબઇમાં.

(૩) શેઠ પ્રેમજી ને એક પુત્ર (૧) વલભજી પ્રેમજી [સ્વર્ગવાસ] મુંબઈમાં.

(૪) શેઠ મોરારજી ને એક પુત્ર (૧) નરોતમ મોરારજી [સ્વર્ગવાસ] મુંબઈમાં.

(૫) શેઠ જાદવજીના વંશપરિવારની માહીતી નથી.

(૬) શેઠ ધરમસીને ત્રણ પુત્રો (૧) હીરજી, (૨) મોતીચંદ, (૩) પ્રાણુલાલ [સ્વર્ગવાસ].

## (૩) શેઠ મદનજી નાનજીના બે પુત્રો.

(૧) શેઠ નાગજી મદનજી, (૨) શેઠ કલાણજી મદનજી

## (૧) શેઠ નાગજી મદનજીના બે પુત્રો.

(૧) શેઠ મોહનલાલ નાગજી ધોરાજી–રાજકોટ.

(૨) શેઠ છગનલાલ નાગજી રાજકોટ, મુંબઈ, જામનગર.

## (૨) શેઠ કલ્યાણજી મદનજીના એક પુત્ર.

શેઠ જગમોહનદાસ કલ્યાણજી તેના બે પુત્રો.

(૧) શેઠ વિનુભાઇ, (૨) શેઠ બાબુભાઈ કલકત્તા.

## (૪) શેઠ જેઠાભાઇ નાનજીને બે પુત્રી.

(૧) ઝવેરબેન મુલજી રામજી, તેના પુત્ર તુલસીદાસ મુલજી.

(૨) હરકોરબેન અંદરજી રૂગનાથ, તેના પુત્રો (૧) દામોદર અંદરજી (૨) ત્રીભોવનદાસ અંદરજી, (૩) જાદવજી અંદરજી, ને (૪) દેવીદાસ અંદરજી.

ઉપલો ઇતિહાસ પૂછપરછ કરીને મેળવેલ છે. ભુલચુક તેમજ સંખ્યામાં વધારો–ઘટાડો થવા સંભવ છે.

શેઠ જગમોહનદાસ કલાણજી તથા તેના સુપુત્રો શેઠ વિનુભાઈ તથા બાબુભાઈએ આ પુસ્તક પ્રકાશનમાં રૂા. ૭૦૧ સાતસો એકની ઉદાર મદદ કરી છે. શેઠ જગમોહનદાસ ચાલુ વર્ષમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેમના આત્માને શાંતિ મળો.

**નાનજી શા.** માંગરોળમાં આવી, પોતાનું બધું ધ્યાન ધર્મ માર્ગમાં પરોવી દીધું, પૂજા-દર્શન વિગેરે નિયમિત કરવું, તથા સાધુ-મુનિ મહારાજનો ઉપદેશ સાંભળવો, પછી પોતે વૃદ્ધ ઉંમરે શાક-ભાજી લેવા જતા, બપોરના સમયે સામાયિક કરવી. પત્ર-વ્યવહાર ખુશી સમાચારના લખતા, ગાડી-ઘોડા રાખ્યા હતા. તે સાંજના સમયે મિત્રો સાથે ફરવા જતા હતા. આવી રીતે સાત વરસ પસાર થયા, વૃધ્ધ ઉંમર, સાધારણ, સારી, તંદુરસ્તી, સારૂં ધન, વાડી, ગાડી, પુત્ર, પૌત્રો, દીકરીઓ, દૌહિત્રાઓ કુટુંબ પરિવારથી વીંટળાઇ, ૭૪ વરસની પાકી ઉંમરે ભાગ્યશાળી આત્મા પોતાના સત્કર્મના સુંદર ફળો ભોગવવા પરલોક ગમન થયાં સંવત ૧૯૦૪ ના માગશર વદ ૪ શનિવારના રોજ સ્વર્ગવાસી થયા. **"આવું સુખી જીવન હજારોમાંથી એક હોય છે."**

અસ્તુ.

卐

**શ્રી ચંદ્રપ્રભુ સ્વામી** તથા **વાસુપૂજ્ય સ્વામીના** દહેરાસરમાં (૨૭) સતાવીશ જિનબિંબો ને થોડો ઘણો પગના ગોઠણ, આંગળા, છાતીના અમુક ભાગ વિગેરેમાં લેપ કરી, બધા ભગવાનોને સંપૂર્ણ ઓપ કરવામાં આવ્યો છે. તથા બધા પ્રભુજીને સદંતર નવા ચાંદલા, ચક્ષુ, ટીલા, દુગદુગી, શ્રીવત્સ વિગેરે બધું નવું કરવામાં આવ્યું છે.

ભમર, લાલી બધું નવું થયું છે. **શ્રી ચંક્રેશ્વરી માતા, શ્રી પદ્માવતી દેવીને** સંપૂર્ણ લેપ કરાવવામાં આવ્યો છે. **ગૌમુખ યક્ષ, વિજય યક્ષ,** તથા **માણિભદ્રને** સંપૂર્ણ લેપ કરવામાં આવ્યો છે. સંવત ૨૦૨૨ બીજા શ્રાવણ શુદ ૧૦ ગુરૂવારે બપોરના બધા પ્રભુજીઓને શ્રી મુનિ મહારાજ **ગુણભદ્રવિજયજીએ** બૃહદ્‌ અઢાર અભિષેક કરાવ્યા હતા. ઘીની ઉપજ ૨૩૦) બસો ત્રીસ મણની થઇ હતી.

## "સ્ફટિક રત્નની પ્રતિમાઓ"

શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના મંદિરથી આગળ ઉપર નાના ચૌમુખજી તરફ જતાં પૂર્વ દિશામાં એક સુંદર ગોખલો બનાવ્યો છે. તેમાં સ્ફટિકની પ્રતિમા ત્રણ તથા લીલા રંગના પાષાણના પ્રતિમા એક પધરાવેલા છે.

## સંવત ૧૯૬૯ મહા શુદ ૬ બુધવારે
## મિનિટ બુક પાનું ૬૫.

ગોખલામાં ત્રણ સ્ફટીક રત્નની પ્રતિમા જે છે, તેમાં વચલા મૂળનાયક સ્વ. **શેઠ જુઠાભાઇ સુંદરજી નાનજીએ** પધરાવ્યા છે. તથા આંજુબાજુના બે **શ્રી મહાવીર સ્વામી** તથા **શ્રી કુંથુનાથ** તથા લીલા રંગના પત્થરના **શ્રી પાર્શ્વનાથ પ્રભુ, સ્વ. શેઠ સુંદરજી અમરચંદે** પધરાવ્યા છે.

સ્વ. શેઠ જીઠાભાઇ સુંદરજીએ નકરાના રૂા. ૧૨૫) અંકે એકસો પચીશ મૂળનાયક તરીકે આપેલા છે, તથા શેઠ સુંદરજી અમરચંદે રૂા. ૧૦૦) એકસો નકરાના આપેલા છે, આ પ્રતિમાની પતિષ્ઠા પૂજ્યપાદ મુનિ **શ્રી ચારિત્રવિજયજી** મહારાજ સાહેબે સંવત ૧૯૬૯ ના મહા શુદ ૬ ને બુધવારે કરાવેલ છે.

## શ્રી શાંતિનાથ પ્રભુ.

સ્ફટીક રત્નની પ્રતિમાજી વાળા ગોખલા આગળથી ઉપર નાના શાશ્વતા ચૌમુખજી જે શેઠ નાનજી જેકરણે પધરાવ્યા છે. ત્યાં આગળ બાજુના એક ઓરડામાં **શ્રી** શાંતિનાથ પ્રભુ મૂળનાયક તરીકે પધરાવેલ છે. જે પ્રભુની પલાંઠી નીચે લેખ છે, તે નીચે મુજબ છે,

સંવત ૧૮૯૩ના વરસે-શાકે ૧૭૫૮ માઘ માસે શુકલપક્ષે ૧) બુધવાસરે શ્રી અમદાવાદ ઓસવાલ જ્ઞાતિય વૃધ્ધશાખાયાં પાનાચંદ, તત્ભાર્યા, માનકોર, તત્પુત્ર સુંદર શા. શ્રેયાંથેં શાંતિનાથ બિંબ કરાવિતં પ્રતિષ્ઠા **શ્રી શાંતિસાગર સૂરી** પ્રતિષ્ઠિતમ્ બીજા ચાર ભગવાનની નીચે લેખ નથી પણ ખાલી સંવત લખેલ છે. **(૧) શ્રી ગોડીજી પાર્શ્વનાથ ૧૫૪૫, (૨) શ્રી આદિનાથ ૧૫૪૫, (૩) શ્રી મલ્લીનાથ ૧૫૪૫, (૪) શ્રી બીજા શાંતિનાથ ૧૫૪૫, (૫) શ્રી શ્રેયાંસનાથ ૧૯૯૯.**

## સંવત ૧૯૪૯ થી ૧૯૫૫નો ચોપડો શું કહે છે?

શ્રી સમેત શિખરની રચનાનો તથા **શ્રી શાંતિનાથ** ભગવાનનો એક આ જુદોજ ચોપડો છે, તેમાં **શ્રી** શાંતિનાથ પ્રભુના દહેરાસર માટે નીચે પ્રમાણે લખાણ છે.

સંવત ૧૯૫૫ના પોશ શુદ ૭ વાર બુધે મા. **મકનજી માધવજી** વાળી ઓરડીમાં મેમાન દાખલ પરતમાં (૫) પાંચ પધરાવા છે. તે અગાઉ પધરાવાને તે ઓરડી સમી કરાવી, તેથી **શ્રી** જ્ઞાનના ભંડારવાળી ઓરડીમાં પધરાવા હતા. તે આજરોજ પાછા પધરાવીને આજથી અઠ્ઠાઇ મહોત્સવનો ફારો કરો, તથા અઠાઈ મહોછવના ખરચ વિગેરેનો હિસાબ સરવે આ વહીમાં આપો છે. ૧૯૫૫ પોશ શુદ ૭ બુધવાર.

### ફરી પ્રતિષ્ઠા નીચેના સદ્‌ગૃહસ્થોએ કરી હતી.

(૧) **શ્રી** શાંતિનાથ મૂળનાયક પધરાવ્યા,

શેઠ ધરમશી ગોવીંદજી ઘરત મા. ૧૫

(૨) **શ્રી** ગોડીજી પારસનાથ પધરાવ્યા,

શેઠ જુઠા હરજીવન ઘરત મા. ૧૦

(૩) **શ્રી** ઋષભદેવજી પધરાવ્યા,

શેઠ જવેરચંદ વછરાજ ઘરત મા. ૮

(૪) શ્રી શાંતિનાથજી પધરાવ્યા,
શેઠ અંદેરજી દેવચંદ ઘરત મા. ૮

(૫) શ્રી મલ્લીનાથજી પધરાવ્યા,
શેઠ લીલાધર પ્રેમજી ઘરત મા. ૭

આ પ્રતિષ્ઠાનું તથા અઠ્ઠાઇ મહોત્સવનું આખું નામું આ ચોપડામાં જુદું છે.

## સંવત ૧૯૭૨નો ઠરાવ શું કહે છે ?

સંવત ૧૯૭૨ ફાગણ વદ ૧૩ શુકરવાર મિનિટ બુક પાનું ૨૧, ઠરાવ ૧ **શ્રી શાંતિનાથ ભગવાન**ની દ્રષ્ટિ **દોષ છે, તેમ લાલજી મિસ્ત્રી**નું કહેવું થયું. તે **ઉપરથી મેનેજરોએ પરમ પૂજ્ય ચારિત્રવિજયજી** મહારાજને **એક પત્ર લખી ખુલાસો** માંગેલ. જે ઉપરથી મહારાજ સાહેબનો **પત્ર એક ફાગણ વદ** ચોથનો આવ્યો. તેમાં લખે છે કે તે **પ્રતિમાજી** ઉત્થાપન કરશો, તો પ્રતિષ્ઠા **ફરી કરવી પડશે.** વિગેરે **બાબતોનો આવેલ.** આ ઉપરથી ફરી પ્રતિષ્ઠા **કરાવવાનો હાલનો સમય** અનુકૂળ નહીં હોવાથી **શ્રી શાંતિનાથ ભગવાનની હાલની સ્થિતિ** છે, તેમજ રહેવા દેવા ઠરાવ **કરવામાં આવે છે.**

**નોંધ :–** આ ઠરાવ બાબત હાલમાં **મિસ્ત્રી બાલકૃષ્ણ** જે આપણે ત્યાં લેપ, ઓપ, આરસ વિગેરેનું

કામ કરે છે. તેને બતાવતાં તેણે કહ્યું કે દૃષ્ટિમાં ફેર નથી. પણ બારણામાં ફેર છે. બારણાનો ફેર નીકળવાથી દૃષ્ટિ બરાબર માલુમ પડશે.

## શ્રી શ્રેયાંશનાથ પ્રભુ.

સંવત ૧૯૯૯ અશાડ શુદ ૧૩, ગુરૂવાર, મિનિટબુક પાનું ૪૭ શ્રી શામળા રંગના શ્રી શ્રેયાંશનાથ પ્રભુ કોઇ મુસલમાનને મળેલ હશે, તે તેણે રાજ્યમાં દરબારને આપી દીધેલ હશે. તે સ્વ. **શેઠ કેશવલાલ લીલાધરે** ઘણા પ્રયાસો કરી. રાજ્ય પાસેથી મેળવી, **શ્રી** સંઘને અર્પણ કર્યા હતા. તે પ્રતિમાને સંવત ૧૯૯૯ અશાડ શુદ ૧૩ ને ગુરૂવારે શ્રી સંઘે ઠરાવ કરી, પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ **વિજય રામચંદ્ર સૂરિશ્વરજી**ની સાંનિધ્યમાં અઢાર અભિષેક કરાવી. શ્રી શાંતિનાથ પ્રભુના મંદિરમાં પધરાવવામાં આવ્યા છે.

## "શ્રી વિજય યક્ષ"

પેઢીવાળા ચોકમાંથી દરવાજામાં પેસતાં જમણા હાથ તરફ [પૂજા ભણાય છે તે ચોકમાં] એક ગોખલામાં "શ્રી વિજય યક્ષ" પધરાવેલા છે. તે કોણે પધરાવ્યા ? કયારે પ્રતિષ્ઠા થઇ ? તેની ઘણી શોધ કરવા છતાં જાણી શકાયું નથી.

## શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું વંડીનું દહેરાસર.

શ્રી માંગરોળ સંઘમાં સંવત ૧૯૫૩ ના ફાગણ વદ નોમના શનેઉના દિવસથી સંઘના કામકાજો માટે શ્રી સંઘે બંધારણ ઘડી. ને સભાઓ બોલાવવી, ઠરાવો કરવા વિગેરે શરૂ થયું હતું, તે વખતથી મિનિટ બુક વિગેરે રેકર્ડ રાખવાનું શરૂ થયું હતું.

### "સંવત ૧૯૫૮ માગશર વદ (૭) સાતમ બુધવાર ઠરાવ"

શેઠ **ચાંપશી દેવજીએ** દરખાસ્ત મૂકી કે **શા. મદનજી જેચંદ** ગુજરતી વખતે એક વીલ કર્યું છે. તેમાં તેણે પોતાની વંડી શુભખાતે ઉપયોગમાં લેવા માટે તથા તેમાં દહેરાસર કરવા, તથા તેમાં ચૈત્રી તથા કારતકી પૂનમે પટ બાંધવા, તથા તે દિવસે સાકરીયા પાણી પાવા લખેલ છે. તે મુજબ હંમેશા થાય, તે માટે પૈસાની મોટી રકમ કાઢેલ છે. હાલમાં **શા. પ્રેમજી કાનજી** તરફથી કારતકી તથા ચૈત્રી પૂનમે સાકરીયા પાણી પાવાની દરખાસ્ત કરી હતી. પરંતુ ગુજરનાર **મદનજી જેચંદે** પોતાનું વીલ કર્યું છે, જેનું તેના ટ્રસ્ટીઓએ પ્રોબેટ પણ મેળવેલ છે. અને તે ટુંક વખતમાં અમલમાં આવનાર છે. તો મરનારની ઇચ્છા અનુસાર થવા દેવું ઠરાવવામાં આવે છે. જે વખતે નીચેના ગૃહસ્થો હાજર હતા,

(૧) શેઠ લીલાધર પ્રેમજી
(૨) „ વલભજી ચત્રભુજ
(૩) „ મોતીચંદ દેવચંદ્ર
(૪) „ જવરાજ કચરા
(૫) „ પારેખ કચરા હરખચંદ
(૬) શેઠ નેમચંદ ગોવીંદજી
(૭) „ ચાંપશી દેવજી
(૮) „ પ્રેમજી કહાનજી
(૯) „ ઝવેરચંદ નાનજી
વિગેરે ૩૦ ગૃહસ્થો.

ઉપરનો ઠરાવ થયા બાદ સંવત ૧૯૬૦ ના મહા શુદ (૧૫) પૂનમના દિવસે આ દહેરાસરની પ્રતિષ્ઠા થઈ, ત્યાં સુધી શ્રો સંઘની મિનિટ બુકમાં કોઈપણ જાતના આ બાબતને લગતાં ઠરાવો નથી જ. તેમજ પ્રતિષ્ઠાના નામાનો એક જુદો જ ચોપડો છે. દહેરાસર બંધાવ્યું તથા પ્રતિમાજી મંગાવ્યા, **શેઠ મદનજી જેચંદે** પરંતુ પ્રભુજીને પ્રતિષ્ઠા કરી પધરાવવાનું ઘી બોલાયું હતું, તે નીચે મુજબ શેઠીયાઓએ પ્રભુની પ્રતિષ્ઠા કરી હતી.

:·૭૪ાા શ્રી ગણેશાય નમઃ, શ્રી શારદાય નમઃ શ્રી ગૌતમ સ્વામીની લબ્ધિ હોજો. સાં. ૧૯૬૦ ના મહા શુદ (૧૫) પૂનમ વાર સોમે. **શા. મદનજી જેચંદ** તરફથી વંડીમાં નવા દહેરાસરજી બંધાણા, તેમાં તંખત ઉપર આરસની પરતમાજી પધરાવાના રૂપિયા બોલાણા. તથા ધાતુના પરતમાજી પધરાવવાના ગરત બોલાણા. તા. ધજાચડાવવાના ગરત બોલાવીને ધણી–ધણીને ખાતે લખા છે. તેની નોંધ :–

શ્રી માંગરોળ વંડી દેરાસરજીના મુળનાયક

**શ્રી સુપાર્શ્વનાથ પ્રભુજી**



વિક્રમ સંવત ૧૯૬૦ના મહા શુદ ૧૫, સોમવારના
**સ્વ. શેઠ મોતીચંદ દેવચંદે**
રૂા. ૮૦૧) આઠસો એકની બોલીમાં પ્રતિષ્ઠા કરી હતી.

ચોરવાડ મંદિરના મુળનાયક

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ



સ્વ. શેઠ નાનજી જેકરણ ચીનોયે

સંવત ૧૮૭૪ના જેઠ શુદ ૪ ચોથે કરેલી પ્રતિષ્ઠા

રૂા. ૮૦૧) શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને પધરાંવવાનું શેઠ મોતીચંદ દેવચંદ.

રૂા. ૪૦૧) જમણી બાજુ મહાવીર સ્વામીને પધરાવવાનું શેઠ પાનાચંદ નાનજી.

રૂા. ૩૨૫) ડાબી બાજુ નેમનાથ સ્વામીને પધરાવવાનું શેઠ જવરાજ કચરા.

આ ઉપરાંત પચીશ ધાતુની પ્રતિમાજીઓ પધરાવવાના ઘી બોલાણા હતા.

રૂા. ૧૨૬) શેઠ અમીલાલ જાદવજી, મૂળનાયકને ધજા ચડાવવાના ઘી મણ ૧૦૧).

રૂા. ૧૨૬) શેઠ અમીલાલ જાદવજી, રંગમંડપના ઘુમટ ને ધજા ચડાવવાના ઘી મણ ૧૦૧).

રૂા. ૯૩ાા) શેઠ અમીલાલ જાદવજી, ઘુમટને કળશ ચડાવવાના ઘી મણ ૭૫),

રૂા. ૧૨૬) શેઠ અમરચંદ તલકચંદ મૂળનાયકના ઘુમટ ઉપર કળશ ચડાવવાના ઘરત મણ ૧૦૧).

મુખ્ય મોટી આ બોલી હતી. તે સિવાય બીજી ઘણી બોલી બોલાણી હતી.

## મંદિરનો શિલાલેખ.

શ્રી (શ્વેતાંબર) જૈન મંદિર, આ મંદિર સારાષ્ટ્ર મધ્યે આવેલ શ્રી માંગરોળ શહેરમાં સ્વર્ગવાસી **શેઠ મદનજી જેચંદ**ની ઇચ્છાનુસાર તેમના ટ્રસ્ટીઓએ તેમના કલ્યાણ અર્થે બંધાવેલ છે. તેમાં મૂળનાયક શ્રી સાતમા તીર્થંકર **સુપાર્શ્વનાથ** મહારાજની પ્રતિમા બિરાજમાન છે, તેમની પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૯૬૦ના મહા શુદ (૧૫) ના સોમવારે થયેલ છે, આ મંદિર શ્રી માંગરોળના તપાગચ્છ સંઘને અર્પણ કરેલ છે.

## સંવત ૧૯૮૧ બે પ્રભુની પ્રતિષ્ઠા.

સ્વ. બાઇ **મોંઘી** તે સ્વ. **શેઠ મોરારજી રણછોડ**ની વિધવા તથા સ્વ. બાઇ **અવલ** તે અંદેરજી રણછોડની વિધવાએ સંવત ૧૯૮૧માં **શ્રી ચંદ્રપ્રભુ સ્વામી** તથા **શ્રી અભિનંદન સ્વામી**ની પ્રતિષ્ઠા **શ્રી સુપાર્શ્વનાથ** પ્રભુના મંદિરમાં (વંડીના દહેરાસરે કરી હતી, તેઓએ નકરાના રૂા. ૧૦૦૦) એક હજાર આપ્યા હતા.

## "પ્રતિમાજીની નોંધ"

### ૧ શ્રી સુપાર્શ્વનાથ

| જમણી બાજુ | ડાબી બાજુ |
|---|---|
| (૨) શ્રી મહાવીર સ્વામી | (૩) શ્રી નેમિનાથ |

(૪) શ્રી ચંદ્રપ્રભુ (૫) શ્રી અભિનંદન

નીચે

શ્રી શાંતિદેવી

[બહારના ગોખલામાં]

(૧) શ્રી માતંગ યક્ષ (૧) શાંતિદેવી

ચાંદીના સિદ્ધચક્રજી–બે.

૧ ધાતુની ચોવીશી

૫ „ પંચતિર્થી

૨ „ અષ્ટમંગળ

૧ „ મહાવીર સ્વામીની પાદુકા

૨ „ સિદ્ધચક્ર

શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને, શ્રી ચંદ્રપ્રભુને, અને શ્રી નેમિનાથ ભગવાનને તથા શ્રી અભિનંદન સ્વામીને સંપૂર્ણ ઓપ કરવામાં આવ્યો છે. શ્રી મહાવીર સ્વામી, નીચેના શાંતિદેવી તથા બહાર ગોખલામાં માતંગ યક્ષ તથા શાંતિદેવીને સંપૂર્ણ લેપ કરવામાં આવ્યો છે. બીજા શ્રાવણ વદ ૧૧ રવિવારે પૂજ્ય મુનિ મહારાજ **શ્રી ગુણભદ્ર વિજયજીએ** બૃહદ્ અઢાર અભિષેક કરાવ્યા હતા.

બધા ભગવાનોને નવા ચાંદલા, ટીલા, ચક્ષુ, શ્રીવત્સ તથા ડુગડુગી વિગેરે બધું નવું કરાવ્યું હતું, ઘીની બોલી આશરે (૮૫) પંચાશી મણ થઇ હતી.

# શ્રી ચોરવાડ શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર

માંગરોળથી અગ્યાર માઈલ દૂર ચોરવાડમાં **'શ્રી ચિંતામણી પાર્શ્વનાથ'**નું મંદિર છે. આ મંદિર સંવત ૧૫૨૯ના વર્ષમાં શ્રી માંગરોળના સોની શ્રાવકોએ બંધાવ્યું છે, જેનો શિલાલેખ ચોરવાડના મંદિરમાં પ્રવેશ કરતા જમણા હાથની ભીંતમાં ચેટાડેલ છે, જે નીચે મુજબ છે.

## "શિલાલેખ"

શ્રી સુરમંડલે વિશાલ નગરે શ્રી ચોરવાડ કે મંદિરે **શ્રી ચિંતામણી પાર્શ્વ** વિભોશ્વપદ રંજયાત્ સત્ તદા સોની સાયર તનયોઃ આંબાખા સુતવાદિમો ગુણવાન્ દ્વિતિયોમ નામાભિધાન જિનધર્મરતઃ કૃપા વામઃ (૨) શ્રીબાકસ્ય તનુજ સુવિવેક સમરસિંહ ઈત્યાદિ દેવ, ગુરૂ ભક્તિ પરમાં સુત જયપાલ દ્વયઃ (૩).

શ્રી સંવત ૧૫૨૯ વર્ષે વૈશાખ શુદી તૃતીયા ગુરૌ શ્રી મંગલપુર વાસ્તવ્યા શ્રી ઓસવાલ જ્ઞાતિય સોની સાયર હુડમદ સુત, સોની આંબા ભાર્યા બાઈ સર, સુત સોની સમરસિંહ ભાર્યા મનાઇ, અપર ભાર્યા ઉસમાઈ, સુત સોની જયપાલ, ભાર્યા મૃગાઇ, તતઃ સોની સાયર ભાર્યા બાઈ વીકું, સુત સોની મના ભાર્યા બાઇ વરજુ, સુત સોની શ્રીવંત, સોની જયવંતા સપરિજન સહિતેન સોની સમરસિંહ ભાર્યા બાઈ પાંતિ સહિતેન એ તૈં **શ્રી ચોરવાડપુર**

નરા નિજભુજ ઉપાર્જિતધન કૃતાર્થં હેતોઃ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રતિષ્ઠા ચૈત્યં કરાવિતં શ્રી બૃહદ્ તપાય ભટ્ટારકશ્રી શ્રી જયશેખર સૂરિ પટ્ટાવતસા ભટ્ટારક, શ્રી જિનરત્ન સૂરિ-શિષ્ય મહોપાધ્યાય, શ્રી જયસુંદર ગણી, શિષ્ય મહોપાધ્યાય સંવેગ સુંદર ગણી, ગુરૂપદેસેન પ્રતિષ્ઠિતં ઈતિઃ કલ્યાણ જયાત્.

શ્રી અસ્તુ.

આ લેખ પુરવાર કરે છે કે આ મંદિર માંગરોળના સોની લોકોએ સંવત ૧૫૨૯માં બંધાવ્યું હતું. ત્યાર બાદ સાડા ત્રણસો વર્ષ સુધીનો ઈતિહાસ ઉપલબ્ધ નથી.

સંવત ૧૮૭૪ માં **શેઠ નાનજી જેકરણ** ચોરવાડ થઈ ને શ્રી સિધ્ધાચલ સંઘ લઈને ગયા હતા. ત્યારે આ મંદિર જોઈ ને જિર્ણોધ્ધાર કરાવ્યો. જેનો શિલાલેખ નીચે પ્રમાણે છે.

## "શિલાલેખ બીજો"

સ્વસ્તિ શ્રીમન્ નૃપવિક્રમાર્ક સંવત્સરાત્ ૧૮૭૪ વર્ષે શાલિવાહન ભૂપાલ શાકે ૧૭૪૦ પ્રવર્તમાને માસોતમે જયેષ્ઠ માસે શુકલપક્ષે-૪ ચતુર્થી તીથૌ ચંદ્રવાસરે શુભયોગે **શ્રી મહાવીર** પટ્ટપરંપરાગત જંગમ શ્રી તપાગચ્છ સૂરીશ્વર ભટ્ટારક શ્રીમદ્ **વિજય ધર્મસૂરિશ્વરજી**ના પટ્ટ પ્રભાવક શ્રીમદ્ વિમલાચલો તીથૌ જિન મંદિર જિનબિંબાનાં પ્રતિષ્ઠાં

કરિતાં શ્રીમદ્ **વિજયજિનેન્દ્રસૂરીશ્વરાણાં** ઉપદેશાત **સૌરાષ્ટ્ર** ભૂમંડલ જલનિધિ નિકટવર્તી મંગલપુર વાસ્તવ્ય ઓસવાલ જ્ઞાતિ શાખાયાં **શા. જેકરણ ખીમજી** તદ્દભાર્યા વાલીબાઈ, તદ્ દ્વૌ પુત્ર **શા. નાનજી**, કનિષ્ઠ **શા. રવજી** બૃહત્પુત્ર ભાર્યા બાઈ કુલ. લઘુભાર્યા જીવી, શા. નાનજી દ્વૌ પુત્ર **શા, મકનજી**, કનીષ્ઠ **શા. સુંદરજી**, દ્વૌ પુત્રી બાઇ હરખ તથા બાઇ ભાણી ઈત્યાદિ સ્વકીયકુટુંબ સ્વશ્રેયાર્થે શા. નાનજી જેકરણેન **શ્રી સિદ્ધગિરિ યાત્રા કરણેન શ્રી** ચોરવાટિકા નગરે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ચૈત્ય જીર્ણોદ્ધાર કરાવિતાં **શ્રી વિજયજિનેન્દ્રસુરિશ્વરાણાં** પ્રતિષ્ઠિતમ્. શ્રી તપાગચ્છે લીખીતમ્ **પંડિત માણેકય વિજય,**

ઉપર પ્રમાણેનો લેખ ચોરવાડના મંદિરમાં દહેરાસરજીની ભીંત ઉપર છે. એટલે **શેઠ નાનજી જેકરણે** જીર્ણોધ્ધાર કરી ફરી પ્રતિષ્ઠા જેઠ શુદ–૪ને સોમવારે કરી હતી. ત્યારથી જેઠ શુદ–૪ ચોથે આપણે ધજા ચડાવવા જઇએ છીએ.

ઉપરનો ઇતિહાસ સં. ૧૮૭૨ થી ૧૮૭૮ની નોંધના ચોપડામાં પાના ૨૬૮ ઉપર છે. તેમાં પ્રતિષ્ઠા તથા ઘીની ઉપજ વિગેરે બાબત લખેલ છે. આ ચોરવાડના દહેરાસરનો વહિવટ શા. નાનજી જીવ્યા હતા, ત્યાં સુધી પોતે કરતા હતા.

ચોરવાડના દહેરાસરમાં વખતોવખત લેપ કરાવવામાં આવ્યો હતો. છેલ્લો લેપ મૂળનાયકની આજુબાજુના ભગવાનને તથા ધરણેન્દ્ર, પદ્માવતીને સં. ૨૦૨૧ના વરસમાં કરવામાં આવ્યો હતો. તથા મૂળનાયકજીને સંપૂર્ણ ઓપ કરવામાં આવ્યો હતો. જેનો કુલ ખરચ રૂપિયા ૩૫૦૦) પાંત્રીશસો થયો હતો.

## "સંવત ૨૦૨૨ જેઠ શુદ–૪"

પ્રભુજીઓને લેપ થયેલ હોવાથી બાર મહિનાઓથી અપૂજ હતા. સંવત ૨૦૨૨ના જેઠ સુદ–૩ના દિવસે પૂજ્ય મુનિ મહારાજશ્રી **ગુણભદ્રવિજયજી**ની નિશ્રામાં બૃહદ્ અઢાર અભિષેક કરવામાં આવ્યા હતા. તથા શુદ–૪ને દિવસે ધજા ચડાવવામાં આવી હતી. માંગરોળથી આવેલ લગભગ ૨૫૦) અઢીસોથી ૩૦૦) ત્રણસો માણસની હાજરી હતી. શ્રી સંઘના મુંબઇ ખાતેના ટ્રસ્ટી **શેઠ છોટાલાલ પ્રાણલાલ** તથા અન્ય શ્રાવકો **શેઠ વૃજલાલ સુંદરજી, શેઠ નવીનચંદ્ર સવચંદ** વિગેરે મુંબઇવાસી આવ્યા હતા. બંને દિવસે સ્વામીવત્સલ થયા હતા. ઘીની ઉપજ લગભગ ૩૦૦) ત્રણસો મણની થઈ હતી.

## "ભેરાઓનો જુનો ઉપાશ્રય"

### (૧) સમેતશિખરની રચના સંવત ૧૯૪૯.

## "હાલનું નામ પંચતીર્થીનો ઓરડો"

ભેરાઓના જુના ઉપાશ્રયમાં સંવત ૧૯૪૯ના શ્રાવણ માસમાં શ્રી સમેતશિખરના પહાડની પત્થરની રચના કરવામાં આવી હતી. જેનો વાર્ષિક મહોત્સવ દરવર્ષે કારતક વદ–૪ ચોથને દિવસે વીશે ટુંકમાં પ્રભુજી પધરાવી, પૂજા ભણાવવામાં આવતી ને રાતના ભાવના બેસતી એકધારા (૫૦) પચાસ વર્ષ સુધી આપણે ખૂબ જ ઉત્સાહ ને આનંદથી ઉજવતા હતા, આ રચના પૂજ્ય **ચારિત્રવિજયજી** મહારાજના ઉપદેશથી કરવામાં આવી હતી. આ રચનાના ખરચમાં લગભગ તે સોંઘારતના જમાનામાં રૂા. ૨૧૦૦) એકવીશસો થયો હતો. તેમાં મોટી રકમ નીચે મુજબ ભરાણી હતી.

રૂપિયા ૪૫૧) શેઠ તલકચંદ જેઠા હાઃ શેઠ અમરચંદ તલકચંદ

" ૫૦૦) મુંબઈથી હાઃ શેઠ માણેકચંદ દેવચંદ મારફત.

" ૧૬૭) એડનવાળા શેઠીયાઓ તરફથી.

" ૧૦૧) શેઠ જેચંદ નેમચંદ તરફથી.

" ૧૦૧) શેઠ અભેચંદ જીવન તરફથી.

બાકી પરચુરણ રકમો મળી કુલ રૂપિયા ૨૧૨૯)
બે હજાર એકસો ઓગણત્રીશ થયા હતા.

## (૨) શ્રી સિદ્ધાચલજીની રચના.

સંવત ૨૦૦૫ વેરાવળ નિવાસી **અ. સૌ. બાઇ મીઠીબાઈ લીલાધર**ના આત્મકલ્યાણ અર્થે **શેઠ લીલાધર ગુલાબચંદ** તરફથી શ્રી સિધ્ધાચલ તીર્થની કાયમી રચના રૂપિયા ૪૦૧) ચારસો એકમાં કરાવી, શ્રી માંગરોળ જૈન શ્વેતામ્બર તપગચ્છ સંઘને અર્પણ કરેલ છે.

## (૩) શ્રી ગિરનાર તીર્થની રચના.

સંવત ૨૦૦૫ **શેઠ પ્રેમજી અભેચંદ** હાઃ ચાંપાબેનના આત્મકલ્યાણ અર્થે શ્રી ગિરનાર તીર્થની કાયમી રચના રૂા. ૪૦૧) ચારસો એકમાં કરાવી શ્રી માંગરોળ જૈન શ્વે. સંઘને અર્પણ કરેલ છે.

## (૪) શ્રી આબુ તીર્થની રચના.

સંવત ૨૦૦૫ માંગરોળના શ્રાવિકા બહેનો તરફથી શ્રી આબુ તીર્થની કાયમી રચના રૂા. ૪૦૧) ચારસો એકમાં કરાવી શ્રી માંગરોળ જૈન શ્વે. સંઘને અર્પણ કરેલ છે.

## (૫) શ્રી અષ્ટાપદ તીર્થની રચના.

સંવત ૨૦૦૫ ગં. સ્વ. મહાન્ તપસ્વી **જવલબેન હીરાચંદ** ના નિર્જલા (૬૩) ત્રેસઠ ઉપવાસ નિમિત્તે

અષ્ટાપદ તીર્થની કાયમી રચના પોતાના આત્મકલ્યાણ અર્થે રૂા. ૪૦૧) ચારસો એકમાં કરાવી, શ્રી માંગરોળ જૈન શ્વે. તપાગચ્છ સંઘને અર્પણ કરેલ છે.

## ઉગ્રતપસ્વિની ગં. સ્વ. જવલબેન.

ગં. સ્વ. જવલબેન **શેઠ હીરાચંદ જેચંદની** પુત્રી થાય. લગ્ન થયા બાદ ટુંક સમયમાં જ વિધવા થયા હતા. કેળવણી કાંઇ લીધી ન હતી. પાઠશાળામાં થોડો સમય નોકરી કરી હતી. તે બાદ તેમનું આખું જીવન મહાન્ તપસ્યામાં વિતાવ્યું હતું. માંગરોળના બલ્કે આખા ભારતના શ્રી સંઘમાં ચાલુ વર્તમાનકાળમાં આવી ઉગ્રતપસ્યા કોઇએ કરી હોય તેવું સાંભળવામાં કે જાણવામાં આવ્યું નથી. તેમની તપસ્યાઓ નીચે પ્રમાણે છે.

૧૩૫ ઉપવાસ એક વખત, ૧૦૮ ઉપવાસ એક વખત, ૭૦ ઉપવાસ એક વખત, ૬૩ ઉપવાસ એક વખત, ૫૭ ઉપવાસ એક વખત, ૪૫ ઉપવાસ બે વખત, ૪૦ ઉપવાસ એક વખત, ૩૮ ઉપવાસ એક વખત, ૩૩ ઉપવાસ એક વખત, ૩૧ ઉપવાસ બે વખત, ૩૦ ઉપવાસ બે વખત, ૨૧ ઉપવાસ એક વખત, ૧૯ ઉપવાસ એક વખત, ૧૭ ઉપવાસ બે વખત, ૧૬ ઉપવાસ એક વખત, ૧૫ ઉપવાસ ત્રણ વખત, ૧૧ ઉપવાસ ત્રણ વખત, ૧૦ ઉપવાસ એક વખત, ૯ ઉપવાસ એક વખત, ૮ ઉપવાસ સોળ વખત. આ રીતે કુલ ૧૦૭૧ ઉપવાસ તથા વરસીતપ વિગેરે કરતાં

પોતાના જીવન દરમ્યાન ૨૩૯૦ ઉપવાસની ઉગ્રતપશ્ચર્યા કરી હતી.

છેલ્લી તપશ્ચર્યા સં. ૨૦૦૯માં તેણે ૧૩૫ ઉપવાસની કરી હતી. આ તપશ્ચર્યા નિમિત્તે માંગરોળમાં સમસ્ત હિન્દુ–મુસલમાન જનતા તેમના દર્શન કરવા આવતી હતી. સ્થાનકવાસી જૈન આચાર્ય મહારાજ પૂજ્ય ઘાંસી લાલજી મહારાજ સંઘ સાથે શાતા પૂછવા આવતા હતા.

સ્વર્ગવાસ થતાં માંગરોળની ચારથી પાંચ હજાર માણસની જનતાએ તેમની શ્મસાન યાત્રામાં લાભ લીધો હતો. પછી માંગરોળના ગાંધી ચોકમાં **શેઠ ગુલાબચંદ ગોપાલદાસ છગનલાલ શીરાજ**ના પ્રમુખપણા નીચે માંગરોળની જનતાની એક જાહેર સભા મળી હતી. તેમાં સ્વર્ગવાસી આત્માના સ્મારક નિમિતે ફંડ થતાં તેમના ૧૩૫ ઉપવાસ હતા, તે ધ્યેયથી ફંડમાં ભરનારા બધાએ ૧૩૫ના આંકથી નાણા ભર્યા હતા. કોઈએ રૂપિયા, કોઇએ આના, કોઇએ પૈસા એમ એકસો પાંત્રીશના આંકથી પૈસા ભર્યા હતા. તે સ્મારક સમિતિ તરફથી મેરૂશિખરની રચના પંચતીર્થી વાળા ઓરડામાં કરવામાં આવી હતી.

## શ્રી મેરૂ શિખરની રચના.

સં. ૨૦૧૦ ગં. સ્વ. જવલબેન સ્મારક સમિતિ તરફથી તેમના ૧૩૫ ઉપવાસ નિમિતે આ મેરૂ શિખર બનાવવામાં આવ્યો છે.

## ખંડિત પ્રતિમાજી.

શ્રી સંઘ પાસે ખંડિત પ્રતિમાજીઓ ઘણા વર્ષોથી ભોંયરામાં પડેલા હતા. તેનું શું કરવું ? તેટલા માટે વિદ્વાન આચાર્યોનો અભિપ્રાય મંગાવવાનો શ્રી સંઘે ઠરાવ કર્યો :–

**"સંવત ૧૯૬૫ ના પોષ શુદ–૧૨**
**મિનિટ બુક પાનું ૧૧૬"**

ઠરાવ નં. ૪ ખંડિત પ્રતિમાજી બાબતમાં વિદ્વાન મુનિરાજોને લખી જણાવી ખુલાશો મેળવવો. ઉપર પ્રમાણેનો ઠરાવ થયો હતો, પણ મિનિટ વાંચતા તેનો અમલ કોઈ દિવસ થયો નથી.

સંવત ૨૦૧૩માં મુનિ ગુણભદ્રવિજયજીનું ચાતુર્માસ માંગરોળમાં થયું હતું. તે વખતે તેઓએ આ ખંડિત પ્રતિમાજી બાબતમાં શ્રી સંઘને પત્ર લખ્યો હતો, જે ઉપરથી શ્રી સંઘે નીચે મુજબ ઠરાવો કર્યા હતા.

**"સં. ૨૦૧૩ ભાદરવા શુદ–૧૦ મંગળવાર**
**મિનિટ બુક પાનું ૯"**

તા. ૩–૯–૫૭

ઠરાવ :– પૂજ્ય મુનિ મહારાજશ્રી ગુણભદ્રવિજયજીના આવેલ પત્ર ઉપરથી ઠરાવ કરવામાં આવે છે કે આપણે

ત્યાં જે જે ખંડિત પ્રતિમાજીઓ છે. તે બાબત પૂજ્ય ગીતાર્થ આચાર્ય ભગવંતોને પૂછાવવું. અને તેઓ સાહેબના જે અભિપ્રાય આવે તે સંઘની જનરલ સભામાં રજુ કરવા ઠરાવ કરવામાં આવે છે. (સર્વાનુમતે પાસ),

### " સંવત ૨૦૧૪ કારતક વદ–૧ શુક્રવાર મિનિટ બુક પાનું ૧૦૫ "

શ્રી સંઘના તા. ૩–૯–૫૭ના ઠરાવ મુજબ આપણે ત્યાં ખંડિત અને ઘસાઇ ગયેલા પ્રતિમાજીઓને વિસર્જન કરવાની વિધિ બાબત ચાર ગીતાર્થ આચાર્ય ભગવંતોને પત્ર લખી પૂછાવતાં ત્રણ આચાર્ય મહારાજોના જવાબ આવેલા, તે આજની સંઘની સભા સમક્ષ વંચાતા ઠરાવ કરવામાં આવે છે કે–

ઠરાવ :– આ ખંડિત પ્રતિમાજીઓની વિસર્જન વિધિ આપણે આચાર્ય મહારાજોની સૂચના મુજબ કરાવવાની હોવાથી તે બાબત ક્રિય વાળા ભોગીલાલભાઇને ક્રિયા કરાવવા માટે વિગતવાર કાગળ લખી પૂછાવવું. તેઓનો જવાબ આવેથી સંઘ સમક્ષ રજુ કરવો. ઉપર પ્રમાણેનો ઠરાવ થયો પણ તેનો અમલ થયો હોય તેમ રેકર્ડ તપાસતાં જણાતું નથી.

ત્યારબાદ દશ મહિના પછી શેઠ રતિલાલ લીલાધર અમદાવાદ ગયા હશે, ત્યારે આચાર્ય મહારાજ શ્રી વિજયો-

દયસુરીશ્વરજી સાથે તેમને આ બાબતની ચર્ચા-વિચારણા થઇ હતી. જે તેણે અહીંના સંઘ સમક્ષ રજુ કરતાં શ્રી સંઘે નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

### "સંવત ૨૦૧૪ ભાદરવા શુદ-૧૦ સોમવાર મિનિટ બુક પાનું ૧૪૧"

ઠરાવ નં. ૨, ભાઇશ્રી રતિલાલ શેઠે અમદાવાદ મુકામે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબની સાથે ઉપર જણાવ્યા મુજબ રૂબરૂ ચર્ચા ખંડિત-અપૂજિત પ્રતિમાજીઓની વિસર્જન વિધિ અંગે કરેલ, તેથી તેઓની તથા બીજા આચાર્ય ભગવંતોની આજ્ઞા મુજબ આપણે ત્યાંના ખંડિત અને અપૂજિત પ્રતિમાજીઓની વિસર્જન વિધિ કરાવી લેવા ઠરાવ કરે છે. અને તે ખર્ચ કરવા માટે રૂા. ૨૫૦) બસો પચાશ શ્રી દહેરાસરજી ખાતે ખર્ચ કરવા ઠરાવ કરે છે. આ કામ માટે એડવાઇઝરી બોર્ડ તથા મેનેજરોને સત્તા આપવામાં આવે છે, પણ આ ખર્ચ સાધારણ ખાતે કરવો પડે તો, આ કામ ફરી શ્રી સંઘમાં રજૂ કરવું.

ઉપર મુજબનો ઠરાવ થઈ ગયા છતાં આઠ-આઠ વર્ષના વહાણા વીતી ગયા, પણ ઠરાવનો અમલ થઇ શકયો નહીં.

આ આઠ વર્ષ દરમ્યાન કેટલાએક અઠ્ઠાઈ મહોત્વો થયા, તેમાં ક્રિયાવાળાઓ આવ્યા હતા. પણ આ વિસર્જન વિધિની ક્રિયા કરાવવાની કોઈએ હિંમત દાખવી નહીં. આ એકલી ક્રિયા કરાવવા વાસ્તે પણ પત્રો લખ્યા હતા. પણ કોઈનો જવાબ જ આવતો નહીં.

આ વિસર્જન ક્રિયા ઘણી આકરી ને માણસોને નાહિંમત અને ભય ઉપજાવે તેવી લાગે છે. હકીક્તમાં તે ભય અસ્થાને છે.

## સંવત ૨૦૨૨ ચૈત્ર (કૃષ્ણપક્ષ) વદ ૧૩,

સં. ૨૦૨૨ના ચૈત્ર માસની કૃષ્ણપક્ષની (વદ) ૧૩ તેરસે આ બધા ખંડિત પ્રતિમાજી ભોંયરામાંથી મુનિ મહારાજ **ગુણભદ્રવિજયે** બહાર કઢાવ્યાને વંડીના દહેરાસરે તેમના ઉપાશ્રયના ઓરડાની સામેના ઓરડામાં બધા વ્યવસ્થિત ગોઠવ્યા. (ડેલા બારમાં પ્રવેશ કરતા જમણા હાથના ઓરડામાં).

આ બધી પ્રતિમાજીઓને વંડીના દહેરાસરે લાવ્યા પછી તેને સ્વચ્છ કરવાનું કામ પાંચ–સાત દિવસ ચાલ્યું. પ્રતિમાજીઓની વિગત નીચે પ્રમાણે :–

(૧૯) ઇંચિના માપની પત્થરની (૪) ચાર. (૧૭) ઇંચિના માપની (૩) ત્રણ, ૧૫ ઇંચિના માપની (૧) એક, (૧૩)

ઇંચિના માપની (૨) બે. (૧૭) પ્રતિમા ૭ થી ૧૧ ઇંચિના માપની મળી કુલ (૨૭) સત્તાવીસ પ્રતિમાજી પત્થરની હતી. ને (૫૨) બાવન પ્રતિમાજી ધાતુની હતી. તેમાં ચોવીશી (૧૫) પંદર ને પંચતીર્થી (૩૭) સાડત્રીશ હતી, ચાંદીના સિદ્ધચક્રગટા (૨) બે હતા. સોનાનો સિધ્ધચક્રનો ગટો (૧) એક શેઠ લીલાધર પ્રેમજીભાઈનો આપેલો હતો. ધાતુની પ્રતિમાજી સં. ૧૧૨૮ થી ૧૭૮૭ ની સાલ સુધીની હતી. ખંડીત પ્રતિમાજીઓનો ફોટો આ સાથે છે.

## "વિસર્જન વિધિ"

## સંવત ૨૦૨૨ વૈશાખ શુદ–૧૧ રવિવાર.

આ બધી પ્રતિમાજીઓ વંડીના દહેરાસરના મોટા હોલમાં સુંદર–આકર્ષક રીતે પધરાવવામાં આવ્યા હતા. ઉપરના દિવસે વિસર્જન વિધિ થશે, તેની જાહેરાત નોટીશ બોર્ડ ઉપર આગળના દિવસે લખી શ્રી સકળ સંઘને પધારી લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

મુનિ મહારાજ **શ્રી ગુણભદ્રવિજયજી**ના સાનિધ્યમાં બપોરના (૨) બે વાગે વિધિની શરૂઆત થઈ હતી. મહારાજશ્રીની મદદમાં **જોશી અમીધર કુલશંકર** હતા. સંઘના ભાઇ–બહેનો હાજર હતા. સાંજના પાંચ વાગે વિસર્જન વિધિ સમાપ્ત થઇ હતી.

રાતના આઠથી બાર વાગ્યા સુધી બધી પ્રતિમાજીઓને રેશમી લુગડાથી બાંધવા તથા તાંબાના તારથી પેકીંગ

કરવા વિગેરે કામ કરવા માટે **શેઠ રતિલાલ લીલાધર, શ્રી માધવલાલ ત્રિભોવનદાસ, શ્રી દેવીદાસ જુઠાભાઈ, શ્રી પ્રાણુલાલ છોટાલાલ,** વિગેરે પંદર-વીસ ભાઈઓ હાજર હતા.

## "ચમત્કાર"

## "સંવત ૨૦૨૨ વૈશાખ શુદ ૧૨/૧૩ સોમવાર–સાગર સમાધિ"

આજે બધા ખંડિત પ્રતિમાજીઓને સાગરમાં પધરાવવાના હતા. બપોરના ચાર વાગ્યાનો સમય હતો. પણ આજે આખા દરિયા કિનારે દીવ, જાફરાબાદ, વેરાવળથી માંડી ઠેઠ દ્વારકા સુધી ભયંકર તોફાન હતું, દરિયાના મોજાનો લોઢ પર્વતો જેવા ઉછળતા હતા. દરિયો માઝા મૂકી તોફાને ચડયો હતો. આવા સમયમાં શું કરવું ? તેવા વિચારમાં સંઘ પડયો. છેવટે એવો નિર્ણય થયો કે પ્રતિમાજીઓને અહીંથી બંદરે લઈ જવા, જો દરિયો શાંત હોય તો પધરાવવા, નહીંતર બંદર ઉપરના એક મકાનમાં પ્રતિમાજીઓને રાખવા, ને દરિયો શાંત થાય ત્યારે પધરાવવા.

બપોરના બે વાગે મોટર-લોરી શણગારી, મીર, ઢોલી વાજા વગાડવા લાગ્યા. ચાંદીના સૂર્ય-ચન્દ્ર છત્રી વિગેરે સહિત પ્રતિમાજીઓ તથા બીજા ત્રીસ-ચાલીસ માણુસો

લોરીમાં બેઠા, ને બીજા બધા વિકટોરીયા વિગેરે વાહનોમાં બેસી બંદર તરફ જવા વિદાય થયા.

જે દરિયો માજા મૂકી પર્વત જેવડા મોજાના લોઢ ઉછાળતો હતો. તેજ દરિયો એકાએક થાળી જેવો શાંત થયો તાત્કાલિક માણસો દ્વારા મૂર્તિઓ લોંચ–બોટમાં મૂકવામાં આવી. પચીસથી ત્રીસ શ્રાવકભાઈઓ લોંચમાં સાથે ગયા. સણસણાટ કરતી મોટર–લોંચ ઝડપભેર રવાના થઈ, ત્રણથી ચાર માઈલ નીકળી, અગાઉ સ્ટીમરો જ્યાં ઉભતી તેનાથી પણ એક માઇલ દૂર નીકળી ગઈ, ત્યાં પહોંચ્યા બાદ બધા પ્રતિમાજીઓને વિવેકથી, શાંતિથી સાચવીને ધીમે–ધીમે દરિયામાં પધરાવ્યા, આ કાર્ય પૂર્ણ કરીને એક કલાકમાં બધા પાછા ડકા ઉપર આવી ગયા, ત્યાં ઉભેલા બીજા ભાઈઓએ આવેલા ભાઈઓનું સ્વાગત કર્યું. બધા છ વાગે ગામમાં આવી ગયા. ત્યાર બાદ થોડા સમય પછી દરિયો પાછો માજા મૂકી તોફાને ચડયો. તે બીજે દિવસે બાર વાગ્યા સુધી રહ્યો, સેંકડો વર્ષો બાદ ખંડિત પ્રતિમાજીઓનું પ્રકરણ સમાપ્ત થયું.

## “ જ્ઞાન ભંડાર ”

શ્રી માંગરોળ જૈન સંઘ પાસે આપણા પૂર્વજોએ વસાવેલ ને સંગ્રહ કરેલ. એક અપૂર્વ પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો, છાપેલ પ્રતોનો તથા પુસ્તકોનો કિંમતી જ્ઞાનભંડાર છે. અહીં પધારેલા અમુક આચાર્ય ભગવંતો તથા વિદ્વાન

મુનિરાજોએ આ જ્ઞાન ભંડારની કિંમત લાખ–દોઢ લાખ રૂપિયા જેટલી આંકતા હતાં. સૌરાષ્ટ્રમાં ભાવનગર, સિવાય બીજે સ્થળે ભાગ્યે જ આવો જ્ઞાન ભંડાર હશે. છેલામાં છેલું લીસ્ટ જે હમણા તપાસ્યું ને સુધારીને બનાવ્યું. એટલે સંવત ૨૦૨૨ના આશ્વિન (આસો) માસમાં નીચે પ્રમાણે પ્રતો તથા પુસ્તકો હતા. હસ્તલિખિત પ્રતો (૭૮૨) સાતસો બ્યાસી, છાપેલી પ્રતો (૨૬૨) બસો બાસઠ પુસ્તકો (૫૬૭) પાંચસો સડસઠ છે.

## ૨૦૧૪નું ચાતુર્માસ.

આ જ્ઞાન ભંડાર પૂજ્ય મુનિ મહારાજ **શ્રી ગુણભદ્રવિજયે** સંવત ૨૦૧૪ના ચાતુર્માસમાં ગામના દહેરાસરથી મંગાવ્યો સાથોસાથ શ્રી માંગરોળ જૈન જ્ઞાનોતેજક સભાનો જ્ઞાન ભંડાર હસ્તલિખિત પ્રતોનાં તથા છાપેલી પ્રતોનો મંગાવ્યો. બધી પ્રતોને વ્યવસ્થિત કરી દશથી પદર દિવસ સુધી તડકામાં રાખી.

ત્યારબાદ પૂજ્ય મહારાજ સાહેબે બધી પ્રતો જોઈ તપાસીને સંશોધન કરી, તેનું પુરેપુરૂં સમજુતી મળી શકે તેવું લીસ્ટ તૈયાર કર્યું. હસ્તલિખિત પ્રત કઈ સાલમાં લખાઇ? કોણે લખી? કોણ કર્તા? કોના તરફથી મળી વિગેરે બાબતો વાળું લીસ્ટ બનાવ્યું,

## ભવ્ય પ્રદર્શન ને મેળાવડો.

હસ્તલિખિતિ પ્રતોનું સં. ૨૦૧૫ના કારત શુદ–૫ પાંચમે વંડીના દહેરાસરના હોલમાં આકર્ષક–ભવ્યરીતે રેશમી રૂમાલો, પીછવાઈઓ, ઝીંકના ભરેલા બીજા રૂમાલો તથા ફરનીચર રમકડાં વિગેરે લાવી પ્રદર્શન ગોઠવ્યું હતું. સમસ્ત હિન્દુ જનતાને આ પ્રદર્શન જોવા આવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. જોવા માટે લોકોનો ધસારો ઘણો મોટો હતો, જેથી આઠ દિવસ સુધી ખુલ્લું રાખ્યું હતું. જ્ઞાનપંચમીની તિથિ હતી, પૂજ્ય મુનિ મહારાજશ્રીએ પ્રવચન આપ્યું હતું. ને **શેઠ મદનજી કચરાભાઈએ ૧૦૧]** મણ ઘી બોલી પ્રતોનું વાસક્ષેપથી પૂજન કર્યું હતું. ત્યાર બાદ શહેરના બાહોશ નામાંક્તિ ધારાશાસ્ત્રી **ધર્મસુખરાય વસાવડા**ના પ્રમુખસ્થાને મેળાવડો થયો હતો. પ્રમુખશ્રીએ તથા **કાશીરામ શાસ્ત્રી, શેઠ રતિલાલ લીલાધર, શેઠ છોટાલાલ મદનજી**એ બહુ જ સારા ભાવવાહી પ્રવચનો કર્યા હતા.

## કયા કયા વિષયોની હસ્તલિખિત પ્રતો છે?

**૧૭૬** પ્રતો :– પિસ્તાલિશ આગમોની, **૪૦** પ્રતો :- પરચુરણ, ઉપદેશમાળા, નયચક્રસાર, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, પ્રવચન પરીક્ષા, સન્મતિ તર્ક, તત્વાર્થસૂત્ર વિગેરે, **૧૧૯** પ્રતો :– બે પ્રતિક્રમણ. નવતત્વ, દંડક પ્રકરણ, જીવવિચાર, લઘુસંગ્રહણી, બૃહદ્દ સંગ્રહણી. અતિચાર, પખ્ખીસૂત્ર, ચૈત્યવં-

દન ભાષ્ય, પ્રવચન સારોદ્ધાર, વિવેકસાર, કર્પૂરપ્રકરણ, ભક્તા-મર, કલ્યાણ મંદિર, નવસ્મરણ, છકર્મગ્રંથ, સિંદૂરપ્રકરણ, સંબોધ સત્તરી, ચોમાસી દેવવંદન, દંડક, ભાષ્ય વિગેરે અભ્યાસી પ્રતો છે.

૭૫ પ્રતો :– યોગશાસ્ત્ર, યોગદ્દષ્ટિ, સમુચ્ચય, ઉપદેશરત્નાકર, પ્રમાણ મિમાંસા, તર્કશાસ્ત્ર, નૈષધ કાવ્ય, ન્યાયની પ્રતો છે.

૮૦ પ્રતો :– વ્યાકરણ, રઘુવંશ, કુમાર સંભવ, અમરદીપ, ન્યાયદીપ, પ્રાકૃત ચંદ્રિકા, મેઘદૂત, વૈયાકરણ, શબ્દના રૂપ, લિંગાનુશાસન, હૈમનામમાળા, કિરાતાર્જુન, સિધ્ધાન્ત ચંદ્રિકા, સારસ્વત–વ્યાકરણ, પ્રક્રિયા કૌમુદી, કારક-વાદ, વાગ્ભટ્ટાલંકાર વિગેરે છે.

૭૫ પ્રતો :– કથાઓ, ચરિત્રો. તીર્થંકર ચરિત્રો, ભરતેશ્વર–બાહુબલીવૃત્તિ, જંબૂચરિત્ર, વિક્રમ ચરિત્ર વિગેરે ઘણા પ્રભાવક પુરૂષોના ચરિત્રો છે.

૩ પ્રતો :– વૈદકશાસ્ત્રની છે.

૭૦ પ્રતો :– પરચુરણ વિષયની છે.

૩૫ પ્રતો :– પૂજાઓ, નવપદજીની, બારવ્રતની, પંચકલ્યાણકની, સતરભેદીની, એકવીશ પ્રકારીની, ચોસઠ

પ્રકારીની, નવાણું અભિષેકની વીશસ્થાનકની, પિસ્તાલીશ આગમની, અષ્ટપ્રકારીની વિગેરે છે.

૧૦૩ પ્રતો :– રાસાઓ, શ્રીપાળ રાજાનો રાસ, ઉતમકુમારનો રાસ, અંજનાસતીનો રાસ, શ્રીચંદકેવલીનો રાસ, ગૌતમ પૃછા રાસ, મૃગાવતી રાસ, ઇલાયચીકુમાર રાસ, નંદિષેણમુનિ રાસ, રાત્રિભોજન રાસ, પુણ્યાઢય રાજાનો રાસ, શિંહાસન બત્રીશી પુતલીનો રાસ, અજાપુત્ર રાસ, ઢોલામારૂ રાસ, સદેવંત સાવળીંગા રાસ, નવકારનો રાસ, વિગેરે છે.

૭૦ પ્રતો :– જ્યોતિષ=જ્યોતિષના ગણિતના કોઠાની ત્રણ પ્રત, જેમાં લગભગ બારસો ગણિતના કોઠાઓ છે. લીલાવતી ગણિત, જન્મપત્રિકા, તાજીકસાર, તાજીક રત્નમાળા, પ્રશ્ન ચૂડામણી, લઘુજાતક, પ્રશ્ન શતક વૃત્તિ, જાતક ગ્રંથ. જાતક પદ્ધતિ, નારચંદ્ર, યોગીની–વિચાર, ગ્રહવિચાર, ગ્રહ-લાઘવ, માસફળ, વર્ષફળ, જીંદગી ફળા દેશ, ગ્રહયોગ ફળ, દ્વાદશ ભાવફળ વિગેરે વિગેરે.

૫૦ પ્રતો :– સ્તવનો, સજઝાયો, આનંદઘન ચોવીશી, યશોવિજયજી ચોવીશી, સીમંધર સ્વામીનું સવાસો ગાથાનું, દોઢસો ગાથાનું, સવા ત્રણસો ગાથાનું, દેવચંદ્રજી ચોવીશી, વીશવિહરમાન, જ્ઞાનપંચમી, મૌન એકાદશી વિગેરે સ્તવનો છે. પચીશ પ્રતો સજઝાયોની છે.

## કોના તરફથી ભેટ મળી.

૫૨ પ્રતો:– શેઠ શેષકરણ કહાનજી તરફથી તેમાં પચીશ પ્રતો, પંદરસોથી સતરસો સુધીની સાલની ઘણી જુની છે. આગમોની અને બીજી કિંમતી પ્રતો છે.

૨૨ પ્રતો :– પંડિત મોતીચંદ, પંદરસોથી સતરસોની સાલની છે.

૧૩ પ્રતો :– શેઠ રામચંદ જાદવજી, અઢારસોથી ઓગણીસસોની સાલની છે.

૧૧ પ્રતો :– શેઠ ધરમશી હેમચંદ, તરફથી ભેટ.

૭ પ્રતો :– શેઠ રામચંદ જેઠાભાઈ, તરફથી ભેટ.

૭ પ્રતો :– શેઠ રૂપજી ધનજી, તરફથી ભેટ.

આ સિવાય બાર–તેર પ્રતો જુદા–જુદા ગૃહસ્થો તરફથી ભેટ.

## માંગરોળમાં લખાયેલી પ્રતો.

(૧) ૧૪૯૯માં શ્રી શાંતિનાથ ચરિત્ર (તાલપત્ર ઉપર)

(૧) ૧૬૧૧માં વીતરાગ સ્તોત્ર.

(૧) ૧૬૬૨માં વિવેકસાર, ક્ષેત્ર સમાસ.

(૧) ૧૭૨૮માં સમવાયાંગ સૂત્ર (આગમ સૂત્ર)

(૧) ૧૮૬૨માં અષ્ટપ્રકારી પૂજા.

(૧) ૧૮૯૭માં સતર ભેદી પૂજા.

(૧૮) ૧૯૫૫માં } જુદી–જુદી પ્રતો.
૧૯૫૬માં }

## કઈ–કઈ સદીની કેટલી પ્રતો છે.

૧૩૦૧ થી ૧૪૦૦ ની (૨) બે પ્રતો.

૧૪૦૧ થી ૧૫૦૦ ની (૯) નવ પ્રતો.

૧૫૦૧ થી ૧૬૦૦ ની (૨૯) ઓગણત્રીશ પ્રતો.

૧૬૦૧ થી ૧૭૦૦ ની (૪૫) પિસ્તાલીશ પ્રતો

૧૭૦૧ થી ૧૮૦૦ ની (૭૩) તોંતેર પ્રતો.

૧૮૦૧ થી ૧૯૦૦ ની (૯૫) પંચાણું પ્રતો.

૧૯૦૧ થી ૧૯૬૬ ની (૭૫) પંચોતેર પ્રતો.

કુલ ૩૨૮ પ્રતો.

આ સિવાયની બાકીની પ્રતોમાં સાલ જણાવેલ નથી. પરંતુ પ્રતોની સ્થિતિ જોતાં ઘણી જ જુની છે.

તાલપત્ર ઉપર શ્રી શાંતિનાથ ચરિત્ર
લંબાઈ સાડાચૌદ (૧૪ાા) ઈંચ પહોળાઈ દોઢ (૧ાા) ઈંચ
એક લીટીમાં ૬૨ અક્ષર



સંવત ૧૪૯૯ માંગરોળમાં ચાતુર્માસ રહેલ આચાર્ય
વિજય માણેકચંદ્ર સૂરિશ્વરે લખી

લંબાઈ તેર (૧૩) ઈંચ પહોળાઈ સવા (૧૧) ઈંચ
એક લાઈનમાં એંસી (૮૦) અક્ષર



કાગળ ઉપર શ્રી પ્રશ્નોતર રત્નમાલા

## "સંવત ૧૪૯૯ શ્રી શાંતિનાથ ચરિત્ર પ્રત નં. ૭૮૧"

સંવત ૧૪૯૯ના વરસમાં આચાર્ય મહારાજ શ્રી **વિજયમાણેકચંદ્રસૂરિશ્વરજી** માંગરોળમાં ચાતુર્માસ હતા, તે આચાર્ય મહારાજે આ **શ્રી શાંતિનાથ ચરિત્ર** તાલપત્ર ઉપર માંગરોળમાં લખેલ છે. આ તાલપત્રના પાનાની લંબાઈ ૧૪ાા ઈંચ તથા પહોળાઇ ૧ાા ઈંચિમાં હાથ દસ્કતનું લખાણુ છે. જેના (૩૬૫) ત્રણુસો પાંસઠ પાના છે. ૧૪ાા સાડા ચૌદની લાંબી એક લીટીમાં (૭૨) બહોંતેર અક્ષરો છે. દોઢ ઇંચ પહોળાઇમાં પાંચ લાઇનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો ફોટો આ સાથે છે.

## "પ્રશ્નોત્તર રત્નમાળા પ્રત નં. ૭૮૨"

આ હસ્તલિખિત પ્રતના લેખકનું નામ તથા કઇ સાલમાં લખાણી તેનું પ્રતમાં નથી. આ પ્રત કાગળ ઉપર લખેલી છે. તેની લંબાઇ ૧૩ ઈંચિ તથા પહોળાઇ ૧ા ઈંચિમાં લખાણુ લખેલું છે, (૧૩) તેર ઈંચિની લંબાઈની એક લાઇનમાં (૮૦) એંશી અક્ષર લખેલા છે. તથા ૧ા ઈંચિની પહોળાઇમાં સાત લાઈન લખાયેલ છે. જેનો ફોટો આ સાથે છે.

## "હસ્તલિખિત આગમોની (૧૭૬) પ્રતોમાં કયા–કયા આગમોની કેટલી પ્રતો છે?"

શ્રી આચારાંગ (૭). સૂયગડાંગ (૫). ઠાણુંગ (૩). સમવાયાંગ (૬), ભગવતી (૧૬). જ્ઞાતા ધર્મ કથા (૪). ઉપાશક દશાંગ (૫). અંતગડદશા (૪). અનુતરો વવાઇ (૩). પ્રશ્ન વ્યાકરણ (૪). વિપાક સૂત્ર (૩). ઉવવાઇ સૂત્ર (૬). રાયપસેણિય (૫). જીવાભિગમ (૨). પન્નવણા (૨). જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ (૩). સૂર્ય પ્રજ્ઞપ્તિ (૧). ચંદ્ર પ્રજ્ઞપ્તિ (૧). નિરયાવલિકા (૪). દશ પયન્ના (૧). ચાર પયન્ના (૧). ચઉશરણુ પયન્ના (૩). તંદુલ વેયાલિયા (૨). વંકચૂલિયા (૨). આરાધના પયન્ના (૧). ગચ્છાચાર પયન્ના (૧).

નિશિથચૂર્ણી ૧. બૃહત્કલ્પ ૧. દશાશ્રુત સ્કંધ ૧. જીતકલ્પ ૨. મહાનિશિથ ૧. પ્રાયશ્ચિતાવિધિ ૧. શ્રી કલ્પસૂત્ર ૩૦. આવશ્યકસૂત્ર ૮. ઓઘનિર્યુક્તિ ૪. દશવૈકાલિક ૮. ઉતરાધ્યાયન સૂત્ર ૧૫ વિશેષાવશ્યક ૨. નંદિસૂત્ર ૨. અનુયોગ દ્વાર ૨. ઉપાસક દશાંગ ૨. મૂલશુદ્ધિ પ્રકરણ ૧. વિગેરે. આ હસ્તલિખિત પ્રતોમાં અમુક પ્રતોના પાના ઓછા છે.

## છાપેલી પ્રતો.

છાલેલી પ્રતોમાં પિસ્તાલીશ આગમોની પ્રતો, ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર, ઉપદેશ ચિંતામણી, ઉતરાધ્યયન સૂત્ર, કર્મ પકરણ, શત્રુંજય મહાત્મ્ય, ન્યાયખંડ, સ્યાદ્વાદ,

તત્વાર્થસૂત્ર, પ્રમાણ નયતત્વ લોકાલંકાર, કર્મપ્રકૃતિ, ઉપદેશપદ, ધર્મરત્ન પ્રકરણ, ધર્મબિન્દુ પ્રકરણ, પંચાશક, પંચસંગ્રહ, શ્રાધ્ધધર્મ, દ્રવ્યક્ષેત્ર-કાળ-ભાવલોક પ્રકાશ, સેનપ્રશ્ન, હીરપ્રશ્ન, આરંભ સિધ્ધિ વિગેરે ઘણી પ્રતો છે.

## "પુસ્તકો"

પુસ્તકોમાં પ્રકરણ રત્નાકર, ભાગ ૧ થી ૪, ભગવતી સૂત્ર ભાગ ૪, સૂયગ ડાંગ, કર્માદિવિચાર, સંક્રમકરણ, અઢીદ્વિપનાનકશાની હકીકત, જૈન કથા રત્ન કોષ ભાગ ૧થી ૮, દેવચંદ્ર, ચોવીશી, લોક પ્રકાશ ભાગ ૧થી ૪, જૈન તત્વાદર્શ, વિશેષાવશ્યક, તત્વનિર્ણય પ્રાસાદ, ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્ર, કલ્પસૂત્ર, આત્મપ્રબોધ, ધર્મરત્ન પ્રકરણ, ધર્મબિન્દુ, ઉપદેશ પ્રાસાદ, શ્રાધ્ધવિધિ, શ્રીપાળરાજા રાસ, ઉતરાધ્યાયન સૂત્ર ભાગ ૩, (મંગળજી માસ્તર વાળું), અજ્ઞાન તિમિર ભાસ્કર, ઉપમિતિ ભવ પ્રપંચા કથા, દેવચંદ્ર ભાગ ૪, ઉપદેશ તરંગિણી, વૈરાગ્ય શતક, આનંદ કાવ્ય મહોદધિ, આનંદ ઘનજી પદો, જ્ઞાનસાર વિગેરે (૫૬૭) પાંચસો સડસઠ અપૂર્વ પ્રાચીન પુસ્તકો છે.

## "ભેટ પુસ્તકો"

૧૩૫- હા, શેઠ ભગવાનદાસ જેઠાભાઇ તરફથી તેમના ધર્મપત્ની સ્વ. કમળાવંતીબેનના પુન્યાર્થે હજારથી

બારસો રૂપિયાના કિંમતી-ઉપયોગી પુસ્તકો તેમના તરફથી ભેટ મળ્યા છે.

૨૨- સ્વ. શેઠ સોમચંદ ઓતમચંદ તરફથી ઘણા જ ઉપયોગી-વાંચવા લાયક પુસ્તકો ભેટ મળ્યા છે. આ સિવાય છુટક-છુટક એક-એક, બે-બે પુસ્તકો ભેટમાં આવ્યા છે.

## જ્ઞાનનો વિનાશ.

આ જ્ઞાનભંડાર ગામના મોટા ઉપાશ્રયમાં ઉપરના ભાગમાં સાધુઓના રહેવાના મોટા રૂમમાં એક કેબીન જેવો રૂમ બનાવી તેમાં રાખ્યો હતો, આ કેબીનના જ્ઞાનખાતાએ રૂા. ૨૫૦૦) પચીશ સો સાધારણને આપ્યા હતા. આ જ્ઞાનભંડારને કોઇ દિવસ આખા સંઘમાંથી કોઇપણ વ્યક્તિએ અથવા નોકરોએ તપાસ્યો હોય તેવો અપવાદરૂપ દાખલો નથી. સાધુ મહારાજો જ્યારે પધારે ત્યારે કોઈક-કોઈક મહારાજા પ્રત કે પુસ્તક જોવા માગે ત્યારે મેતાજી કાઢી આપે, અને જ્યારે સાધુ-મહારાજો તે પુસ્તકો પાછા આપે ત્યારે કેબીનમાં એક બાજુ જ્યાં-ત્યાં રખડતા મૂકે. પણ વ્યવસ્થિત મૂકયા હોય તેવું કોઇ દિવસ બન્યું નથી. આટલીહદ સુધી કે સાધુ-મહારાજ પધારે ત્યારે જે સાધુ-મહારાજવાળી જગ્યામાંથી ઝાડુ વિગેરે સાફસૂફી કરે, પણ સાધુ ન હોય તો, મહિનાઓના મહિના સુધી તેમાં કોઈપણ ઝાડુ કાઢે નહીં. આખો ઉપાશ્રય ધૂળથી ભરેલો હોય, જ્ઞાન ભંડારની કેબીનમાંથી તો ભાગ્યે જ ઝાડુ કાઢવામાં આવે.

આવી કરૂણ, દુઃખદાયક ને આત્માને પારાવાર દુઃખ થાય તેવી પરિસ્થિતિ હોવાથી મેં **શેઠ રતિલાલ લીલાધર** નું ધ્યાન ખેંચ્યું, ને વાત કરી. આ જ્ઞાનભંડાર અહીંથી ફેરવી, વંડીના દહેરાસરના મોટા હોલમાં પધરાવી ગોઠવવો જોઇએ. **રતિલાલ શેઠ**ના ધ્યાન ઉપર બરાબર આ વાત ઠસી ગઇ, વંડીના દહેરાસરમાં લાવવામાં પણ અમુક વ્યક્તિઓએ કોઇ પણ કારણ વગર સખત વિરોધ દર્શાવ્યો, પણ **રતિલાલ શેઠે** સખત જવાબો આપી, આ જ્ઞાનભંડાર વંડીના દહેરાસરે ફેરવાવ્યો. મોટા હોલમાં પશ્ચિમ દિશાની ભીંતમાં બધા કબાટો ગોઠવવામાં આવ્યા. લગભગ ૫૦૦) પાંચસોનો ખર્ચ થયો, પણ આજ કોઇપણ વ્યક્તિ જ્ઞાનભંડાર જોઈને ખુશ થાય છે. અહીં લાવ્યા પછી સેંકડો જૈનેતરો જ્ઞાનભંડાર જોઇ ગયા.

જુના લીસ્ટ પ્રમાણે મેળવતાં કિંમતીમાં કિંમતી હસ્તલિખિત પંદરથી સતર પ્રતો તથા છાપેલી બાવીશ પ્રતોનો પત્તો લાગ્યો નહીં. તેમાં હસ્તલિખિત પ્રતોમાં જ્યોતિષની બે પ્રતો એટલી બધી કિંમતી ને ઉપયોગી હતી જે પ્રતો આજે હિન્દુસ્તાન ભરના કોઈ ભંડારમાં હશે જ નહીં. જે પ્રતો મેં બે–ત્રણ વખત વાંચેલી હતી.

(૩૫૦) સાડા ત્રણસો પુસ્તકો, દશ–બાર હસ્તલિખિત પ્રતોને પંદરેક છાપેલી પ્રતો ઉધઈથી સદંતર ખવાઇ ગઇ હતી. તે કાઢીને પરઠવવી પડી, અસાધારણ આઘાત ને

આંખોમાંથી આંસુ જાય તેવી આ પરિસ્થિતિ હતી. આટલો બધો વિનાશ થયો છતાં આજે અમુક અપવાદ રૂપ બે-ચાર શ્રાવકો સિવાય કોઇને પણ આ બાબતનું લેશમાત્ર પણ દુઃખ નથી, જેને ધર્મનું ભાન જ નથી. ત્યાં જ્ઞાન કયાંથી હોય ? હમણાં રોજ સવારના આખા ભંડારને ધૂપ કરવામાં આવે છે. સાંજના માંગલિક દીવો કરવામાં આવે છે. રોજ પચીસથી ત્રીસ ભાઈ-બહેનો દર્શન કરી જાય છે, એટલે ઉપરનું જે લીસ્ટ બનાવ્યું છે તે છેલું લીસ્ટ છે.

## આગમનો વરઘોડો તથા પૂજા.

અહીં જ્ઞાનભંડાર લાવ્યા પછી આગમનો એક વરઘોડો સં. ૨૦૨૨ના અષાડ વદ-૪ ને બુધવારના રોજ **શેઠ વરજીવનદાસ ભગવાનદાસ તાલાલા વાળા** તરફથી કાઢવામા આવ્યો હતો. આખી બજાર, બહાર કોટ, વિગેરે સ્થળે ફરી પાછો વંડીના દહેરાસરે લાવ્યા હતા. બપોરના પિસ્તાલીશ આગમની પૂજા ભણાવી હતી. જે-જે પૂજામાં આગમોના નામ આવે, તે પૂજા પૂરી થયા પછી તે આગમોના ઘીની બોલી બોલાવી પીસ્તાલીસે આગમોની વાસક્ષેપથી પૂજન કરાવ્યું હતું. રાત્રે ઠાઠથી ભાવના ભાવવામાં આવી હતી. ઘીની ઉપજ લગભગ ૧૦૦) મણ જેટલી થઈ હતી.

卐

# "શ્રી મુંબઈ જૈન જ્ઞાનો-તેજક સભા"

## શ્રી આત્મારામજી જૈન પાઠશાળા.

ઉપલી સભા તરફથી અહીં પાઠશાળા ચલાવવામાં આવે છે. તે સભા પાસે પણ (૨૨૫) સવા બસો હસ્ત-લિખિત પ્રતો, (૪૦) ચાલીશ છાપેલી પ્રતો, (૮૩૦) આઠસો ત્રીશ પુસ્તકોનો સારામાં સારો ભંડાર છે. આ ભંડાર પણ મેં સં. ૨૦૧૪માં વ્યવસ્થિત કરી, વિગતવાર દર્શાવતું નવું લીસ્ટ બનાવી આપ્યું. સંસ્થા પાસે (૪૫) આગમની (૨૮) પ્રતો છે. બીજી પ્રતો, ચરિત્રો, રાશ, જ્યોતિષ, વૈદક, પૂજા, સ્તવનો, ન્યાય, વ્યાકરણ વિગેરેની છે.

૧૪૦૧થી ૧૫૦૦ની સાલની (૨) બે પ્રતો.

૧૫૦૦થી ૧૬૦૦ની સાલની (૨) બે „

૧૬૦૦થી ૧૭૦૦ની સાલની (૧૦) દશ „

૧૭૦૦થી ૧૮૦૦ની સાલની (૧૮) અઢાર „

૧૮૦૦થી ૧૯૦૦ની સાલની (૨૮) અઠ્ઠાવીશ „

૧૯૦૦થી ૧૯૫૦ની સાલની (૫૦) પચાસ „

આ સિવાય બાકીની બીજી પ્રતો સાલ વિનાની છે.

## " માંગરોળ વાસીઓની "

## "ભાગવતિ પ્રવજ્યા (દીક્ષા)"

આપણા શ્રી મૂર્તિપૂજક સંઘમાંથી આજ દિવસ જે–જે પુણ્યશાળી આત્માઓએ દીક્ષા અંગીકાર કરેલ છે, તેની જેટલી હકીકત મેળવી શકયા છીએ, તે નીચે આપવામાં આવે છે. કુલ (૨૧) એકવીસ દીક્ષાઓ થઈ છે.

## "સ્વર્ગસ્થ થયેલ દીક્ષિત આત્માઓ"

**સ્વર્ગસ્થ સાધુઓ :–**

(૧) સ્વ. મુનિ કુશળવિજયજી–સંસારી અવસ્થામાં તેમનું નામ શેઠ કલ્યાણજી નેમચંદ હતું, તેઓ માસ્તર રતનજી નેમચંદના ભાઈ થતા હતા. આચાર્ય દેવ **શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી** ના સમુદાયમાં દીક્ષા લીધી હતી. તેઓ મોટે ભાગે અમદાવાદમાં બાપજી મહારાજ પાસે જ સ્થિરવાસ હતા. થોડા વર્ષ પહેલા તેઓ સ્વર્ગસ્થ થયા છે.

(૨) સ્વ. મુનિ જયસાગરજી–સંસારી અવસ્થામાં તેમનું નામ જગજીવન પ્રાગજી સવાઇ હતું, તેઓએ આચાર્ય દેવેશ શ્રીમદ્ **બુધ્ધિસાગરજી** પાસે સંવત ૧૯૭૦ માં દીક્ષા લીધી હતી. તેઓ સંવત ૨૦૦૪ના કાર્તક માસમાં

શ્રી

અધ્યાત્મયોગી

સ્વ. મુનિશ્રી જયસાગરજી મહારાજ



સંસારી નામ

જગજીવન પ્રાગજી સવાઈ

દીક્ષા સંવત ૧૯૭૦ * સ્વર્ગવાસ ૨૦૦૪

## માંગરોલનું ગૌરવ

સંસારી નામ
*
વસંતકુમાર
હીરાલાલ



મુનિ
વિમલસેન
વિજય

દીક્ષા સંવત ૨૦૦૯     મુંબઈ

મહેસાણા મુકામે સ્વર્ગવાસ પામ્યા હતા. ચોત્રીસ વર્ષની દીક્ષા પર્યાયમાં તેઓએ ઉચ્ચ કોટીનું સંયમ, આરાધ્યું હતું વિનય તથા ગુરૂ ભક્તિ અને વૈયાવચ્ચ વિગેરે પ્રશંસા પાત્રવાળું શાંત, ત્યાગી જીવન ગાળ્યું હતું. તેના કુટુંબી જનોએ 'સમાધિશતક' નામનું એક પુસ્તક મહારાજશ્રીના ઉપદેશથી પ્રસિદ્ધ કર્યું હતું. તેમનો ફોટો આ સાથે પ્રસિદ્ધ કરેલ છે.

(૩) સ્વ. મુનિ રૈવતવિજયજી–સુખડીયા રવજી મોનજી તેઓએ **શ્રી પ્રતાપસુરીશ્વરજી**ના સમુદાયમાં દીક્ષા લીધી હતી. તેઓ પ્રાયઃ પાંચેક વર્ષ પહેલા સ્વર્ગસ્થ થયા છે.

**સ્વર્ગસ્થ સાધ્વીજીઓ: –**

(૪) સ્વ. સાધ્વી શ્રી **પદ્મશ્રી**–સંસારી નામ હરકોરબેન દેવચંદ દલી. **શ્રી બુધ્ધિસાગરજી** ના સમુદાયમાં દીક્ષા લીધી હતી.

(૫) સ્વ. સાધ્વી **જયંતશ્રી**–સંસારી નામ જીવકોરબેન દેવચંદ દલી, **શ્રી બુધ્ધિસાગરજી** ના સમુદાયમાં દીક્ષા લીધી હતી.

(૬) સ્વ. સાધ્વી **શૃંગારશ્રી**–સંસારી નામ માનકોરબેન, શ્રી બુધ્ધિસાગરજીના સમુદાયમાં દીક્ષા લીધી હતી.

(૭) સ્વ. સાધ્વી **નિધાનશ્રી**–સંસારી નામ નંદકોર-બેન શ્રી ભક્તિસૂરીશ્વરજીના સમુદાયમાં દીક્ષા લીધી હતી.

(૮) સ્વ. સાધ્વી શ્રી **દીપકશ્રી** – સંસારી નામ દીવાળીબેન શેઠ અમરચંદ કાનજીની વિધવા. શ્રી ભક્તિ-સૂરીશ્વરજીના સમુદાયમાં દીક્ષા લીધી હતી.

(૯) સ્વ. સાધ્વી શ્રી **હિંમતશ્રી**–સંસારી નામ હેમકોરબેન તે હરજીવન હીરજીવાળા.

(૧૦) સ્વ. સાધ્વી શ્રી **ગુલાબશ્રી**–સંસારી નામ નંદકોરબેન સ્વ. શેઠ જેઠાભાઇ જેચંદના ભાભી.

## " હાલ વિદ્યમાન દીક્ષિત આત્માઓ "

**સાધુઓ :–**

(૧) **મુનિ રવિવિજયજી**–સંસારી નામ લાલજી ચાંપશી, તેઓ સ્વ. શેઠ ચાંપસી દેવજી લાધાના પુત્ર થાય. યુવાન–બ્રહ્મચારી અવસ્થામાં દીક્ષા લીધી હતી, આજે તેમનો દીક્ષા પર્યાય લગભગ પચાસ વર્ષ ઉપરનો છે. તેઓ હાલમાં અમદાવાદ લુણસાવાડામાં સ્થવિર છે, તેઓ બાપજી મહારાજ તરીકે પ્રખ્યાત છે.

(૨) **મુનિ ગુણભદ્રવિજયજી**–સંસારી નામ શેઠ ગુલાબચંદ જેઠાભાઈ રૂપજી, તેઓ શેઠ જેઠાભાઈ રૂપજીના

પુત્ર થાય. તેમણે બાવન વર્ષની ઉંમરે સંવત ૨૦૦૩ના જેઠ વદ ૭ ના રોજ સુરત પાસે વાપી મુકામે આચાર્ય દેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા અંગીકાર કર્યાને આજે ત્રીશ વર્ષ થવા આવ્યા છે. તબિયતના કારણે માંગરોળ, વંથલી તથા જુનાગઢ આસપાસ છેલ્લા ત્રણ–ચાર વર્ષથી વિચરે છે.

(૩) મુનિ મનમોહનવિજયજી–સંસારી નામ મોહનલાલ હીરાચંદ છે. તેઓ ગં. સ્વ. ઉગ્ર તપસ્વી જવલબેનના ભાઈ થાય. તેમણે સં. ૨૦૧૦ વૈશાખ માસમાં માંગરોળમાં શ્રી કપૂરવિજયજી મહારાજના સમુદાયમાં પંન્યાસ મનહરવિજયજી પાસે દીક્ષા અંગીકાર કરેલ છે. આજ બાર વર્ષથી તેઓ દીક્ષિત છે. દીક્ષા પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો. તેઓ પણ તપસ્વી છે.

(૪) મુનિ નરચંદ્રવિજયજી – સંસારી નામ નગીનદાસ જીવણજી છે. તેઓ જીવણ હરજીવનના પુત્ર થાય છે. તેઓએ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના સમુદાયમાં દીક્ષા લીધી છે.

## માંગરોળનું ગૌરવ–પહેલું

## "બાળબ્રહ્મચારી મુનિ વિમલસેનવિજય"

(૫) મુનિ વિમલસેનવિજયજી–સંસારીપણાનું નામ વસંતકુમાર હીરાલાલ. તેઓ જાણીતા શેરદલાલ સ્વ. શેઠ

સોમચંદ ઓતમચંદ કે જેઓ ઘણા ધર્મિષ્ઠ, ક્રિયાપાત્ર, જ્ઞાનવાન, પ્રભુ પૂજા વિગેરે ક્રિયામાં અત્યંત રાગી હતા, તેઓને જ્ઞાન–અભ્યાસ, ચિંતન–મનનનો બહુ જ શોખ હતો. તેઓ એક સારો જ્ઞાનભંડાર ધરાવતા હતા. આવા ધર્મિષ્ઠ પુરૂષના પુત્ર શેઠ હીરાલાલ કે જેઓ પણ કોટના સંઘમાં કોટની પાઠશાળામાં; ધાર્મિક સંસ્થામાં તેમજ શ્રી જ્ઞાનોતેજક સભાની પાઠશાળાના કાર્યવાહક હતા. તેમના પુત્ર ભાઇ વસંતકુમાર થાય. આવા ધર્મી કુટુંબમાં જન્મ હોય તેને જન્મથી જ ઉચ્ચ ધાર્મિક સંસ્કાર પામવાનો સુયોગ મળે, નહીંતર મુંબઇ જેવા વૈભવશાળી–પુદ્‌ગલાનંદી શહેરમાં ધર્મ પામવો ઘણો જ મુશ્કેલ છે. સાથે–સાથે ચિ. ભાઈ વસંતકુમારમાં પૂર્વભવના પણ સંસ્કારોનો સાથે ઉદય અવશ્ય હોવો જ જોઇએ. કોટમાં સાધુ મહારાજ પધારે ત્યારે વ્યાખ્યાન શ્રવણ, સાધુની વૈયાવચ્ચ બધું ખૂબ પ્રેમથી કરતા, મેટ્રીક સુધીનો અભ્યાસ કરેલ હોવા છતાં ગુરૂગમના સહવાસથી ભરયુવાવસ્થામાં ચારિત્ર લેવાની ઉત્કૃષ્ટ ભાવના થઇ. માતપિતાની સમ્મતિપૂર્વક સં. ૨૦૦૯ ના મહા શુદ ૧૧ તા. ૨૫–૯–૫૩ ના રોજ રવિવારે ભાયખાલામાં વિશાળ રંગમંડપગાં પૂજ્યપાદ સિધ્ધાન્ત મહોદધિ સકલાગમ રહસ્યવેદી પૂજ્ય આચાર્યદેવ વિજયપ્રેમ સૂરીશ્વરજીની શીતળ છાયામાં ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી, પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજીના શિષ્ય તરીકે જાહેર થયા. તેમનું શુભ નામ શ્રી વિમલસેનવિજય

રાખવામાં આવ્યું. તેમની દીક્ષા સાથે તે જ દિવસે બીજા બે ભાઇઓ તથા ચાર બહેનોની દીક્ષા થઈ હતી.

જુદા જુદા સંઘો તરફથી જુદા જુદા કુલ નવ સ્થળોએથી અભિનંદનના મેળાવડાના વરસાદ વરસ્યા હતા.

એક વરઘોડો કોટમાં વરસીદાનનો મહા શુદ ૧૦ના શનિવારે કાઢવામાં આવ્યો હતો.

બીજો વરઘોડો બીજા બધા દીક્ષાર્થીઓ સાથે મહા શુદ ૧૧ ના રવિવારે બહારકોટ, ઝવેરી બજાર, કાલબાદેવી, પાયધુની વિગેરે સ્થળે ફરી ભાયખાલાએ ગયો હતો.

દીક્ષા પર્યાયના આજ ચૌદ-ચૌદ વર્ષ થવા આવ્યા છે તે દરમ્યાન જ્ઞાન, ધ્યાન, ત્ય ગ, તપસ્યા, વિનય, વૈયાવચ્ચ દ્વારા સંયમની ઉત્તમ કોટીની આરાધના કરે છે.

(૬) **મુનિ જયભદ્રસાગર**-સંસારીપણાનું નામ જગમોહનદાસ પ્રાણુલાલ કલાણુજી તેઓ શેર બજારમાં કામ કરતા હતા. છેલ્લા દશ વર્ષ થયાં તેઓ ધાર્મિક વિધિ વિધાન ક્રિયાકાંડ, ઉપધાન તપ, વર્ષીતપ, વિગેરે કરતા હતા મુંબઇમાં વિદ્વાન સુવિહીત આચાર્યો મહારાજોની તથા પ્રસિદ્ધ વ્યાખ્યાનકારોના વ્યાખ્યાન શ્રવણથી ત્યાગ માર્ગ તરફ આત્માના ભાવો વધ્યા, સંવત ૨૦૨૩ના પોશ વદ ૬ ના મંગળવારે આગમોદ્ધારક સ્વ. આચાર્ય દેવેશ શ્રી સાગરાનંદસૂરીશ્વરના શિષ્ય હેમસાગર સુરીશ્વરના વરદ

હસ્તે કોટમાં શ્રી શાંતીનાથજી ઉપાશ્રયમાં દીક્ષા અંગીકાર કરી હતી. તેનું શુભ નામ જયભદ્રસાગર રાખવામાં આવ્યું છે.

તેઓના માનમાં પોષ વદ **પાંચમને** સોમવારે **શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણી**ના પ્રમુખપણા નીચે અભિનંદન આપવાનો એક મેળાવડો **શ્રી** કોટ શાંતિનાથજી **જૈન સંઘ** તથા **શ્રી** માંગરોળ જૈન સંઘ (મુંબઇ) તરફથી કરવામાં આવ્યો હતો.

**સાધ્વીજીઓ :–**

(૭) **સાધ્વી વિદ્યાશ્રી** સંસારીપણાનું નામ વેલકોરબેન તે પારેખ અમીલાલ દામોદરના ભાભી થાય છે. (હાલ અમદાવાદ છે.)

(૮) **સાધ્વી વિનયેન્દ્રશ્રી**–સંસારીપણાનું નામ વેણાકુંવરબેન તે શેઠ જેઠાભાઈ રૂપજીના પુત્રી થાય. તેણે સં. ૧૯૮૭માં અમદાવાદમાં શ્રી સિદ્ધિસુરીશ્વરજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી છે. આજે દીક્ષા પર્યાયના પાંત્રીશ વર્ષ થયા છે. (લેખક–મુનિ મહારાજશ્રી ગુણભદ્રવિજયના બહેન થાય )

(૯) **સાધ્વી પ્રભંજનાશ્રી**–સંસારીપણાનું નામ મંજુલાબેન તે છોટાલાલ પ્રેમજીના પુત્રી થાય છે. તેઓએ સંવત ૧૯૯૮ના ફાગણ શુદ ત્રીજના મુંબઈ મુકામે માંગરોળ

મેન્શન કોટમાં દીક્ષા લીધી. દીક્ષા વખતે ધામધૂમ સારી થઇ હતી.

(૧૦) **સાધ્વી પ્રવીણશ્રી**–સંસારીપણાનું નામ નંદનમણીબહેન. તે સ્વ. શેઠ મોતીચંદ દેવચંદના પુત્ર શેઠ જમનાદાસ મોતીચંદના ધર્મપત્ની થાય. તેમણે સં. ૧૯૯૮ ના અષાડ માસમાં શ્રી સિદ્ધિસુરીશ્વરજી મહારાજ પાસે અમદાવાદમાં દીક્ષા અંગીકાર કરી હતી. આજે પચીશ વર્ષ દીક્ષાના થયા. દીક્ષા લીધા પહેલાં જેઠ માસમાં માંગરોળમાં અઠ્ઠાઇ મહોત્સવ શે જમનાદાસ મોતીચંદ તરફથી કરવામાં આવ્યો હતો. તથા માંગરોળના શ્રી સંઘે અભિનંદનનો મેળાવડો કર્યો હતો.

## માંગરોળનું ગૌરવ–બીજું.

(૧૧) **બાળબ્રહ્મચારીણી હર્ષરેખાશ્રી**–સંસારીપણાનું નામ કુમારી હંસાબહેન હતું. તેઓ સ્વ. શેઠ લાલજી કેશવજી ચીનાઇના પુત્રી થાય. તેમના માતુશ્રીનું નામ જડાવબેન બાળપણથી ધાર્મિક સંસ્કારમાં ઉછરેલ. તેમજ વખતોવખત પૂજ્ય મુનિપુંગવોના સમાગમથી તેમાં પણ ખાસ કરીને સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસુરીશ્વરજી ના સમુદાયના સાધ્વીશ્રી હીરશ્રીના પ્રશિષ્યા સાધ્વીજી મહારાજ દર્શનશ્રીના ઘણા જ સંપર્કમાં આવવાથી ભાગવતી પ્રવજ્ય અંગીકાર કરવાની ઉત્કૃષ્ટ ભાવના જાગી. તેમણે ઉપધાન તપ તથા બીજા તપો તેમજ નવાણું યાત્રા

સિદ્ધગિરિની કરી હતી. ધાર્મિક અભ્યાસ પ્રકરણો, તત્ત્વાર્થાધિગમ સૂત્ર વિગેરે સુધી કર્યો હતો, સંવત ૨૦૧૬ ના પોષ માસમાં (૨૪) ચોવીશ વર્ષની ભરયુવાન અવસ્થામાં દીક્ષા ગ્રહણ કરવાનું નક્કી થયું.

દીક્ષા શ્રી સિદ્ધગિરિની શીતળ છાયામાં અંગીકાર કરવાનું હોવાથી મુંબઈમાં શ્રી માંગરોળ જૈન સંઘ મુંબઈ, શ્રી માંગરોળ જૈન જ્ઞાનો-તેજક સભા તરફથી તા.૧૦/૧/૬૦ ના રવિવાર **શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ**ના પ્રમુખપણા નીચે તથા શ્રી કોટ જૈન સંઘ, તેમજ શ્રી કોટ શાંતિનાથ જૈન યુવક મંડળ તરફથી **શેઠ ચુનીલાલ કેશવજી**ના પ્રમુખપણા નીચે તા. ૧૩–૧–૬૦ના રોજ અભિનંદનના મેળાવડાઓ શ્રી કોટના, શ્રી શાંતિનાથ જૈન ઉપાશ્રયમાં યોજવામાં આવ્યા હતા. દીક્ષાર્થીબેને પોતાના ધાર્મિક અભ્યાસનો પરિચય આપતો આકર્ષક શૈલીમાં, ઉપદેશાત્મક પ્રત્યુતર આપ્યો હતો. ત્યારબાદ દીક્ષાર્થી કુટુંબ સાથે પાલીતાણા ગયા હતા.

સંવત ૧૯૬૦ના પોષ વદ–૫ પાંચમના મંગળવારે બપોરના બે વાગે પુરબાઇની ધર્મશાળાથી સંવત્સરી દાનનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો.

સંવત ૧૯૬૦ ના પોષ વદ ૬ છઠ્ઠના બુધવારે સવારના સાડા સાત વાગે પુરબાઇની ધર્મશાળાથી વાજતે–ગાજતે દીક્ષાર્થી બહેન આરિસા ભુવનમાં ગયા હતા. જ્યા

પૂ. મુનિશ્રી ગુણભદ્રવિજય મહારાજ સાહેબ



દીક્ષા – સંવત ૨૦૦૩

સાધ્વી મહારાજશ્રી
વિનયેન્દ્રશ્રીજી



સ્વ. શેઠ જેઠાભાઈ રૂપજીના પુત્રી
પૂજ્ય મહારાજ શ્રી ગુણભદ્રવિજયજીના બહેન
દીક્ષા – સંવત ૧૯૮૭

પરમ શાસન પ્રભાવક સિધ્ધાન્ત મહોદધિ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્યરત્ન પંન્યાસજી શ્રી કનકવિજય ગણિવરના વરદ હસ્તે બાળ બ્રહ્મચારીણી કુમારી હંસાબેનને ભાગવતી પ્રવજ્યા આપવામાં આવી હતી. અને સ્વ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી ના શિષ્યા હીરશ્રીજીના પ્રશિષ્યા સાધ્વી દર્શનશ્રીના શિષ્યા તરીકે જાહેર કર્યા હતા, અને હર્ષરેખા-શ્રીજી નામ જાહેર કર્યું હતું.

ઉપરોક્ત બંને દીક્ષાઓ એક બાળ બ્રહ્મચારી ભાઇ વસંતકુમાર તથા બાળ બ્રહ્મચારીણી કુમારી હંસાબેનની આ બંને પ્રવજ્યાઓ શ્રી માંગરોળના મૂર્તિપૂજક સંઘમાં એક પ્રતિભાસંપન્ન ગૌરવરૂપ હતી.

ઉપર પ્રમાણે શ્રી માંગરોળ જૈન સંઘમાં કુલ (૨૧) એકવીશ દીક્ષાઓ થઈ. તેમાં નવ પુરૂષોમાં અને બાર સ્ત્રીઓમાં થઈ છે, પુરૂષોમાં ત્રણ અને સ્ત્રીઓમાં સાત સ્વર્ગવાસ પામ્યા છે. તથા પુરૂષોમાં છ અને સ્ત્રીઓમાં પાંચ હાલમાં વિચરે છે.

## શ્રી સંઘની જંગમ સ્થાવર મીલ્કતો.

### "જંગમ મીલ્કતો"

શ્રી સંઘ પાસે રૂા. ૪૦૦૦૦૦) ચાર લાખ રૂપિયાની ગવર્નમેન્ટ સીકયોરીટીઓ દેવદ્રવ્ય, સાધારણદ્રવ્ય, અનામત પૂજા, સ્વામીવાત્સલ્ય, વર્ધમાનતપ આયંબીલ ખાતું, આસો ચૈત્રની શાશ્વવતી આયંબીલ ખાતું, ઉના પાણી ખાતું, પૌષધ પ્રભાવના વિગેરે ખાતાના છે.

રૂા. ૬૭૫૦૦– સ્વામિવત્સલ અનામત.

રૂા. ૪૪૨૫૦– વાર્ષિક તિથિ પૂજા „

રૂા. ૧૮૧૫૦– શ્રી સાધારણતિથિ એકના રૂા. ૧૫૧

રૂા. ૧૪૬૦૦– આસો–ચૈત્રની શાશ્વતી ઓળી

રૂા. ૧૪૬૦૦– ઉના પાણી અનામત રૂા. ૨૦૧– આપનારનો ફોટો મુકવામાં આવે છે.

રૂા. ૧૨૯૫૦– વર્દ્ધમાનતપ આયંબીલ તિથિના રૂા. ૫૧–.

બાકી બીજા ખાતાઓના અનામત.

સંવત ૨૦૧૭ ના આસો માસમાં શ્રી સંઘે હીરા, મોતી, ઝવેરાત, સોનાના દાગીના તથા આભૂષણો તથા

રૂપાના આભૂષણોની સંવત ૨૦૧૭ના ચાલુ બજાર ભાવે કિંમત નક્કી કરવા શેઠ દેવીદાસ જુઠાભાઇની નીમણુક કરી હતી તેઓએ સંવત ૨૦૧૭ના આસો માસના ચાલુ બજાર ભાવે નીચે મુજબ કીમત આંકી છે.

રૂા ૧૫૪૩૨– ઝવેરાતના દાગીના હીરા, માણેક, મોતી વિગેરે.

રૂા. ૫૧૬૦૦– હેમના દાગીના, જેમાં હેમ તોલા ૪૩૦) ચારસો ત્રીસ રૂા. ૧૨૦, એક તોલાના રૂપીયા એકસો વીસ.

રૂા. ૧૦૧૨૪૦– રૂપું, રૂપાના દાગીના, આભૂષણ, ઠામ–વાસણ, પાલખી વિગેરે આશરે તોલા ૫૦૬૨૦ (પચાસ હજાર છસો વીસ) એક તોલાનો ભાવ રૂા. ૨) બે રૂપીયા સો તોલાનો (૧૦૦) ભાવ રૂા. ૨૦૦) બસો.

રૂા. ૩૭૦૦૦) સાડત્રીસ હજારની સ્થાવર મીલકત.

રૂા. ૯૭૦૦) ડેડ સ્ટોક,

## સ્થાવર મિલ્કત (મંદિરો).

(૧) મોટું શ્રી નવપલ્લવ પાર્શ્વનાથવાળું મંદિર, અંદર બીજા છ મંદિર.

(૨) મંદિર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું મંદિર, વંડીના દહેરાસરના નામે ઓળખાતું.

(૩) મંદિર શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર, ચોરવાડ.

(૪) પંચતીર્થી વાળો મોટો હોલ (જુની સમેત શીખરની રચનાવાળો).

## ઉપાશ્રયો (પુરૂષોનો)

(૧) ગામમાં પુરૂષોનો એક મોટો ઉપાશ્રય છે, તેમાં સંવત ૧૯૬૫ સ્વ. શેઠ અંદરજી અભેચંદે રૂપીયા ૩૦૦) ખરચી શાહબાદી લાદી પથરાવી હતી.

સંવત ૨૦૦૨માં શેઠ લીલાધર પ્રેમજી તથા શેઠ સવચંદ પ્રેમજીએ આખા ઉપાશ્રયમાં ઉપર નીચે જીર્ણોધ્ધાર કરાવી મોટા બારી બારણુા કરાવી રૂા. ૩૫૦૦) પાંત્રીસસો ખર્ચ્યાં હતા.

સંવત ૨૦૨૨ ગં. સ્વ. સુશ્રાવિકા **ચાંપાબાઇ પ્રેમજી અભેચંદ**, તથા **રળીયાતબાઈ પાનાચંદ** ટ્રસ્ટના ટ્રસ્ટીઓ **શેઠ પ્રેમજી નાગરદાસ, શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણી** તથા **શેઠ હીરાલાલ સોમચંદે રૂા. ૯૭૫૦** રૂપિયા નવ હજાર સાતસો પચાસ આપી વ્યાખ્યાન હોલમાં ટાઇલ્સ નંખાવી ઉપર નીચે આખો ઉપાશ્રય રંગાવી જીર્ણોધ્ધાર કરાવ્યો હતો.

## શ્રાવિકાઓનો ઉપાશ્રય

આ નવો ઉપાશ્રય બદામડીના ઝાડ આગળ સંવત ૧૯૯૩માં બાંધવામાં આવ્યો હતો. જેમાં સ્વ. **શેઠ વલ્લભદાસ મોરારજી** કલકત્તાવાળાએ તેમના સ્વ. ભાઈ અમીલાલ મોરારજીના પુણ્યાર્થે રૂપીયા ૫૦૦૧) પાંચ હજાર એક ભેટ આપ્યા હતા. તે ઉપરાંત રૂા. ૧૦૦૧) એક હજાર એક સ્વ. શેઠ જુઠાભાઈ પાનાચંદ તથા રૂા. ૫૦૧) પાંચસો એક બહેન મંજુલા ત્રીભોવનદાસના તથા રૂ.. ૩૦૧ ત્રણસો એક સ્વ. શેઠ જેચંદ દેવચંદ હાઃ શેઠ ચત્રભુજ જેચંદ તથા બીજા પરચુરણ રૂપીયા મળી કુલ રૂપીયા ૯૧૫૫) નવ હજાર એકસો પંચાવન ભેટ આવ્યા હતા.

## વંડીના દહેરાસરની જગ્યા.

દેરાસરની આગળનો રંગ મંડપ સ્વ. શેઠ અંદેરજી રૂગનાથના પુત્રો શેઠ ત્રીભોવનદાસ અંદેરજી, દામોદર અંદેરજી, જાદવજી અંદેરજી તથા દેવીદાસ અંદેરજીએ સંવત ૧૯૬૨માં બંધાવી આપેલ છે.

## વચલો ખુલ્લો ચોક.

મ્હને પોતાને ખબર છે તે ઉપરથી હું જાણું છું કે દેરાસરમાં પ્રવેશ કરતાં જે મોટો ખુલ્લો ચોક છે (પાવાપુરીની રચનાવાળો) તેમાં જે લાદી પાથરવામાં આવી છે તે સ્વ. શેઠ લાલજી મોરારજી બાબુ તરફથી પાથરવામાં આવી છે.

## જુના વણુકર ઢેડવાડાવારી જગ્યા.

ઉપરોક્ત જગ્યા લગભગ ચાર વિઘા જેટલી હાલ તેની માલીકી દેવદ્રવ્યની છે તેનું દેવદ્રવ્યની ફુલવાડી નામ રાખવામાં આવ્યું છે. તેમાં વર્ષો જુના આંબા, નારીયેલ ને સોપારીના ઝાડો છે. તથા સારી ફૂલવાડી છે.

ઉપલી જગ્યાની આગળ એક નાનો ટુકડો બગીચા-વાળો આવેલો છે. તે ટુકડો સ્વ. શેઠ હીરાચંદ જેચંદે પોતાના સ્વ. પુત્ર હરખચંદ હીરાચંદના નામથી સં. ૧૯૯૦ માં ભેટ આપેલ છે.

## શ્રી સિદ્ધાચલપટ, ચિત્રકળા ભુવન, આગમ મંદિર

વચલા મોટા ચોકમાં ડાબા હાથ તરફ એક મોટો વિશાળ હોલ છે. જેમાં ચાંદિનો શ્રી સિધ્ધચલજીનો પટ્ટ રાખવામાં આવ્યો છે જે પટ મસવા બંદરના શ્રી નવપદજીના મંદિરના રૂા. ૨૭૩૧) બે હજાર સાત સો એકત્રીસ હાઃ શેઠ ગલાલચંદ જેચંદ તરફથી સંવત ૧૯૮૮ માં ભેટ મળેલ છે. તથા હોલમાં શ્રી સંઘનો જ્ઞાનભંડાર, અને જુના કળામય ચિત્રો છે.

રસ્તા ઉપરના આગળના ત્રણ ઓરડાઓ સાધુ-સાધ્વી મહારાજોને ઉતરવા માટે રાખેલા છે. રસ્તા ઉપરના એક ગોદામમાં ચાંદીનો રથ તથા આગમનો રથ રાખવામાં

આવે છે. મોટા હોલની પશ્ચિમે બે ઓરડા છે. જે યાત્રાળુઓ માટે ઉતરવા સારૂ છે.

## ચોરવાડની ધર્મશાળા.

ચોરવાડમાં દેરાસરની સાથે એક જૂની ધર્મશાળા છે તથા સામી બાજુએ બીજી ધર્મશાળા છે. આ ધર્મશાળાના બાંધકામની દેખરેખ માટે શેઠ છોટાલાલ અંદેરજી પોતે ઘણો વખત સુધી ચોરવાડમાં રહ્યા હતા.

## આરેણાની ધર્મશાળા

માંગરોળથી ચોરવાડ જતાં રસ્તામાં પાંચ માઈલ ઉપર આરેણા ગામ છે. ત્યાં સાધુ સાધ્વીઓને તથા શ્રાવકોને ઉતરવા માટે સ્વ. **શેઠ જેઠાભાઇ જેચંદ** હાઃ **શેઠ જગમોહનદાસ રામચંદે** તથા શેઠ નેમચંદ ભીમજી હાઃ તેમના ટ્રસ્ટી શેઠ ભગવાનદાસ પ્રેમજીએ રૂા. ૨૦૦૦) બે હજાર શ્રી સંઘને અર્પણ કરી આ ધર્મશાળા બંધાવેલ છે. સંવત ૧૯૭૬ ફાગણ વદ-૧૩.

## સીલની ધર્મશાળા.

માંગરોળથી શ્રી બારેજા પાર્શ્વનાથની યાત્રાએ જતા પોરબંદરના રસ્તા ઉપર આઠ માઇલ ઉપર આ ગામ આવે છે તેમાં સ્વ. શેઠ મોતીચંદ દેવચંદના પુણ્યાર્થે સ્વ. નાગજી

મોતીચંદે આ ધર્મશાળા સંવત ૧૯૯૫ માં બંધાવી આપેલ છે.

## સીમરોલીની ધર્મશાળા.

માંગરોળથી કેશોદ જતા આઠ માઈલ ઉપર ભાટની સીમરોલી આવે છે. તે ગામમાં સ્વ. ગં. સ્વ. **લક્ષ્મીબ્હેન ધનજી સુંદરજી** ના ટ્રસ્ટીઓ **શેઠ વૃજલાલ સુંદરજી** તથા **શેઠ શાંતિલાલ છોટાલાલે** રૂપીયા પાંચ હજાર ૫૦૦૦) આ ધર્મશાળા બાંધવા માટે આપ્યા છે. આ ધર્મશાળાના બાંધકામમાં રૂા. ૧૧૦૦૦) અગ્યાર હજાર ખર્ચાઈ ગયા છે. વધારાના ૬૦૦૦) છ હજાર શ્રી સંઘે સાધારણ ખાતામાંથી ખરચ કરેલ છે સંવત ૨૦૨૨.

## માંગરોળ તળપદમાં સ્થાવર મિલ્કતો.

### દુકાનો.

દુકાનો કુલ (૮) આઠ તેમાં (૨) બે કાપડ બજારમાં (૨) બે બજારના ચોકમાં, (૨) બે લોઢા બજારમાં, (૨) દેરાસરની રાજરસ્તા ઉપરની દીવાલમાં આ બધાનું કુલ ભાડુ રૂા. ૮૦૦) આઠસો આવે છે.

### મકાનો.

મકાનો બે તેમાં એક દેરાસરની બાજુમાં અધ્યારૂની ખડકીમાં તેનું વાર્ષિક ભાડું રૂા. ૪૦) ચાલીસ બીજુ નીચી

બારીની ખડકીમાં (અમરચંદ કાનજીવાળું) વાર્षीક ભાડું રૂપીયા ૭૦) સીતેર આવે છે.

## બાલાગામ

બાલાગામના નામથી ઓળખાતી જગ્યા વેરાઈ ફળીયામાં આવેલી છે. તેમાં શ્રી સંઘ જમણ થાય છે. આ જગ્યામાં અગાઉ દેરાસર હોવું જોઇએ. તેવી વજુદ વગરની ગપાષ્ટક વાતો અમુકભાઈઓ કર્યા કરે છે, પણ સ્વ. શેઠ અમરચંદ તલેકચંદ જેવા બાહોશ, અનુભવી ને ધર્મિષ્ટ આગેવાનના હાથે જ્યારે આ જગ્યાનું બાંધકામ થયું ત્યારે કાંઈ લેશ માત્ર પણ અવશેષ જોવામાં આવ્યા હોત, તો સ્વ. શેઠ અમરચંદ તલેકચંદ તે હકીકત શ્રી સંઘમાં જાહેર કર્યા વગર રહેત નહીં.

મોટા દહેરાસરજીમાં જગ્યાના અભાવે બે ત્રણ ખંડિત પ્રતિમાજી અહીં કાર્યકર્તાઓએ રાખી હતી, જે પાછળથી ભોયરામાં મૂકી દેવામાં આવી હતી.

## માંગરોળમાં કાયમી સ્વામીવત્સલો.

કુલ અનામત રૂપીયા ૬૭૫૦૦)

(૧) આ રૂા. ૩૨૦૦) સ્વ. બાઇ જડાવ તે શેઠ અમૃતલાલ જમનાદાસના માતુશ્રી તરફથી અનામત

રૂા. ૩૦૦૦) ત્રણ હજાર ટકા ૪ તથા રૂા. ૨૦૦) ટકા ૩ લેખે મળી રૂા. ૩૨૦૦) ના વ્યાજમાંથી કારતક શુદ ૧ માંગલિક પ્રભાવના કરવી. પ્રભાવના બાદ વધારો જ્ઞાન-પાંચમના પારણાનો સંઘ જમાડવો. ઠરાવ સંવત ૧૯૮૪ પોષ વદ ૧૦.

(૧) ઘ રૂા. ૪૨૦૦) શા. મુલજી ગલાલચંદની વિધવા બાઇ કેશરના અનામત ખાતામાં રૂા. ૪૨૦૦) ટકા ૩ ના લેખે વ્યાજમાંથી તમારા દીકરા શા. જાદવજી મુલજી ના નામથી ફાગણ શુદ ૧૦ના રોજ પૂજા ભણાવવી, પૂજા બાદ વધારામાંથી કારતક શુદ ૫ જ્ઞાન-પાંચમના પારણાનો સંઘ જમાડવો.

(૨) ગ્ર રૂા. ૪૩૦૦) શેઠ મોતીચંદ દેવચંદના અનામત ખાતામાં રૂા. ૩૮૦૦) ટકા-૪ તથા રૂા. ૫૦૦) ટકા-૩ના લેખે મળી રૂા. ૪૩૦૦)ના વ્યાજમાંથી વૈશાખ શુદ ૧૦નો શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુની વર્ષગાંઠનો સંઘ જમાડવો.

(૨) ઘ રૂા. ૨૫૦૦) બાઈ જડાવ તે શેઠ અમૃતલાલ જમનાદાસના માતુશ્રીના અનામત ખાતામાં રૂા. ૨૫૦૦) ટકા-૪ ના લેખે વ્યાજમાંથી વૈશાખ શુદ ૧૦ ના રોજ સંઘ જમાડવો.

(૩) રૂા. ૮૦૦) બાઈ જડાવ તે શેઠ અમૃતલાલ જમનાદાસના માતુશ્રીના અનામત ખાતામાં રૂા. ૮૦૦) ટકા-૩ના લેખે વ્યાજમાંથી ચોરવાડ જેઠ શુદ ૩ ના રોજ આવનારને સાંજના દાળ-ભાત જમાડવા.

(૪) અ રૂા. ૨૦૦૦) બાઈ અવલ તે શા. અંદેરજી રણછોડની વિધવાના અનામત ખાતામાં રૂા. ૨૦૦૦) ટકા ૪ ના લેખે વ્યાજમાંથી જેઠ શુદ ૪ ચોરવાડમાં, વર્ષગાંઠ નિમિતે સંઘ જમાડવો.

(૪) બ રૂા. ૨૦૦૦) બાઈ પાર્વતી તે શેઠ મોતીચંદ દેવચંદની ધણીયાણીના અનામત ખાતામાં રૂા. ૨૦૦૦) ટકા ૪ના લેખે વ્યાજમાંથી જેઠ શુદ ૪ના દિવસે ચોરવાડમાં સંઘ જમાડવો.

(૫) રૂા. ૬૮૦૦) સ્વ. શેઠ કેશવજી દેવજીના અનામત ખાતામાંથી રૂા. ૬૫૦૦) ટકા ૪ ના લેખે તથા લોન રૂા. ૩૦૦) મળી રૂા. ૬૮૦૦)ના વ્યાજમાંથી અઠ્ઠાઈ ઘરના અત્તર વારણાનો સંઘ જમાડવો. સંવત ૧૯૮૧ ફાગણ વદ ૧૦.

(૬) રૂા. ૭૬૦૦) સ્વ. શેઠ પ્રાગજી ભીમજીના અનામત ખાતામાં રૂા. ૭૪૦૦) ટકા ૩ તથા રૂા. ૨૦૦) ટકા ૪ના મળી રૂા. ૭૬૦૦) ના વ્યાજમાંથી અઠ્ઠાઈઘરના પારણાનો સંઘ જમાડવો.

(૭) રૂા. ૬૭૦૦) સ્વ. શેઠ રૂપજી ધનજી હા: શેઠ ભગવાનદાસ જેઠાભાઈ તરફથી અનામત ખાતામાં રૂા.૫૦૦૦) ટકા ૪ના તથા રૂા. ૨૦૦) ટકા ૩ ના, તથા રૂા. ૧૫૦૦) ટકા ૪ના મળી રૂા. ૬૭૦૦)ના વ્યાજમાંથી ભાદરવા શુદ ૧ શ્રી મહાવીર જન્મ વાંચનના દિવસે સંઘ જમાડવો. ખર્ચ બાદ કરતા, ભાદરવા શુદ ૧ સ્વપ્ના ઉતારતી વખતે પ્રભાવના કરવી.

(૮) રૂા. ૧૨૦૦) સ્વ. શેઠ પ્રેમજી અભેચંદના અનામત ખાતામાં રૂા. ૧૨૦૦) ટકા ૩ ના લેખે વ્યાજમાંથી દર વર્ષે તેલાધરના પારણા સવારે કરાવવા. ઠરાવ સં. ૨૦૦૪ ચૈત્ર વદ ૧૨.

(૯) રૂા. ૪૫૦૦) સ્વ. શેઠ અભેચંદ ત્રિકમજીના અનામત ખાતામાં રૂા. ૪૫૦૦) ટકા ૪ ના લેખે વ્યાજમાંથી તેલાધરના પારણાનો સંઘ જમાડવો.

(૧૦) રૂા. ૩૫૦૦) સ્વ. શેઠ રસિકલાલ જમનાદાસ મોરારજી ના હા: ગં. સ્વ. રમાલક્ષ્મી રસિકલાલ તરફથી અનામત ખાતામાં રૂા. ૩૫૦૦) ટકા ૪ ના લેખે વ્યાજમાંથી સંવત્સરીના સવારના પારણા ભાદરવા શુદ ૫ પાંચમે સવારે કાઢો, રાબડી, દૂધ, કોઇપણમાંથી બે વસ્તુ સવારે કરાવવી અને અગ્યાર વાગે મગ, ચણા, ભાત વિગેરે કરવા ઠરાવ સંવત ૨૦૦૩ ના પોષ શુદ ૪.

(૧૧) રૂા. ૬૦૦૦) સ્વ. બાઈ રામકોર તે શા. ગોવીંદજી દામજીની વિધવાના ટ્રસ્ટી હાઃ શેઠ વેલજી ખુશાલ તરફથી અનામત ખાતામાં રૂા. ૬૦૦૦) ટકા ૪ ના લેખે વ્યાજમાંથી સંવત્સરીના પારણાનો સંઘ જમાડવો. ઠરાવ સંવત ૨૦૦૦ના ભાદરવા શુદ ૧૩.

(૧૨) રૂા. ૫૫૦૦) સ્વ. શેઠ હીરાચંદ ઝીણાના અનામત ખાતામાં લોન રૂા. ૪૫૦૦) ટકા ૪ તથા રૂા. ૫૦૦) ટકા ૪ તથા રૂા. ૫૦૦) ટકા ૩ મળી રૂા. ૫૫૦૦) ના વ્યાજમાંથી દુબળી આઠમ ભાદરવા શુદ ૮ આઠમના સંઘ જમાડવો.

(૧૩) રૂા. ૨૦૦૦) સ્વ. બાઇ ફુલકોર તે સ્વ. શેઠ ચત્રભુજ જેચંદની વિધવાના અનામત ખાતામાં લોન રૂા. ૨૦૦૦) ટકા ૩ ના વ્યાજમાંથી ભાદરવા વદ ૨ ના રોજ તમારા તરફથી સવારના શ્રી સંઘને શીરામણી કરાવવી.

(૧૪) રૂા. ૫૦૦૦) સ્વ. શેઠ અંદેરજી સુંદરજીની વિધવા બાઈ આણુંદના અનામત ખાતામાં રૂા ૫૦૦૦) ટકા ૩ ના લેખે વ્યાજમાંથી ભાદરવા વદ ૨ ના રોજ સાંજના સંઘ જમાડવો.

"કુલ રૂપિયા ૬૭૫૦૦"

# " શ્રી નવપદજીની શાશ્વતી ઓળી "

## કુલ અનામત રૂપીયા ૧૪૬૦૦)

## "ચૈત્ર માસની ઓળી"

(૧) અ રૂા. ૩૫૦૦) બાઈ જડાવ તે શેઠ અમૃતલાલ જમનાદાસના માતુશ્રીના અનામત ખાતામાં રૂા. ૩૫૦૦) ટકા ૩ ના લેખે વ્યાજમાંથી ઓળીમાં વાપરવા.

(૧) બ રૂા. ૩૫૦૦) બાઈ લક્ષ્મી તે શા. ધનજી સુંદરજીની વિધવાના અનામત ખાતામાં રૂા. ૩૫૦૦) ટકા–૩ ના લેખે વ્યાજમાંથી ઓળીમાં વાપરવા.

## "આસો માસની ઓળી"

(૧) અ રૂા. ૪૧૦૦) સ્વ. શેઠ હેમચંદ અમરચંદના અનામત ખાતામાં રૂા. ૪૧૦૦) ટકા ૩ ના વ્યાજમાંથી ઓળીમાં વાપરવા.

(૧) બ રૂા. ૩૫૦૦) સ્વ. શેઠ ખીમચંદ જેચંદ હઃ શેઠ તારાચંદ ખીમચંદના અનામત ખાતામાં રૂા. ૩૫૦૦) ટકા ૩ ના વ્યાજમાંથી ઓળીમાં વાપરવા.

"કુલ રૂપિયા ૧૪૬૦૦"

卐

## માંગરોળ–કલકત્તા–મુંબઈના સેવાભાવી ગૃહસ્થોને

# " અંજલી "

નોંધ :–

આંહી નીચે લખેલી હકીકતો લેખકે પ્રાપ્ત કરેલી–અનુભવેલી–જાણેલી–હકીકતો ઉપરથી પોતાને યોગ્ય લાગ્યું તે પ્રમાણે લખાણુ લખી અંજલી કરેલી છે. સેવાની અનુમોદના કરી છે. સંજોગો વશાત ભૂલથી–કાંઈ લખવું રહી ગયું, અથવા ઓછું–વ-તું લખાણુ થયું હોય તેનું મિચ્છામિદુક્કડં માંગવામાં આવે છે.

## માંગરોળના સેવાભાવી ગૃહસ્થો.

### શેઠ ધરમસી હેમચંદ.

આ સ્વર્ગવાસી શેઠનું વર્ણન શ્રી મુનિસુવ્રત સ્વામીના મંદિરના વર્ણનમાં સંપૂર્ણ આપવામાં આવેલ છે. તેમનાથી આજ દિવસ સુધીના તેમના વારસોનો ઇતિહાસ પણ તે સાથે જણાવેલ છે.

### શેઠ નાનજી ચીનાઈ.

આ સ્વર્ગવાસી શેઠનું વર્ણન શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના મંદિરના વર્ણનમાં સંપૂર્ણ આપવામાં આવ્યું છે. તેમના

૧૯૦૪માં સ્વર્ગવાસ થયા બાદ તેમના પુત્રો **શેઠ મદનજી નાનજી, શેઠ સુંદરજી નાનજી** તથા **શેઠ જેઠા નાનજી** ના નામો સં. ૧૯૫૦ની સાલ સુધીના ચોપડામાં વખતો-વખત દૃષ્ટિગોચર થાય છે.

## શેઠ પરસોત્તમ ગોડીદાસ,

આ શેઠ પણ ૧૮૫૦ થી ૧૮૮૦ સુધી સંઘમાં પ્રતિષ્ઠિત, મોભાદાર ને આગેવાન તરીકે કાર્યકર્તા હતા. તેમ ચોપડાઓમાં સ્થળે-સ્થળે તેમનું નામ વાંચવામાં આવે છે. આ શેઠે ગિરનાર ઉપરની સગરામ સોનીવાળી ટુંકમાં મૂળનાયકજી પધરાવેલા છે. જે મૂળનાયકની નીચે આ પ્રમાણે લેખ છે. ગિરનાર મહાત્મ્ય પાના ૧૬.

## લેખ.

સંવત ૧૮૫૯ જેઠ શુદી ૭ ગુરૌ શ્રી સમસ્ત સંઘેન સ્વશ્રેયાર્થે શ્રીપાર્શ્વજિનબિંબં કરાવિતાં શ્રી ગિરનાર તીર્થે શ્રીમદ્ તપાગચ્છે **વિજયજિનેન્દ્રસૂરિભિ:** પ્રતિષ્ઠિતમ્ માંગરોલ નિવાસી વોરા પરશોતમ ગોડીદાસેન બિંબં કરાવિતમ્. **"શ્રી ગિરનાર તીર્થે".**

## શેઠ કડવા અમરસી.

આ શેઠ પણ શેઠ ધરમશી હેમચંદના સમયમાં એક અગ્રગણ્ય, નામાંકિત, પ્રતિભા સંપન્ન હતા. સંઘના રેકડ

મેળનું નામું સંવત ૧૮૫૦ ની સાલથી તેમની પેઢીમાં રહેતું હતું. શેઠ કડવા અમરસીના એક પુત્ર જીવનભાઇનું નામ ચોપડામાં આવતું હતું. જીવનભાઈના પુત્ર અભેચંદભાઇ નામે હતા તે વખતથી અભેચંદ જીવન ના નામની પેઢી ચાલતી હતી. સંવત ૧૮૫૭ માં શેઠ ધરમશી હેમચંદે પ્રતિષ્ઠા કરી, તે વખતે શેઠ અભેચંદ જીવનનું નામ ચોપડામાં ચાલતું હતું. તે વખતથી તે સંવત ૧૯૫૫ની સાલ સુધી આ નામ ચાલતું હતું.

શેઠ અભેચંદ જીવનના એક પુત્ર શેઠ દેવચંદનું નામ ચોપડામાં કાર્યકર્તા તરીકે આવે છે. તેઓએ પણ ઘણા સમય સુધી સુંદર સેવા બજાવી હતી. દેવચંદભાઈને ચાર પુત્રો હતા. (૧) શેઠ અંદેરજી, (૨) શેઠ મોતીચંદ, (૩) શેઠ માણેકચંદ અને (૪) શેઠ જેચંદ. આમાં શેઠ અંદેરજી દેવચંદ તથા શેઠ મોતીચંદ દેવચંદે શ્રી સંઘની સેવા ઘણા વર્ષો સુધી કરી હતી.

## સ્વ. શેઠ અંદેરજી દેવચંદ.

શેઠ અંદેરજી દેવચંદ માંગરોળના સ્થાનિક કાર્યકર્તા હતા. તેમની સાથે શેઠ મોતીચંદ દેવચંદ તથા શેઠ વલભજી ચત્રભજ હતા. આ બંને શેઠીયાઓએ સાથે મળી સંવત ૧૯૪૫થી ૧૯૬૦ સુધી સંઘનું દરેક કાર્ય સંભાળી લીધું

હતું. શ્રી પર્યૂષણ પર્વ સમાપ્ત થયા બાદ ભાદરવા વદમાં ચોરવાડ જાય ત્યાં આઠ–આઠ દિવસની સ્થિરતા કરે. ત્યાંના ભંડાર વિગેરે બધું તપાસતા.

સ્વ. શેઠ અંદેરજી દેવચંદના સમયથી સંઘનું નવું બંધારણ અમલમાં આવ્યું. તે વખતે તેઓ આગેવાન, મુખ્ય કાર્યકર્તા તરીકે પ્રસિધ્ધ હતા. તેઓની કાર્યપ્રણાલીકા એક પ્રમુખ દરજ્જાની આગેવાન તરીકેની ગણનામાં હતી. તે વખતના સંઘના બધા શેઠીયાઓનો અંદેરજી શેઠ તરફ એક વડિલ જેવો સદ્ભાવ હોય તેમ જણાતું હતું.

શેઠ અંદેરજી દેવચંદ સં. ૧૯૫૮ના કારતક વદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ થયા હતા. તેમના માનમાં શોકસભા ભરાણી હતી. અને તેમની જગ્યાએ શેઠ વલભજી ચત્રભુજ સાથે આસીસ્ટંટ મેનેજર તરીકે શેઠ છોટાલાલ અંદેરજીની નિમણુંક કરવામાં આવી હતી. જ્યારે તેઓ નાનામાં નાની (૧૬) સોળ વર્ષની ઉંમરના યુવાન કાર્યકર્તા હતા.

## સ્વ. શેઠ છોટાલાલ અંદેરજી.

શેઠ છોટાલાલ અંદેરજી કાર્યકર્તા તરીકે જોડાયા બાદ તે સ્વર્ગવાસ પામ્યા ત્યાં સુધી એકધારા–અખંડ સેવાભાવી, મિલનસાર, શાંત પ્રકૃતિવાળા, ગંભીર, વિચારશીલ, બાહોશ કાર્યકર્તા તરીકે ખૂબ–ખૂબ યશ મેળવ્યો. તેમના સમયમાં શ્રી સંઘ ઘણા ઝંઝાવાતમાંથી પસાર થયો હતો. તે બધા-

માંથી કુનેહબાજીથી દરેક કાર્ય સંઘના ગૌરવરૂપ તેમણે પતાવ્યા હતા. તેમણે ઘણા વર્ષો સુધી સંઘના ટ્રસ્ટી, એડવાઇઝરી બોર્ડમાં તથા મેનેજર તરીકે સેવાઓ આપી હતી.

આ છોટાલાલ શેઠ કડવા અમરચંદની છઠ્ઠી પેઢીએ હતા ઉત્તરોત્તર શ્રી સંઘની (૧૭૫) પોણા બસો વર્ષ સુધી આ કુટુંબે એકધારી–અખંડ, અપૂર્વ, સેવા બજાવી છે. શેઠ છોટાલાલ અંદરજી સં. ૨૦૦૯ના કારતક વદ ૧૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા હતા. તેમના માનમાં શ્રી માંગરોળના શ્રી સંઘે શોક પ્રદર્શિત સભા ભરી ભાવભીની અંજલિ આપી હતી.

## શેઠ દામા ગલા.

શેઠ ધરમશી હેમચંદના સમકાલીન આ શેઠ દામા ગલા સં. ૧૮૫૦ થી એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. તેમની પાસે શ્રી સંઘનાં બાકીના બધા ચોપડા રહેતા હતા. શેઠ દામા ગલાના પુત્ર શેઠ પરમાણંદ દામાએ પિતાનો વારસો સંભાળ્યો હતો. તેમણે (૫૦) પચાસ વર્ષ સુધી શ્રી સંઘનું કાર્ય કર્યું હતું, નાનજી ચીનાઇના સમયમાં દરબાર સાથે જે ઝગડો થયો હતો. તેના સમાધાનના લખાણનું ફોટો કોપી આ ચોપડીમાં પ્રસિધ્ધ કરેલ છે. તેમાં પરમાણંદ દામાની સહી છે. શેઠ પરમાણંદ દામાના વારસદારો સ્વ. શેઠ

કેશવજી નેમચંદનું બહોળું કુટુંબ હાલ કલકત્તામાં રહે છે.

## સ્વ. શેઠ જેઠા રણછોડ.

સ્વ. શેઠ ધરમશી હેમચંદના સમયમાં શેઠ જેઠા રણછોડ એક આગેવાન, પ્રતિષ્ઠિત, સહકાર્યકર્તા હતા. તેમના અવસાન પછી તેમના પુત્ર તલકચંદે પિતાનો વારસો સંભાળ્યો હતો. તેમની પછી તેમના પુત્ર હરખચંદભાઈએ ખૂબ સેવા બજાવી હતી. શેઠ હરખચંદને કચરાભાઈ નામે પુત્ર હતા. શેઠ કચરા હરખચંદ તથા શેઠ મોરારજી ખીમજી એ બંનેએ લગભગ પચીશ–ત્રીશ વર્ષ સુધી તિજોરીની ચાવીઓ સંભાળી હતી. તેઓએ શ્રી સંઘની કમિટિમાં વર્ષો સુધી સેવા આપી હતી. તેમના સ્વ. બાદ તેમના પુત્ર મદનજી જોડાયા.

## સ્વ. શેઠ મદનજી કચરા.

શેઠ મદનજી કચરાભાઈ મુંબઈમાંથી ધંધામાંથી નિવૃત્ત થયા બાદ માંગરોળમાં સ્થાનિક રહેવા લાગ્યા. ત્યારથી તે જીવનના અંતકાળ સુધી શ્રી સંઘની સેવા બજાવી હતી, ઘણા વર્ષો સુધી મેનેજર હતા, લગભગ પચીશ વર્ષ સુધી ટ્રસ્ટી તથા સલાહકાર સમિતિના સભ્ય હતા. તેઓ નિયમિત રોજ પેઢીમાં આવી નામું–ઠામું વિગેરે બરાબર તપાસતા હતા, સંઘના દરેક કાર્યો બહુ જ આવડ-

તથી તથા ચીવટ રાખીને પાર પાડતા હતા, તેઓ સંવત ૨૦૨૧ વૈશાખ શુદ ૨ના સ્વર્ગવાસ પામ્યા. તેમના માનમાં શ્રી સંઘે શોક સભા ભરી હતી, તેઓ શેઠ જેઠા રણછોડની છઠ્ઠી પેઢીએ હતા.

## સ્વ. શેઠ ઝવેરચંદ નાનજી.

શેઠ ઝવેરચંદ નાનજી પારેખ દશા સોરઠીયા શ્રાવક આપણા સંઘમાં ઘણા વર્ષો સુધી ટ્રસ્ટી તરીકે સેવા બજાવી છે, તેમજ મેનેજર તરીકે પણ ઘણી વખત સેવા આપી છે, તેમની પછી તેમના પુત્ર શેઠ નવલચંદ ઝવેરચંદ પણ અમુક વખત સુધી ટ્રસ્ટી તેમજ મેનેજર હતા, શેઠ ઝવેરચંદ સં. ૧૯૯૬ ના કારતક વદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામતા, તેમના માનમાં શોકસભા ભરવામાં આવી હતી.

## સ્વ. શેઠ મકનજી કાનજી.

શેઠ મકનજી કાનજી માંગરોળ સંઘના મેનેજર તરીકે ઘણી જ સુંદર સેવા તન, મન અને ધનથી આપી હતી. તેઓ સ્વામીભાઇઓને ખાનગી મદદ પણ કરતા હતા, તેમના ધર્મપત્ની હેમકોરબેનના વરસીતપના પારણાના ઉજવણામાં રૂા. ૩૦૦૦) ત્રણ હજારનો ખર્ચ કર્યો હતો. આ ઉપરાંત અઠ્ઠાઈ મહોત્સવો, સ્વામીવત્સલો, આદિ અનેક ધાર્મિક કાર્યોમાં દર વર્ષે સારી રકમ ખર્ચ કરતા હતા. તેમના સમયમાં ઉપધાનતપની આરાધના થઈ હતી.

## સ્વ. શેઠ ગલાલચંદ જેચંદ.

શેઠ ગલાલચંદ જેચંદ, તેઓએ શ્રી સંઘમાં ઘણા વર્ષ સુધી સેવા આપી હતી. ધાર્મિક ક્રિયાકાંડમાં ચુસ્ત હતા. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ વિગેરે અનુષ્ઠાનો જીવનના અંતકાળ સુધી કરતા હતા. તેમના સ્વર્ગવાસ બાદ હાલમાં ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરવા માટે કોઈપણ દષ્ટિગોચર થતું નથી. તેઓ મસવા શહેરમાં નવપદજી મંદિરના મેનેજર હતા. તે મંદિરના રૂા. ૨૭૩૧) પોતાની પાસે હતા. તે રૂપિયામાંથી શ્રી સિદ્ધાચળનો ચાંદીનો પટ્ટ બનાવી, સંવત ૧૯૮૮માં શ્રી સંઘને દર્શન કરવા માટે અર્પણ કરેલ છે. તે પટ્ટ હાલમાં વંડીના દહેરાસરના મોટા હોલમાં રાખેલ છે.

## સંવત ૧૯૫૩ થી ૨૦૨૩ સુધી મેનેજર તરીકે સેવા આપેલ સદ્‌ગૃહસ્થોના નામો.

( મિનિટ બુક ઉપરથી )

(૧) શેઠ અંદેરજી દેવચંદ, (૨) શેઠ વલભજી ચત્રભુજ, (૩) શેઠ છોટાલાલ અંદેરજી, (૪) શેઠ છોટાલાલ પ્રેમજી, (૫) શેઠ લીલાધર પ્રેમજી, (૬) શેઠ કાનજી વલભજી, (૭) શેઠ જવરાજ કચરા, (૮) શેઠ કચરા હરખચંદ, (૯) શેઠ મોરારજી ખીમજી, (૧૦) શેઠ ઝવેરચંદ નાનજી, (૧૧) શેઠ ઝવેરચંદ પરમાણંદ, (૧૨) શેઠ ગંગાદાસ સવચંદ,

(૧૩) શેઠ કચરા વાલજી, (૧૪) શેઠ મકનજી કહાનજી, (૧૫) શેઠ કેશવલાલ મોનજી, (૧૬) શેઠ સુંદરજી ઝવેરચંદ, (૧૭) શેઠ ચત્રભુજ જેચંદ, (૧૮) શેઠ સવચંદ કચરા, (૧૯) શેઠ પરમાણુંદ અમુલખ, (૨૦) શેઠ મદનજી કચરા, (૨૧) શેઠ નવલચંદ ઝવેરચંદ, (૨૨) શેઠ રતિલાલ ત્રિભોનદાસ, (૨૩) શેઠ રતનજી નેમચંદ [માસ્તર], (૨૪) શેઠ ન્યાલચંદ લીલાધર, (૨૫) શેઠ મનમોહન વછાલાલ, (૨૬) શેઠ ગલાલચંદ જેચંદ, (૨૭) શેઠ ભગવાનદાસ પ્રેમજી, (૨૮) શેઠ છોટાલાલ મદનજી, (૨૯) શેઠ લીલાધર કપુરચંદ, (૩૦) શેઠ કરશનદાસ રૂપજી, (૩૧) શેઠ વૃજલાલ પરશોતમ, (૩૨) શેઠ અમૃતલાલ જમનાદાસ, (૩૩) શેઠ પ્રાણલાલ છોટાલાલ, (૩૪) શેઠ કલ્યાણજી નેમચંદ, (૩૫) શેઠ દ્વારકાદાસ ભગવાનદાસ, (૩૬) શેઠ લલ્લુભાઇ લીલાધર, (૩૭) શેઠ કાંન્તિલાલ છગનલાલ, (૩૮) શેઠ પ્રભુદાસ જગમોહનદાસ રામચંદ કલકત્તાવાળા, (૩૯) શેઠ ધરમદામ રામચંદ કલકતાવારા, (૪૦) શેઠ મણિકાન્ત છગનલાલ, (૪૧) શેઠ પ્રવિણચન્દ્ર રતિલાલ, (૩૨) શેઠ જેઠાલાલ ફૂલચંદ, (૪૩) શેઠ નગીનદાસ જુઠાભાઈ, (૪૪) શેઠ છગનલાલ વલભજી, (૪૫) શેઠ શાંતિલાલ કેશવલાલ, (૪૬) શેઠ દેવીદાસ જુઠાભાઇ, (૪૭) શેઠ લક્ષ્મીકાન્ત દેવીદાસ B. A. LL. B. એડવોકેટ, (૪૮) શેઠ માધવલાલ ત્રિભોવનદાસ. (૪૯) શેઠ રસિકલાલ અમીલાલ, (૫૦) શેઠ નીરંજન નેમીદાસ.

ઉપર દર્શાવેલા પુણ્યશાળી આત્માઓએ ઘણી વખત બે–બે, ત્રણ–ત્રણવાર સમયાનુસાર વખતોવખત સેવાઓ આપેલી છે. શ્રી સંઘનું ગૌરવ અને મહત્તાં જાળવી રાખી છે.

## માંગરોળવાસી હાલ કલકત્તા નીવાસી સેવાભાવી–સદ્‌ગૃહસ્થો.

## સ્વ. શેઠ જેઠાભાઈ જેચંદ

માંગરોળના એક અગ્રગણ્ય, નામાંકિત, સ્થિતિ સંપન્ન, પ્રતિષ્ઠિત શેઠ હતા, લગભગ (૧૦૦) વર્ષ ઉપરાંત કલકત્તામાં વ્યાપાર અર્થે ગયા. ત્યાં ગયા બાદ સ્વ. શેઠ નાનજી શાએ કલકત્તામાં જે છાપરીયાની શેઠાઇ જૈન તરીકે મેળવી હતી. તે શેઠાઇ નાનજી શેઠના સ્વર્ગવાસ બાદ શેઠ જેઠાભાઇ જેચંદે (જાળવી રાખી હતી) જે આજ સુધી ચાલી આવે છે. જૈન લગ્નવિધિના ઝગડા વખતે તેના સમાધાન માટે તેમણે ઘણી જ મહેનત ઉઠાવી હતી. માંગરોળમાં પણ તેમના રહેઠાણ દરમ્યાન તેઓ શ્રી સંઘના દરેક કાર્યમાં ઉલટભેર ભાગ લેતા હતા. તેમ મિનિટબુક ઉપરથી માલુમ પડે છે, તેઓને ત્રણ પુત્રો હતા. (૧) શેઠ રામચંદ જેઠાભાઇ, (૨) શેઠ નરોત્તમ જેઠાભાઇ, (૩) શેઠ પ્રાણજીવન જેઠાભાઈ.

શેઠ જેઠાભાઈ જેચંદ સંવત ૧૯૬૭ના જેઠ માસમાં સ્વર્ગવાસ પામ્યા હતા. તેમને માટે કલકત્તામાં તેમજ માંગરોળમાં શોક સભાએ ભરાણી હતી.

## સ્વ. શેઠ રામચંદ જેઠાભાઈ.

રામચંદ શેઠ પણ વડિલપિતાના પગલે ચાલનારા, બાહોશ, પ્રતિભાશાળી ને મોભો ધરાવતાં શ્રેષ્ઠ આગેવાન હતા. કલકત્તામાં જ્યારે જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ભરાણી ત્યારે તેઓ સ્વાગત સમિતિનો મહાન જવાબદારીવાળો હોદ્દો ધરાવતા હતા. એક શ્રેષ્ઠ સુકાની તરીકે કોન્ફરન્સનું કાર્ય પાર પાડયું હતું. તેઓ પોતાનું બહોળું કુટુંબ મૂકી. સં. ૧૯૭૪માં સ્વર્ગવાસ થયા હતા. માંગરોળમાં તેમના માનમાં શોકસભા ભરાણી હતી.

## સ્વ. શેઠ નરોત્તમદાસ જેઠાભાઇ.

સ્વ. શેઠ નરોત્તમદાસ કલકત્તામાં પોતાના વડિલ-ભાઇની માફક સારામાં સારી કીર્તિ ને યશ પ્રાપ્ત કર્યો હતા. ઘણી સંસ્થાઓમાં કાર્યકર્તા હતા. તેઓનું ગુપ્તદાન ઘણું સારૂં હતું. તેઓ છેલા થોડા વર્ષો થયા મુંબઈમાં રહેતા હતા. અને મુંબઇના વસવાટ દરમ્યાન મુંબઇની બધી સંસ્થાઓમાં તેઓ સક્રિય ભાગ લઈ સેવા આપતાં હતા. તેમના સદ્‌ગુણોને આજે પણ જનતા સંભારે છે. તેઓ સંવત ૨૦૦૫ના માગશરમાં મુંબઇમાં સ્વર્ગવાસ પામ્યા

હતા. મુંબઇની બધી સંસ્થાઓએ તેમજ માંગરોળના શ્રી સંઘે શોક પ્રદર્શિત ઠરાવો કર્યા હતા.

## શેઠ પ્રાણજીવનદાસ જેઠાભાઈ.

કલકત્તામાં, માંગરોળની શેઠાઇ ને આગેવાની હજુ સુધી અખંડિતપણે તેઓ જાળવી રહ્યા છે. કલકત્તાના–માંગરોળના સમાજમાં તેમજ જૈન સમાજમાં એક શ્રીમંત, પ્રતિષ્ઠિત, આગેવાન તરીકે તેમની ગૌરવપૂર્વકની ગણુના થાય છે.

## સ્વ. શેઠ કેશવજી નેમચંદ.

સ્વ. શેઠ જેઠાભાઇ જેચંદ પછી બીજા નંબરે શેઠ કેશવજી નેમચંદ પ્રતિષ્ઠિત, આગેવાન, ધર્મિષ્ઠ, પ્રતિભા સંપન્ન વ્યક્તિ હતા.

કલકત્તાના જૈન સંઘમાં તેઓ એક મોભાદાર, પીઢ આગેવાન તરીકે પ્રખ્યાત હતા. સં. ૧૯૯૮માં **શ્રી ચંદ્રોદય સાગરજી**ના માંગરોળના ચાતુર્માસમાં જ્યારે હું સંસારી હતો. ત્યારે ઘણા જ ધામધૂમથી ચોમાસાની ક્રિયાઓ કરી હતી. તે પછી સં. ૧૯૯૯માં શાસન પ્રભાવક ધર્મ ધુરંધર વ્યાખ્યાનવાચસ્પતિ શાસ્ત્રાર્થ ચુડામણી પૂજ્ય આચાર્ય દેવેશ **શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી**ના ચાતુર્માસમાં પણ તેઓએ ઘણો જ આગળ પડતો ભાગ લઇ અઠ્ઠાઈ મહોત્સવો કરી

ખૂબ ધાર્મિક ક્રિયાઓ કરી હતી. સં. ૨૦૦૨ સુધી માંગરોળમાં ઘણી કમીટીઓમાં સેવાઓ આપી હતી. તેઓ જીવનની છેલ્લી ઘડી સુધી પૂ. આચાર્યદેવ **વિજયરામચંદ્ર-સુરીશ્વરજી**ની આજ્ઞા નીચે ધાર્મિક ક્રિયાઓ વિગેરે કરતા હતા. કલકત્તામાં પૂજ્ય આચાર્યદેવનું ચાતુર્માસ કરાવવામાં તેમનો અગ્રગણ્ય ભાગ હતો, તેમના વડવાઓ પરમાણુંદ દામા વાળા કહેવાતા. કે જેઓએ વર્ષો સુધી શ્રી માંગરોળ સંઘની શેવા કરી હતી. તેઓ સં. ૨૦૧૨ જેઠ શુદ ૧૦ના રોજ સ્વર્ગવાસ પામતા તેમના માનમાં કલકત્તામાં તથા માંગરોળમાં શોકસભાઓ થઈ હતી. તે નિમિતે કલકતામાં તેમજ માંગરોળમાં અઠ્ઠાઈ મહોત્સવ સ્વામીવત્સલ વિગેરે ધામધૂમથી કરવામાં આવ્યું હતું.

## માંગરોળવાસી હાલ મુંબઇ નીવાસી
## સેવાભાવી—સદ્‌ગૃહસ્થો.

## સ્વ. શેઠ મોતીચંદ દેવચંદ.

સં. ૧૯૪૫ થી ૧૯૬૦ સુધી માંગરોળમાં સ્થાનિક અગ્રેસર કાર્યકર્તા તરીકે **શેઠ અંદેરજી દેવચંદ, શેઠ વલભજી ચત્રભુજ** ને **શેઠ મોતીચંદ દેવચંદ** હતા. સં. ૧૯૫૩ના બંધારણ ઘડવામાં તેઓ મુખ્ય હતા. ત્યાર બાદ સં. ૧૯૬૧ થી મુંબઇ રહેવાનું થતાં મુંબઇ ખાતેના તેઓ કાર્યકર્તા તથા ટ્રસ્ટી હતા. તેમની પેઢીમાં શ્રી સંઘનું

નામું રહેતું હતું. સિક્યોરીટીઓ લેવી-વેચવી બધું કાર્ય તેઓ કરતા હતા. તેમના સ્વર્ગવાસ પછી તેમના પુત્ર સ્વ. શેઠ નાગજી મોતીચંદ ઘણા વર્ષ સુધી ટ્રસ્ટી હતા. સ્વ. મોતીચંદ શેઠે સં, ૧૯૬૦માં વંડીના દહેરાસરના મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા રૂા. ૮૦૧) આઠસો એકની બોલી બોલી કરી હતી. સંવત ૧૯૬૯ના ચૈત્ર શુદ ૪ ના રોજ સ્વર્ગવાસ પામતા મુંબઈ તથા માંગરોળમાં શોક સભાઓ થઈ હતી.

## સ્વ. શેઠ અમરચંદ તલકચંદ.

શ્રી સંઘના બંધારણ ઘડવાના સમયમાં સં. ૧૯૫૩ માં તેઓ શેઠ મોતીચંદ દેવચંદની સાથે હતા. તેઓ એક ચુસ્ત ધર્માનુરાગી ને ધાર્મિક શિક્ષણ પ્રચારના અથાગ પ્રેમી હતા. તેઓએ તે સમયમાં સામયિક, પ્રતિક્રમણના સારામાં સારા પુસ્તકો છપાવ્યા હતા. ઘણા વખત સુધી તલકચંદ હોલમાં પાઠશાળા ચાલતી, જૈન ધર્મ વિધિ પ્રમાણે લગ્ન કરાવવાની પહેલ કરનાર હતા. બાલાગામવાળી જગ્યા જેમાં હમણા સંઘ જમે છે, તે જગ્યાનો કબજો સરકાર સોંપતી ન હતી. પછી શ્રી સંઘે શેઠ અમરચંદ તલકચંદને દરબાર સાથે સમાધાન કરી પતાવટ કરવા નિમ્યા હતા. તેઓએ પતાવટ કરી હતી. જે બાબતનો ઠરાવ નીચે જણાવેલ છે. આ બાલાગામની જગ્યાનું બાંધકામનું બધું કામ સંઘના

ખર્ચે તેઓ એકલાએ જ જાતિ-દેખરેખથી કરાવ્યું છે તે મિનિટબુકના ઠરાવ ઉપરથી જણાઈ આવે છે.

## બાલાગાંમનો ઠરાવ. સં. ૧૯૫૩ વૈશાખ.

શરૂઆતમાં શેઠ અમરચંદ તલકચંદે સરકાર સાહેબ સાથે જે બાલાગામની જગ્યા સંબંધી ટંટો હતો. તેનો નિકાલ થયો તે નીચે મુજબ હતો.

## નિકાલ (ઠરાવ)

બાલાગામની જગ્યા જે આપણા સંઘની છે. તેને સરકાર રાવગી એટલે સરકારી ઠરાવવા માંગતા હતા. તેનો કેશ લગભગ (૧૧) અગ્યાર વર્ષ થયા ચાલતો હતો. તે પણ ટંટાનો નિકાલ આવ્યો નહીં. તેનો નિકાલ લાવવા સારૂં સં. ૧૯૫૩ના ચૈત્ર વદ ૦)) વાર શનેઉના દિવસે સંઘ ભેગો થયો હતો. ત્યારે સરકાર સાહેબ સાથે ઘરમેળે નિકાલ કરવા શેઠ અંદેરજી દેવચંદ, શેઠ વલભજી ચત્રભુજ, શેઠ લીલાધર પ્રેમજી, શેઠ અમરચંદ તલકચંદ, શેઠ અમરચંદ કહાનજીને નિમવામાં આવ્યા હતા. અને તેઓના હુકમથી એટલે સંમતિથી શેઠ અમરચંદ તલકચંદે અને દિવાનસાહેબ સાથે તે બાબતનો નિકાલ લાવવા અરજ કરી હતી. વળી આશરે (૩૬) છત્રીશ વર્ષ ઉપર શ્રી સંઘે દહેરાસરજીની પછવાડે દરબારગઢમાંહેલી ચમનબાગ નામે એ ળખાતી થોડીક જગ્યા કોરી ૧૭૩૧) સતરસો એકત્રીશમાં ખરીદી

હતી, તેનો રૂક્કો સરકારે કરી આપ્યો હતો. અને કોરી આપેલી હોવા છતાં પણ જગ્યા મળતી ન હતી. તે બાબત પણ શેઠ અમરચંદ તલકચંદે દિવાન સાહેબ આગળ રજુ કરી તે સંઘનો હક્ક તે જગ્યા ઉપર વ્યાજબી છે, તે વિષેની ખાત્રી કરાવી હતી.

દિવાન સાહેબે તે પછી બાલાગામ તથા તે જગ્યાએ બે વિષેનો નિકાલ કરી આપ્યો. તે એવી રીતે કે બાલાગામની જગ્યા ઉપર સરકાર પોતાનો હક્ક રાખે નહીં. (તેની ઉપર સરકારનો હક્ક હતો. તેવું કાંઈ હતું નહીં. વાત મનની મનમાં રાખી કોરટ દરબારથી કામ નહીં કરતા, ઘરમેળે નિકાલ કરવામાં આવ્યો હતો.) અને તેના બદલામાં દહેરાસરથી પાસે દરબારગઢમાંહેલી જે જગ્યા સંઘે ખરીદી હતી. તેની ઉપરથી સંઘ પોતાનો જે હક્ક વ્યાજબી છે, તે હક્ક ઉઠાવી લેય. અને તેનો રૂક્કો સરકારને સ્વાધીન કરી દેવો, તે સાથે બીજી શરત એવી કરવામાં આવી છે કે બાલાગામની ફરતી સંઘે કોટડી બાંધી કબજો લેવો અને ત્રણ ફૂટની જગ્યા છોડવી. (સરકાર કેટલી હદ સુધી અન્યાયી વર્તણુંક કરતી. તે આ ઠરાવ બતાવે છે.) શેઠ અમરચંદ તલકચંદને બે પુત્રો (૧) શેઠ હેમચંદ અમરચંદ, (૨) શેઠ સવચંદ અમરચંદ હતા તેમાં શેઠ સવચંદ અમરચંદ એકાએક અકસ્માતથી માથેરાન ઉપર સ્વર્ગવાસ પામ્યા હતા.

વંડીના દહેરાસરની જગ્યા મળી તે પહેલા સિદ્ધાચળનો પટ્ટ શેઠ અમરચંદ તલકચંદના અમરવિલાસ નામના મકાનના તલકચંદ હોલમાં બંધાતો હતો. જે પટ્ટ શેઠ અમરચંદ તલકચંદ તરફથી ભેટ મળ્યો હતો. હાલ પણ તે પટ્ટ ચાલુ વંડીના દેરાસરે બાંધવામાં આવે છે.

તેમના સ્મરણાર્થે તેમના પૌત્રોએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રૂપિયા ૧૦૦૦૦) દશ હજાર એક સ્કોલરના સ્વ. અમરચંદ તલેકચંદ ટ્રસ્ટ તરીકે આપ્યા છે.

શેઠ અમરચંદ તલકચંદ સં. ૧૯૬૪ના વૈશાખ શુદ ૧૩ તેરસે સ્વર્ગવાસ પામ્યા હતા. તેમના માનમા માંગરોળ, મુંબઇ વિગેરે સ્થળોએ શોક સભા ભરાણી હતી.

## સ્વ. શેઠ હેમચંદ અમરચંદ.

સ્વ. શેઠ હેમચંદ અમરચંદ મુંબઈ ખાતેના માંગરોળ શ્રી સંઘના ટ્રસ્ટી તરીકે ઘણા વર્ષો સુધી સેવા આપી હતી. તેમજ તેઓ મુંબઇની આપણી બધી જૈન સંસ્થાઓમાં પ્રમૃખ, ટ્રસ્ટી તરીકેનો હોદ્દો ધરાવતા હતા. તેઓના તરફથી માંગરોળમાં આસો માસની આયંબીલની ઓળી ઘણા વર્ષથી કરાવવામાં આવે છે.

તેઓ તરફથી પ્રાથમિક તથા માધ્યમિક કેળવણી

લેવા માટે ચાર વિદ્યાર્થીના રૂા. ૧૨૫૦૦ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં નીચેના નામે આપવામાં આવ્યા છે.

૫૦૦૦) સ્વ. સુંદરબેન તલેકચંદ બે વિદ્યાર્થી.

૨૫૦૦) સ્વ. જવલબેન હેમચંદ એક વિદ્યાર્થી.

૫૦૦૦) સ્વ. સુંદરબેન તલેકચંદ એક વિદ્યાર્થી.

## શેઠ પ્રવિણચન્દ્ર હેમચંદ.

સ્વ. શેઠ હેમચંદ અમરચંદના પુત્ર થાય. તેઓ ઉચ્ચ કેળવણીના પ્રખર હિમાયતી છે. મુંબઇમાં-માંગરોળના જૈનોની સંસ્થાઓમાં કમિટિના સભ્ય છે. ને મુંબઇના શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટી તથા ખજાનચી તરીકે ઘણા વર્ષોથી સેવા આપે છે. તથા માંગરોળ જૈન તપગચ્છ સંઘ મુંબઈના એક ટ્રસ્ટી તરીકે પણ ઘણા વખતથી સેવા આપે છે.

## સ્વ. શેઠ જમનાદાસ મોરારજી.

સં. ૧૯૯૦ સુધી માંગરોલમાં સ્થાનિક સંઘમાં કમિટિમાં હતા. ત્યારબાદ મુંબઈમાં શ્રી માગરોળની જૈનોની તેમજ વણિકની બધી સંસ્થાઓમાં તેઓ ટ્રસ્ટી તથા પ્રમુખ હતા. અને તેમના જીવનકાળ દરમ્યાન બધી સંસ્થાઓ બહુજ સંભાળપૂર્વક, કુશાગ્ર બુદ્ધિથી, બાહોશીપૂર્વક ચલાવતા

હતા. તેઓએ શ્રીમાળી સમાજમાં પોતાના સ્વ. ભાઈ વલભજી મોરારજીના નામે ૨૦૦૦૦) વીશ હજાર રૂપિયા બોર્ડીંગમાં આપ્યા હતા. લોનાવલા ખાતે તેમના સ્વ. પુત્ર શેઠ શાંતિલાલ જમનાદાસના નામનું હિંદુ વિશાળ આરોગ્ય ભુવન બાંધેલું છે તેમાં માંગરોળના જૈનો માટે ખાસ હક્કો રાખવામાં આવ્યા છે.

તેમના સ્વ. પિતાશ્રી મોરારજી જુઠાભાઇના નામથી મુંબઇના શ્રી માંગરોળ જૈન શંઘને અઠ્ઠાઇ ઘરના પારણા તથા સ્વામિવત્સલ જમાડવા માટે રૂપીયા ૫૦૦૦) પાંચ હજાર અનામત આપેલા છે.

તેઓ સ્વર્ગવાસ પામ્યા ત્યાં સુધી તેમના બંગલામાં ગૃહ મંદિર ઘણા વરસો થયાં હતું.

## શ્રી શાંતાક્રુઝ જૈન દહેરાસર માટે જગ્યા

શ્રી શાન્તાક્રુઝમાં દહેરાસર માટે નજીવી સામાન્ય કિંમત લઇ તેઓએ સાંતાક્રુઝ જૈન સંઘને જમીન આપીછે તેનો શીલા લેખ નીચે પ્રમાણે છે.

## શીલાલેખ.

શાન્તાક્રુઝ જૈન તપગચ્છ સંઘ :- શેઠ જમનાદાસ મોરારજી જે. પી. માંગરોળવાળાએ આ જમીન આશરે

૨૫૯૨) બેહજાર પાંચશો બાણું વાર જગ્યા ફકત રૂા. ૧૫૦૧) પંદરસો એકની નામની કિંમતે ધાર્મિક કાર્યો માટે સંઘને અર્પણ કરેલ છે. સંવત ૧૯૯૭–ફાગણ શુદ ૨.

## "શાન્તાક્રુઝમાં પોષધ શાળા અર્પણ કરેલ તેનો લેખ"

## શ્રી જૈન પૌષધ શાળા.

**ખાત મુહુર્ત:–** સંવત ૧૯૯૭ ફાગણ શુદ ૨ શેઠ જમનાદાસ મોરારજીના શુભ હસ્તે.

**ઉદ્દઘાટન :–** સંવત ૧૯૯૭ આશો શુદ ૨ શેઠ જમનાદાસ મોરારજીના શુભ હસ્તે પૌષધ શાળાનો ખર્ચ રૂા. ૧૦૩૦૧–૫૩ દશ હજાર ત્રણસો એક ત્રેપન નયા પૈસા.

**અર્પણ કરનાર:–**શ્રીમતી ભાનુમતિ જયંતિલાલ જમનાદાસ સંવત ૨૦૦૨ ફાગણ શુદ ૩.

## ગૌવધ.

તેમના જીવનમાં કોઇ મહાનમાં મહાન પ્રસંગ બન્યો હોય તો એ છે કે માંગરોળના શેખ સાહેબે **ગૌવધબંધી** નો ઠરાવ રદ કરી. ગૌવધ કરવાની છૂટ મૂકી ત્યારે તે ઠરાવ

સામે જબરજસ્ત લડત ઉપાડી હોય તો તે શેઠ જમનાદાસ મોરારજીને ફાળે જાય છે. માંગરોળ–મુંબઇ ને કલકત્તા ત્રણ સ્થળે ગૌવધની લડતને જોરશોર આપ્યું હોય ને આગેવાની લીધી હોય તો મુખ્ય તેઓ હતા, આ લડતમાં આ પુસ્તકના લેખક તેમની સાથે કાર્યકર તરીકે હતા. છેવટે દિલ્હી સુધી લડત લઈ જઈને ફતેહમંદ ભરેલી યાદગાર જીત મેળવી હતી, આ લડતમાં તેઓએ લગભગ એક લાખ રૂપીયા જેટલો ખરચ ભોગવ્યો હતો. તે સિવાય દરેક ક્ષેત્રે તેમજ સ્વામી ભાઈઓને મદદ કરવી વિગેરે દાનનો પ્રવાહ અવિરત પણે ચાલુ હતો.

## અસાધારણ આઘાતજનક મહાન દુઃખનો પ્રસંગ.

કોઈ એવા મહાન અશુભ કર્મોના ઉદયે તેમની હૈયાતીમાં જ તેમના ત્રણે પુત્રો ભરયુવાવસ્થામાં સ્વર્ગવાસ પામ્યા હતા. **પ્રભુ એમના આત્માને શાંતિ બક્ષો.**

## ગં. સ્વ. સુશ્રાવિકા રૂક્ષ્મણીબ્હેન જમનાદાસ મોરારજી.

## જૈન મંદિર.

(૧) સ્વ. શેઠ જમનાદાસ મોરારજીની ઇચ્છાનુસાર તેમના ધર્મપત્નિ સુશ્રાવિકા રૂક્ષ્મણીબ્હેને લોનાવલા સેનેટોરીયમમાં ભવ્ય શીખર બંધી દહેરાસર તથા ઉપાશ્રય બંધાવેલ છે.

## ગીરનાર તીર્થનો છ/રી પાળતો સંઘ.

(૨) સ્વ. શેઠ જમનાદાસ મોરારજીની ઇચ્છાનુસાર સુશ્રાવિકા રૂક્ષ્મણીબહેને સંવત ૨૦૧૧ના મહા શુદ પાંચમે પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણીય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય-પ્રતાપસૂરીશ્વરજીની સાનીધ્યમાં માંગરોળથી જુનાગઢ (ગીરનાર તીર્થ)ની યાત્રાનો છ/રી પાળતો સંઘ કાઢયો હતો સંઘમાં લગભગ પોણોસો માણસ હતા.

## સુશ્રાવિકા રમાલક્ષ્મીબ્હેન તથા સુશ્રાવિકા ભાનુમતીબ્હેન.

### બે પ્રતિમાજી તથા પદ્માવતિદેવીની પ્રતિષ્ઠા

ઉપરોક્ત બંને સ્ત્રી રત્નો સ્વ. શેઠ જમનાદાસ મોરારજીના પુત્રવધુઓ દેરાણી–જેઠાણી થાય છે. તેઓ બંને સાથે રહે છે, મા જણી બ્હેનોમાં પણ જે સ્નેહભાવ જોવામાં ન આવે તેનાથી વિશેષ સ્નેહભાવથી સંપ, તથા ઐક્યતાના પ્રતીક રૂપ આદર્શ જીવન જીવી એક સુંદર દષ્ટાંત પુરૂં પાડે છે.

શક્તિ અનુસાર ધર્મની આરાધના સાથે જનસમાજની સેવાના કલ્યાણની પ્રવૃત્તિમાં સક્રીય કાર્ય કરી આત્માનું કલ્યાણ સાધી રહ્યા છે.

તથા પ્રખર વ્યાખ્યાનકાર, શાસ્ત્રાર્થ ચૂડામણી, સાધર્મિક ભક્તિની અખંડ હૃદયગમ ઉંડી લાગણી દર્શાવનાર, જૈન ભોજનશાળા, જૈન ધર્મશાળા, ને જૈન કલીનીકની સ્થાપનાના પ્રેરણા મૂર્તિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય યશોવિજયજી મહારાજના સદુપદેશથી સંવત ૨૦૧૯ના વૈશાખ શુદ ૧૦ શુક્રવારે શ્રી વાલકેશ્વર ઉપર આવેલ શ્રી આદિશ્વર પ્રભુના મંદિરમાં સુશ્રાવિકા ભાનુમતીબ્હેને **શ્રી પદ્માવતી દેવી** ની પ્રતિષ્ઠા કરી હતી.

ચેમ્બુરના નૂતન જિનાલયમાં સુશ્રાવિકા રમાલક્ષ્મીબ્હેને તથા સુશ્રાવિકા ભાનુમતિબ્હેને સં. ૨૦૨૦ ફાગણ વદ ૩ ત્રીજને દિવસે બે પ્રતિમાજી પધરાવ્યા હતા.

સુશ્રાવિકા ભાનુમતિબ્હેને ઉચ્ચ કેળવણી લઈ M.A. એમ. એ. ની ડીગ્રી સંપાદન કરેલ છે. તથા મહિલા સમાજ તરફથી પ્રગટ થતા માસિક "વિકાસ" પત્રના તેઓ સહતંત્રીપદે છે.

સ્વ. શેઠ જમનાદાસ મોરારજી ઘણા વર્ષો સુધી શેર બજારની બોર્ડના ડાયરેક્ટર હતા. તથા તેઓ પાલીતાણાની શ્રાવિકાશ્રમના ઘણા વર્ષ સુધી ટ્રસ્ટી તથા પ્રમુખ હતા. સંસ્થાને વિકસાવવામાં તેઓનો પણ ઘણો જ સુંદર ફાળો હતો,

શેઠ જમનાદાસ મોરારજી સંવત ૨૦૦૨ ના કારતક વદ ૧૪ના રોજ સાંતાક્રુઝમાં સ્વર્ગવાસ પામ્યા હતા, તેમના માનમાં મુંબઈ તેમજ માંગરોળમાં તથા બીજા ઘણા સ્થળોએ શોક સભાઓ ભરવામાં આવી હતી.

## સ્વ. શેઠ કેશવજી દેવજી

સ્વ. શેઠ કેશવજી દેવજી શ્રી માંગરોળ સંઘના મુંબઇ ખાતેના ટ્રસ્ટી તરીકે ઘણા વરસો સુધી સેવા આપી હતી અને મુંબઇમાં માંગરોળની બધી સંસ્થાઓમાં કમિટિના સભ્ય તથા ટ્રસ્ટી તરીકે અને અગ્રગણ્ય નેતા તરીકે શ્રેષ્ટ સેવા આપી હતી.

માંગરોળમાં અઠ્ઠાઈ ઘરના અત્તર વારણાનો સંઘ તેઓ તરફથી કાયમી થાય છે. તેઓ સંવત ૧૯૭૮ ના શ્રાવણ વદ બીજને બુધવારે સ્વર્ગવાસ પામ્યા હતા. મુંબઇ તથા માંગરોળમાં બંને સ્થળે શોક સભાઓ ભરવામાં આવી હતી.

## સ્વ. શેઠ ત્રીભોવનદાસ કેશવજી

સ્વ. શેઠ ત્રીભોવનદાસ કેશવજીએ યુવાન અવસ્થામાં મુંબઇમાં માંગરોળની બધી સંસ્થાઓમાં તેમજ માંગરોળના સ્થાનીક સંઘના ટ્રસ્ટી તરીકે ઘણા વરસ સુધી ઘણી જ

ઉત્તમ સેવાઓ આપી હતી. દીલના ઉદાર તેમજ દયાળુ હતા શક્તિ અનુસાર ગુપ્તદાન સારૂં કરતા હતા.

તેઓ સંવત ૧૯૯૮ વૈશાખ વદ ચોથે સ્વર્ગવાસ પામતાં મુંબઈની માંગરોળની બધી સંસ્થાઓમાં તેમજ માંગરોળના શ્રી સંઘમાં શોક પ્રદર્શીત ઠરાવો કરવામાં આવ્યા હતા. અને શ્રી માંગરોળના ભાઈઓએ શેઠ ત્રીભોવનદાસ કેશવજીની સેવાની કદર તરીકે એક સ્મારક ફંડ ઉભું કરી શેઠ ત્રીભોવનદાસ કેશવજીનો ઓઇલ પેન્ટ. ફોટો મુકયો હતો.

## સ્વ. શેઠ ભગવાનદાસ જેઠાભાઇ

શેઠ ભગવાનદાસ જેઠાભાઇ પણ મુંબઇની ઘણીખરી સંસ્થાઓના તથા શ્રી માંગરોળ સંઘના ઘણા વર્ષો સુધી ટ્રસ્ટી હતા. તેમના સ્વ. પત્ની **કમળાવંતીબ્હેનના** સ્મરણાર્થે શ્રી નવપલ્લન પાર્શ્વનાથ પ્રભુનો ચાંદીનો માંડવો તથા જ્ઞાન ભંડારમાં ઘણા કીંમતી પુસ્તકો અર્પણ કરેલા છે. તથા તેમના દાદા સ્વ. શેઠ રૂપજી ધનજીના નામે માંગરોળમાં શ્રી મહાવીર જન્મ વાંચન ભાદરવા શુદ એકમે તેમના તરફથી કાયમી સ્વામિવત્સલ થાય છે.

જ્ઞાતિ–જાતિના ભેદભાવ વગર કોઈપણ વ્યક્તિઓને ગુપ્તદાન છેલ્લા ઘણા વરસો થયા ચાલુ આપવામાં આવતું હતું.

તેમના તરફથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયને એક સ્કોલરના રૂપીયા ૧૦૦૦૦) દશ હજાર શેઠ ભગવાનદાસ જેઠાભાઈ ટ્રસ્ટ ફાઉન્ડેશન ફંડના નામથી આપવામાં આવ્યા છે.

તેઓ ઉચ્ચ કેળવણી આપવા માટે જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે એક સારી રકમનું ટ્રસ્ટ કરી ગયા છે.

તેઓ સંવત ૨૦૧૯ ના મહા શુદ ૧૨ ના રોજ સ્વર્ગવાસ થતાં તેમના માનમાં મુંબઈ તથા માંગરોળમાં શોકસભાઓ ભરવામાં આવી હતી.

## સ્વ. શેઠ ધીરજલાલ જાદવજી દેસાઈ

શેઠ ધીરજલાલ જાદવજી દેસાઈ શ્રી કોટના શાંતિનાથ મંદિરના અમુક વરસો સુધી ટ્રસ્ટી હતા તથા મુંબઈની માંગરોળની બધી સંસ્થાઓમાં કમીટીના સભ્ય તરીકે ખુબ ચાલુ સેવાઓ આપી હતી. કોટનો નવો ઉપાશ્રય બનાવવાના પ્રયાસોમાં તેમનો અથાગ પરિશ્રમ હતો. તેઓ શાંત પ્રકૃતિના-સાચા સલાહકાર હતા. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

## શેઠ પ્રેમજી નાગરદાસ

શેઠ પ્રેમજી નાગરદાસ મુંબઈ કોટના શ્રી સંઘના તથા મુંબઈની માંગરોળની બધી સંસ્થાઓના તથા માંગ-

રોળના શ્રી સંઘના ઘણા કુટુંબીજનોના તેઓ ટ્રસ્ટી હતા વૃધ્ધાવસ્થાને લઇને તેઓ હમણાં જ બધામાંથી નિવૃત થયા છે. હજુપણ માંગરોળના ઘણા કુટુંબોના તેઓ ચાલુ ટ્રસ્ટી છે. ટ્રસ્ટી તરીકે તેમની સેવાની કારકીર્દી અજોડ ને પ્રશંસાપાત્ર તથા ખૂબ ખૂબ વખાણવા લાયક છે. તેઓએ દરેક સ્થળેથી દરેક વ્યક્તિઓની સંપૂર્ણ પ્રીતી, પ્રેમ સંપાદન કરી ચિરઃ સ્મરણીય યશ પ્રાપ્ત કર્યો છે.

## શેઠ ચુનીલાલ કેશવજી.

સ્વ. પીતાશ્રી તથા સ્વ. વડિલ ભાઈની સેવાઓનો વારસો શેઠ ચુનીલાલ કેશવજીએ પ્રાપ્ત કર્યો છે. તેઓ મુંબઇ કોટ સંઘના પ્રમુખ, ટ્રસ્ટી તથા મુંબઈની માંગરોળની બધી સંસ્થાઓમાં પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રસ્ટી કે કમિટિના સભ્ય તરીકેના માનવંતા હોદાઓ શોભાવી રહ્યા છે.

તેઓનો તટસ્થ માયાળુ ને પ્રમાણિક સ્વભાવથી આજ માંગરોળના સમાજમાં તેઓ અગ્રગણ્ય સ્થાન શોભાવી બધાનો સંપૂર્ણ પ્રેમ પ્રાપ્ત કરી રહ્યા છે. પૂજ્ય મુનિ મહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) ના તેઓ ઘણા જ રાગી હોઇ, અપૂર્વ ભક્તિભાવ દર્શાવે છે. મહારાજશ્રીની વ્યાખ્યાન વાણી સાંભળવામાં તેઓ સંપૂર્ણ રસ ધરાવે છે.

એકંદરે ધાર્મિક શ્રદ્ધા તેઓના આત્મામાં બાળપણુથી તે અત્યાર સુધી પ્રકાશી રહી છે. તેઓ ઉચ્ચ કોટીના સાહીત્યના પુસ્તકો વાંચવાનો શોખ ધરાવે છે, ને ખૂબ વિચારક શકિત ધરાવે છે. માંગરોળના સ્થાનિક સંઘના છેલા પચીસ વરસ થયાં ચાલુ ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે.

## શેઠ કાંતીલાલ છગનલાલ

સ્વ. શેઠ ધરમસી હેમચંદના સીધા વારસદાર તેઓ શ્રીમાન સ્વ. શેઠ સવચંદ પ્રેમજીના પુત્ર સ્વ. શેઠ છગનલાલ સવચંદના પુત્ર થાય છે, શેઠ કાંતિલાલ છગનલાલ આજે માંગરોળની મુંબઈ માંહેલી ઘણી સંસ્થાઓમાં ટ્રસ્ટી, પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી તથા કાર્યવાહી કમિટિના સભ્ય તરીકે માનવંતા હોદાઓ ધરાવે છે. શ્રી માંગરોળ જૈન સંઘના ટ્રસ્ટી તરીકે ઘણા વર્ષો થયા ચાલુ છે. મુંબઈ બેઠા બેઠા માંગરોળ સંઘનું સુકાન બરાબર જાળવી રહ્યા છે. ઘણી વખત વિકટ પ્રસંગો ઉભા થાય તો તેમાં બાહોશીથી, બુધ્ધિ ચાતુર્ય દાખવી સૌને પસંદ પડે તેવો માર્ગ કાઢી સંસ્થાની નૌકા ચલાવી રહ્યા છે.

卐

# શેઠ નવિનચંદ્ર છમનલાલ કંપાણી

## રોકાબાદ સંયુક્ત કુટુંબીક જોડાણુ.

અમૃત શેઠાણી કંપાણી કુટુંબના પુત્રી હતા. અને તેમના પતિ કપુરચંદ શેઠ, શેઠ ધરમસી હેમચંદના પુત્ર હતા, કંપાણી કુટુંબ ને શેઠ કુટુંબનું આંહી સંયુકત જોડાણુ હતું.

હાલમાં નવીનચંદ્ર શેઠ કંપાણી કુટુંબના ત્યારે તેમના ધર્મપત્નિ અ. સૌ. સુશ્રાવીકા હીરામણીબેન શેઠ ધરમસી હેમચંદના કુટુંબના એટલે એકસો વરસ ઉપર ફરી સંયુકત કુટુંબીક જોડાણ થયું.

મનુષ્યનો ભાગ્યોદય શું બતાવે છે? ને કયાંનો કયાં લઇ જાય છે? તે દ્દષ્ટાંત શેઠ નવીનચંદ્રભાઈમાં દૃષ્ટિગોચર થાય છે. કયાં રંગુન? કયાં કલકત્તા? ને કયાં મુંબઇમાં શેઠ જમનાદાસ મોરારજીની પેઢીમાં જોડાવું? આ બધું મનુષ્યનો ભાગ્યોદય બતાવે છે. શેઠ જમનાદાસ મોરારજીની સાથે ઘણા સમય સુધી કાર્યકરી બહોળો અનુભવ મેળવ્યો. શેઠ જમનાદાસના સ્વર્ગવાસ બાદ પોતાની કુશાગ્રબુદ્ધિથી, બાહોશી પૂર્વક દિનપ્રતિદિન ખુબખૂબ આગળ વધતા વધતા તેમનો ભાગ્યભાનુ આજે સંપૂર્ણ પ્રકાશીત થઈ રહ્યો છે. આજે તેઓ એક કુશળ વ્યાપારી તરીકે ખ્યાત નામ થયા છે. શેર બજારની ડીરેકટરની બોર્ડમાં પણ તેઓ છે. વ્યાપાર

સાથે કુટુંબ સેવા, સામાજીક સેવા; ને ધર્મના દરેક કાર્યોમાં પણ સંપૂર્ણ રસ ધરાવે છે. મુંબઇની માંગરોળની સંસ્થાઓમાં ટ્રસ્ટી, પ્રમુખ, ઉપપ્રમુખ, કમિટીના સભ્ય વિગેરેનો માનવંતો હોદ્દો ધરાવે છે.

સાર્વજનીક સંસ્થાઓની અનામત મુડીની આવક વધે, તે માટે પોતાનો બહોળો અનુભવ જ્ઞાનનો લાભ બધી સંસ્થાઓને આપે છે જેથી સંસ્થાની આવકમાં સારો એવો વધારો થઈ શકે.

ધાર્મિક કાર્યોમાં શ્રેષ્ટમાં શ્રેષ્ટ કાર્ય કરવું તે તો તેમનું મુખ્ય કર્તવ્ય છે. મુંબઇમાં પૂજ્ય આચાર્યો મહારાજોના તથા વિદ્વાન મુનિ મહારાજોના સતત સંપર્કમાં રહે છે, શાસન પ્રભાવનાના કાર્યો પ્રતિષ્ઠા, પ્રભુ પધરાવવા, ધાર્મિક પુસ્તક પ્રકાશનો વિગેરેમાં અગ્રગણ્ય ભાગ લઇ–ઉત્તમ કોટીની સેવા તથા ભોગ આપે છે.

મુંબઈ કોટનો ઉપાશ્રય જે દેવદ્રવ્યનો દેવાદાર હતો તે માટે કોટના ટ્રસ્ટીઓ સાથે રહી તે દેવું ભરપાઇ કરાવવવાના કાર્યમાં તેમની અથાગ મહેનત હતી. કેળવણી ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, તથા ધાર્મિક ક્ષેત્રે–જાહેર તેમજ ગુપ્ત દાન ગંગા અસ્ખલીત પણે વહે છે.

તેમના ધર્મપત્નિ અ. સૌ. હીરામણિબેને ચેમ્બુરના દેરાસરમાં પ્રભુજીની એક પ્રતિમાજી પધરાવ્યા છે. તેમના

પતિના દરેક કાર્યમાં તેઓ પુરેપુરો સહકાર તથા સાથ આપી રહ્યા છે.

તેમના બેન ગં. સ્વ. ભાનુમતિબહેને પદ્માવતીદેવીની પ્રતિષ્ઠા કરી તથા બીજી પ્રતિષ્ઠા વિગેરે જે ધાર્મિક કાર્યો બ્હેને કર્યા તેમાં મુખ્ય કાર્યકર્તા શેઠ નવીનચંદ્ર જ હતા. મુંબઈની માંગરોળની બધી સંસ્થાઓના તથા ઘણા આગેવાન કુટુંબોમાં તેઓ એક સાચા સલાહકાર ને માર્ગદર્શક છે.

ભૂતકાળમાં સ્વર્ગવાસ થયેલા આપણા નેતાઓની જે ખોટ આપણને જણાતી હતી તેમાં તે ખોટ મહદ્અંશે શેઠ શ્રી નવીનચંદ્રભાઈથી પુરી પડી છે. તે માટે આપણે ગૌરવ લઇ શકીએ.

## શેઠ છોટાલાલ પ્રાણલાલ

શેઠ છોટાલ પ્રાણુલાલ મુંબઇની બધી સંસ્થાઓમાં સેક્રેટરી તથા કમિટીના સભ્ય તરીકે ઘણા વર્ષો થયા ચાલુ કામ કરે છે. તેઓ શાંત, ગંભિર ને મૂક કાર્યકર છે બોલવું થોડું ને કરવું ઘણું તે પ્રકૃતિના તેઓ છે. માંગરોળના સંઘના વર્ષો થયાં ટ્રસ્ટી તરીકે ચાલુ છે. અવસ્થાના કારણે તબીયતની અનુકુળતા બરાબર રહેતી નહીં હોવાથી નિવૃતમય જીવન ગાળે છે.

卐

## " આત્મકલ્યાણાર્થે "

## મંદિર, પ્રતિમાજીઓ, ઉપાશ્રય તથા સાધર્મિક ભકિત માટે લક્ષ્મીનો સદ્‌વ્યય કરનાર ભવ્યાત્માઓ

卐

## શ્રી શાંતિનાથ મંદિર અમતરાઈ

માંગરોલ અને જુનાગઢની વચમાં સાધુ–સાધ્વીના વીહારમાં વીસ માઈલ ઉપર આ ગામ આવે છે. આ ગામમાં **શેઠ જગમોહનદાસ કચરા અમુલખ** પારેખે પોતાની સ્વ. પત્નિ માનવંતીબહેનના પુણ્યાર્થે, ઉપાશ્રય, દેરાસર વિગેરે બાંધવા માટે સાધારણ ખાતે રૂપીયા ૨૮૪૦) બે હજાર આઠસો ચાલીસ આપ્યા હતા. પણ રૂા. ૩૫૦૦) પાંત્રીસો રૂપીયાનો ખર્ચ થવાથી વધારાના પૈસાનો ફાળો કરવામાં આવ્યો હતો. ફાળામાં માંગરોળવાસીઓએ પણ રકમો ભરી હતી.

આંહિં ઉપાશ્રય બનાવ્યા બાદ તેના અમુક ભાગમાં એક સુંદર નાનકડું સુશોભીત મંદિર બનાવવામાં આવ્યું છે. તેમાં મૂળનાંયક **શ્રી શાંતિનાથ પ્રભુ** ની પ્રતિષ્ઠા સ્વ. શેઠ વલ્લભજી મોરારજીના પુણ્યાર્થે તેમના ધર્મપત્નિ લાડકુંવર બ્હેને રૂા. ૮૦૧ આઠશો એકમાં સંવત ૧૯૯૮ ના ફાગણ શુદ ત્રીજે કરી હતી તથા જમણી બાજુ **શ્રી મહાવીર સ્વામી** રૂા. ૩૦૧ માં જુનાગઢવારા પટવા

દીપચંદ કલ્યાણજીના પુત્રવધુ પ્રભાકુવરબહેને પ્રતિષ્ઠા કરી હતી ને ડાબી બાજુ શ્રી શીતલનાથ પ્રભુ રૂા. ૩૦૧ માં જડાવબહેન તે વસનજી જેવંતના ધર્મપત્નિએ પ્રતિષ્ઠા કરી હતી. તથા ગભારા માટે રૂા. ૫૦૦) માનકુવરબહેન વસનજીએ સ્વ. પુત્રીના પુણ્યાર્થે આપ્યા હતા. રંગમંડપ માટે રૂપીયા ૫૦૧) શેઠ તારાચંદ ખીમજીએ આપ્યા હતા. પ્રતિષ્ઠા વખતે અઠ્ઠાઇ મહોત્સવ, શાંતિસ્નાત્ર વિગેરે માંગરોળના સંઘના ભાઈઓ તથા બીજા ભાઈઓ સાથે રહી ખર્ચ કર્યો હતો. **શેઠ રતિલાલ લીલાધર** તરફથી ધુંવાડાબંધ ગામ જમણ કરવામાં આવ્યું હતું. અમુક સમય સુધી માંગરોળનો શ્રી સંઘ વ્યવસ્થા કરતો હતો. હાલ અગતરાઇ સંઘ વ્યવસ્થા કરે છે. સાધારણ ખાતાની અનામત તિથિ મોટે ભાગે માંગરોળની છે.

## શ્રી મહાવીર જૈન મંદિર સોનગઢ.

સ્વ. પ્રસિદ્ધ વકતા પૂજ્ય મુનિ મહારાજશ્રી ચારિત્રવિજયજીના શ્રી માંગરોળના સંઘ ઉપર અનેક ઉપકારો છે. શ્રી સમેત શીખરજીની રચના સંવત ૧૯૪૯ શ્રી વંડીના દેરાસરની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૦. સ્ફટિક રત્નની પ્રતિમાવાળા ગોખલાની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૯ મહા તથા સ્વ. શેઠ સુંદરજી દેવચંદ વારા ચૌમુખજીની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૯ અષાડમાં તેઓશ્રીએ કરાવી હતી.

માંગરોળના શ્રી સંઘના દશા સોરઠીયા જ્ઞાતિના ધર્મિષ્ટ આગેવાન **શેઠ પાનાચંદ નાનજી**ના ધર્મપત્નિ ગં. સ્વ. સુશ્રાવિકા **શામુમાજી** પૂજ્ય ચારિત્રવિજયજી મહારાજના અત્યંત રાગીને પરમ ભકત હતા. પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી **શામુમાજી** એ સોનગઢમાં **પૂજ્ય ચારિત્ર-વિજયજી** મહારાજે સ્થાપેલ **શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમમાં** એક શ્રેષ્ટ સુશોભીત ભવ્ય જિનાલય **શ્રી મહાવીર જિન મંદિર** રૂપીયા પંદર હજારના ખરચે બંધાવી આપ્યું હતું. જેની પ્રતિષ્ઠા સંવત ૧૯૮૧ ના જેઠ શુદ પને બુધવારે પૂજ્ય મહારાજશ્રીની સાનીધ્યમાં શેઠ જુઠાભાઇ પાનાચંદના કુટુંબીજનોએ કરી હતી. તે નિમિતે અઠ્ઠાઈ મહોત્સવ, શાંતિસ્નાત્ર, સ્વામીવત્સલ વિગેરે કર્યું હતું જેનો ખર્ચ રૂપીયા પાંચ હજાર થયો હતો.

## મંદિરનો શિલાલેખ.

## શ્રી મહાવીર જૈન મંદિર.

દેશ–કાઠીયાવાડ મધ્યે સોનગઢ ગામે આવેલા "શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમ" માં દેશ–સોરઠ મધ્યે માંગરોળબંદરના રહીશ સોરઠીયા જ્ઞાતીય પારેખ પાનાચંદ નાનજીની ભાર્યા વિધવા બાઇ શામુબાઈએ પોતાના પુત્ર ઉત્તમચંદ તથા જુઠાભાઈ પાનાચંદ તેમજ જુઠાભાઇના સુપુત્ર દેવીદાસ તથા નગીનદાસ વિગેરે કુટુંબના કલ્યાણાર્થે

પન્યાસ ગંભીર વિજયજી મહારાજના શીષ્ય પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજશ્રી ચારિત્રવિજયજી મહારાજના ઉપદેશથી આ જિન મંદિર બંધાવીને તેમના હસ્તક શ્રી મહાવીર સ્વામીની પ્રતીષ્ઠા સંવત ૧૯૮૧ ના જેઠ શુદ ૫ મે કરાવી શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમને અર્પણ કરેલ છે.

આ મંદિરના મૂળનાયક **શ્રી મહાવીર સ્વામી** ના બિંબ કચ્છ નળીયાવાળા શેઠ નરસી નાથા ચેરીટી ફંડના ટ્રસ્ટીઓએ તથા શ્રી નમીનાથ પ્રભુ અને નેમનાથ પ્રભુના બિંબ કચ્છ કોઠારાવાળા શેઠ નરસી કેશવજી તરફથી વગર નકરે અર્પણ કરેલ છે.

વિક્રમ સંવત ૧૯૮૧–વીર સંવત ૨૪૫૧— ઇ.સ. ૧૯૨૧

卐

# "થાણા"

### મૂળનાયક

## શ્રી મુનિ સુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા

બાર લાખ વર્ષ પહેલા ભગવંત શ્રી મુનિ સુવ્રત સ્વામીના શાસન કાળમાં આ થાણા નગરી વિદ્યમાન હતી.

શાશ્વતી થી નવપદજીની ઓળીની આરાધના કરનાર **શ્રીપાળ મહારાજા** તથા **મયાણા સુંદરીને** ધવલ શેઠના પ્રસંગોથી આ શહેર પ્રખ્યાતી પામેલ છે.

આ શહેરમાં એક નૂતન, કળામય, દેદીપ્યમાન, અલૌકીક, ભવ્ય શિખર બંધી જિનાલય સંવત ૨૦૦૪ માં બંધાઇને તૈયાર થઇ ગયું હતું. મંદિરની મધ્યમાં નવપદજીનું માંડલું અતિ સુંદર કળામય રીતે બનાવેલું છે. વચ્ચે વચ્ચ આરસના રંગીન કમળના પાન છે. જેમાં શ્રી અરિહંત પ્રભુના સ્થાને ચૌમુખજી બીરાજે છે. તથા સિદ્ધ ભગવંત આચાર્ય મહારાજ, ઉપાધ્યાય મહારાજ અને સાધુ તેની સૌ સૌના વર્ણ પ્રમાણે મૂર્તિઓ પધરાવેલ છે.

આ સ્વર્ગીય મંદિરના મૂળનાયક **શ્રી મુનિ સુવ્રત સ્વામી** ની પ્રતિમા માંગરોળવારા સ્વ. શેઠ અભેચંદ કલ્યાણજીના સુપુત્ર **શેઠ નેમીદાસ અભેચંદે** તૈયાર કરાવી સંવત ૨૦૦૪માં વઢવાણમાં આચાર્ય દેવેશ શ્રીમદ્ **વિજય નેમિસૂરીશ્વર** મહારાજના પવિત્ર હસ્તકમળે અંજન શલાકા વિધિ કરાવવામાં આવ્યો હતો.

પ્રતિષ્ઠાનું મૂહુર્ત સંવત ૨૦૦૫ના મહા શુદ પાંચમનું હતું. પ્રતિષ્ઠા પૂજ્યપાદ આચાર્ય દેવેશ **શ્રીમદ્ વિજયપ્રતાપ-સૂરીશ્વરની** સાનીધ્યમાં તેમના શુભ હસ્તે કરાવવાની હતી. તેઓ**શ્રી** વડોદરામાં બીરાજતા હતા. અને પ્રતિષ્ઠા આડે

ફકત એક જ મહીનો હતો. વૃદ્ધ અવસ્થાએ વડોદરાથી ઉગ્રવીહાર કરી ફકત ૨૭ સત્તાવીસ દીવસમાં થાણા પધાર્યા હતા.

મહા શુદ પાંચમના દિવસે ૧૦૮ એકસો આઠ બળદનો રથ જોડી રથમાં પ્રભુને પધરાવી આખા ગામમાં વરઘોડો ફર્યો હતો.

ત્યારબાદ શુભ મૂહુર્તે **આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરની** સાનીધ્યમાં તેમના અભિમંત્રીત વાસક્ષેપથી **શેઠ નેમીદાસ અભેચંદ** તથા તેમના ધર્મપત્નિ **પ્રભાવતીબ્હેને** સજોડે તેમના શુભ હસ્તે પ્રભુજીને પધરાવવાનો મહાન લાભ લીધો હતો. જે વખતે ઘણા લાંબા વખત સુધી પ્રભુજીના નયનોમાંથી અમી વરસ્યા હતા તથા કંપાઉંડમાં એક સર્પ લગભગ પાંચ કલાક સુધી દેખાઇ અદ્દશ્ય થયો હતો.

# સવાઈ કુટુંબ

## પ્રતિમાજી પધરાવ્યા.

ઉપાશ્રય માટે દાન રૂા. ૪૧૦૦૦, સાધર્મિક ભક્તિ માટે આરોગ્ય ભુવન

## ભાગવતી પ્રવજ્યા.

શેઠ પ્રાગજી માણેકચંદ સ્વર્ગવાસ પામ્યા ત્યારે ફૂલચંદ શેઠની ઉમર એકવીસ વર્ષની હતી. બીજા ભાઈ જગજીવનદાસ સાથે રહેતા હતા ટુંક સમય બાદ શેઠ જગજીવનદાસને વૈરાગ્ય ભાવ જાગવાથી **ભાગવતી પ્રવજ્યા** સંવત ૧૯૭૦માં અંગીકાર કરી. તેમના બે પુત્રો શેઠ મુલજીભાઇ તથા શેઠ તુલસીદાસ વડિલ કાકા ફૂલચંદ શેઠ સાથે રહેતા હતા ધંધો પણ સાથે કરતા હતા. શેઠ ફુલચંદભાઈ સંવત ૧૯૯૩માં પચાસ વર્ષની ઉમરે સ્વર્ગવાસ પામ્યા હતા. તેમના જીવન કાળ દરમ્યાન તેઓ પ્રભુ પૂજા ધાર્મિક ક્રીયાકાંડ વિગેરે ઉચ્ચ કોટીનું ધાર્મિક જીવન ગાળતા હતા. સામાજીક સેવામાં તેમજ ધાર્મિકક્ષેત્રે નાની મોટી મદદ, જાહેર તેમજ ગુપ્તરીતે સમયાનુસાર કરતા હતા. તેઓ શાંત પ્રકૃતિના, શ્રધ્ધાવાન હતા, તેઓએ આબુ કેશરીયાજી, પાલીતાણા, ગીરનાર, તારંગા ભોયણી વિગેરે સ્થળોએ કુટુંબ સહીત યાત્રા કરી હતી.

## પ્રતિમાજી પધરાવ્યા.

તેમના ધર્મપત્નિ સુશ્રાવિકા લાભકુવરબહેને રાજસ્થાનનાં ડુંગરપુર જીલ્લાના **સાગાવાડા** ગામમાં **શ્રી શાંતિનાથ પ્રભુ** તથા મુંબઈના **ચેંબુર** ના મંદિરમાં **શ્રી મહાવીર સ્વામી** આ બંને પ્રભુજી પધરાવ્યા છે. તેઓ પણ શકિત અનુસાર ધર્મના અનુષ્ઠાનો તપ, જપ, દાન, ક્રિયાકાંડ સારી રીતે કરે છે. ધર્મ ભાવનાથી રંગાયેલા છે.

## ઉપાશ્રય માટે ૪૧૦૦૦)– એકતાલીસ હજાર.

શેઠ જગજીવનદાસના પુત્ર શેઠ મુલજીભાઈએ મુંબઈમાં ચેંબુરમાં ઉપાશ્રય બાંધવા માટે રૂા. ૪૧૦૦૦) એકતાલીસ હજારનું મોટી રકમનું દાન કરી અલભ્ય લાભ મેળવવા ભાગ્યશાળી થયા છે.

## સવાઇ આરોગ્ય ભુવન,

સ્વ. શેઠ ફુલચંદ પ્રાગજી સવાઈના પુણ્યાર્થે તેમના કુટુંબીજનો તરફથી માંગરોળના મૂર્તિપૂજક જૈન ભાઈઓને સસ્તા ભાડાના મકાનની રાહત મલે તે માટે માટુંગામાં કીંગ સર્કલ પાસે એક સુંદર આરોગ્ય ભુવન સંવત ૧૯૯૭ માં બાંધવામાં આવ્યું છે. જેનો લાભ સારી રીતે લેવામાં

આવે છે. વર્તમાન સમયમાં એક આશીર્વાદરૂપ આ સંસ્થા બની છે.

શેઠ જગજીવનદાસના બીજા પુત્ર **શેઠ તુલસીદાસ જગજીવન સવાઈમુંબઈની** માંગરોળની ઘણી જૈન સંસ્થાઓમાં ટ્રસ્ટી તથા કમિટીના સભ્ય તરીકે ઘણી જ સરસ સેવા આપી રહ્યા છે. તેઓ પણ દરેક ક્ષેત્રે દાનગંગા વહાવી રહ્યા છે. લગભગ એક લાખ રૂપિયા સુધી તેઓએ આજ દિવસ સુધી વાપર્યાનું જાણવા મળ્યું છે.

## શ્રી શાંતિનાથજી જૈન મંદિર કોટ ઉપાશ્રય

## જીર્ણોદ્ધાર માટે રૂા. ૮૦૦૧.

શ્રી કોટના ઉપાશ્રયનો બીજો માળ જીર્ણ થઈ ગયેલો હોવાથી તેનો જીર્ણોદ્ધાર કરાવવા માટે, સુશ્રાવિકા ચાંપાબહેન પ્રેમજી અભેચંદે રૂા. ૮૦૦૧) આઠ હજાર એક તેમના સ્વર્ગવાસી પતિ **શેઠ પ્રેમજી અભેચંદ** ના પુણ્યાર્થે આપી બીજા માળનો ઉપાશ્રય નવો કરાવી આપ્યો હતો.

卐

# પ્રસિદ્ધ વક્તા—લેખક—ચિંતક

# મુનિશ્રી ચિત્રભાનુ.

## મહારાજની ઉપદેશાત્મક અમૃતમય વાણીથી-લક્ષ્મીનો વરસેલો વરસાદ.

શ્રી મુંબઇ કોટનો ઉપાશ્રય નવો બંધાવતા. અમુક મોટી રકમનું દેવદ્રવ્યનું દેવું કરવું પડયું હતું. તે માટે શ્રી કોટનો સંઘ સતત્ ચિંતા મગ્ન રહેતો હતો.

સ્વ. આચાર્ય દેવેશ શ્રી ચંદ્રસાગર મહારાજના શિષ્ય પ્રસિધ્ધ વકતા મુનિ ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજનું સંવત ૨૦૧૮માં ચાતુર્માસ કોટમાં થતાં તેમની અમોઘ હૃદય સ્પર્શીઅમૃતમય વાણીના પ્રવાહથી કોટના ઉપાશ્રયના દેવદ્રવ્યના દેવા માટે—લક્ષ્મીનો વરસાદ—વરસ્યો. જનતાએ પૂજ્યશ્રીનો ઉપદેશ ઝીલી ક્ષણમાત્રમાં દેવાની રકમ ફાળામાં ભરાઈ ગઈ. તેમાં માંગરોળવાસી ભાઇઓએ પણ પોતાની યથા શકિત ફાળો આપ્યો હતો, જે નીચે મુજબ છે—

રૂા. ૧૫૦૧ શેઠ પ્રેમજી અભેચંદ

રૂા. ૧૫૦૧ „ પાનાચંદ પ્રેમજી

રૂા. ૧૫૦૧ ગં. સ્વ. ચાંપાબાઇ પ્રેમજી

રૂા. ૧૫૦૧ „ રળીયાતબેન પાનાચંદ

રૂા. ૧૫૦૧ શેઠ નીર્મળકાંત છગનલાલ કંપાણી

રૂા. ૧૫૦૧ ,, તુલસીદાસ જગજીવન સવાઇ

રૂા. ૧૫૦૧ ,, ઝવેરચંદ મોરારજી સુખડીયા

રૂા. ૧૦૦૧ સ્વ. શેઠ જાદવજી વીરજી દેસાઇ

રૂા. ૧૦૦૧ ,, નેમચંદ ભીમજી

રૂા. ૧૦૦૧ ,, છોટાલાલ કેશવજી

રૂા. ૧૦૦૧ ,, જગમોહન છગનલાલ કંપાણી

રૂા. ૧૦૦૧ શેઠ મુલજી જગજીવન સવાઈ

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ઉચ્ચ અભ્યાસ માટે**

રૂા. ૧૦૦૦૦ સ્વ. શેઠ દેવીદાસ કહાનજી ટ્રસ્ટ ફંડ એક વિદ્યાર્થી.

રૂા. ૨૨૦૦૦ શેઠ આતમચંદ રણછોડ, ત્રીભોવનદાસ વલભદાસ ટ્રસ્ટ ફંડ–બે વિદ્યાર્થી.

રૂા. ૧૦૦૦૦ શેઠ અમરચંદ તલેકચંદ ટ્રસ્ટ ફંડ એક વિદ્યાર્થી.

રૂા. ૧૦૦૦૦ શેઠ ભગવાનદાસ જેઠાભાઇ ટ્રસ્ટ ફાઉન્ડેશન ફંડ–એક વિદ્યાર્થી.

પ્રાથમિક તથા માધ્યમિક અભ્યાસ માટે પાલીતાણા યશોવિજયજી જૈન ગુરૂકુળમાં શેઠ હેમચંદ અમરચંદ તરફથી રૂા. ૧૨૫૦૦. નીચે દર્શાવેલા નામે આપ્યા છે.

રૂા. ૫૦૦૦ સ્વ. સુંદરબેન તલેકચંદ બે વિદ્યાર્થી.
રૂા. ૨૫૦૦ જવલબેન હેમચંદ એક વિદ્યાર્થી.
રૂા. ૫૦૦૦ સુંદરબેન તલેકચંદ એક વિદ્યાર્થી.

## મુંબઈ નિવાસી

## શ્રી માંગરોળ જૈન (તપગચ્છ) સંઘ મુંબઈ.

( મુંબઇમાં વસ્તા માંગરોળ નિવાસીઓએ મુંબઈમાં ઉપલી સંસ્થા સ્થાપી છે. )

## સંઘના ઉદેશો.

( શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના સિદ્ધાંતો અનુસાર )

(૧) જૈન ધર્મના સિધ્ધાંતનો પ્રચાર કરવો. તથા ધાર્મિક કાર્યોમાં મદદ કરતાં થવું.

(૨) જ્યાં દહેરાસરો ઉપાશ્રયો, અને ધાર્મિક પાઠશાળાઓની જરૂરીયાત હોય ત્યાં તે કરાવી આપવા. અને જ્યાં તે હોય ત્યાં બની શકતી સહાય કરવી.

(૩) જિન પ્રતિમાઓની દરરોજ કરાતી પૂજા આંગીમાં વપરાતી ચીજ વસ્તુઓની સહાયતા કરવી, પૂજા ભણાવવી, આંગી રચાવવી અને તેમાં જોઈતા સાધનો જેવાં કે પૂજાની ચોપડીઓ, સાપડાઓ અને વાજીંત્રો વિગેરેની જરૂર પ્રમાણે બની શકતી સગવડતા કરી આપવી.

(૪) ધાર્મિક પુસ્તકો, અગર ચિત્રો પ્રસિધ્ધ કરી અથવા આવા પુસ્તકો, ચિત્રો તથા ધાર્મિક ઉપગરણોના પ્રભાવના અથવા લ્હાણી દ્વારા જાહેર જનતામાં જૈન ધર્મનો તેના સિધ્ધાંતોનો અને તેના સાહીત્યનો પ્રચાર કરવો અથવા જે કરતાં હોય તેને સહાય કરવી.

(૫) જે કોઇ જૈન દીક્ષા અંગીકાર કરતો હોય, તેને સન્માન અનુમોદના માટેના કાર્યો કરવા અને આવા થતા કાર્ય માટે દરેક પ્રકારની મદદ કરવી.

(૬) પૂજ્ય સાધુ, સાધ્વીજી, મહારાજોની વૈયાવચ્ચ તથા ભકિત કરવી અને જ્ઞાન દર્શન ચારિત્રની વિશુધ્ધ રીતે આરાધના કરે તે માટે યથાશકિત સહાયતા કરવી.

(૭) હાલના આપણા શુભ ખાતામાંથી તેમજ જો કોઇપણ વ્યકતી અગર ટ્રસ્ટ તરફથી શ્રાવક–શ્રાવિકાઓને સહાય કરવા તેમજ મદદરૂપ થવા છુટક અથવા અનામત રકમો મળે તો ધર્મ માર્ગમાં સ્થિર થાય. એ આશયથી તેઓ પગભર થાય તેવા કાર્યો કરવા અને તેવા કાર્યોમાં

સહાય કરવી ગૃહ ઉદ્યોગના સાધનો વસાવવા અને તેવા સાધનોની સગવડતા કરી આપવી, અગર તો આર્થીક સહાયતા કરવી.

(૮) સ્વધર્મી સ્વામિવાત્સલ્ય કરવું, સ્વામિવાત્સલ્ય એટલે કે સ્વધર્મને માનનાર તથા સ્વધર્મ પાળનારાઓને ભોજન કરાવવું અથવા ખાદ્ય પદાર્થોની લ્હાણી કરવી. પર્યુષણ પર્વમાં તપશ્ચર્યા દ્વારા ધર્મની આરાધના, પૌષધ, વ્યાખ્યાન શ્રવણ, પૂજાઆદિ, ધાર્મિક અનુસ્ઠાનોની આરાધનાઓમાં સ્વધર્મીઓને વિશેષ સહાયભૂત થવા નિમિત્તે અને ઘરમાં થતાં આરંભ સમારંભ કરવામાંથી તપસ્વીઓ દૂર રહે. તે માટે અત્તરવારણા અને પારણાની તેઓને સગવડતા મલે તે માટે સંઘ જમણ કરવા અથવા આયંબીલ એકાસણા વિગેરે કરાવવા.

ઉપર પ્રમાણેનો ઉદેશો નકકી કરવામાં આવ્યા છે. બૃહદ્ મુંબઈમાં વસતા માંગરોળના મુળ વતની જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘના ભાઇઓ કે જેઓની ઉમર ૧૮ અઢાર વર્ષની થઇ હશે તેઓશ્રી સંઘના સભ્ય ગણાશે ને તેને સંઘની સભામાં મત આપવાનો અધિકાર રહેશે.

મુંબઈના શ્રી સંઘે બનાવેલા છેલ્લા વસ્તીપત્રક પ્રમાણે મુંબઇમાં માંગરોળ નીવાસીઓના ૨૪૬ બસો છેતાલીસ ઘરો છે ને આશરે ૧૩૬૦ તેરસો સાઠ માણુસની માંગરોળ નીવાસીની વસ્તી છે. મળેલી સભાના પ્રમુખ નવીનચંદ્ર છગનલાલ કંપાણી.

# મુંબઇના શ્રી માંગરોળ જૈન સંઘના

## અનામત ફંડો.

૧૨૩૨૩] શ્રી મેસાણી સંઘ અનામત ફંડ, જેના વ્યાજમાંથી શ્રી સંઘને યોગ્ય લાગે તે સમયે સંઘ જમણનો ખરચ કરવામાં આવે છે.

૫૦૦૦] સ્વ. શેઠ મોરારજી જુઠાભાઇ હોઃ શેઠ જમનાદાસ મોરારજી અઠ્ઠાઈ ઘરના પારણા તથા સ્વામિવત્સલ અનામત ફંડ.

૫૦૦૦] સ્વ. શેઠ નેમચંદ ભીમજી ભાદરવા શુદ ૧] એકમના સ્વામીવત્સલ અનામત ફંડ.

૨૦૦૧] સ્વ. શેઠ મોરારજી મુલજીની દીકરી બાઇ જડાવના ભાદરવા શુદ ૫]ના પારણા અનામત ફંડ.

૨૦૦૧] શુભ ખાતું અનામત ફંડ જેના વ્યાજમાં સ્વામીભાઇઓને અગર યોગ્ય લાગે તેવી રીતે મદદમાં ખર્ચાય છે.

૧૦૦૦૦] સ્વ. ચાંપાબેન પ્રેમજી તથા રળીયાતબેન પાનાચંદ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શેઠ પ્રેમજી નાગરદાસ, શેઠ નવીનચંદ્ર છગનલાલ કંપાણી તથા શેઠ હીરાલ સોમચંદ તરફથી દશ હજાર રૂપીયા

અનામત રાખી તેના વ્યાજમાંથી જૈનભાઇ–બહેનોને મદદ આપવી.

ઉપર પ્રમાણેના ખાતાઓનો સુંદર વહીવટ થઇ રહ્યો છે.

## મુંબઇના માંગરોળ સંઘના ચાલુ ટ્રસ્ટીઓ.

(૧) શેઠ પ્રેમજી નાગરદાસ, (૨) શેઠ ચુનીલાલ કેશવજી, (૩) શેઠ નવીનચંદ્ર છગનલાલ, (૪) શેઠ પ્રવીણચંદ્ર હેમચંદ, (૫) શેઠ તુલસીદાસ જગજીવન.

## મુંબઇના માંગરોળ સંઘની ચાલુ કાર્યવાહી સમિતી

(૧) શેઠ પ્રેમજી નાગરદાસ (પ્રમુખ), (૨) શેઠ ચુનીલાલ કેશવજી ઉપપ્રમુખ, (૩) શેઠ છોટાલાલ પ્રાણલાલ માનદમંત્રી, (૪) શેઠ શાંતિલાલ છોટાલાલ અંદેરજી માનદમંત્રી.

## કમિટિના સભાસદો.

(૫) શેઠ નવીનચંદ્ર છગનલાલ (૬) શેઠ પ્રવીણચંદ્ર હેમચંદ (૭) શેઠ ભગવાનદાસ રામચંદ (૮) શેઠ કાંતિલાલ છગનલાલ (૯) શેઠ તુલસીદાસ જગજીવન (૧૦) શેઠ ધીરજલાલ જાદવજી (૧) શેઠ હીરાલાલ સોમચંદ (૧૨) શેઠ નરોત્તમદાસ પ્રેમજી (૧૩) શેઠ ચુનીલાલ છોટાલાલ (૧૪)

શેઠ નરોત્તમ વૃજલાલ (૧૫) શેઠ નરોત્તમ મૂલજી (૧૬) શેઠ હીમતલાલ ભગવાનદાસ (૧૭) શેઠ અમૃતલાલ ગુલાબ-ચંદ (૧૮) શેઠ પ્રભુદાસ જાદવજી (૧૯) શેઠ મોહનલાલ હરખચંદ (૨૦) શેઠ પ્રવીણચંદ્ર લક્ષ્મીચંદ (૨૧) શેઠ ગંગાદાસ સવચંદ (૨૨) શેઠ કુમુદચંદ્ર નેમચંદ.

# "બૃહદ્ અષ્ટાદશ અભિષેક"

## મ્હોટા અઢાર અભિષેક.

આ અઢાર અભિષેકનું વિધાન પ્રચલિત, વિશિષ્ટ ક્રીયાકાંડોમાંનું એક છે.

જિનબિંબ અને પટો વિગેરેના વિશુદ્ધિકરણ માટે આ વિધાન મહત્વનું ગણાય છે. અંજન શલાકા થયેલા બિંબો જ્યારે એક સ્થળેથી બીજે સ્થળે વાહન વિગેરેમાં લઈ જવાયા હોય. બિંબોને લેપ કરાવ્યો હોય સકારણ કેટલાક સમય બિંબો અપૂજનીય રહ્યા હોય. આશાતનાઓ થઇ હોય વિગેરે સર્વ પ્રશંગે આ વિધાન કરાય છે. તેથી દોષ, અશુદ્ધિ, આશાતના આદિ દૂર થાય છે, ને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. યોગ્ય રીતે ક્રિયાવિધિની યથોક્ત શુધ્ધિ સાચવવા પૂર્વક આ વિધાન થાય છે.

આ અઢારે અભિષેકો જુદી જુદી વસ્તુઓના થાય છે જેનું વિગતવાર વર્ણન નીચે આપવામાં આવેલ છે.

આપણામાં જ્યારે બૃહદ્ શાંતિસ્નાત્ર તથા શાંતિસ્નાત્ર થાય છે. તે તો ફક્ત દેશમાં, સંઘમાં કે કુટુંબમાં, ઉપસર્ગો, વિઘ્નો, રોગો વિગેરે થયા હોય તેની શાંતિ માટે થાય છે. તેમાં બધા અભિષેકોમાં ફક્ત ન્હવણનું પંચામૃત એકલુંજ વપરાય છે. ત્યારે આ અઢાર અભિષેકોમાં શ્રેષ્ટ કીંમતી અનેક પ્રકારની ઔષધીઓ વપરાય છે જે અભિષેકો ફક્ત જિન બિંબો, દેવદેવી તથા પટોમાં જ થાય છે. જે અભિષેકોના નામો તથા વસ્તુઓના નામો નીચે દર્શાવવામાં આવ્યા છે તે અવશ્ય વાંચવા જેવા છે.

## અઢાર અભિષેકો.

પહેલો અભિષેક : **સોનાના વરખનો** : પવિત્ર જળમાં સોનાનો વરખ નાંખી તેનો અભિષેક કરવો.

બીજો અભિષેક : **પંચરત્ન ચૂર્ણનો** : પાંચ જાતિના રત્નો, મોતિ, સોનું, રૂપું, પ્રવાલ અને તાંબુ તેનું ચૂર્ણ કરી જળમાં નાંખી અભિષેક કરવો.

ત્રીજો અભિષેક : **કષાયચૂર્ણ** : આ કષાય ચૂર્ણમાં નીચેની સોલ જાતની વનસ્પતી આવે છે (૧) **પીપર (૨) પીપલી (૩) સીરીષ (૪) ઉંબર (૫) વડ (૬) ચંપક**

**(૭) અશોક (૮) આમ્ર (૯) જંબુ (૧૦) બકુલ (૧૧) અર્જુન (૧૨) પાટળ (૧૩) બીલી (૧૪) દાડમ (૧૫) કેસુડાં (૧૬) નારંગ.**

આ સોલ વનસ્પતિઓનું ચૂર્ણ કરી જળમાં નાંખી અભિષેક કરવો.

ચોથો અભિષેક : **મંગલમૃતિકા ચૂર્ણ** : (આઠ જાતની માટીનું ચુર્ણ) આ આઠ જાતની માટીના નામો (૧) હાથીના દાંતની (૨) બળદના શીંગડાની (૩) પર્વતની (૪) ઉદેહીની (૫) નદીના કાંઠાની (૬) નદીઓના સંગમની (૭) સરોવરની (૮) તીર્થની આ આઠ જાતીની માટીના જળથી અભિષેક કરવો.

પાંચમો અભિષેક : **પંચામૃત અભિષેક** : દુધ, દહીં, ઘી, સાકર ને પાણી આ પાંચ વસ્તુઓ ભેગી કરી તેનો અભિષેક કરવો.

છઠ્ઠો અભિષેક : **શતમુલિકા ચુર્ણ** : આ શતમુલિકામાં સો જાતિની વનસ્પતીના મુળ લેવા અથવા એકવીસ જાતની વનસ્પતિના મુળ લેવા તેના નામો (૧) શતાવરી (૨)

સહદેવી (૩) કુંઆરી (૪) વાળો (૫) મોટી રીંગણી (૬) નાની રીંગણી (૭) મયુરશીખા (૮) અંકોલ (૯) શંખાહોળી (૧૦) લક્ષ્મણા (૧૧) આજોકાજો (૧૨) થોહર (૧૩) તુલસી (૧૪) દમણો (૧૫) ગળો (૧૬) કુંબી (૧૭) સરપંખો (૧૮) રાજહંસી (૧૯) પીલવણી (૨૦) શાલવણી (૨૧) ગંધનોલી અથવા મહાનોલી અથવા સમુડો ડાભ પાનની જડ, દાડમની જડ, આસંધની જડ અને વાળો પાણીમાં નાંખી અભિષેક કરવો.

સાતમો અભિષેક : **કુષ્ઠાદિ અષ્ટક વર્ગ પહેલો** : આમાં (૧) ઉપલોટ (૨) લોદ્ર (૩) દેવદાર (૪) ખોરાસણી વજ (૫) ધરોનીલી (૬) જેઠીમધ (૭) મરડાશીંગી (૮) વરણાનું મુળ આ આઠ વસ્તુ જળમાં નાંખી અભિષેક કરવો.

આઠમો અભિષેક : **અષ્ટક વર્ગ બીજો** : આમાં (૧) મેદા (૨) મહા મેદા (૩) વેઉકંદ (૪) કંકોલ (૫) ખીરકંદ (૬) જીવક (૭) ઋષભક (૮) નખી મહા નખી પાણીમાં નાંખી અભિષેક કરવો.

ત્રણ મુદ્રાઓ : ઉપલા આઠ અભિષેકો કર્યા પછી ત્રણ મુદ્રાઓ, કરવી (૧) ગરૂડ મુદ્રા (૨) મુકતાશુકિત મુદ્રા (૩) પરમેષઠી મુદ્રા આ ત્રણ મુદ્રાઓ વડે પરમાત્મા ભગવંતનું આવ્હાન કરે-તેના શ્લોકો છે.

નવમો અભિષેક : **સદૌષધિ** : આમાં (૧) સહદેવી (૨) શતાવરી (૩) કુંઆર (૪) વાલો (૫) મોટી નાની રીંગણી (૬) મોરશીખા (૭) અંકોલ (૮) શંખાવલી (૯) લક્ષ્મણા (૧૦) આજોકાજો (૧૧) થોર (૧૨) તુલસી (૧૩) મરવો (૧૪) કુંભી (૧૫) ડાલી (૧૬) સરપંખો (૧૭) રાજહંસી (૧૮) પીઠવણી (૧૯) શાલવણી (૨૦) ગંધનોલી (૨૧) મહાનોલી, પાણીમાં નાંખી અભિષેક કરવો.

દશમો અભિષેક : **સુગન્ધી ઔષધી, સહસ્ત્રમુલિકા, સર્વૌષધી** : (૧) પિયંગુ (૨) હલદર (૩) વજ (૪) સુચા (૫) વાળો (૬) મોથ (૭) અતિકલી (૮) મુરમાંસી (૯) જટામાંસી (૧૦) ઉપલોટ (૧૧) એલચી (૧૨) લવીંગ (૧૩) તજ (૧૪) તમાલપત્ર (૧૫) નાગ કેશર (૧૬) જાયફળ (૧૭) જાવંત્રી (૧૮) કંકોલ (૧૯) સેલારસ (૨૦)

ચંદન (૨૧) અગર (૨૨) પત્રજ (૨૩) છેડ (૨૪) નખલા (૨૫) ઘઉલા (૨૬) કચુરે। (૨૭) વિરહાલી (૨૮) છડોલી (૨૯) મરચ કંકોલ (૩૦) વરધારે। (૩૧) આસંધિ (૩૨) વડીઔષધી (૩૩) સહસ્ર મુલી [આ બધી વસ્તુઓ સર્વૌષધીની છે] ૧ અંબર, ૨ વાલો, ૩ ઉપલોટ, ૪ કુષ્ટ, ૫ દેવદારૂ, ૬ મુરમાંસી, ૭ વાસ, ૭ ચંદન, ૯ અગર, ૧૦ કસ્તુરી, ૧૧ કપુર, ૧૨ એલચી, ૧૩ લવીંગ, ૧૪ જાયફળ, ૧૫ જાવંત્રી, ૧૬ ગૌરોચન, ૧૭ કેશર, આ સુગંધી ઔષધી છે. બધી ઔષધી પાણીમાં નાંખી અભિષેક કરવો.

અગ્યારમો અભિષેકઃ **સુગંધી સાચા પુષ્પો** : ફૂલો પાણીમાં નાંખી અભિષેક કરવો.

બારમો અભિષેક : **ગન્ધચૂર્ણ** : (૧) કેશર (૨) સુખડ (૩) અગર (૪) બરાસ (૫) કસ્તુરી (૬) ગોરોચન (૭) રતાંજલી (૮) કાચો હીંગળોક (૯) મરચ કંકોલ (૧૦) સોનાનો વરખ અથવા શીલાજીત, ઉપલોટ, કઠ—વાસ— કપુર એ પાંચ ચીજો લેવી પાણીમાં નાંખી અભિષેક કરવો.

તેરમો અભિષેક: **વાસક્ષેપ :** વાસક્ષેપને પાણીમા નાંખી અભિષેક કરવો.

ચૌદમો અભિષેક: **ક્ષીર ચન્દન અભિષેક :** દુધ ને ચંદન પાણીમાં નાંખી અભિષેક કરવો

પંદરમો અભિષેક: **કેશર ને સાકર :** સાકર ને કેશર જળમાં નાંખી અભિષેક કરવો.

સોલમો અભિષેક: **તીર્થોદક—જળ :** નદી-સરોવર અથવા એકસો આઠ કુવાના પાણીથી અભિષેક કરવો.

સત્તરમો અભિષેક: **કપુર :** કપુર જળમાં નાંખી અભિષેક કરવો.

અઢારમો અભિષેક: **કેશર, કસ્તુરી ચંદન :** પાણીમાં નાંખી અભિષેક કરવો.

આ અઢાર અભિષેકો થયા હવે **"બૃહદ્ અઢાર અભિષેકો"** માં નીચેના અભિષેકો વધારાના આવે છે.

(૧) ગાયના ઘી સાથે પંચામૃતથી અભિષેક કરવો.
(૨) ગાયના દુધ સાથે " " "
(૩) ગાયના દહીં સાથે " " "
(૪) શેરડીના રસ સાથે " " "
(૫) સર્વૌષધીથી " " "

પછી નીચેની વસ્તુઓથી પ્રભુને માર્જન [લેપ] કરવું.

૧ કપુર, ૨ વાસક્ષેપ, ૩ સર્વૌષધી, ૪ કસ્તુરી, ૫ અંબર, ૬ ગોરૂ ચંદન, ૭ ગાયનું દહીં, ૮ ગાયનું ઘી, ૯ ખડી સાકરનો ભુકો.

આ પ્રમાણે માર્જન [લેપ] કરીને પછી ગરમ પાણીથી પ્રભુને પખાલ-કરી ચીકાસ-લુછી નાખવી.

ત્યાર બાદ સમય હોય તો [૧૦૮] એકસો આઠ અભિષેક જળના કરવા ને સમય ન હોય તો આઠ અભિષેક જળના કરવા પછી અષ્ટપ્રકારી પૂજા, આરતી મંગળ દીવો શાંતિકળશ દેવવંદન વિગેરે કરવું.

આ અભિષેકોના પ્રત્યેક અભિષેકોના મહાપ્રભાવિક મંત્રો હોય છે તે મંત્રો બોલ્યા પછી વિધિપૂર્વક અભિષેકો થાય છે.

જ્યારે શાંતિસ્નાત્ર વિગેરેમાં નાની શાંતિ, સંતિકરં તિજયપહુત્ત નમિઊણ ને મોટી શાંતિની અમુક ગાથાઓ બોલાયા પછી અભિષેક થાય છે.

# લેપ ઓપની વસ્તુઓની નોંધ

પ્રભુજી ખંડીત થયા હોય તો તેને લેપ કરવાથી ખંડિત પણાનો દોષ નષ્ટ થાય છે. ને પછી લેપવાળી મૂર્તિ-પૂજનીકમાં ગણાય છે વર્તમાન કાળમાં ભારતભરમાં સેંકડો સ્થળે લેપ થાય છે. ને તે પૂજાય છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી નેમનાથ પ્રભુ ગીરનાર–શ્રી અજારા પાર્શ્વનાથ શ્રી ખરેજા પાર્શ્વનાંથ, વેરાવળમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ વિગેરે મહા ચમત્કારી સેંકડો મૂર્તિઓને લેપ થયો છે ને ચાલુ થાય છે ને તે શાસ્ત્રોકત વિધાન છે ને આચાર્ય દેવેશની સંમતી પૂર્વક કાર્ય કરવામાં આવે છે. આપણે ત્યાં લેપ ઓપનું જે કાર્ય કરવામાં આવ્યું તે આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયોદય સૂરીશ્વરજીની આજ્ઞાપત્રથી કરવામાં આવ્યું છે ને તે આજ્ઞાપત્ર આ પુસ્તકમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

## લેપમાં વપરાતી વસ્તુઓ.

લેપમાં કેટલાએક સ્થળોએ–મોતીની ખાખ તથા હીરાની ખાખ વાપરવામાં આવે છે અને કેટલાએક સ્થળે વાપરવામાં આવતી નથી.

### વસ્તુઓના નામો.

૧ છીપ, ૨ વ્હાઈટઝીન્ક, ૩ રૂમીમસ્તકી ઉંચામાં ઉંચી, ૪ ચંદ્રરસ, ૫ રાલ સારામાં સારો સફેદ, ૬ સુખડનું તેલ, ૭ અલસીનું તેલ, ૮ ગુલાબનું અત્તર.

## ઓપની વસ્તુઓ.

૧ એમરી સ્ટોન, ૨ કુખડી સ્ટોનના ટુકડા, ૩ સફેદ કુંજો અથવા તેના ટુકડા, ૪ કલઈની ખાખ, ૫ પોમ સ્ટોન.

ઉપર પ્રમાણે લેપ તથા ઓપમાં વસ્તુઓ વાપરવામાં આવે છે.

卐

## "જૈન ગણિતનું કોષ્ટક"

શ્રી માંગરોળ જૈન સંઘના જ્ઞાન ભંડારમાં પુસ્તક વિભાગમાં નં. ૨ બેનું **શ્રી ભગવતીસુત્ર** ભાગ પહેલાનું પુસ્તક છે. જેના પ્રકાશક શ્રી જિનાગમ પ્રકાશક સભાના સેક્રેટરી **મનસુખલાલ રવજીભાઇ મહેતા** છે તે પુસ્તકના પાના (૪૪) ચુમાલીસમા જૈનગણિત આપવામાં આવેલ છે જે જૈન સમાજની જાણ ખાતર આહીં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

## કોષ્ટક.

સમય—સૂક્ષ્મકાળ

અસંખ્ય સમયની—એક આવલીકા

સંખ્યાતી આવલીકાનો—એક ઉશ્વાસ

સંખ્યેય ઉશ્વાસનો—એક નિશ્વાસ

ઉશ્વાસને નિશ્વાસનો ભેગો મળેલો કાળ—એક પ્રાણ

સાત પ્રાણનો—એક સ્તોક

સાત સ્તોકનો—એકલવ

સત્યોતેરલવનો—એક મૂહૂર્ત

ત્રીસ મૂહૂર્ત—એક અહોરાત્ર (રાત્રિ દિવસ)

પંદર અહોરાત્ર—એક પખવાડીયું

બે પખવાડીયાનો—એક માસ

બે માસની—એક ઋતુ

ત્રણ ઋતુઓનું—એક અયન (છ માસ)

બે અયનનું—એક વર્ષ (સંવત્સર થાય છે)

પાંચ સંવત્સર વર્ષ—એક યુગ

વીસ યુગનું—એક સતવર્ષ [સો વર્ષ]

દશ સતવર્ષનું—એક સહસ્ર વર્ષ [એક હજાર]

સો સહસ્રવર્ષ—એક લક્ષ

ચોરાશી લાખ વર્ષનું—એક પુર્વાંગ

ચોરાશી લાખ પુર્વાંગનું—એક પૂર્વ

એક પૂર્વમાં ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦—આટલા વર્ષ થાય છે અર્થાત સાત શંકુ શૂન્ય મહાપદ્મ પાંચ નિખર્વ અને છ ખર્વ જેટલા તે વર્ષ છે.

ચોરાશી લાખ પૂર્વનું—એક ત્રુટિતાંગ

ચોરાશી લાખ ત્રુટીતાંગનું—એક ત્રુટીત
„ „ ત્રુટીતનું—એક અટટાંગ
„ „ અટટાંગનું—એક અટીટ
„ „ અટીટનું—એક અવવાંગ
„ „ અવવાંગનું—એક અવવ
„ „ અવવનું—એક હુહુકાંગ
„ „ હુહુકાંગનું—એક હુહુક
„ „ હુહુકનું—એક ઉત્પલાંગ
„ „ ઉત્પલાંગનું—એક ઉત્પલ
„ „ ઉત્પલનું—એક પદ્માંગ
„ „ પદ્માંગનું—એક પદ્મ
„ „ પદ્મનું—એક નલિનાંગ
„ „ નલિનાંગનું—એક નલિન
„ „ નલિનનું—એક અર્થ નિપુરાંગ થાય છે
„ „ અર્થ નિપુરાંગનું—એક અર્થનિપુર
„ „ અર્થ નિપુરનું—એક અચુતાંગ
„ „ અચુતાંગનું—એક અચુત
„ „ અચુતનું—એક નચુતાંગ
„ „ નચુતાંગનું—એક નચુત
„ „ નચુતનું—એક પ્રચુતાંગ
„ „ પ્રચુતાંગનું—એક પ્રચુત

„ „ પ્રયુતનું—એક ચુલિકાંગ
„ „ ચુલિકાંગનું—એક ચુલિકા
„ „ ચુલિકાનું—એક શીર્ષ પ્રહેલીકાંગ થાય છે
„ „ શીર્ષ પહેલીકાંગનું—એક શીર્ષ
પહેલીકા થાય છે

૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧૫૭૯૭૩૫૬૯૯૭૫૬૯૬૪૦૬૨
૧૮૯૬૬૮૪૮૦૮૦૧૮૩૨૯૬૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
૦૦૦૦૦૦૦૦૦—એક શીર્ષ પ્રહેલીકાના આટલા આંકડા થાય છે, આ શીર્ષ પ્રહેલીકા સુધીનો કાળ ગણીતથી જાણી શકાય છે અને સંખ્યેય છે ને તે પછીનો પણ સંખ્યેય કાળ છે પણ તે ગણીતથી જાણી શકાતો નથી માટે તે ઉપમાવડે જ્ઞેય છે.

卐

# "શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિના આધારે"

## સૂર્ય— તથા— ચંદ્ર ની સંખ્યા

અઢી દ્વીપમાં ૧૩૨ એકસો બત્રીસ **ચંદ્ર** અને ૧૩૨ એકસો બત્રીસ **સૂર્ય** છે, ૧૩૨ એકસો બત્રીસથી ૨૮ અઠ્ઠાવીસગુણા ૩૬૯૬ ત્રણ હજાર છસોને છનુ નક્ષત્રો હોય છે. ૧૩૨ એકસો બત્રીસથી ૮૮ અઠ્ઠાસી ગુણા ૧૧૬૧૬ અગ્યાર હજાર છસો ને સોલ ગ્રહો છે. અને ૧૩૨ અને એકસો બત્રીસ અને ૬૬૯૭૫૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦, ગુણુતા આવે તેટલા તારા છે. એ તારાની સંખ્યા ૮૮૪૦૭૦૦, ૦૦૦, ૦૦૦૦૦૦૦-૮૮ અઠયાસી લાખ ૪૦ ચાલીસ હજાર ૭૦૦ સાતસો કોડા કોડી છે.

મનુષ્યક્ષેત્રમાં ૧૩૨ એકસો બત્રીસ **ચંદ્ર** તથા **સૂર્યની** ગણત્રી આ પ્રમાણે છે– જંબુ દ્વીપમાં ૨ બે લવણ સમુદ્રમાં ૪ ચાર ધાતકી ખંડમાં ૧૨ બાર ત્યારબાદ દ્વીપ સમુદ્રમાં ત્રણ-ગણા કરીને પહેલાના ઉમેરવા એટલે ધાતકી ખંડમાં ૧૨×૩=૩૬ અને પહેલાના ૬ છ ઉમેરતાં **કાલોદધી** સમુદ્રમાં ૪૨ બેતાલીસ અને પુષ્કરદ્વીપમાં આ પ્રમાણે ૧૪૪ પણ અર્ધો દ્વીપ મનુષ્ય ક્ષેત્ર હોવાથી તેમાં ૭૨ આ રીતે અઢી દ્વીપ રૂપ મનુષ્ય ક્ષેત્રમાં (૨) (૪) (૧૨) (૪૨) (૭૨) થઈને ૧૩૨ સૂર્ય ચંદ્રની સંખ્યા થઇ. આ બધા સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા, ચર અસ્તિ છે.

મનુષ્ય ક્ષેત્રની બહાર અર્ધ પુષ્કરવર દ્વીપમાં-૭૨ સૂર્ય ચંદ્ર છે પુષ્કરવર સમુદ્રમાં ૪૯૨ સૂર્ય ચંદ્ર છે. વારૂણીવર સમુદ્રમાં ૫૭૩૬ સૂર્ય ચંદ્ર છે. આનાથી ૨૮ ગુણા નક્ષત્રો છે ૮૮ ગુણા ગ્રહો છે. અને ૬૬૯૭૫ કોડાકોડી ગુણા તારા છે આ બધા મનુષ્ય ક્ષેત્રની બહાર હોવાથી સૂર્ય ચંદ્ર આદિ સ્થિર છે.

પાંચમાં ક્ષીરવર દ્વીપમાં ૧૯૫૮૪ સૂર્ય ચંદ્ર છે ક્ષીરવર સમુદ્રમાં ૬૬૮૬૪-સૂર્ય ચંદ્ર છે. ઘૃતવર દ્વીપમાં ૨૨૮૨૮૮-સૂર્ય ચંદ્ર છે. ઘૃતવર સમુદ્રમાં ૭૭૯૪૨૪ સૂર્ય ચંદ્રની સંખ્યા છે. સાતમા ઇક્ષુવર દ્વીપમાં ૨૬૬૧૧૨૦ સૂર્ય ચંદ્ર છે. ઇક્ષુવર સમુદ્રમાં ૯૦૮૫૬૩૨, સૂર્ય ચંદ્ર છે એથી ૮૮ ગુણા ગ્રહ, ૨૮ ગુણા નક્ષત્ર અને ૬૬૯૭૫ કોડાકોડી ગુણા તારા છે આ બધા સ્થિર છે. આ પછી આઠમો નંદીશ્વર દ્વીપ આવે છે આમ તીરછોલોકમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્રો છે. અને છેલ્લે સ્વયં ભૂરમણ સમુદ્ર આવે છે. છેલ્લા દ્વીપ કે સમુદ્રના જેટલા સૂર્ય ચંદ્ર હોય તેને ત્રણે ગુણીને પૂર્વની બધી સંખ્યા ઉમેરવાથી તેટલા સૂર્ય ચંદ્ર તેની પછીના દ્વીપના તથા સમુદ્રના સમજવા.

卐

# ભક્તિયોગી 卐 જ્ઞાનયોગી

## વિશિષ્ટ-પ્રભાવિક-આત્માઓ.

(આની પહેલાં આગળના પાનાઓમાં મંદિર બાંધનાર, મૂર્તિ પધરાવનાર, ઉપાશ્રય માટે દાન કરનાર, સંઘની સંસ્થાઓની સેવા કરનાર, મહાનુભવોની સેવાની નોંધ લઈ અનુમોદના કરી છે, આંહીઆ મારી દષ્ટિએ મારી અંગત ભાવનાથી ફક્ત ભક્તિયોગ અને જ્ઞાનયોગમાં આત્મ-કલ્યાણ સાધનાર ભવ્યાત્માઓની કાર્યવાહીની ટુંક-રૂપરેખા દર્શાવવામાં આવી છે.)

### સ્વ. શેઠ રૂપજી ધનજી

**શેઠ રૂપજી ધનજી** મુંબઈમાં શેર બજારની સ્થાપના થઈ ત્યારે તેમાં પાંચ રૂપીયા સભ્ય ફી ભરી દલાલ તરીકે જોડાયા હતા તે યુગમાં દલાલની સભ્ય ફી પાંચ રૂપીયા હતી જે વધીતે પચાસ હજાર રૂપીયા સુધી સભ્ય ફીના થયા હતા, વર્તમાનમાં પણ પંદરથી વીસ હજાર છે.

દલાલીના ધંધામાંથી નીવૃત થઇ સંવત ૧૯૫૫ લગભગ માંગરોળમાં રહેવા લાગ્યા. તેઓ પ્રભુપૂજાનાં ભક્તિયોગી અખંડ ઉપાસક હતા. **શ્રી નવપલ્લવ પ્રભુની** પૂજામાં રોજ ત્રણ-ત્રણ ચાર-ચાર કલાક ગાળતા હતા. સવારના નવ વાગ્યામાં મંદિરે આવે તે બાર વાગ્યા સુધી

ભક્તિયોગમાં તલ્લીન રહેતા. તેમને પ્રભુની પુષ્પ–પૂજા તથા ભવ્ય આંગી રચવાનો અત્યંત ભાવ થતો. રોજ પ્રભુના કંઠથી તે નાભી સુધીની ફૂલની માળાઓ કરાવતા પલાઠી, મુગટ, કુંડલ પાખર વિગેરે ફૂલોથી ભરી દેતા ત્યારબાદ ચૈત્યવંદનાદિ ભાવપૂર્વક ઉત્કૃષ્ટ રીતે કરતા.

આવી ભવ્ય આંગી રચના ભવિષ્યમાં કાયમ ચાલુ રહે તે માટે તેણે **શેઠ ગુલાબચંદ વલભજી** તથા **શેઠ માણેકચંદ વલભજી** ને ઉપદેશ આપી; આંગી રચવામાં નિષ્ણાત બનાવ્યા. બંને ભાઈઓ યુવાન તેમજ ગર્ભશ્રીમંત તથા શેઠ કુટુંબના હોવા છતાં તેઓ બંને ભાઇઓ રૂપજી શેઠને પિતાતુલ્ય વડિલને એક ગુરૂ તરીકે બહુમાન કરતા. **શેઠ રૂપજી ધનજીના** સ્વર્ગવાસ બાદ શેઠ માણેકચંદે આ પુષ્પ પૂજાનો તથા આંગીનો કાર્યક્રમ અખંડ રીતે જીવનના અંતના છેલ્લા એકાદ વર્ષ પહેલા સુધી કાયમ રાખી માનવ ભવનું સાર્થકતા કરી ગયા. શેઠ માણેકચંદ વલભજીએ આ ભવ્ય આંગી રચના માટે શેઠ રતિલાલ લીલાધરના ભાઈ **શેઠ લલુભાઇ લીલાધરને** તૈયાર કર્યા. તેઓ આજે ભવ્ય આંગી રચવામાં એક નિષ્ણાત અનુભવ સિદ્ધ છે. આ પ્રમાણે **શેઠ રૂપજી ધનજીની** આંગી રચનાની ભાવના તેમના સ્વર્ગવાસ બાદ પણ અવ્યાબાધ પણે હજુ ચાલુ છે.

રૂપજી શેઠ બારએક વાગે મંદિરથી આવી જમી-પરવારી એકાદ કલાક આરામ કર્યા પછી જ્ઞાનની પ્રત કે

પુસ્તક લઈ વાંચન, ચિંતન, ને મનન કરતા. તેઓનો જ્ઞાનાભ્યાસ અસાધારણ ઉંડો હતો. ઘણા સાધુ–મહારાજો જ્ઞાનાભ્યાસ કરવા આવતા, સ્વ. ચારિત્રવિજયજી મહારાજે પણ સારા તત્વજ્ઞાનના વિષયની તેઓ પાસે ચર્ચા–વિચારણા કરી હતી.

ગામમાંથી શ્રાવકો તથા વિદ્યાર્થીઓ વિગેરે શીખવા ચર્ચા કરવા આવતા. રૂપજી શેઠે જ્ઞાનના ઘણા કીમતી પુસ્તકો વસાવી એક સારો જ્ઞાન ભંડાર ધરાવતા હતા. શ્રી સંઘનો જ્ઞાન ભંડાર પણ તેમની હૈયાતી સુધી તેમની દેખરેખ નીચે હતો.

સાયંકાળનું પ્રતિક્રમણ કર્યા બાદ રાત્રીના પણ શ્રાવકો આવતા ત્યારે કલાકો સુધી જ્ઞાનની ચર્ચા થતી.

તેઓ સંઘની, ન્યાતની, મહાજનની સભાઓમાં અસાધારણ સંજોગોમાં કવચીત જ ભાગ લેતા, સામાજીક કાર્યક્ષેત્ર તદ્દન અલગ રહેતા.

તેમના પુત્ર શેઠ જેઠાભાઈ તથા મુંબઈના શેરબજારના અમુક શેઠીયાઓ શેઠ ધનજી ચત્રભુજ, શેઠ કેશવજી દેવજી વિગેરે માંગરોળમાં ભેગા થાય ત્યારે બપોરના સમયમાં રાસ વાંચવામાં આવે. શેઠ ધનજી ચત્રભુજ ફીડલ ઉપર પોતાના મીઠા આલ્હાદજનક સુરથી રાગ રાગણી સહિત જ્યારે સમરાદિત્ય કેવળીનો રાસ વાંચતા, ત્યારે સાંભળ-

નારાઓ આશ્ચર્ય મુગ્ધરીતે સાંભળવામાં તલ્લીન થતા. તે સમયે **રૂપજી શેઠ** રાસનો ભાવાર્થ સભાને સમજાવતા તે મારા બાળપણાના સંસ્મરણો હજુ પણ મારી નજર સામે તરવરે છે.

**સ્વ. રૂપજી શેઠ** બહુજ શાંત પ્રકૃતિના, ભદ્રિક, પ્રેમાળને માયાળુ સ્વભાવના હતા. જ્યારે પણ જુઓ ત્યારે જ્ઞાનનું પુસ્તક તેના હસ્ત કમળમાં હોય જ.

જ્ઞાનનું પુસ્તક વાંચતે વાંચતે કોઈપણ જાતની માંદગી ભોગવ્યા વગર ફકત પાંચ મીનીટમાં આદેહ છોડી સ્વર્ગવાસી થયા.

## (૨) સ્વ. શેઠ સોમચંદ ઉત્તમચંદ.

## પાંચ હજાર પુસ્તકોનો અંગત માલિકીનો જ્ઞાન-ભંડાર.

શેઠ સોમચંદ ઉત્તમચંદનો જન્મ માંગરોળમાં થયો હતો. તેઓ છ ભાઈઓ હતા. સામાન્ય પ્રાથમીક કેળવણી લીધા પછી મુંબઈ ધંધાર્થે આવ્યા રૂપીયા ચારના પગારથી મુળજી જેઠા મારકેટમાં **શેઠ કરમચંદ કલ્યાણજી**ની દુકાનમાં નોકરીએ રહ્યા. અમુક વર્ષ સુધી કાપડની લાઈનમાં નોકરી કર્યા પછી તે છોડી દીધી ને શેર બજારમાં નોકરી કરવા

લાગ્યા. તે સમયમાં શેર બજાર "સોનાની નદી" જેવું ગણાતું. નોકરીમાં આગળ વધતે વધતે તેઓ શેર બજારના દલાલ થયા ને એકગર્ભ શ્રીમંત તરીકે તેની ગણના થવા લાગી.

એવામાં એકાએક કોઈ અશુભ કર્મના લીધે પાપોદયે ગંભીર માંદગીના બીછાને પટકાણા જીવન નૌકા મધ્યદરીયે ઝોલા ખાતી હતી આવા સંયોગોમાં જ મનુષ્ય માત્રને ધર્મ સાંભરે છે. સોમચંદ શેઠે પ્રતિજ્ઞા કરી કે જો આમાંથી હું સાજો થાઉં તો શ્રી સિદ્ધાચલની યાત્રા કરી દશ હજાર રૂપિયા ત્યાં વાપરવા, ભવિતવ્યતાના યોગે આત્મામાં ધાર્મિક જીવનની જ્યોત પ્રગટવાની હશે, જેથી તેમની પ્રતિજ્ઞા સફળ થઈ. ઉપચારો કરતાં કરતા શરીર સ્વાસ્થ્ય સારૂ થઇ નીરોગી થયા કે તુરત જ શ્રી સિધ્ધાચળની યાત્રાએ ગયા. ત્યા પૂજ્ય સાધુ સાધ્વી મહારાજોના સહવાસ થવા માંડયો. તે વખતે પાલીતાણામાં પૂજ્ય અમિવિજયજી મહારાજ બીરાજતા હતા. તેમની વૈરાગ્ય ભાવનાથી ભરપુર વાણી સાંભળી સંસારની અસારતા ને ભયાનકતાના સ્વરૂપની ઝાંખી સમજવામાં આવી જેથી ધર્મમાં આત્મા ઓતપ્રોત થઇ ગયો· પૂજ્ય મહારાશ્રીના ઉપદેશથી પાલીતાણામાં સાધુ-સાધ્વી, શ્રાવક–શ્રાવિકા વિગેરેમાં રૂપીયા દશ હજાર વાપર્યા અને પોતે સમ્યકત્વ સહીત બારવૃત લીધા. આ સમયે પૂ. અમિવિજય મહારાજને આંખમાં ઝામરવાનું દર્દ હતું. સોમચંદ શેઠને ભાવના થઇ કે આવા પરમોપકારી મારા તારણ

હાર ગુરૂ મહારાજને મુંબઈ લઇ જઈ સારા નીષ્ણાત ડોકટર પાસે સારવાર કરાવવી તેથી તેણે **પૂજ્ય અમિ-વિજયજી** મહારાજને મુંબઇ પધારવા આગ્રહભરી વિનંતી કરી પૂ. મહારાજશ્રીએ વિનંતીનો સ્વીકાર કરી બીજે વરસે મુંબઈ પધાર્યા. ને કોટના ઉપાશ્રયમાં આંખના નિષ્ણાત ડોકટર ડગન પાસે પોતાના ખરચે ઓપરેશન કરાવ્યું. આ ચાતુર્માસ પૂજ્ય મહારાજશ્રીએ કોટમાં કર્યું. આ ચાતુર્માસ કોટના સંઘમાંએક ઐતિહાસિક ચાતુર્માસ હતું. ઘણા ભાઇ બ્હેનો ધર્મમાર્ગમાં જોડાયા હતા. શેઠ સોમચંદભાઇએ લગભગ દશ હજાર રૂપિયા ખર્ચ્યા હતા.

પૂ. અમિવિજયજી મહારાજના ઉપદેશથી સોમચંદ શેઠને જ્ઞાન ઉપર અસાધારણ પ્રેમ ને રૂચી થઈ. ને જ્ઞાનનું વાંચન ને મનનો ભાવ ઉત્કૃષ્ટ સ્થિતીએ પહોંચ્યો. જેમ જેમ જ્ઞાનદશા વધતી ગઇ તેમ તેમ તેની જ્ઞાન પીપાસા વધવા લાગી. એટલે તેમણે જ્ઞાનના પુસ્તકોનો સંગ્રહ કરવા લાગ્યો. આજે તેમની પાસે તેમની અંગત માલીકીનો હસ્તલેખીત પ્રતોનો, છાપેલી પ્રતોનો અને પાંચ હજાર પુસ્તકોનો કીમતી જ્ઞાન ભંડાર છે. તેમના ભંડારમાં **હેમ પ્રકાશ ની** શુદ્ધ પ્રત પણ છે. જેનો પહેલો ભાગ તેમના પુણ્યાર્થે છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

આજે માંગરોળવાસી શ્રાવકોના કુટુંબોમાં અમુક અપવાદ સીવાય ભાગ્યે જ પાંચ–દશ પુસ્તકો ધર્મના હશે, ને તે

પણ સંઘની પેઢીમાં ને પાઠશાળામાં આપી આવે છે. સોમચંદ શેઠે શક્તિ અનુસાર તપસ્યાએ સારી કરી હતી. બહુમાનપૂર્વક ને પુરેપુરા વિનયપૂર્વકની પ્રભુ પૂજા લાંબા સમય સુધી કરતા. મુંબઈનું વર્ધમાન તપ આયંબીલ ખાતું સ્થાપવામાં તેના મુખ્ય ભાગ હતો. તેઓ તે ખાતાના તથા પાલીતાણા આયંબીલ ખાતાના ને મહેસાણા યશોવિજય જૈન પાઠશાળાના જીવનના અંત સુધી ટ્રસ્ટી હતા.

卐

# ॐ આદર્શ ॐ

# સતી–સાધ્વી–સન્નારી

## ગં. સ્વ. સુશ્રાવિકા શ્રીમતી મણીબેન કાપડીયા

### (સ્વ. શેઠ અમરચંદ તલકચંદના પુત્રવધુ)

મણીબ્હેન કાપડીયા. સરળ, શાંત સ્વભાવના સત્ય-ભાષી વિશ્વપ્રેમી, સંસારમાં રહીને, ત્યાગી ને સંયમી, નિરઃભિમાની, કષાય રહીત, જેવું જીવન ગાળનારા માંગરોળના મૂર્તિપૂજક જૈન સમાજમાં "એક આદર્શ" સતી, સાધ્વી–સ્ત્રીરત્નની કોટીનું સ્થાન શોભાવી રહ્યા છે. તેમ જણાવવું તે લેશમાત્ર પણ અતીશયોકતી ભરેલું નથી.

ભૌતિક સુખના વિપુલ સાધનો હોવા છતાં અને ભૌતીક સુખ ભોગવતું શ્રીમંત બહોળા કુટુંબના રાત દિવસ સહવાસમાં રહેવા છેતાં તે વૈભવ તરફ દુર્લક્ષ કરી કેવળ તેમના આત્મામાં આત્મકલ્યાણની અને માનવ સેવાની અખંડ જ્યોત પ્રગટતી રહી છે.

નાના બાળકોમાં નાની વયથીજ સુસંસ્કારો પાડવા માટે બાળ મંદિરના પ્રખર હીમાયતી છે. જેથી પોતે સારી જેવી અમુક રકમ આપી આજથી પચીસ વર્ષ પહેલાં માંગરોળમાં એક બાલ મંદિરની પહેલવહેલી સ્થાપના કરી હતી. આટલી રકમમાં બાલ મંદિર ચાલી શકે નહીં જેથી

પોતે ઘેર ઘેર બાળસેવાની ઝોળી લઇ ફરતા. આ તેમના અત્યંત સ્તુત્ય પ્રયાસથી જનતા તેમના તરફ આકર્ષાઈ ને પ્રેમપૂર્વક ભાવથી સહાય કરતા. આજ તે બાળ મંદિર ભરયુવાવસ્થામાં સુંદર પ્રગતી કરી રહ્યું છે.

તેઓ જ્ઞાનપૂર્વક સત્ય વસ્તુ સમજવા માટે અવિરત પણે પ્રયાસો કરી રહ્યા છે. પૂજ્ય મુનિપુંગવો, જૈનેતર વિદ્વાન પુરૂષો, સંત પુરૂષો ને દેશ નેતાઓના વ્યાખ્યાનો સાંભળી તેમાંથી તત્વનું શોધન કરવું. અને તેવા મહાન પૂરૂષોનો સમાગમ મેળવી તેમની સાથે તત્વની ચર્ચા-વિચારણા કરવી, શંકાનું સમાધાન કરવું. ને જ્ઞાનપૂર્વક સત્યનું તારણ કાઢવું. તે તેમના જીવનનું મુખ્ય ધ્યેય છે. તેઓ ખૂબ વિચારક શક્તિ ધરાવે છે. ને દરેક વસ્તુનો તલસ્પર્શી વિચાર કરી તળીયે સત્ય શું છે તેની શોધખોળ કરવાના ચાલુ પ્રયાસો કરે છે.

તેઓનો જ્ઞાનાભ્યાસ ઘણો ઉંડો હોવો જોઇએ. તેમ તેમના ટુંકા પરીચય ઉપરથી હું સમજી શકયો છું.

વિદ્વાન જૈનેતરો આપણા જૈન ધર્મના અમુક વિષયો સંબંધી મણીબેનને પ્રશ્ન પૂછતા. તે માંહેલા ઘણા ખરા પ્રશ્નો સંબંધી તેઓ મારી સાથે ચર્ચા વિચારણા કરવા આવતા ને

શંકાઓનું સમાધાન થતું. જ્યારે પણ માંગરોળ આવે ત્યારે અવશ્ય ઘણી વખત મને વંદન કરવા આવે તે સમયે આવાં વિકટ પ્રશ્નોની ચર્ચા કરતા ત્યારે હું સમજી શકયો. કે તેઓ એક સારા **જ્ઞાનયોગ**ના ઉંડા અભ્યાસી છે.

ધાર્મિક વિષયોમાં સૌ કોઇ સામાયિક કે પ્રતિક્રમણ પોતાની અનુકુળતા પ્રમાણે કરે છે. જ્યારે આજે પ્રભુપૂજાની ભકિત દેશવ્યાપી દરેક સ્થળે વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. આજકાલ પૂજા કરનારાઓમાં મોટે ભાગે અવિધિ પણું જોવામાં આવે છે. વિનયને તથા વિધિને તીલાંજલી આપી પોતાની સગવડતા ને અનુકુળતા પ્રમાણે પૂજા જલદી કરી પોતે ખૂબ ભાવથી પૂજા કરવાનો મહાન ડોળ બતાવે છે. તેઓનું શરિર મંદિરમાં હોય છે જ્યારે આત્મા ક્ષણીક મંદિરમાં ને ક્ષણીક બહાર રઝળતો હોય છે.

મણીબેનનો ભક્તિયોગ પૂજા વિગેરેનો પ્રશંસાપાત્ર ઉત્તમ કોટીના જેવો જણાય છે. જ્યારે મંદિરમાં પૂજા કરનારાઓની કે દર્શન કરનારાઓની સંખ્યા ઓછી હોય તેવે સમયે તેઓ દર્શન પૂજા કરવા આવતા દેખાય છે તેમની બધી ક્રિયાઓ બહુજ શાંતિથી પ્રભુ તરફના બહુમાન ને સંપુર્ણ વિનયપુર્વક એકાગ્ર ચિત્તે, શુદ્ધ ભાવનાથી વિધિપુર્વક દ્રવ્ય પુજા કરતા દૃષ્ટિ ગોચર થાય છે. ત્યાર બાદ ચૈત્યવંદનાદિ, જાપ વિગેરે ભાવપુજા ઉત્કૃષ્ટ મનોબળ કેળવીને

એક ધ્યાનમાં મગ્ન થઇ કરે છે. ધાંધલ કે ઉતાવળથી પુજા કરવા તરફ તે સખ્ત નાપસંદગી દર્શાવે છે. ભક્તિયોગના સિધ્ધાંતનું પાલન મહદ્અંશે દેખાય છે.

મણીબેને મહાનમાં મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તે એ છે કે કષાયો ઉપર તેમનો આત્મા અસાધારણ કાબુ ધરાવે છે.

નાની કીડીથી માંડીને જીવમાત્રમાં કષાયો તો હોય જ છે પણ તેનું દરેક આત્માઓમાં પ્રમાણ હોય છે કોઈમાં ઉત્કૃષ્ટ તો કોઇમાં મધ્યમ (સાધારણ) ને કોઇમાં અલ્પહોય છે.

સંસાર છોડી ત્યાગ માર્ગના પુનિત પંથે વિચરનારા પૂજ્ય સાધુ-સાધ્વી-મહારાજોમાં પણ દૃષ્ટિપાત કરશો તો તમને ઘણે સ્થળે ક્રોધ, અભિમાન ને દંભના દર્શન થયા વગર રહેશે નહીં.

વર્તમાન યુગમાં નાના વિદ્યાર્થી અવસ્થાથી માંડીને મહાન ધુરંધર વિદ્વાનો અને મોટાભાગના મૂડિપતિઓમાં ક્રોધ ને અ-ભિમાનની પરાકાષ્ટા આપણે સાક્ષાત નજરો નજર અનુભવીએ છીએ તેવા સંયોગોની સરખામણીમાં મણીબેનમાં નમ્રતા,

મૃદુતા, ને મીઠી–મધુરી ભાષા કહી જાય છે કે તેમનાંમાં કષાયો અલ્પ છે. અભિમાન કે અક્કડતા તેમનામાં જોવામાં આવતા નથી. કદાચ એવા કોઈ અસાધારણ સંયોગોવસાત કવચીત કષાયનો ઉછાળો આત્મામાં આવી જાય તો તે ક્ષણ જીવી હોય છે.

આવા આત્માઓ અલ્પભવી નીકટમાં મોક્ષ માર્ગના રસ્તે પ્રયાણ કરનારા હોય છે.

卐

# શ્રી માંગરોળ સ્થાનીક સંઘનું વસ્તીપત્રક.

માંગરોલ સં. ૨૦૨૨ ના પર્યુષણ પર્વના સમયનું વસ્તીપત્રક.

| સ્થાનિક. | નામ. | ઠેકાણું. | પરિવાર |
|---|---|---|---|
| ૧ | શેઠ રતિલાલ લીલાધર | શેઠ ફળીયું | ૧ |
| ૨ | ,, ન્યાલચંદ લીલાધર | ,, | ૫ |
| ૩ | ,, લલ્લુભાઇ લીલાધર | ,, | ૨ |
| ૪ | સુખ. શાંતિલાલ જેશીંગભાઈ | ,, | ૬ |
| ૫ | ,, રતિલાલ રામચંદ | ,, | ૧૨ |
| ૬ | શેઠ નરોત્તમ ધરમશી | ,, | ૩ |
| ૭ | ,, છોટાલાલ અંદેરજી | ,, | ૪ |
| ૮ | ,, નેમિદાસ છોટાલાલ | ,, | ૫ |
| ૯ | ગં. સ્વ. ગુલાબબેન છોટાલાલ | ,, | ૩ |
| ૧૦ | અ. સૌ. તારામતી નારણજી | ,, | ૨ |
| ૧૧ | શેઠ વેલજી ખુશાલ | ,, | ૧૩ |
| ૧૨ | ,, વૃજલાલ પરશોતમ | ખેતલ ફળીયું | ૬ |
| ૧૩ | ,, પ્રાણસુખલાલ નાગરદાસ | ,, | ૪ |
| ૧૪ | ,, શશિકાન્ત શાંતિલાલ | ઘાણા પાસે ડેલો | ૫ |
| ૧૫ | ,, પુનમચંદ ધરમદાસ | ,, | ૩ |
| ૧૬ | ,, જીઠાભાઈ પાનાચંદ | પ્રભુ ફળીયું | ૮ |
| ૧૭ | ,, રસિકલાલ અમીલાલ | ,, | ૬ |
| ૧૮ | ,, ગલાલચંદ જેચંદ | નીચી બારી | ૫ |
| ૧૯ | ,, રતનજી નેમચંદ | કંપાણી ફળીયું | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | ,, નિરંજન નેમિદાસ | ,, | ૧ |
| ૨૧ | ગં. સ્વ. ચંદનબેન દેવીદાસ મકનજી | બોરડી ફળીયું | ૧ |
| ૨૨ | ,, જવલબેન પ્રેમજી | ,, | ૧ |
| ૨૩ | સુખ. ઝવેરીલાલ વરજીવનદાસ | ,, | ૯ |
| ૨૪ | ,, વૃજલાલ જુઠાભાઈ | ,, | ૮ |
| ૨૫ | ,, ચુનીલાલ જુઠાભાઈ | ,, | ૮ |
| ૨૬ | ,, મહમોહન જુઠાભાઈ | ,, | ૯ |
| ૨૭ | ,, રામચંદ મોતીચંદ | ,, | ૧૨ |
| ૨૮ | શેઠ મદનજી કચરાભાઇ | વેરાઇ ફળીયું | ૮ |
| ૨૯ | ,, અમીલાલ દામોદર | ,, | ૭ |
| ૩૦ | ,, નવીનચંદ્ર મગનલાલ | ,, | ૬ |
| ૩૧ | ગં. સ્વ. પ્રભાવતીબેન ધારસી | ,, | ૧ |
| ૩૨ | શેઠ કેશવલાલ મોનજી | નાગર વાડો | ૨ |
| ૩૩ | ,, શાંતિલાલ કેશવલાલ | ,, | ૧૦ |
| ૩૪ | ,, માધવલાલ ત્રિભોવનદાસ | શાપુર દરવાજા | ૭ |
| ૩૫ | ,, વરજીવનદાસ ભગવાનદાસ | ,, | ૩ |
| ૩૬ | ,, જેઠાલાલ ફુલચંદ | ,, | ૨ |
| ૩૭ | ,, અમૃતલાલ જમનાદાસ | ,, | ૨ |
| ૩૮ | ,, શાંતિલાલ સવચંદ | ,, | ૭ |
| ૩૯ | ,, દુર્લભદાસ ચત્રભૂજ | ,, | ૬ |
| ૪૦ | ,, છોટાલાલ કલાણજી | કાજી ફળીયું | ૧ |
| ૪૧ | ,, ત્રિભોવનદાસ રામજી | સોની ફળીયું | ૬ |
| ૪૨ | ,, અમીલાલ ઝવેરચંદ | જેલ રોડ | ૮ |
| ૪૩ | ,, ચત્રભૂજ રણછોડ | ,, | ૯ |

| | | | |
|---|---|---|---|
| ૪૪ | ,, છગનલાલ વલભજી | ,, | ૫ |
| ૪૫ | ,, પ્રેમચંદ ઝવેરચંદ | ,, | ૧ |
| ૪૬ | ,, તારાચંદ ખીમજી | સેક્રેટરીએટ રોડ | ૭ |
| ૪૭ | સુખ. ચત્રભુજ મોરારજી | ,, | ૨૩ |
| ૪૮ | શેઠ દ્વારકાદાસ ભગવાનદાસ | ,, | ૩ |
| ૪૯ | ,, દેવીદાસ જુઠાભાઇ | ટાવર રોડ | ૧૧ |
| ૫૦ | ગં. સ્વ. હીરાબેન છગનલાલ | ,, | ૧ |
| ૫૧ | શેઠ લાલજી મોરારજી | ,, | ૬ |
| ૫૨ | ,, વૃંદાવન મોરારજી | ,, | ૬ |
| ૫૩ | ,, રામદાસ જાદવજી | ,, | ૧ |
| ૫૪ | ,, કાનજી લીલાધર | ,, | ૧ |
| ૫૫ | સુખ. હેમચંદ મોનજી | શારદાગ્રામ | ૨ |
| ૫૬ | શેઠ જગમોહનદાસ ચાંપશી | ,, | ૭ |
| | બહાર ગામના | | |
| ૫૭ | શેઠ બાપાલાલ શીવલાલ કાજી | ફળીયું, અમદાવાદ. | ૮ |
| ૫૮ | શિક્ષક અમૃતલાલ કપુરચંદ વંથલી. | કંપાણી ફળીયું | ૪ |
| ૫૯ | શેઠ કપુરચંદ કાલીદાસ વંથલી | ,, | ૩ |
| ૬૦ | અ.સૌ. કમળાવંતીબેન દેવીદાસ પ્રભાસપાટણ. | ગાંધી રોડ | ૭ |
| ૬૧ | શેઠ મનસુખલાલ ભોગીલાલ અમદાવાદ. | શાપુર દરવાજા | ૪ |
| | | | ૩૨૮ |

# શ્રી

# સાન્તાક્રુઝ (મુંબઇ) મધ્યે.

## શેઠ શ્રી નવિનચંદ્ર છગનલાલ કંપાણીના શુભ હસ્તે નૂતન ઉપાશ્રયનું શિલા સ્થાપન.

# નૂતન ઉપાશ્રય માટે.

## શ્રી. રમાલક્ષ્મીબ્હેને, તથા શ્રી. ભાનુમતિબ્હેને

રૂા. ૨૫૦૦૦ / પચીસ હજારની કરેલી સખાવત.

---

આ પુસ્તકના પાના ૨૩૪ માં જે **"જૈન પોષધ શાળા"** નામે છપાયેલ છે તે ભૂલ ભરેલું છે. પણ ખરૂં નામ **"જયન્ત પોષધ શાળા"** છે. સ્વ. શેઠ જમનાદાસ મોરારજીએ તેમના સ્વ. પુત્ર જયન્તીલાલના નામે બંધાવી સાન્તાક્રુઝ સંઘને અર્પણ કરેલ છે.

સાંતાક્રુઝમાં જૈન સમાજની વધતી જતી જૈનોની વસ્તીને લીધે આ **"જયન્ત પોષધ શાળા"** તથા **"સૂરજબ્હેન પોષધ શાળા"** બહુ નાના પડતા હોવાથી આ બંને ઉપાશ્રયોને ફરી જીર્ણોદ્ધાર કરાવી નૂતન ઉપાશ્રય બનાવવા નિમિત્તે શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘે **"શિલા સ્થાપન"** નો આ મંગલ પ્રસંગ યોજ્યો હતો.

શ્રી સાંતાક્રુઝ સંઘના પ્રમુખ શેઠ શ્રી વાડીલાલભાઈ મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી ઠાકોરભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી પ્રતાપભાઈ વિગેરે સેવાભાવી ગૃહસ્થોના અથાગ પરિશ્રમથી જીર્ણોદ્ધાર ફંડ લગભગ બે લાખ રૂપિયાનું થયું હતું.

## ખનન વિધિ

નૂતન ઉપાશ્રયનો ખનન વિધિ—મહા શુદ ૧૦ના રોજ **શેઠ ગોવિંદજી જેવત ખોનાના** પવિત્ર હસ્તકમળથી કરવામાં આવ્યો હતો.

## આચાર્ય દેવેશોની પધરામણી

આ શિલા સ્થાપનનું શુભ મુહુર્ત ૨૦૨૩ના ફાગણ શુદ બીજનું રાખવામાં આવ્યું હતું. આ માંગલીક પ્રસંગે પધારવા માટે, પ્રખર વ્યાખ્યાનકાર, સિદ્ધાંત મહોદધિ—શાસ્રાર્થ ચૂડામણિ પૂજ્ય આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય-રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજને** શ્રી સંઘે વિનંતી કરી હતી. જેથી પૂજ્ય આચાર્ય દેવેશ સપરિવાર મહા વદ ચૌદસે સામૈયાપૂર્વક વિશાળ જનમેદની સહીત સુસ્વાગત પધાર્યા હતા.

તદઉપરાંત પૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી વિજયપ્રતાપ સૂરીશ્વર**, પૂજ્ય મુનિ **શ્રી યશોવિજયજી**, પૂ. મુનિ **શ્રી જયાનંદવિજયજી** વિગેરેને શ્રી સંઘે વિનંતી કરતાં તેઓશ્રી

ફાગણ શુદ બીજના પધાર્યા હતા. ઉપાશ્રય પાસ પધારતા. પૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વર** ચાલીને સામે જઇ, આચાર્ય **વિજયપ્રતાપ સૂરીશ્વર** વિગેરેના સ્નેહભર્યો સત્કાર કર્યો હતો. બન્ને સમુદાયનું સ્નેહમીલન થયું.

## "શેઠ નવીનચંદ્રભાઇનું સ્વાગત"

શિલા સ્થાપન વિધિ શેઠ **નવીનચંદ્રભાઇ છગનલાલ કુંપાણી**ના શુભ હસ્તે થનાર હોવાથી તેઓશ્રી પોતાના કુટુંબીજનો તથા મિત્રો સહિત સાડાદશ વાગે ઘોડ બંદર રોડ ઉપર પધારતાં શ્રી સંઘે વાજતેગાજતે સામૈયું કરી સ્વાગત સહીત ઉપાશ્રયે આવ્યા હતા. આ સામૈયામાં **રમાલક્ષ્મીબ્હેન** તથા **ભાનુમતિબ્હેન** પણ હતા. તથા શ્રી કોટ સંઘના પ્રમુખ તથા ટ્રસ્ટી **શેઠ ચુનીલાલ કેશવજી** અને રમાલક્ષ્મીબ્હેનના ભાઇ **શેઠ શ્રી કાંતિલાલ છગનલાલ** વિગેરે હતા.

## "સમારંભની મંગળ શરૂઆત"

પૂજ્ય બન્ને આચાર્ય દેવેશોની સાનીધ્યમાં સમારંભનું મંગલાચરણ થયું હતું. પ્રથમ સાંતાક્રુઝ મહીલા મંડળની બ્હેનોએ મંગલ ગીત ગાયું હતું. ત્યારબાદ શ્રી સંઘના પ્રમુખ **શેઠ શ્રી વાડીલાલ આર. શાહે** આ સમારંભનું

ધ્યેય કહી સંભળાવ્યું હતું. તથા પૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી વિજયધર્મ સૂરીશ્વરનો** મંગળ સંદેશ પ્રમુખશ્રીએ વાંચી સંભળાવ્યો હતો.

## "પૂજ્ય મુનિ શ્રી યશોવિજયજી"

**પૂજ્ય યશોવિજયજી** મહારાજે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે નૂતન ઉપાશ્રયની જરૂરીયાત, તેથી સર્જાતા અનેકવિધ લાભો બતાવીને કહ્યું કે–અપેક્ષાએ પંચ પરમેષ્ટીને ઉત્પન્ન કરનાર સાતેય પુણ્ય ક્ષેત્રને નવ પલ્લવીત કરનાર શાસન અને શ્રી સંઘના અનેક કાર્યોને જન્મ આપનાર જો કોઈ હોય તો તે ઉપાશ્રયો જ છે.

વિશેષમાં જણાવ્યું કે "**શેઠ શ્રી જમનાદાસ મોરારજી**" જેઓએ શ્રી સંઘને આ જગ્યાનો આખો પ્લોટ ભેટ આપ્યો અને આ જિન મંદીરનું ખાતમુહૂર્ત તેમના સુપુત્ર "**શ્રી જયંતીભાઇના**" હાથે થયું. આ જગ્યા ઉપર પહેલવહેલો ઉપાશ્રય **જયંતીભાઈના** ધર્મપત્નિ ગ્રેજ્યુએટ બનેલા બાર વૃતધારી, ધર્મશ્રદ્ધાળુ, સુસંસ્કારી **શ્રી ભાનુમતિબ્હેને** પોતાના પતિના કલ્યાણ અર્થે બનાવ્યો અને આજનું શિલા સ્થાપન પણ જાણીતા કંપાણી કુટુંબના ખાનદાન નબીરા ધર્મશ્રદ્ધાળુ **શ્રી નવિનભાઇને** હાથે જ થાય છે આ બધો યોગાનુયોગ સુવર્ણમાં સુગંધ જેવો છે. વિગેરે જણાવી આવા લાભો **શ્રી નવીનભાઈ** તથા બન્ને બ્હેનોને પ્રાપ્ત થાય એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## "પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજીનું પ્રવચન."

પૂજ્ય આચાર્ય દેવેશે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે, **"દહેરાસરો એ હોસ્પીટલો છે" "ભગવાન એ ડૉકટર છે"** તેઓએ સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચરિત્ર આ રત્નત્રયીની દવા મોક્ષ માટે બતાવી છે. તમો રોજ સાથીઓ કરતાં એ દ્વારા માંગો છો? એ દવા મળે કયાં? તો ભગવાને કહ્યું કે, ઉપાશ્રયમાં કંપાઉન્ડર **સાધુઓ** પાસે છે ત્યાં. તે માટે જ ઉપાશ્રયો જ રત્નત્રયીને પ્રાપ્ત કરાવનાર છે. સુશ્રાવકોએ પોતાની આરાધના માટે આવા સ્થળો નિર્માણ કરવા જોઈએ. આ માટે શ્રીમંત શ્રાવીકા બેનોએ ઉદારતાથી લાભ લેવો જોઈએ.

## "પૂજ્ય આચાર્ય દેવેશ વિજયપ્રતાપ સૂરીશ્વર"

ત્યારબાદ પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રતાપ સૂરીશ્વરજીએ પોતાની જોશીલી ભાષામાં કહ્યું કે, આંહીંઆ તમોને રત્નત્રયી રૂપી દવાની પ્રાપ્તી એ ઉપાશ્રયને કારણે થાય છે એમ કહેવામાં આવ્યું. પણ અનુપાન આપવું બાકી રહ્યું. તે અનુપાન એ છે કે **"દાન પૂજા"** વિગેરે પ્રવૃત્તિ જો સાથે હોય તો રત્નત્રયીની આરાધના ઓર ઝળકી ઉઠે અને આત્મા પ્રભાવિત બને આ બધી પ્રેરણાઓ આવા ઉપાશ્રયના સ્થળેથી જ થાય છે.

## "શેઠ શ્રી નવિનચંદ્રભાઇ"

શેઠ શ્રી નવીનચંદ્રભાઇએ જણાવ્યું કે, પોતાને "શિલા સ્થાપન"નો આવો મહાન્ લાભ આપવા માટે શ્રી સાંતક્રુઝ સંઘનો આભાર માનું છું. "**આ બધા કાર્યોનો યશ અમારા વડવા શેઠ શ્રી જમનાદાસ મોરારજીને ફાળે જાય છે.**" એમ જણાવ્યું હતું. તેમ જ ઉપાશ્રયની જરૂરીયાત તથા લાભો વિગેરે ઉપર સુંદર માર્ગદર્શન આપ્યું હતું. અને આ કાર્ય જલદી થાય તેમ શ્રી સંઘને વિનંતી કરી હતી. વિશેષમાં તેઓએ એક મહત્ત્વની સૂચના કરી હતી કે, સાધુ–સાધ્વી મહારાજોની વૈયાવચ્ચ માટે એક મોટી રકમનું ફંડ કરવાની વિચારણા કરવા પ્રેરણા કરી હતી. હિંદુસ્તાનના ત્રીસ મોટા શહેરો આવું ફંડ ભેગું કરવાની શરૂઆત કરે તો પંદર લાખ જેટલું ભંડોળ થતા વાર લાગે નહીં.

## રૂપીયા ૨૫૦૦૦) પચીસ હજારનું દાન

વિશેષમાં શેઠશ્રી **નવીનચંદ્રભાઇએ** જણાવ્યું કે, સ્વ. **શેઠ જમનાદાસ મોરારજીના** બીજા પુત્ર સ્વ. **શેઠ રસીકલાલ જમનાદાસના** પુણ્યાર્થે તેમના ધર્મપત્નિ **શ્રી રમાલક્ષ્મીબ્હેન** તરફથી મોટી રકમ તથા તેમના દેરાણી અને શેઠશ્રીના ત્રીજા પુત્ર સ્વ. **શેઠ જયંતીલાલભાઇના** ધર્મપત્નિ "**શ્રી ભાનુમતિ**" બ્હેનની પણ અમુક રકમ સહીત કુલ રૂપીયા ૨૫૦૦૦) પચીસ હજારની નૂતન ઉપાશ્રય

માટે દાનની જાહેરાત કરી હતી, અને પોતા તરફથી રૂા. ૧૦૦૧) શ્રી સાધારણ ખાતામાં આપવાની જાહેરાત કરી શ્રી સંઘને સ્વીકારવા વિનંતિ કરી હતી. સભાએ હર્ષનાદોથી આ દાન સ્વીકાર્યું હતું.

## "રૂા. ૪૧૦૦૦)ના દાનની ગંગા"

આજ સમયે પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી **વિજયપ્રતાપ સૂરીશ્વરજીના** ઉપદેશથી અને પૂજ્ય મુનિ શ્રી **યશોવિજયજીની** લાંબા વખતની પ્રેરણાથી એક સુપ્રસિદ્ધ શાહ સોદાગર તરફથી ઉપરના વ્યાખ્યાન હોલ માટે રૂપીયા ૪૧૦૦૦) એકતાલીસ હજારના દાનની જાહેરાત થઈ હતી.

## "ફુલહાર સમર્પણ વિધિ"

શ્રી શાંતાક્રુઝ સંઘના **પ્રમુખ શ્રી વાડિલાલભાઇએ** શેઠ નવિનચંદ્રભાઇને, શ્રીયુત કાપડીયા શેઠને, તથા શ્રી રમાલક્ષ્મીબ્હેનના ભાઈ શેઠ શ્રી કાંતિભાઈ છગનલાલને તથા શ્રી રમાલક્ષ્મીબ્હેનને તેમજ શ્રી ભાનુમતિબ્હેનને શાસનદેવની જયનાદો વચ્ચે હારતોરા પહેરાવ્યા હતા.

## "પ્રમુખ શ્રી વાડિલાલ આર. શાહનું"
## હૃદયપૂર્વકનું ઉર્મીશીલ પ્રેરક પ્રવચન.

પ્રમુખશ્રીએ પોતાનું પ્રભાવશીલ વક્તવ્ય રજુ કરતા, ઉપાશ્રયની ભૂમિકા રજુ કરી, ફંડનો પ્રારંભ ક્યારે થયો ?

તેને મળેલો વેગ, ફંડની જરૂરીયાત તેથી દાનવીરોને મદદની અપીલ કરતા જણાવ્યું કે, છેલ્લા વર્ષોથી સાંતાક્રુઝમાં ધર્મની જે આરાધના, તથા પ્રભાવના થઈ રહી છે. તે બધુ અમારા મુરબ્બી સ્વ. "**શેઠ શ્રી જમનાદાસ મોરારજી**" ના ફાળે જાય છે. શેઠશ્રીએ આ જગ્યા આપી. એમાંથી આ બધું સર્જન થયું છે. આ ઉપાશ્રય પણ તેમના જ પૂત્રવધુ "**શ્રી ભાનુમતિ દલાલ**" જેઓ ગ્રેજ્યુએટ હોવા છતાં બારવૃતધારી છે અને ધર્મશ્રદ્ધાળુ છે. તેઓએ આ ઉપાશ્રય બંધાવી આપ્યો છે.

અત્યારનું ખાતમુહૂર્ત "**શ્રી ભાનુમતિબ્હેન**" ના ભાઇ ધર્મપ્રેમી "**શ્રી નવિનભાઇ કંપાણી**" ના હાથે થવાનું છે. "**સ્વ. શેઠ શ્રી જમનાદાસ મોરાજી**" ની પેઢી તેઓએ જ સંભાળી લીધી છે. તેઓ એક કુશળ અને બાહોશ કાર્યકર્તા છે. અનેક સંસ્થાઓનો વહીવટ ચલાવે છે. કોટ સંઘના એક આગેવાન છે. અને જૈન સંઘની સેવાની ખૂબ ધગશ છે. **એટલે અમારી આ કુટુંબને ભાવભરી વિનંતી છે કે, આ સ્થળ તમારૂં જ છે. અને તમારી સહાયથી વિકાસ પામ્યું છે અને કાયમ માટે તમારે જ આની ખબર રાખવાની છે. આ મિલ્કત આપની છે એમ સમજીને એનું ધ્યાન રાખશો.** અમારી શિલા સ્થાપનની વિનંતીનો "**શ્રી નવિનભાઇએ**" સ્વીકાર કરી સહકુટુંબ પધારી અમને લાભ આપ્યો તે માટે તેમનો અને ઉદાર હૃદયી બન્ને બ્હેનોએ પધારી લાભ

આપ્યો તેમજ ઉપાશ્રય માટે મોટી રકમનું દાન કરી લાભ લીધો તે બદલ અમો ખૂબ જ આભાર અને આનંદની લાગણી વ્યક્ત કરીએ છીએ અને ધન્યવાદ આપીએ છીએ.

## "ધર્માનુરાગી શ્રી ભાનુમતિબ્હેન દલાલનું ભાષણ"

પ્રમુખ **શ્રી વાડિલાલભાઇની** વિનંતીથી **"શ્રી જયંત પૌષધ શાળા"** બંધાવી આપનાર **શ્રી ભાનુમતિબ્હેને** સુંદર ભાષણ કરતાં જણાવ્યું કે, આવા મંગલમય કાર્યમાં ભાગ લેતાં અત્યંત આનંદ થાય છે. અમારૂં અહોભાગ્ય છે કે અમને આવા ઉત્તમ ધાર્મિક લાભો મળવા પામે છે. નાની ઉંમરથી અમારા વડિલોએ આપેલા સંસ્કારોના પરિણામે અમે પરમ પૂજ્ય ગુરૂદેવ આચાર્ય **વિજયપ્રતાપ સૂરીશ્વરજી** મહારાજ તથા પરમ પૂજ્ય આચાર્ય **વિજયધર્મ સૂરીશ્વરજી** તથા પરમ પૂજ્ય મુનિ શ્રી **યશોવિજયજીના** ઉપદેશના પરિણામે અમો ધર્મ માર્ગમાં ટકી રહ્યા છે સહુ ગુરૂદેવોની પ્રેરણા હતી. પણ પૂજ્ય ગુરૂદેવ મુનિ શ્રી **યશોવિજયજી** મહારાજે આ ઉપાશ્રય બાબતમાં અમને ખૂબ જ પ્રેરણા આપી હતી જેથી અમો આ લાભ લેવા ભાગ્યવાન બન્યા છીએ.

મારા જેઠાણી **શ્રી રમાલક્ષ્મીબ્હેને** આજે મોટી રકમનું દાન કર્યું છે તેથી હું ગૌરવ અનુભવું છું. મારા ધર્મબંધુ **શ્રી નવિનચંદ્રભાઇના** હાથે આજે શિલા સ્થાપન થવાનું છે. એક જ કુટુંબમાં મંદિર અને ઉપાશ્રયોના લાભ જોઇ કોને આનંદ ન થાય ?

અંતમાં શ્રી જિનેશ્વર દેવના તથા અત્રે બિરાજમાન બન્ને આચાર્ય દેવેશોની અને પૂજ્ય મુનિવરોની કૃપા અમારા ઉપર વરસે અને શાસન દેવની કૃપાથી આધ્યાત્મિક કલ્યાણની આવી તકો અમને મળતી રહે એટલી પ્રાર્થના કરી વીરમું છું. અને ઉપાશ્રય શીઘ્ર તૈયાર થાય એવી વિનતી કરૂં છું.

## "શિલા સ્થાપન"

ત્યાર પછી **શેઠ શ્રી નવિનચંદ્રભાઇ** અને શ્રી સંઘના ભાઇઓ ખાતમુહૂર્તના સ્થળે ગયા હતા. ત્યાં મંત્રોચ્ચારના પવિત્ર ઉચ્ચારણો વચ્ચે ખૂબ જ ઉત્સાહથી ચઢતા ભાવે **શેઠ શ્રી નવિનચંદ્રભાઇએ "શિલા સ્થાપન"** કર્યું હતું. પાયામાં મૂકવા માટે સેંકડો રૂપિયા જાહેર જનતાએ આપ્યા હતા.

ત્યારબાદ પૂજ્ય આચાર્ય દેવેશો પાસે બધાએ વાસક્ષેપ નંખાવી મંગલીક સાંભળી. **શેઠ શ્રી વાડિલાલભાઇને** ત્યાં ભોજન લઈ વિદાય થયા હતા.

["જૈન" માંથી સાભાર]

તા. ૨૫-૩-૬૭ શનિવાર.

卐

ॐ ह्रीँ अर्हम् नमः

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

## ઉપસંહાર

આપણા મંદિરોની દિવ્ય અલૌકીક દેદીપ્યમાન પ્રતિમાજીઓ, ભવ્ય મંદિરો, ભૂતકાળના પુણ્યશાળી પ્રભાવીક પ્રતાપી, પૂર્વજો તેમજ વર્તમાન કાળના ભાગ્યશાળી મહાનુભવો માટે તેમજ શ્રી સંઘની બીજી દરેક હકીકતો માટે મારાથી શકય તેટલા પ્રયાસો કરી. મારી અલ્પ બુદ્ધિ અનુસાર જે ટુંકુ સાહિત્ય આ પુસ્તકમાં પ્રકાશીત કરવામાં આવ્યું છે. તેમાં ક્ષતીઓ હશે. ભૂલો હશે, વ્યાકરણ દોષ કે ભાષા દોષ વિગેરે હશે તે માટે અમુક અમુક વ્યક્તિઓ જુદું જુદું મંતવ્યો ધરાવતી હશે તેમજ સર્વને દરેક રીતે સંપૂર્ણ સંતોષ આપી શકું તેટલું જ્ઞાન કે બુદ્ધિ મારામાં છે નહીં પણ આત્મીક ભાવનાની ઉર્મીઓના ઉછાળાથી આ સાહિત્ય પ્રગટ કરવાનું સાહસ ખેડયું છે. અને કોઈપણ આત્મા કે વ્યકિતનો અવિનય કે દુઃખ થાય તેવા લખાણથી બહુ જ સાવચેતી પૂર્વક દૂર રહેવા પ્રયાસ કર્યો છે. છતાં પણ હું ગમે તેવો પણ છદ્મસ્થ છું, વૃદ્ધ છું, શકિત હીન છું. જેથી જે કોઈ વાંચકને આમાનું કોઇ પણ લખાણ 'અયોગ્ય' કે 'અવિવેકી' લાગ્યું હોય તો તેવા વાંચક વૃંદોએ ઉદારચિત્તથી મ્હને મિચ્છામીદુક્કડં આપી ક્ષમા આપશો.

## "દ્રષ્ટિ દોષ"

વિશેષમાં આ પુસ્તકના પાના ૨૩ ત્રેવીસની અંદર **"શ્રીનવપલ્લવ પાર્શ્વનાથ"** પ્રભુનો જે **"દ્રષ્ટિ દોષ"** જણાવેલ છે. તે માટે પ્રત્યેકે પ્રત્યેક માંગરોળવાસી કે જેઓ જગતના કોઈપણ સ્થળોમાં રહેતા હોય તે સર્વને મારી ભારપૂર્વક ખૂબ જ આગ્રહ ભરેલી સૂચના છે કે આ **"દૃષ્ટિ દોષ"** ના નિવારણ માટે સર્વની શું ફરજ છે? આ માટે શું ઉપાયો કરવા જોઈએ? તે માટે વિચારણા કરવાની દરેકે દરેકની પવિત્રમાં પવિત્ર ફરજ છે શ્રી સકળ સંઘ માથે મહાન આપત્તિ, આશાતના દોષ વિગેરે ઘણાં જ ભાર રૂપ છે. તે કોઈથી પણ ના કહી શકાય તેમ નથી. માટે જ શ્રી સકળ સંઘના ઉદ્ધાર માટે તેમજ શાંતિ માટેના દરેકે દરેક પ્રયાસો કરવા બધાએ કટિબંધ થવું જઇએ. જેથી આપણા શ્રી સંઘનું ભાવિઉજવળ બને.

માંગરોળમાં સ્થાનીક સંઘની વસ્તીનું પ્રમાણ અસાધારણ ઘટી ગયું છે. જ્યાં પચીસસો ( ૨૫૦૦ ) માણસની વસ્તી હતી. ત્યાં આજે ફક્ત અઢીસો ( ૨૫૦ ) માણસની વસ્તી છે. તેમાં પણ કોઈ પાપના ઉદયે અથવા અશુભ કર્મના ઉદયે શ્રી સંઘમાં ઐકયતા અને સંપનો મહદ્ અંશે અભાવ છે. વ્યકતીઓ થોડી ને મતમતાંતર ઝાઝા તેવી કરૂણ પરિસ્થિતી છે.

## પ્રભુ ખંડીત ક્યારે થયા હશે ?

"**શ્રીનવપલ્લવ પાર્શ્વનાથ**" પ્રભુ સંવત ૧૮૫૬ ના ભાદરવા શુદ આઠમ સુધી "**અખંડ હતા**" "**ખંડીત હતા નહી**" તેમ ચોપડા ઉપરથી પુરવાર થાય છે. કારણ કે ત્યાં સુધી પરિકર હતું ને સાત ફણા પાર્શ્વનાથ હતા તે પછીના કોઇપણ દીવસે ખંડીત થયા હોવા જોઇએ.

સંવત ૧૮૫૬ ની સાલ સુધી શ્રી મુનિ સુવૃત સ્વામી પરોણા દાખલ હતા. તેમની પ્રતિષ્ઠા સંવત ૧૮૫૭ ના વૈશાખ શુદ દશમે **શેઠ ધરમસી હેમચંદે** કરી હતી. જે પુરાવો ચોપડામાં છે, જ્યારે શ્રીનવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા આપણે વૈશાખ શુદ દશમે ઉજવીએ છીએ. તે પ્રતિષ્ઠા કયા વર્ષમાં થઇ ? અને કોણે કરી ? તેનો ઉલ્લેખ કોઇ પણ સ્થળે મલ્યો નથી. એટલે તે પ્રશ્ન પણ એક વિચારણા માંગે છે.

## "મારી અંગત માન્યતા"

મારી સામાન્ય માન્યતા મુજબ હું એવું મન્તવ્ય ધરાવું છું કે સંવત ૧૮૫૬ ભાદરવા પછી તે સંવત ૧૮૫૭ ફાગણ મહીના સુધીના વચલા સમયમાં પ્રભુની પ્રતિમાજીઓ ખંડીત થવાનું પ્રકરણ બન્યું હોવું જોઇએ. એટલે "**શ્રીનવપલ્લવ પાર્શ્વનાથ**" પ્રભુની ફરી પ્રતિષ્ઠા વૈશાખ શુદ દશમે બીજી બધી પ્રતિષ્ઠા સાથે થયેલી હોવી જોઇએ એમ સંભવીત છે. આવી મારી અંગત માન્યતા છે.

## વૈશાખ શુદ–૧૦ ની ૧૧ કેવી રીતે થઈ?

અહીં એક બીજી નવીન પરિસ્થિતી એ ઉભી થાય છે, કે **શ્રી મુની સુવૃત સ્વામીની** પ્રતિષ્ઠા સંવત ૧૮૫૭ ના વૈશાખ શુદ દશમની થઇ છે એનો ચોપડામાં સ્પષ્ટ ઉલ્લેખ છે. છતાં તે તિથિ બદલાવીને વૈશાખ શુદ ૧૧ અગ્યારસ પ્રતિષ્ઠા દિવસ ઉજવે છે. ને તે દિવસે ધ્વજા ચડાવે છે. આ ફેરફાર કોણે કર્યો? કયારથી શરૂ થયો? શા માટે કરવામાં આવ્યો તેનું કાંઈ પણ સાહિત્ય ઘણી મહેનત કરવા છતાં મળી શકયું નહીં.

## "ચોરવાડનાં મંદિરની પાષાણુની ચોવીશી"

ચોરવાડના મંદિરના પ્રભુજી વારા ગભારામાં જમણા હાથ તરફ ઉત્તર દીશાની દીવાલમા એક લાલ રંગના પાષાણુની ચોવીશી છે. એ ચોવીશીમાં પ્રભુની માતા પ્રભુને ખોળામાં લઇને બેઠા છે. તેવા પ્રકારની આ ચોવીશી છે. આવી ચોવીશીઓ દેશભરમાં બહુ જ જુજ સ્થળે હોય છે. આ ચોવીશીનો લગભગ અર્ધો ઉપરાંતનો ભાગ ખવાઈ ગયો છે. આવી પ્રાચીન વસ્તુ ખાસ જળવાય રહે તે માટે ઘટતું કરવા આવશ્યક છે.

## માંગરોળમાં જૈન સમાજના અસ્તકાળની પરાકાષ્ટા

ભૂતકાળના આપણા સ્થાનિક જૈન સંઘની પાંચસો ઘરની વસ્તીની આલીશાન સુંદર મહેલાતો આજે ખાલીખમ પડી છે. મોટા લોખંડી તાળા લાગ્યા છે. કેટલી એક

મહેલાતો પડીને ખંડીત ખંડેર જેવી સ્થિતિમાં છે. કેટલીક વેચાઇ ગઇ છે. પોતાના માલીકોની ગેરહાજરીના કારમા ઘાથી તે ખંડેર થયેલી તથા વેચાઇ ગયેલી મહેલાતોના પથ્થરો પણ ભગ્નહૃદયે માંગરોળ છોડી ગામડાંમાં જઇ વસ્યા છે. રાચરચીલુ; વાસણ, ફર્નીચર વિગેરે ને વેંચી નાંખી માંગરોળને છેલ્લી તીલાંજલી આપવામાં આવી છે.

પોતાની માતૃભૂમિમાં ઉછરી મોટા થયેલા આજે પરદેશવાસી થઈ ગયા છે. ધમધોકાર ગુંજારવ કરી રહેલું ભરચક વસ્તીથી ભરપુર રહેલું એ શેઠફળીયું, ખેતલ ફળીયું, પરમાણંદ દામાના ડેલા, કાજી ફળીયું, નાનજી ચીનાયના ડેલા, ધારસી દામાના ડેલાઓ, વિગેરે આજે ઉજ્જડ વેરાન સુનકાર ખાવા ધાતા હોય તેવા ભેંકાર લાગે છે. પૂર્વની જાહોજલાલીનો સંપૂર્ણ અસ્તકાળનો ચિતાર નજર સામે ખડો થાય છે. ત્યારે બધાના હૃદયમાં કાંઇને કાંઇ વિચારોની પરંપરાની હારમાળા શરૂ થાય છે અને ઉના આંસુવારા ઉંડા નિશ્વાસ નાંખતા ઘેરી શોકની છાયા ફરી વળે છે.

## માંગરોળ આજે ?

જ્યારે બીજી બાજુ માંગરોળ આજે સુંદર પ્રગતી કરી રહ્યું છે. જે માંગરોળમાં ફકત એક જ મીલ હતી. ત્યાં આજે સાત આઠ મીલો ધમધોકાર ચાલે છે. **શેઠ ચુનીલાલ કેશવજી** વારી વંડી જે આજ દિવસ સુધી પડતર પડી રહી હતી. ત્યાં આજે રાજમહેલ જેવડી મોટી મીલ લાખ રૂપિયાના ખરચે ઉભી થઈ છે.

પાંચ સાત કાપડની દુકાનોના સ્થળે આજે પીસ્તાલીસ થી પચાસ કાપડની દુકાનો થઇ ગઇ છે. ભરબજારમાં રેકડીઓ જથ્થાબંધ હોય છે. પીપરી ચોરા ઉપર આપણા મોટા મંદિરથી તે અમર વિલાસ સુધી જ્યાં ફક્ત ત્રણ જ દુકાનો હતી ત્યાં આજે કાપડ, કરીયાણું, કટલેરી, વાસણ, બુટ, પરફ્યુમરી, કંદોઈ, હોટલો વિગેરે ત્રીસ જેટલી દુકાનો થઈ ગઈ છે.

માંગરોળમાં ટેલીફોન એકસચેન્જ આવી ગયું છે. શહેરમાં શહેરીઓએ સાઠ જેટલા ટેલીફોન લીધા છે.

બે હોસ્પિટલો, પંદરેક દવાખાનાઓ, હાઇસ્કૂલો, કન્યા વિનય મંદિરો, બાલ મંદિરો, ટ્રેઇનીંગ કોલેજો મળી પંદરેક જેટલી શિક્ષણ સંસ્થાઓ ચાલે છે તો પણ હજુ પૂરૂં થતું નથી. રાજ્ય મહેલ, રાણીબાગના બંગલા, દાતાર મંઝીલના દરબારી બંગલા બધા શિક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લઇ લેવામાં આવ્યા છે.

બંદર દરવાજા બહારથી પાંજરાપોળ બાજુ થઇ શાપુર દરવાજા, ઉગમણા દરવાજા, સેક્રેટરીએટ સુધી બહારના ભાગમાં મોટાભાગની જમીનો વેચાઇ ગઈ છે. ઘણે સ્થળે મકાનો બંધાઇ ગયા છે. દેશી નળિયાવારા મકાનો ભાગ્યે જ દેખાય છે. ગામમાં નળ આવી ગયા છે.

શહેર ફરતાં ચારે બાજુ ખેતરોમાં મશીનોના ધુધવાટા કરતા અવાજો સંભળાય છે.

શાપુર દરવાજાથી ચોરવાડ જતાં દોઢ માઈલ ઉપર **"ચોસઠ પ્લોટવાળી શારદા નગર સોસાઇટી"** પીઝી પણ સુંદર રીતે સક્રિય પ્રગતી કરી રહી છે.

ત્રણ માઈલ ઉપર ભારતભરના ભારતવાસીઓનું ધ્યાન કેન્દ્રીત કરનાર, રાજવંસી, શ્રીમંતાઈથી મહાલતું **"શારદા ગ્રામ"** માઈલોના ઘેરાવામાં, સુંદર સુશોભીત છેલ્લામાં છેલ્લી આધુનીક ઢબથી શણગારેલા મકાનોવાળું દષ્ટિગોચર થાય છે. **"વિદ્યા મંદિર"** તરીકે દેશ-પરદેશનું યાત્રાનું પ્રવાસી ધામ બની ગયું છે.

અપ-ટુ-ડેટ મોડર્ન સ્ટાઈલના ત્રણ ત્રણ પ્રવાસી ગૃહો (૧) **લીંન્કેસ્ટ** હાઉસ, બંદરે જતાં વચમાં. (૨) **શાંતિ બંગલો,** માંડવી દરવાજા બહાર. (૩) **સબીર** હાઉસ, સરકારી દવાખાના પાસે. કોઇને પણ ઉતરવા માટે આકાંક્ષા સહિતની રાહ જોતાં અડીખમ ઉભા છે.

આજના માંગરોળનો આ સામાન્ય ચીતાર રજુ કરવામાં આવ્યો છે. એજ........

લી૦

**મુનિ ગુણભદ્રવિજયના ધર્મલાભ**

卐

"કલકત્તા"

(નોંધ :- **કલકત્તાવાસી** આપણા ભાઈઓનું સાહિત્ય પ્રયાસ કરવા છતાં પણ મળી શક્યું નહીં હમણાં કલકત્તા નિવાસી "**શેઠ લીલાધર કાળીદાસ**" જેઓ ૨૦૨૩ ની ચૈત્ર મહિનાની આયંબીલની ઓળી કરવા માટે આંહી જૂનાગઢ આવેલ છે. તેમની પાસેથી નીચેનું સાહિત્ય મળવાથી આંહી પ્રસિદ્ધ કરવામાં આવે છે તે માટે **શેઠ લીલાધરને** અંતઃકરણ પૂર્વકના ધન્યવાદ આપીએ છીએ.)

# કેનીંગસ્ટ્રીટ ઉપાશ્રય (કલકત્તા)

## નિર્માતા

## સ્વ. શેઠ નરોત્તમદાસ જેઠાભાઇ

કલકત્તામાં આપણા ગુજરાતી ભાઇઓનો એક પણ ઉપાશ્રય નહોતો સંવત ૧૯૬૨ માં "**ઉપાધ્યાય મહારાજ શ્રી વીરવીજયજી મહારાજ**" કલકત્તામાં પધાર્યા ત્યારે "**શેઠ વલભજી હીરજી**" ના મકાનમાં એક રૂમમાં ઉતારો આપવામાં આપ્યો હતો. ત્યારે ઉપાધ્યાય મહારાજે ઉપાશ્રયની જરૂરીયાત માટે બહુ જ અસરકારક રીતે સચોટ ઉપદેશ આપ્યો હતો પણ સંયોગો અનુકુળ નહીં હોવાથી ત્યારે ઉપાશ્રય થઈ શક્યો નહીં.

સંવત ૧૯૮૦ના વર્ષમાં પૂજ્ય આચાર્ય દેવેશ **સાગરાનંદ સૂરીશ્વરજી** પધાર્યા હતા તે વખતે પૂજ્ય આચાર્ય મહારાજે ઉપાશ્રયે માટે ખૂબ જ વિદ્વતા ભરેલી શૈલીમાં અસરકારક વ્યાખ્યાનો આપ્યા હતા.

**શેઠ નરોત્તમદાસ જેઠાભાઇનો "ભાગ્યભાનુ"** આ સમયે સંપૂર્ણ કળાએ ખીલેલો હતો. તેમના આત્મામાં આ ઉપદેશની અસર સચોટ સંપૂર્ણ થઈ હતી. પોતે વેપાર રોજગારમાં તેમજ સામાજીક, ધાર્મિક પ્રવૃત્તિઓ વિગેરે અનેક કાર્યોમાં સંપુર્ણ રોકાયેલા હોવા છતાં તેમણે ઉપાશ્રયનું કાર્ય હાથ ધરવાનો દ્રઢ સંકલ્પ કર્યો.

પોતે સારી જેવી રકમ ભરી ફંડ ઉભુ કરવાની પ્રવૃત્તી આરંભી દીધી તેમની પ્રતિષ્ઠા ને લાગવગના પ્રતાપે થોડા સમયમાં રૂપિયા સત્તાવન હજારનું (૫૭૦૦૦) ભંડોળ ઉભુ કર્યું.

સંવત ૧૯૮૫ના વર્ષમાં કેનીંગ સ્ટ્રીટમાં એક જુનું મકાન **શેઠ નરોત્તમદાસે** ઉપાશ્રય માટે ખરીદ કરી તેનો જીર્ણોદ્ધાર કરવાનું કામ શરૂ કર્યું દિવસને રાત જોયા વગર અસાધારણ પરિશ્રમ વેઠી પોતાની તમામ શક્તિ ને બુદ્ધિ કામે લગાડી ટુંક સમયમાં દેવભુવન જેવું મકાન અનેક આત્માઓને તરવાના સાધન જેવું બનાવ્યું સાથે સાથે પોતાના આત્માનું કલ્યાણ સાધી અમર નામના પ્રાપ્ત કરી. સંવત ૧૯૮૫ના વર્ષમાં જ **"શેઠ નરોત્તમદાસ જેઠાભાઈ"**ના શુભ પ્રયાસે આ ઉપાશ્રયનું નવનિર્માણ થયું. ને બધા પૌષધ પ્રતિક્રમણ વિગેરે ધાર્મિક ક્રિયાઓ કરવા લાગ્યા.

## "મંદિરનું શું?"

### ૨૭. મણીબ્હેન નરોતમદાસ જેઠાભાઇ તથા
### ૨૭. વેલીબ્હેન દયાળ ગંગાદાસે
### એક જ દિવસમાં

મંદિર માટે ઉઘરાવેલું રૂપિયા (૧૪૦૦૦) ચૌદ હજારનું ફંડ.

ઉપાશ્રય તો થયો પણ મંદિર વગર ઉપાશ્રય શું કામનો? આ પ્રમાણે જનસમાજમાં ચર્ચા ચાલતી હતી પણ આ ચર્ચા અમલમાં મુકવાની કાર્યપ્રણાલીકા હાથ ધરાતી નહોતી.

છેવટે શેઠ નરોતમદાસ જેઠાભાઇના ધર્મપત્નિ શ્રીમતિ **મણીબ્હેન નરોતદાસ** તથા વેલીબ્હેન દયાળ ગંગાદાસે આ કાર્ય હાથમાં લીધું ને ઘેર ઘેર ફરીવળી એક જ દિવસમાં રૂા. ૧૪૦૦૦ ચૌદ હજારનું ફંડ મંદિર માટે ભેગું કર્યું.

### "સંવત ૧૯૮૭"

## "શ્રી વીરપ્રભુ પધાર્યા"

### "પંચકલ્યાણી સાત ઘોડાના થયેલા મંગલમય શુકન"

મંદિર માટે પહેલવહેલું કાર્ય પ્રભુજી લાવવાનું નિશ્ચિત થયું એટલે **"શેઠ નરોતમદાસ જેઠાભાઇ", "શેઠ લીલાધર કાળીદાસ", શેઠ દામોદર ઝીણા-ભાઇ"** વિગેરે આઠદશ ભાઇઓ પ્રભુજી લાવવા માટે આબુ

ગયા ત્યાંથી મુળનાયક તરીકે **"શ્રી મહાવીર સ્વામી"** તથા આજુબાજુ માટે **"શ્રી આદીશ્વર પ્રભુ"** અને **"શ્રી શાંતિનાથ પ્રભુજી"** ઓની સુંદર અલૌકીક દિવ્ય ભાવવાહી ત્રણ પ્રનિમાજીઓ મેળવવા ભાગ્યશાળી થયા.

## "મહા માંગલીક શુકન"

આબુથી કલકત્તા જવા માટે પ્રભુજીને લઇને મકાનમાંથી બહાર નીકળતાં જ સામેથી બીકાનેર મહારાજાના સાત પંચકલ્યાંણી ઘોડા સામા મલ્યા જે એક મહાન્ શ્રેષ્ટમાં શ્રેષ્ટ શુકન થવાથી **નરોતમદાસ શેઠને** અનહદ આનંદ થયો. તેથી આનંદના આવેશમાં ઘણા રૂપિયા ઉડાડયા.

## "ઐતિહાસિક શાનદાર અદ્ભૂત્ વરઘોડો"

### શ્રી મણીબ્હેન નરોતમદાસે સાચા મોતીથી પ્રભુને વધાવ્યા

કલકત્તામાં કાર્તકી પૂર્ણીમાનો વરઘોડો જગવિખ્યાત છે તે વરઘોડો જોવા માટે દેશ-પરદેશથી હજારો માણસો પૂર્ણીમા ઉપર કલકત્તા આવે છે. આવો જ મહાન્ પૂરદબદબા ભરેલો કલકત્તાના સમસ્ત જૈન સમાજની સંપૂર્ણ હાજરીવાળો કાર્તકી પૂર્ણીમાના વરઘોડાની ઝાંખી કરાવતો મહાન્ વરઘોડો મોટી ધામધૂમ પુર્વક પ્રભુના પ્રવેશ મહોત્સવ ઉપર કાઢવામાં આવ્યો હતો. જેના સંસ્મરણો હજુ પણ જૈન સમાજને યાદ આવે છે. વરઘોડો **શેઠ જેઠાભાઇ જેચંદ** ના ઘર પાસે આવતા **શ્રીમતિ મણીબ્હેન નરોતમદાસે** પરમાત્માઓને સાચા મોતીઓથી વધાવ્યા હતાં. વરઘોડો ઉપાશ્રયે આવતા ત્રણે પ્રભુઓને ઉપલા માળે પરોણા દાખલ બીરાજમાન કર્યા હતા.

"પાંચ લાખના ખર્ચે"

# શ્રી વીર વિક્રમ પ્રાસાદ

વીસ વીસ વર્ષના વહાણા વીતી જવા છતાં પરોણા દાખલ પધરાવેલ પ્રભુજીઓની પ્રતિષ્ઠા થઇ શકી નહોતી.

શ્રી સંઘના પ્રમુખ **શેઠ કેશવજી નેમચંદ** તથા સેક્રેટરી **શેઠ મણીલાલ વનમાલી** વિગેરે અન્ય સદ્‌ગૃહસ્થોના સતત્ પુરૂષાર્થથી મંદિરનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. કહેવત છે કે, **"સારા કામમાં સો વિઘ્ન"** તે હિસાબે વખતો વખત, અનેક ઝંઝાવતો, વિકટ પ્રસંગો ઉપસ્થિત થાય, ડામાડોળ વાતાવરણ થઇ જાય, પણ શાસનદેવની કૃપાથી તે બધા કઠીન પ્રસંગો પસાર થઈ ગયા. અને સ્વર્ગીય શોભા આપતું ઈન્દ્રપુરી જેવું, અતિ રમણીય, મનોહર, કલામય મંદિર ૨૦૦૯ માં તૈયાર કરવામાં આવ્યું. સંવત ૨૦૧૦ માં પૂજ્ય આચાર્ય દેવેશ **શ્રીમદ્ વિજયરામચંદ્ર સુરીશ્વરજી** મહારાજ પધાર્યા હતા. ત્યારે તેમની છત્રછાયા નીચે એક મ્હોટો મહોત્સવ ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો જે વખતે આચાર્ય દેવેશની અમોઘ હૃદયસ્પર્શી, ભાવવાહી, અમૃતમયી દેશનાથી મંદિરની લગભગ પાંચ લાખથી વધારે ઉપજ થઈ હતી. અને પૂજ્ય શ્રી આચાર્ય દેવેશ **વિજય-રામચંદ્ર સુરીશ્વરજી**ના પવિત્ર હસ્તકમળથી સંવત ૨૦૧૦ જેઠ શુદ ૧૦ દશમે શુભ મૂહૂર્તમાં પ્રતિષ્ઠા થઈ હતી.

## "સંઘના પ્રમુખ શેઠ કેશવજી નેમચંદે"

## મુનિ સુવૃત સ્વામીની કરેલી પ્રતિષ્ઠા

### રૂપિયા ૧૦૦૦૦૦ એક લાખ શુભ માર્ગે વાપર્યા.

આ મંદિરમાં ચાર ગોખલાઓ બનાવવામાં આવ્યા છે. તેમાં એક ગોખલામાં **શેઠ કેશવજી નેમચંદે** રૂા. ૧૦૦૦૦ દશ હજારનો નકરો આપી **શ્રી મુનિ સુવૃત સ્વામી** પ્રભુ પધરાવ્યા હતા. શેઠ કેશવજી નેમચંદે દેવ ગુરૂ ને ધર્મને માટે છેલ્લા વર્ષોમાં રૂપિયા આશરે એક લાખ શુભ માર્ગે વાપર્યા હતા.

## "ભવાનીપુર"

## શ્રી મનમોહન પાર્શ્વનાથ

### સ્વ. શેઠ મનમોહન લીલાધરના ધર્મપત્નિ શ્રી હીરાકુંવર બ્હેને

### ઉપાશ્રય માટે રૂપિયા ૨૦૦૦૦) વીસ હજારનું કરેલું દાન

**કલકત્તામાં** છેલા કેટલાએક વખત થયાં **"ભવાની-પુર"** નામના લત્તામાં ગુજરાતીઓની તથા માંગરોલવાસીઓની વસ્તી વધારે પ્રમાણમાં વસે છે. તે સ્થળમાં એક પણ ઉપાશ્રય કે મંદિર હતું નહીં. **શેઠ મનમોહન લીલાધર** તથા **શેઠ મણિલાલ વનમાલી** વિગેરે ભાઇઓના પ્રયાસોથી

ઉપાશ્રય માટે જગ્યાનો એક ટુકડો વેચાતો લેવામાં આવ્યો હતો. અમુક કારણવસાત્ આ જગ્યામાં તાત્કાલીક બાંધકામ કરવાની આવશ્યકતા હતી. સરકારી કંટ્રોલને હિસાબે બાંધકામ માટે સિમેન્ટ, રેતી, લોખંડ વિગેરે ઘણી જાતનો માલ મલી શકે તેમ નહોતો એવા કઠીન પ્રસંગમાં **શેઠ મનમોહન લીલાધરે** પોતાના બંધાતા મકાનનું કામકાજ રોકીને તે માલ ઉપાશ્રય માટે આપી ઉપાશ્રયનું કામકાજ પોતે જાતિભોગ આપી શરૂ કરાવ્યું. તેમના હૃદયમાં ધર્મ માટે ખૂબ ખૂબ અડગ શ્રદ્ધા હતી તે ભાવવાહી શ્રદ્ધાના બળે ઉપાશ્રયમાંથી મંદિર બનાવવાની ઉત્કૃષ્ટ ભાવના તેઓને થઇ હતી ને તે માટે મંદિરોના નવા નવા પ્લાનો વખતો વખત તૈયાર કરતા હતા. તથા તે માટે ખાસ ખંભાતથી મહાપ્રભાવીક ચમત્કારી પુરૂષાદાણીય **"શ્રી પાર્શ્વનાથપ્રભુ"** શુભ મુહૂર્તે ધામધૂમ પૂર્વક લાવવામાં આવ્યા હતા આવા આનંદદાયક માંગલિક પ્રસંગો ધમધોકાર ચાલતા હતા તેવામાં એકાએક અસાધારણ દુઃખમય ઘટના એ થઈ કે, પરમ શ્રદ્ધાળુ ધર્મિષ્ટ **શેઠ મનમોહન લીલાધરનું** હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું. આ દેહ છોડી આત્માએ સ્વર્ગલોક તરફ પ્રયાણ કર્યું. આખા સંઘમાં ઉંડી ઘેરી શોકની છાયા ફરીવળી, દરેકના આત્મામાં પારાવાર દુઃખની લાગણી પ્રગટી ઉઠી તેમના ગુણાનુવાદ શ્રી સંઘના ભાઇઓ ક્ષણે ક્ષણે સંભારતા હતા.

શ્રી સંઘના ભાઈઓનો તેમના તરફ અતિશય સદ્ભાવ ને પ્રેમની લાગણી હોવાના કારણે તેમનું કાયમી સ્મરણ રહે. તે ખાતર શ્રી સંઘે “શ્રી પાર્શ્વનાથપ્રભુ” જે ખંભાતથી લાવવામાં આવ્યા હતા તે “પાર્શ્વનાથ” પ્રભુના “૧૦૮” એકસો આઠ નામમાંથી એક નામ “શ્રી મનમોહન પાર્શ્વનાથ” રાખવામાં આવ્યું.

તેમના ધર્મપત્નિ શ્રી હીરાકુંવરબ્હેને આ ઉપાશ્રય માટે વખતો વખત મદદ કર્યા કરતા હતા જે રકમ આજે લગભગ વીશ થી પચીસ હજારની થવા જાય છે.

ૐ શ્રી શાંતિ.

# મુંબઈના ટ્રસ્ટીઓનો પત્ર

મુંબઈ, તા. ૫-૯-૧૯૬૬.

પરમ પૂજ્ય મુનિ મહારાજશ્રી ગુણભદ્રવિજયજી
મહારાજ સાહેબની સેવામાં

જોગ શ્રી માંગરોળ.

જત આપનો તા. ૨૧-૮-૧૯૬૬નો પત્ર મલ્યો છે, વાંચી વાકેફ થયા છીએ. આપે શ્રી દહેરાસરજીના જીર્ણોદ્ધારના કામકાજમાં ભગવાનના લેપના કામમાં જ્ઞાન ભંડારને વ્યવસ્થીત કરવામાં જે પરિશ્રમ લીધો છે, તે અનુપમ છે, અને આવું કાર્ય બીજા કોઇથી બની શકત નહીં, તે માટે બે મત છેજ નહીં. આપે જાત ભોગ આપી શાસનની જે સેવા કરી છે, અને સકળ સંઘનું જે ગૌરવ સાચવ્યું છે, તે માટે અમો આપનો અમો વતી તથા શ્રી સંઘ વતી ઉપકાર માનીએ છીએ. હવે જે પરિસ્થિતિ ઉભી થઇ હતી તેનો સુખદ અંત આવી ગયો છે, એટલે આ બાબતમાં વિશેષ કાંઈ લખવાનું નથી. શાસનદેવ પાસે પ્રાર્થના કરીએ છીએ કે આપને આવા શુભ કાર્યો કરવા માટે બળ આપે.

તુરતમાંજ પર્યુષણ પર્વ આવે છે, અને શ્રી સંઘના સર્વ ભાઇ બ્હેનો ધર્મકાર્યમાં પ્રવૃત્ત રહે એવો આપ તરફથી ઉપદેશ મળશેજ એવી હાર્દિક આશા રાખીએ છીએ. શ્રી સંઘને આપના ઉપદેશનો લાંબા સમય માટે લાભ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

લી. સેવકો,

ચુનીલાલ કેશવજી

કાન્તિલાલ છગનલાલ

ના ઘણા ઘણા વંદન સ્વીકારશોજી.

# શ્રી માંગરોળ જૈન તપગચ્છ સંઘનો

## તારીખ ૩-૧૧-૧૯૬૬નો

# ઠરાવ

*

પૂજ્ય મુનિ મહારાજ શ્રી ગુણભદ્રવિજયજીનો તા. ૨૬-૧૦-૧૯૬૬ના આવેલ પત્ર ઉપરથી શ્રી સંઘ તેઓશ્રીને વિનંતિ કરે છે કે તેઓશ્રીના પત્રમાં જણાવેલ વિગતોનું કાર્ય ખૂબજ સુંદર અને સરસ રીતે કરાવી આપે તેવી નમ્ર વિનંતિ કરે છે, અને અત્યાર સુધીમાં તેઓશ્રીએ જે સુંદર કાર્યો કર્યા છે તેની અનુમોદના કરે છે. સાથે તેમના આદેશ અનુસાર ચરણ તથા પંજા સોનાના બનાવવા ઠરાવ કરે છે. આ ઠરાવના લેખીત ખબર પૂજ્ય મહારાજશ્રીને આપવા.

—(સર્વાનુમતે પાસ)

# શ્રી માંગરોળ સ્થાનિક તપગચ્છ સંઘનું
# ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક સમિતિ

卐

## * ટ્રસ્ટીઓ *

(૧) શેઠ ચુનીલાલ કેશવજી (૪) શેઠ પ્રભુદાસ રતિલાલ
(૨) „ કાંતિલાલ છગનલાલ (૫) „ દેવીદાસ જુઠાભાઈ
(૩) „ છોટાલાલ પ્રાણુલાલ (૬) „ પ્રાણુલાલ છોટાલાલ

卐

## * કાર્યવાહી સમિતિ *

(૧) શેઠ ચુનીલાભ કેશવજી (૪) શેઠ પ્રભુદાસ રતિલાલ
(૨) „ કાંતિલાલ છગનલાલ (૫) „ દેવીદાસ જુઠાભાઈ
(૩) „ છોટાલાલ પ્રાણુલાલ (૬) „ પ્રાણુલાલ છોટાલાલ
(ઉપરના છ બંધારણ પ્રમાણે પોતાના હક્કની રૂએ)

卐

## * ચુંટાએલા સભ્યો *

(૧) શેઠ રતિલાલ લીલાધર
(૨) „ વૃજલાલ પુરૂષોત્તમ
(૩) „ અમીલાલ ઝવેરચંદ પારેખ
(૪) „ લક્ષ્મીકાંત દેવીદાસ માનદ્ મંત્રી
એડવોકેટ B.A. LL. B.
(૫) „ માધવલાલ ત્રીભોવનદાસ રામજી માનદ્ મંત્રી